# આંબાની આગ

ભીમસેન ચરિત્ર

: પ્રેરક :

શ્રી ઉદયકીર્તિસાગરજી મ. સા.

આચાર્ય શ્રીમદ્
અજિતસાગર સૂરીશ્વરજી
મહારાજા

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂ. પૂ.
ટ્રસ્ટ મહુડી
તા. વિજાપુર (ઉ. ગુ.)


(C) સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન.

તૃતીય આવૃત્તિ
વીર સંવત ૨૫૧૩
વિ. સં. ૨૦૪૩
સને. ૧૯૮૬

કિંમત :
૨૦–૦૦

મુદ્રક સહકાર :
નવનીતભાઈ જે. મહેતા
સાગર પ્રીન્ટર્સ
પાદશાહની પોળ મોદીનું ડેલું,
રીલીફરોડ, અમદાવાદ–૧

મુદ્રક :
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ નોવેલ્ટી સીનેમા પાસે
અમદાવાદ–૩૮૦૦૦૧



પૂ. આ. શ્રીમદ્ અજીતસાગર સૂરિશ્વરજી મ. સા.

# પ્રકાશકીય

'આંબાની આગ'ના નૂતન સંસ્કારીત–નામે પ્રસ્તુત ભીમસેન ચરિત્ર ગ્રંથનું તૃતીય સંસ્કરણ કરતાં નિરવધિ આનંદનો અનુભવ થાય, તેમાં કંઇજ આશ્ચર્ય નથી.

તેમજ આબાલ વૃદ્ધ સર્વ જનોએ હૃદયના ઉમંગ ભર્યા ભાવે આવકાર આપી અમોને ઉત્સાહિત કર્યા છે. તે માટે અમો ધન્યતા અનુભવીએ છીએ.

પરોપકારી, પરમ શાસન પ્રભાવક, યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ. પૂ. પ્રસિદ્ધ વક્તા આચાર્ય ભગવંત શ્રીમદ્ અજિત સાગર સૂરીશ્વરજી મ. સા.ની અનેક સાહિત્યીક–પ્રસાદીમાં સર્વાધિક રસમય આ ગ્રન્થનો અતિ અદ્ભૂત આસ્વાદ વારંવાર આસ્વાદીએ, છતાં પુનઃ પુનઃ આસ્વાદ લેવા મન અસંતુષ્ટ જ રહે છે

પૂજ્યપાદ્ પ્રસિદ્ધ વકતા આચાર્ય ભગવંત શ્રીમદ્-અજિત સાગર સૂરીશ્વરજી મ. સા.નો અમારા ઉપર જે અવર્ણનીય ઉપકાર પ્રસાદીત કર્યો છે, તેનું વર્ણન કરવા અમારી પાસે શબ્દો જ નથી એટલું નહિ પરંતુ અમારી બુદ્ધિ પણ ત્યાં કુંઠીત થઇ જાય છે.

પરમોપકારી, પૂજ્યપાદશ્રીના સાહિત્યનો અમુલ્ય ખજાનો 'આપણી પાસે જે વિદ્યમાન છે, તેનો મહાન લાભ સહુને પ્રાપ્ત થાય, તેનું જ એક લક્ષ રાખીને અમો તેઓ પૂજ્યપાદ્શ્રીનું ઋણ અદા કરવા પુણ્યવંત બન્યા છીએ, તે અમારા માટે એક મહાન ગૌરવનો અવસર છે.

પૂજ્યપાદ યોગનિષ્ટ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિ-સાગર સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પ. પૂ. પ્રશાન્ત મૂર્તિ

આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર મહાન શાસન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી મ. સાહેબે અમોને પૂજ્યપાદ પરમ ઉપકારી આચાર્ય ભગવન્ત શ્રીમદ અજિતસાગર સૂરીશ્વરજી મ. સા. નું સાહિત્ય પ્રકાશીત થાય તે માટે જે સહૃદય પ્રેરણા આપીને અમોને જાગૃત કર્યા છે. તે માટે અમો તેઓ પૂજ્યપાદ શ્રીના અત્યંત ઋણી છીએ.

આ પ્રકાશનની સાથે સાથે જ સુરસુંદરી–ચરિત્ર (ગુજરાતી) તેમજ અજિતસેન-શીલવતી–ચરિત્ર (સંસ્કૃત-પ્રત) નું પ્રકાશન કાર્ય ચાલુ છે, તેમજ આ સર્વ પ્રકાશન કાર્યનું સફળ સંચાલન કરવાની તમામ જવાબદારી પૂજ્ય પાદ્ પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ મનોહરકીર્તિ સાગરસૂરીશ્વરજી મ. શ્રીએ સંભાળીને અમારા કાર્યને સફળ બનાવી અમોને ચિંતા મુક્ત કર્યા છે, તે માટે અમો તેઓ પૂજ્યપાદ્ શ્રી નો જેટલો પણ આભાર માનીએ તેટલો અલ્પ જ છે.

પ્રસ્તુત ગ્રન્થના પ્રકાશન કાર્યમાં પ્રેસના માલિક શ્રીયુત જયંતિલાલ એમ. શાહનો તેમજ જગદીશભાઈ એમ. શાહનો તથા નવનીતભાઈ જે. મહેતાનો મુદ્રક સહાયક માટે અમો આ તકે આભાર માનીએ છીએ.

અન્તે આ ગ્રન્થનું વાંચન, મનન અને વારંવાર પુનઃ પુનઃ પરિશીલન કરી ગ્રન્થસ્થ ભાવોને હૃદયસ્થ કરી પરમાત્મ ભાવની પ્રાપ્તિ અર્થે આત્મભાવે સ્થિર બનીએ એ જ શુભાભિલાષા.

# પરમ પ્રકાશના પંથે

અનન્તાનન્ત પરમ તારક દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માએ સમવસરણની અનુત્તર ધર્મ-સભામાં દેવો, દાનવો અને માનવોની પર્ષદા સમક્ષ ચાર અનુયોગથી સમ્યગ્ ગુમ્ફીત યોજન ભૂમિ પ્રસરતી ધર્મ દેશના આપી મોક્ષ માર્ગને પ્રકાશીત કરી વચનાતીત ઉપકાર કર્યો છે.

દ્રવ્યાનુયોગ, ચરણ કરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગથી સમ્યગ્ ગુમ્ફીત, સ્વયંભૂ-રમણ-સમુદ્ર સમ ગહન શ્રુત જ્ઞાનમાં બાળ-અજ્ઞાની જીવોને ધર્મ-કથાનુયોગ દ્વારા સવિશેષ સુગમ ઉપકાર કરી શકાય છે, એમ કહીએ તો અંશ-માત્ર પણ અતિશયોક્તિનો સંભવ નથી.

ધર્મકથાનુયોગ સહજ ભાવે સુગમ્ય સુ-બોધ કારક હોવાથી; આબાલ વૃદ્ધજનો અસાધારણ ઉત્કંઠા સહ તેમાં રસીયા બને છે. અને તેમાં વીર-રસ, કરૂણા-રસ, શાંત-રસ વગેરે દરેકે દરેક રસોનું સુંદર સુ-વિસ્તૃત ભાવાત્મક હૃદય સ્પર્શી વિવેચન હોવાથી સર્વ સાધારણ ઉપયોગી બને છે.

સર્વ જન ઉપકારક આ ધર્મ-કથાનું શ્રદ્ધા ભાવ સહિત શ્રવણ કરવાથી હિંસા, અસત્ય, ચોરી વગેરે શાસ્ત્રોક્ત અઢાર અસહ્ય પાપાત્મક આચરણોના ફળ રૂપે અનન્ત અનન્ત દુઃખ પ્રદ માઠા પરિણામોની અને અહિંસા

સત્ય, અચૌર્ય વગેરે શાસ્ત્રોક્ત અનેક સદાચારના ફળરૂપે એકાન્તે આત્મ હિતકારક કલ્યાણ કારી પરિણામોની તાદૃશ્ય ઝાંખી થાય છે.

અસત્ તત્ત્વો અને સત્ તત્ત્વો ઉપર સમ્યગ્ શ્રદ્ધા પ્રગટે છે, ત્યારે તે અસત્ તત્ત્વોની જંજાળમાંથી મુક્ત થવા આત્મ-પંખી તીવ્ર ઝંખના સેવે છે. અને સત્-તત્ત્વોની પ્રાપ્તિ માટે ભવ્યાત્માઓની આંતર ભાવના સવિશેષ ઉત્કંઠીત બને છે. જ્યારે આંતર ભાવના પૂર્ણ સ્વરૂપે વિકસે છે, ત્યારે જીવ શીવનો સિદ્ધિપદનો કામી બને છે.

મુક્તિ-પદનો કામુક ભવ્યાત્મા જીવ તત્ત્વ, અજીવ તત્ત્વાદિ તત્ત્વોના સમ્યગ્-જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા જીવ માત્ર પર અનન્તાનન્ત ઉપકાર કરવા સમર્થ બને છે. અને અન્ય અનેક જીવોને પણ સમ્યક્-જ્ઞાનનું પ્રદાન કરી અનન્તાનન્ત ઉપકાર કરવા સમર્થીત કરે છે. આ પ્રમાણે ઉપકારરૂપ વેલની જડ જો કોઈપણ હોય તો તે પરમતારક દેવાધિદેવ શ્રીતીર્થંકર પરમાત્મા જ છે.

પ્રસ્તુત 'ભીમસેન-ચરિત્ર' ગ્રન્થ ષટ્રસથી પરિપૂર્ણ ઉત્તમચરિત્ર ગ્રન્થ છે, એટલું જ નહિ, પરંતુ આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે ભવ નિર્વેદકારક અનેક આત્મ ગુણ પોષક અને દુર્ગુણશોષક ભાવ પ્રચુર ગ્રન્થ છે.

આ ગ્રન્થના પાને પાને અને પંક્તિએ પંક્તિએ નીતિ, ન્યાય, પરોપકાર, સેવા, સદાચાર, ક્ષમા, તપ,

તિતિક્ષા, કર્મ, ઉદ્યમ, સત્ય, શીલ, શ્રદ્ધા, સમભાવ વગેરે સાર્વજનીન સિદ્ધાન્તોનું પરિશીલન છે.

ગ્રન્થ નિર્દિષ્ટ પરમ ઉપકારક સિદ્ધાન્તનું વિસ્તૃત વિવેચન કરી જિજ્ઞાસુ વર્ગને અહિં જ સ્થિર કરી તેમની ગ્રન્થ વાંચનની અભિલાષારૂપ રસની ક્ષતિ કરવી ઉચિત નહિ માનતા અહિં વિરમું છું.

અન્તે, સહુ કોઈ ભવ્ય પ્રાણી આ ગ્રન્થનું પુનઃ પુનઃ વાચન કરી અસત્ તત્ત્વોથી વિરામ પામે, કર્મ મલથી અશુદ્ધ બનેલાં સ્વત્ત્વને સદાચારથી સુવિશુદ્ધ બનાવી, અક્ષય પદના સ્વામી બને, સંસારના ઊંડા અંધારેથી મુક્તિના પરમ પ્રકાશને પ્રાપ્ત કરે, એજ શુભાભિલાષા.

મનોહરકીર્તિ સાગર સૂરિ

કારતક સુદ ૧૫
૨૦૪૩
શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ
જૈન તીર્થ
શ્રીમદ્ બુદ્ધિસાગર
સૂરિ જૈન સમાધિ મંદિર
વિજાપુર

## શાસન પ્રભાવક

# આચાર્ય અજિત સાગર સૂરીશ્વરજી મ.સા.નું જીવનચરિત્ર

જનની જણે તો જણજે, ભક્ત દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

આ પૃથ્વી પર અગણિત સંખ્યામાં માનવો જન્મે છે અને મૃત્યુને આધીન થાય છે. તેમાંથી આતમ કાજે જેઓએ આ જનમને સફળ કર્યો છે, સંયમી બની સાધના દ્વારા સિદ્ધિને વર્યા છે, તેઓનો જ એક જન્મ પ્રશંસનીય છે.

ગુજરાત રાજ્યના ખેડા જિલ્લામાં પેટલાદ ગામની નજીક નાર નામે ગામમાં લલ્લુભાઈ નામે અગ્રગણ્ય નાગરીક. પટેલ જ્ઞાતિમાં અગ્રેસર. તેમના પત્ની સતીત્વશીલ-સંપન્ના સન્નારી સોનબાઈની રત્નકુક્ષીએ વિ. સં. ૧૯૪૨ પોશસુદ પંચમી દિને ભાવીનો તેજસ્વી સીતારો જન્મ પામ્યો. બાળકનું નામ નામ અંબાલાલ.

સાત વર્ષની વયે અક્ષર જ્ઞાન દ્વારા અક્ષર–ધામ મેળવવાં સત્સંસ્કાર સમ્પન્ન પ્રાધ્યાપક પાસે સરસ્વતીની સાધનાનો પ્રારંભ કર્યો. બુદ્ધિનો તીવ્ર ક્ષયોપશમ અને તેજસ્વીતા જોઈને માતાપિતાને અને પ્રાધ્યાપકને સંપૂર્ણ સંતોષ થયો.

સાધુ સન્તોની વાણી સાંભળીને બાળક અંબાલાલ ભાવવિભોર બની જતો. ધાર્મિક અધ્યયન શરૂ કર્યું. સાધુ સન્તોની સાથે ધર્મ ચર્ચા, ધર્મ ગોષ્ઠી કરી જિજ્ઞાસા સંતોષવા હંમેશા તત્પર બનતો.

પારસમણિનો સંગ લોખંડને સુવર્ણ બનાવે, જ્યારે સાધુ સંતનો સંગ આત્માને પરમાત્મા બનાવે.

૧૪ વર્ષની નાની વયમાં જ અંબાલાલ અમીઋષિ બન્યા. વિ. સં. ૧૯૫૬ શ્રાવણ સુદ પંચમીનો એ દિવસ હતો.

ગુરુના ચરણોમાં જીવન સમર્પિત કર્યું. જિન–આગમોનું અધ્યયન, સિદ્ધાન્ત અને દર્શન–શાસ્ત્રોનું પરિશીલન કર્યું. ભવોભવ તારક, જિનબિંબોની અનન્ય ઉપકારિતા ઉપર દિલ ઓવરી ગયું. અન્તરના અનાદિના તિમિર ઉલેચી નાખીને જિનેશ્વર પરમાત્માના ચરણોમાં મન અને આત્માને સ્થિર કર્યા. સાંપ્રદાયિકતાનો વ્યામોહ એક જ ઝાટકે ત્યજી દીધો, અનેક વિરોધો અને અવરોધોનો સિંહ સમાન બની સામનો કર્યો.

વિ. સં. ૧૯૬૫ જેઠ સુદ ૧૧ ના શુભ દિને યોગનિષ્ઠ મુનિરાજ શ્રીમદ્ બુદ્ધિ સાગરજી મ. ના ચરણે અમદાવાદ આંબલીપોળ જૈન ઉપાશ્રયે સમર્પિત બન્યા. પૂ. ગુરૂદેવ શ્રીના ચરણે જિનાગમોનું યોગોદ્વહન પૂર્વક અધ્યયન કર્યું. પ્રખર વ્યાખ્યાતા બન્યા. મેઘની ગંભીર ગર્જના સાંભળીને મયુર સમુહ જેમ મધુર કેકારવ કરે અને નાચી ઉઠે, તેમ પ્રખર વ્યાખ્યાન મુનિવરની વૈરાગ્ય રસ ભરપુર જિન વાણીનું શ્રવણ કરીને શ્રોતા સમૂહ સંસારના ક્ષણ ભંગુર ભોગો ત્યજી વૈરાગ્ય વાસિત બને છે.

વિ. સં. ૧૯૭૨ સાણંદ મુકામે પન્યાસપદે અલંકૃત થયા. વિદ્વાન મુનિવરે સંસ્કૃત ભાષામાં વૈરાગ્ય રસ ભરપુર ભીમસેન–ચરિત્ર, ચંદ્રરાજ–ચરિત્ર, તરંગવતી–ચરિત્ર અજિતસેન શીલવતી ચરિત્ર, કલ્પ–સૂત્ર સુખોદધિ વૃતિ, શ્રીમદ્

બુદ્ધિ સાગર સૂરિ (સંસ્કૃત) ચરિત્ર, શોભન–સ્તુતિ–ટીકા વગેરે તેમજ અનેક પ્રાચિન સંસ્કૃત પાકૃત ચરિત્ર ગ્રન્થોનું ગુર્જર ભાષામાં ભાષાંતર કર્યું. કુમારપાલ ભૂપાલ–ચરિત્ર, સુરસુંદરી ચરિત્ર, સુપાર્શ્વનાથ–ચરિત્ર તેમજ ગીત પ્રભાકર, ગીતરત્નાકર, કાવ્ય–સુધાકર વગેરે ગ્રન્થો તેમજ સંવેધ–છત્રીસી તાત્વિક આગમ દોહન ગ્રંથનું આલેખન કરી મહાન જિન–શાસન પ્રભાવના અને સેવા કરી.

અમદાવાદ, સુરત, મુંબઈ, પાટણ, રાધનપુર, વિજાપુર, સાણંદ, પ્રાંતિજ, વડાલી, ઈડર, પાલનપુર, મહેસાણા, ઊંઝા, પાલીતાણા, જામનગર પેથાપુર, માણસા વગેરે અનેક શહેરો અને ગામોમાં પ્રાભાવિક ચાતુર્માસ કરી અનેક ભવ્ય જીવોને ધર્મ સન્મુખ કર્યા. વિ. સં. ૧૯૮૦ મહા સુદ ૧૧ પ્રાંતિજ મુકામે મહાન શાસન પ્રભાવના પૂર્વક વિદ્વદ્વર્ય પન્યાસ પવર શ્રી અજિતસાગરજી ગણિવર શ્રીને પૂજ્યપાદ યોગનિષ્ઠ ધુરંધર આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા. ના શુભ હસ્તે પંચપરમેષ્ઠીના તૃતીયપદે બીરાજમાન થયા. આચાર્ય પદે અલંકૃત થયા.

વિ. સં. ૧૯૮૫ આસો સુદ ૩ ના દિને એકાએક મહાન શાસન પભાવક આચાર્ય શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યા. આતમ–પંખી નશ્વર દેહ–પીંજરને છોડીને અનન્તની મુસાફરીએ ઉડી ગયું.

સુમન મુરઝાઈ ગયું, સૌરભ પ્રસરી રહી.

શાસન પ્રભાવક સૂરીશ્વરજી મહારાજના ચરણ કમલમાં કોટી કોટી વન્દનાવલી. ચરણરજ સુમન

# અનુક્રમ


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સંસાર અને સ્વપ્ન | ૧ |
| ૨. | રામ-લક્ષ્મણ | ૧૬ |
| ૩. | સુમિત્રદુતનું દેશાંતરગમન | ૨૮ |
| ૪. | સુશીલા | ૪૩ |
| ૫. | વર ઘોડે ચડયો | ૪૯ |
| ૬. | સંયમ પંથે | ૫૯ |
| ૭. | ભીમસેનનો સંસાર | ૭૦ |
| ૮. | આંબાની આગ | ૭૬ |
| ૯. | ભીમસેનની નાશભાગ | ૮૫ |
| ૧૦. | જંગલની વાટે | ૯૨ |
| ૧૧. | હરિષેણનો રાજ્યાભિષેક | ૧૦૦ |
| ૧૨. | નશીબ બે ડગલાં આગળ | ૧૦૪ |
| ૧૩. | નોકરીની શોધમાં | ૧૧૯ |
| ૧૪. | સુશીલાની અગ્નિ પરીક્ષા | ૧૨૮ |
| ૧૫. | ભદ્રાની ભાંડણ લીલા | ૧૩૪ |
| ૧૬. | 'નહિ જાઉં બેટા! હોં' | ૧૪૯ |
| ૧૭. | પ્રથમ ગ્રાસે | ૧૫૬ |
| ૧૮. | ફેરો નકામો ગયો | ૧૬૩ |
| ૧૯. | સુશીલાનો સંસાર | ૧૭૩ |
| ૨૦. | મોત પણ ન આવ્યું | ૧૮૬ |

૨૧. વિધાતા! આમ ક્યાં સુધી? ૨૦૩
૨૨. આચાર્યશ્રીનો આત્મ સ્પર્શ ૨૨૩
૨૩. ભાગ્યપલટો ૨૩૫
૨૩/૧ કુટુંબ મેળો ૨૫૭
૨૪. મહાસતી સુશીલા ૨૬૪
૨૫. સજો! શસ્ત્ર શણગાર ૨૭૮
૨૬. દેવનો પરાભવ ૨૯૦
૨૭. એ જ જંગલ, એ જ રાત! ૩૧૦
૨૮. બાંધવ બેલડી ૩૨૦
૨૯. ગુરૂવરની ગરવી વાણી ૩૩૨
૩૦. આચાર્યશ્રી હરિષેણ સૂરિજી ૩૬૧
૩૧. પાપ આડે આવ્યાં ૩૭૭
૩૨. રે! આ સંસાર! ૪૧૩
૩૩. બંધન તૂટ્યાં ૪૨૪

# ૧ સંસાર અને સ્વપ્ન

રાજગૃહ :

આજ તો આ નગર ઇતિહાસની એક યાદ જેવું જ બની ગયું છે. પણ પુરાણકાળમાં આ નગરની જાહોજલાલી આજના મોટા મોટા શહેરોની હરોળમાં ઊભી રહે તેવી હતી.

જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં મગધ નામે એક દેશ હતો. દેશ એટલે આજની પરીભાષામાં રાષ્ટ્ર નહિ, પણ એક પ્રાંત. આજના મહારાષ્ટ્ર રાજ્યની કલ્પના કરી લો. એવો એક પ્રાંત મગધ હતો. રાજગૃહ એ દેશની રાજધાનીનું નગર હતું.

રાજધાનીનું નગર એટલે પૂછવાનું જ શું હોય? વિશાળ ચોરસ માઇલ ધરાવતું એ નગર હતું. એ નગરની રચના અનેક વિદેશીઓને આકર્ષતી હતી. દેશ–પરદેશના અનેક સહેલાણીઓ આ નગર જોવા આવતાં. ત્યાં રોકાતાં, તેના ચોરે ને ચૌટે ઘૂમતાં. અને ‘વાહ વાહ! શું નગર છે!’ એવી તેની પ્રશંસા કરતાં.

ત્યાંના રસ્તાઓ ઘણા જ વિશાળ હતા. એક સાથે પાંચ પાંચ હાથીઓની કતાર ચાલી શકે તેટલા એ રસ્તા મોટા હતા. રસ્તાની બંને બાજુએ આસોપાલવનાં વૃક્ષોની કતાર ઉગાડેલી હતી. જેની શીતળ છાયામાં નગરજનો વૈશાખી અપોરે પણ આરામથી ફરી શકતાં હતાં.

રસ્તાની શેરીઓ પણ સમાંતર સમચોરસે પડતી હતી. એ બધી જ શેરી ને ખડકીઓ કોઇને કોઈ મોટા રસ્તાને જોડતી હતી. રસ્તા ઉપર વિવિધ વસ્તુઓના વેચાણની દુકાનો હતી અને એ દરેક દુકાનોમાં આકર્ષક રીતે માલ ગોઠવેલો હતો. નીચેના ભાગમાં દુકાન અને ઉપરના ભાગમાં આવાસો હતાં. ને એ દરેક આવાસોનું પ્રવેશ દ્વાર શેરીના અંદરના ભાગમાં જ પડતું. આ શેરીઓ પણ ઘણી મોટી હતી. ત્રણ ઘોડેસ્વારો તો એકી સાથે એક હરોળમાં જઈ શકે તેવી મોટી હતી.

એ રસ્તાઓ અને શેરીઓ ઘણી જ સ્વચ્છ અને સાફ રહેતી. નગરના મધ્યભાગમાં વિશાળ બગીચો પણ હતો. શહેરના બીજા ભાગોમાં નાના નાના એવા બગીચાઓ તો ઘણા જ હતા. સરોવરો પણ હતાં. નાટ્યગૃહો પણ હતાં. ચિત્રશાળા, સંગીતશાળા, નૃત્યશાળા તો ચોરે ને ચૌટે નજરમાં આવતી હતી. અને દરેક શેરીમાં એક એક વ્યાયામશાળા હતી.

પણ રાજગૃહનું ખરું આકર્ષણ તો તેના મંદિરો અને હવેલીઓ હતી. આમ તો ત્યાં અઢારે વર્ણના લોકો વસતા હતા. પરંતુ જૈનોની વસ્તી ત્યાં મોટા પ્રમાણમાં હતી.

જૈનોની વસ્તી હોય ત્યાં જિનાલય, ઉપાશ્રય, જ્ઞાન મંદિર, પૌષધશાળા, પાઠશાળા વગેરે ન હોય તેમ બને જ કેમ? અને તેમાં રાજગૃહ તો મગધની રાજધાનીનું નગર.

રાજગૃહના રસ્તા ઉપરથી પસાર થનાર સૌ કોઈને ઉન્નત ને ગગનચુંબી જિનાલયના શિખરનું દર્શન થાય જ. બધા જ દેરાસર શિખરબંધી. ઊંચે ઊંચે જિનશાસનની ધર્મપતાકા ફરકયા કરે અને સૂર્યના તાપમાં સુવર્ણના કળાત્મક કળશો ચળકયા કરે. એક દેરાસર જુવોને બીજા દેરાસરને ભૂલો. એક એકથી ચડીયાતી દરેકમાં કારીગીરી. બહારથી દેરાસર જોનારનું હૈયું ભવ્યતાથી ભરાઈ જાય એવાં એ ભવ્ય દેરાસરો, ઉપાશ્રયો, પૌષધશાળાઓ અને જ્ઞાન મંદિરો પણ એવાં જ વિશાળ. બહારથી એ જેટલા ભવ્ય જણાય તેનાથી ય વિશેષ એ અંદરથી દિવ્ય લાગે. ત્યાંના પવિત્ર વાતાવરણમાં જગતના તમામ તાપ અને સંતાપ શમી જાય.

હવેલીઓ તો બધી જ ગગનચુંબી ગગન સાથે વાતો કરે. તેના ઝરુખાઓ કલાત્મક. રાતે દીવાઓના ઝગમગાટથી રસ્તાઓ ઝળહળાં બની રહે.

એ નગરના કોઈપણ ખૂણે ઘૂમનારને સમૃદ્ધિનાં જ દર્શન થાય. સાહ્યબી જ સાહ્યબી જોવા મળે. દુઃખ અને દારિદ્ર શોધ્યાં ય ન જડે.

ત્યાંના લોકો પણ સુખી અને સંતોષી. ધર્મપરાયણ અને પ્રામાણિક. પાપભીરૂ બધા જીવ. વસે બધાં જ અઢારે વર્ણના લોક. પણ સૌ સૌના ધર્મમાં રત. કોઈ કોઈની સાથે

વેરો વંચો નહિ. જૈનોના વરઘોડામાં બ્રાહ્મણો પણ આવે. અને બ્રાહ્મણોના પ્રસંગોમાં જૈનો પણ જાય. દરેક કોમ અને જાત વચ્ચે ભાઈચારો.

આ નગરનો રાજા ત્યારે ગુણસેન હતો. નામ પ્રમાણે જ તે અનેક ગુણોથી અલંકૃત હતો. પોતાની વીરતા અને પરાક્રમથી તેણે અનેક દુશ્મનોને જીતી લીધાં હતાં અને શામ, દામ, દંડ અને ભેદથી, જ્યારે જેની જરૂર પડે તેનાથી તે રાજ્ય ચલાવતો હતો.

સ્વભાવે તે ઉદાર હતો. તેના દરબારમાં આવેલું કોઇ પણ ખાલી હાથે પાછું નહોતું જતું. છૂટે હાથે તે સૌને યોગ્ય દાન કરતો. પંડિતો, શાસ્ત્રીઓ, સાધુ, સંતો આદિનું તો એ ઘણું જ બહુમાન કરતો અને મોટા મોટા પારિતોષકો આપી, મોટા મોટા દાન દઇ તેઓની તે ભક્તિ કરતો.

પ્રજાને એ પ્રથમ સંતાન માનતો. પ્રજાનું કલ્યાણ થાય, પ્રજા કેમ વધુ ને વધુ સુખી થાય, તે માટે તે અહોનિશ પ્રયત્ન કરતો. ઓછા કરવેરા લેતો અને અઢળક સગવડો પ્રજાને આપતો. પ્રજાનું દુઃખ દર્દ જાણવા ગુપ્તવેષે પણ એ ક્યારેક ક્યારેક ફરતો અને દુઃખીઆઓને જાતે મદદ કરતો.

ન્યાય તોળવામાં એ નિષ્ઠુર પણ હતો ને દયાળુ પણ હતો. ગુનેગારનો ગુનો જોઈને નહિ પણ ગુનેગારનું હૈયું જોઈ, એ ન્યાય તોળતો અને યોગ્ય સજા કરતો. ન છૂટકે જ એ કકળતા હૈયે કોઇને દેહાંત દંડની સજા ફટકારતો.

આ ને આવા બીજા અનેક ગુણોને લીધે પ્રજા પણ

તેનું ખૂબ સન્માન કરતી હતી અને તેનો પડયો બોલ ઝીલી લેતી હતી.

ગુણસેનને પ્રિયદર્શના નામે રાણી હતી. તે પણ નામ પ્રમાણે ગુણ ધરાવતી હતી. તેનું નાજુક ને નમણું વદન જોનારના ચિત્તને ઉમદા જ ભાવો કરાવતું હતું. તેની આંખોમાં નિર્મળતા હતી અને રૂપમાં તો એ દેવાંગનાઓને પણ શરમાવે તેવી હતી.

પણ સ્ત્રી સહજ સ્વભાવથી તે પર હતી. રૂપનું તેને અભિમાન ન હતું. જેટલું રૂપ તેનાથી હજાર ઘણી એ નમ્ર ને વિનયી હતી. દાસ-દાસીઓ સાથે પણ નીચા અવાજે જ વાત કરતી હતી. શીલ અને ચારિત્ર્યમાં તે ઉત્કૃષ્ટા હતી.

રાજકુળમાં ઉછરી હતી અને રાજાની માનીતી રાણી હતી છતાં પણ કયારેય તેનામાં ઉચ્છૃંખલતા કે ઉદ્દંડતા જણાયાં નહોતાં. સંયમ અને સાદાઈની તે પ્રતિમૂર્તિ હતી.

સંસ્કારે તે જૈનધર્મી હતી. ગુણસેન પણ જૈનધર્મી હતો. બંને જણા યથાશક્તિ ધર્મનું પાલન કરતાં હતાં. પૂજ્ય શ્રમણ ભગવંતોની સેવા-સુશ્રુષા કરતાં. વ્યાખ્યાન શ્રવણ કરતાં.

આ બંનેનો સંસાર સુખે પસાર થતો હતો. બન્ને વચ્ચે પૂરેપૂરો એકરાગ હતો. કોઈ ચડભડ ન હતી. આનંદથી બંને જીવતાં હતાં અને યૌવનની રસ લ્હાણ માણતાં હતાં.

એક રાતે પ્રિયદર્શના સફાળી જાગી ગઇ. ત્યારે રાત્રિનો

છેલ્લો પ્રહર પસાર થઈ રહ્યો હતો. જાગીને તેણે જોયું તો પોતે સુવર્ણપલંગમાં પોઢી હતી. દીવાઓની વાટ ધીમેધીમે પ્રકાશી રહી હતી; બહાર ગગનમાં તારાઓ ઝબુકી રહ્યા હતા અને પોતે શયન ખંડમાં એકલી જ સૂતી હતી.

એ વિચારવા લાગી. હું જાગી કેમ ગઇ? મારી ઊંઘ એકાએક કેમ ઊડી ગઈ? કંઇ કશું કરડયું? કંઈ કશી અસુવિધા થઈ?

પરંતુ આ માટે તેને બહુ લાંબો વિચાર ન કરવો પડચો. તેને તરત જ યાદ આવ્યું. પોતે એક સ્વપ્ન જોયું હતું.

'શું સ્વપ્ન હશે એ?' તેના આંતરમને તેને પૂછયું.

સ્વપ્ન તાજુ જ હતું અને તાબડતોબ જ એ જોયા પછી આંખ ખૂલી ગઈ હતી. તેને યાદ આવ્યું કે પોતે સ્વપ્નમાં નિર્મળ અને વિશાળ મંડળથી વિભૂષિત એવું સૂર્યનું બિંબ જોયું હતું.

એ જોઈને પ્રિયદર્શનાને લાગ્યું કે સૂર્યનાં કિરણો તો ચમકી રહ્યાં છે અને હજી પોતે સૂઇ રહી છે. સવાર પડી ગયું આ તો. ખૂબ જ મોડું થઈ ગયું ઊઠવામાં.

અને એ સફાળી જાગી ગઈ. આંખ ખોલીને જોયું ત્યારે તો ખબર પડી કે રાત્રિનો છેલ્લો પ્રહર પસાર થઈ રહ્યો છે ને પોતે તો સ્વપ્ન જોયું છે. સવાર ઉગવાને તો હજી ઘણો સમય બાકી છે.

હવે શું થાય? તો શું પાછું સૂઈ જવું? પણ ના પ્રિયદર્શના સૂઇ ન ગઇ. કારણ તેને ખબર હતી કે પોતે એક શુભ સ્વપ્ન જોયું હતું. સ્વપ્નમાં પોતે મંગળ પ્રતીકનાં દર્શન કર્યાં હતાં. એ સ્વપ્નથી જરૂર લાભ થશે એટલી તેને ખબર હતી. સાથે તે એ પણ જાણતી હતી કે શુભ સ્વપ્ન જોયા બાદ જો ફરી ઊંઘી જવાય તો એ સ્વપ્નનું ફળ મળે નહિ. એ પછી તો નવકાર મંત્રનું સ્મરણ જ કરવું જોઈએ. અને એ સ્વપ્નની વાત યોગ્ય ને અધિકારી પાત્રને કહી કપડાના છેડે ગાંઠ વાળવી જોઈએ. એમ કરવાથી એ શુભ સ્વપ્ન તેનું ચોક્કસ ફળ આપે છે.

આથી પ્રિયદર્શના ફરી પાછી ગોદડું તાણીને સૂઇ ન ગઈ. નવકાર મંત્રનું તે સ્મરણ કરવા લાગી. અને હળવા પગલે એ સ્વપ્નની વાત કહેવા પોતાના સ્વામીના ખંડમાં ગઇ.

તે જમાનામાં પતિ-પત્ની એક જ શય્યામાં સાથે સૂતા નહિ. બંને અલગ અલગ ખંડમાં સૂતાં. ગુણસેન પણ તે જ પ્રમાણે બીજા ખંડમાં સૂતા હતા.

તે વખતે સવારનો પ્રથમ પ્રહર હતો. ગુણસેન પણ નિત્યની ટેવ પ્રમાણે જાગી ગયો હતો. અને આત્મ ચિંતવન કરી રહ્યો હતો.

પ્રિયદર્શનાએ આવીને પ્રથમ ગુણસેનને પ્રણામ કર્યા. તેનો ચરણ સ્પર્શ લીધો અને બે હાથ જોડી કંઈક કહેવા માંગતી હોય એવા ભાવથી ગુણસેનથી થોડે દૂર ઊભી રહી.

પોતાની રાણીને આમ અચાનક આવેલી જોઈ ગુણસેનને

આશ્ચર્ય થયું. કારણ તે કોઈ દિવસ આવી રીતે આવી ન હતી. આજ પ્રથમવાર જ તે આ પ્રમાણે આવી હતી. આથી તેને નવાઈ લાગી. તેમણે પૂછયું :

દેવી ! તમે ? અત્યારે કંઈ ? શરીરે તો સુખ અનુભવો છો ને ? તમને જોઈને મને અત્યારે હજારો પ્રશ્નો જાગે છે. કહો, શા માટે પધાર્યાં છો ?'

ગુણસેને એક સાથે અનેક સવાલો પ્રિયદર્શનાને પૂછી નાંખ્યા, અને પછી તેના જવાબ માટે રાણી સામે જોવા લાગ્યો. ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે રાણી તો ઊભાં, છે. તરત જ તેણે કીધું : 'બેસો, અને નિરાંતે આપની વાત કહો કે અત્યારે આપનું આવવું શાથી થયું છે ?'

આર્યનારી પતિના કહ્યા સિવાય ઊઠતી કે બેસતી નથી. તેની આજ્ઞાના પાલનમાં તે પોતાનો સ્ત્રીધર્મ સમજે છે. પ્રિયદર્શના ગુણસેનને પગે લાગી ને ઊભી જ રહી. પણ એ પોતાની મેળે બેસી ન ગઈ. પતિની આજ્ઞાની તેણે રાહ જોઈ. એ આજ્ઞા મળી કે તરત જ પોતાનાં વસ્ત્રોને સંકેલી એ સુવર્ણ સિંહાસન ઉપર બેઠી. અને આદરપૂર્વક વિનયથી તે બોલી :

'હે સ્વામિન ! હું ગાઢ નિદ્રામાં સૂતી હતી. ત્યાં હું ઝબકીને જાગી ગઇ. આંખ ઉઘાડીને જોયું ત્યારે મને ખ્યાલ આવ્યો કે હજી તો રાત બાકી છે. અને મેં સ્વપ્ન જોયું છે. સ્વપ્નને લીધે હું ઝબકી ગઈ....'

પ્રિયદર્શનાને બોલતા વચનમાં જ અટકાવીને ગુણસેને પૂછયું :

'દેવી ! એવું તો કયું સ્વપ્ન હતું કે જેણે આપની મધુર નિંદ બગાડી નાખી ?'

'વ્હાલા, એ સ્વપ્ને તો મારી આજની સવાર ખુશ ખુશાલ કરી નાંખી છે. એથી મારી મધુર નિંદ તૂટી ગઇ પણ તેનું મને દુઃખ નથી. એ સ્વપ્ન દર્શનથી મારું રોમે-રોમ આનંદથી ઉલ્લસિત થઈ રહ્યું છે....'

'તો તો જરૂર એ મંગળ સ્વપ્ન હશે. મને એ કહેશો, એવું તે કયું સ્વપ્ન હતું કે જેથી આજ આપ સવારમાં આમ હરખાઈ ઊઠયાં છો ?'

'શાસ્ત્રોમાં કહ્યું છે કે શુભ અને મંગળ સ્વપ્ન દેખાય પછી સૂઈ ન જવું. યોગ્ય વ્યક્તિને એ સ્વપ્ન કહેવું અને જાગ્યા બાદ પ્રભુનું નામસ્મરણ કરવું. આથી નવકાર મંત્રનો જાપ જપતી હું આપના ઊઠવાના સમયની રાહ જોતી હતી. આપને જાગૃત થયેલા જાણી હું આપને એ સ્વપ્ન કહેવા આવી છું....' પ્રિયદર્શનાએ પોતે સ્વપ્ન અંગે જેટલું જાણે છે તે વિનયથી કહી બતાવ્યું.

'તો હવે જલ્દી કહો કે એ સ્વપ્નમાં આપે શું જોયું હતું ?'

'દિવ્ય કાંતિવાળા અને અપૂર્વ મંગળદાયક એવા સૂર્યના બિંબને મેં સ્વપ્નમાં નીહાળ્યું હતું.'

'આ સ્વપ્ન આપે ક્યારે જોયું ?'

'રાત્રિના છેલ્લા પ્રહરે....કેમ એમ પૂછવું પડયું ? શું સ્વપ્ન અને સમયને કંઈ સંબંધ છે?' પ્રિયદર્શનાને સ્વપ્નના સમય સંબંધની ખાસ ખબર ન હતી તેથી પૂછયું.

'હા, દેવી ! સ્વપ્નને સમય સાથે ઘણો જ સંબંધ રહેલો છે. એક તો આપે ઘણું જ શુભ અને મંગળ સ્વપ્ન જોયું છે. તેમાં વળી તે રાત્રિના છેલ્લા પ્રહરે જોયું છે તે ઘણું જ સુચક છે....' ગુણસેને કીધું.

'હે સ્વામિન્ ! આ શુભ સ્વપ્નનું મને શું ફળ મળશે, તે મને જણાવશો તો ઉપકાર થશે.'

'સુલોચને ! આ સ્વપ્ન એમ નિર્દેશ કરે છે કે આપને ટૂંક સમયમાં જ પુત્રરત્નની પ્રાપ્તિ થશે.'

પ્રિયદર્શના તો એ સાંભળીને આનંદ વિભોર બની ગઈ. અને કઈ સ્રી એ વાતથી આનંદ ન પામે ? સ્રી-જન્મની સાર્થકતા તો જનેતા થવામાં છે. સંતાન વિનાની સ્રીનું કોઈ શુકન પણ નથી કરતું. આ સ્વપ્નથી પોતાને પુત્ર થશે તે જાણી પ્રિયદર્શનાનું હૈયું નાચી ઊઠયું.

તેણે તરત જ પોતાના પાલવના છેડાને ગાંઠ બાંધી અને શુકનગ્રંથી કરી. અને ઉમળકાથી બોલી :

'તો તો આપના મોંમાં સાકર. આપનું વચન સત્ય થાઓ.'

ત્યારબાદ રાણી ફરીથી ગુણસેનને પગે લાગી. સ્વામીની

ચરણરજ મસ્તકે ચડાવી અને વિનયથી વિદાય લઈ પોતાના ખંડમાં આવીને બેઠી. ત્યાં દાસીઓને ભેગી કરી અને ધર્મ કથા તેમજ પ્રભુસ્તવન કરવા લાગી.

સમયને જતાં કંઈ વાર લાગે છે ? આંખના પલકારામાં તો સવાર પડી. સૂર્યના કિરણોથી રાજગૃહ નગરી ચમકી ઊઠી. સૌ આળસ મરડીને બેઠાં થઈ ગયાં. ને સૌ સૌના કામે લાગ્યાં, રાતે શાંત ને સૂસ્ત પડેલી રાજગૃહ નગરી દિવસ ઊગતા જ પ્રવૃત્તિથી ધમધમી રહી.

ગુણસેન અને પ્રિયદર્શના પણ પોતપોતાની પ્રવૃત્તિમાં પડયાં. પણ રાતના સ્વપ્નને બેમાંથી કોઇ વિસર્યું ન હતું.

ગુણસેને રાજદરબાર ભરાતા અગાઉ જ અનુચરોને મોકલી સ્વપ્નશાસ્ત્રજ્ઞો અને નૈમિત્તિકોને રાજસભામાં હાજર રહેવા આમંત્રણ દેવા મોકલી દીધા હતા.

રાજગૃહ નગરમાં જાતજાતના વિષયના નિષ્ણાતો અને પ્રકાંડ વિદ્વાનો રહેતા હતા. જાણે સરસ્વતીનો દરબાર ! નૈયાયિકો, વ્યાકરણશાસ્ત્રીઓ, સાહિત્ય સમ્રાટો, કવિઓ, સંગીતજ્ઞો અને યુદ્ધ નિષ્ણાતો બધા જ આ નગરની શોભા હતા.

ગુણસેને નૈમિત્તિકોને આમંત્રણ પાઠવ્યું. એ આમંત્રણ મળતાં જ સૌ રાજસભામાં હાજર થઈ ગયા. રાજા પધારે તે અગાઉ તો રાજસભા હકડેઠઠ ભરાઈ ગઈ હતી. નગરજનોને ખબર પડી ગઇ હતી કે પોતાના પ્રિય રાજાની રાણીને શુભ સ્વપ્ન આવ્યું છે ને તેનો ફળાદેશ કાઢવા માટે આજે

રાજાએ મોટા મોટા નૈમિત્તિકોને નિમંત્ર્યા છે. આથી નગરજનો એ ફળાદેશ જાણવા માટે નીયત સમયથી પણ અગાઉ આવીને પોતપોતાની જગા સંભાળી લીધી હતી.

સમય થતાં જ છડીદારે છડી પોકારી. ગુણસેનના આગમનની વધાઈ ખાધી. ગુણસેન આવીને રાજસિંહાસન ઉપર બેઠો. પ્રજાએ પણ ઊભા થઈને રાજાનું સન્માન કર્યું અને તેના બેઠા પછી સૌ બેસી ગયા. રાજાએ પ્રેમ-ભીની નજરે સૌના ઉપર નજર નાંખી. ઊંચે ઝરુખામાં પણ નજર કરી ત્યાં સ્ત્રીઓની બેઠક હતી. અને પ્રિયદર્શના પણ આજ તો ત્યાં આવીને બેઠી હતી.

સૌના મોં ઉપર ઉત્સુકતા અને આતુરતા જણાતી હતી. સૌ એ જાણવા અધીરા બન્યા હતા કે રાણીને કયું સ્વપ્ન આવ્યું હશે અને તેનું શું ફળ આવશે. આ અંગેની વધુમાં વધુ અધીરતા પ્રિયદર્શનાની આંખમાં જણાતી હતી. તેની નજર વારંવાર નૈમિત્તિકો ઉપર જતી હતી.

ગુણસેને તરત જ નૈમિત્તિકોને ઉદ્દેશીને કહ્યું : 'વિદ્વાનો! તમે સૌ તો આ નગરના ભૂષણો છો. તમારી વિદ્યાથી તો સરસ્વતીનો દરબાર પણ લજવાય છે. તમને આજે મેં એક સ્વપ્નનું ફળ જણાવવા માટે નિમંત્ર્યા છે.

ગઈકાલે રાત્રિના છેલ્લા પ્રહરે રાણીએ સ્વપ્નમાં દિવ્ય કાંતિવાળું અને અપૂર્વ મંગળદાયક એવા સૂર્યના બિંબને જોયું હતું.

આ સ્વપ્નથી રાણીને શું લાભ થશે? એ હવે તમે પ્રકાશો.'

રાણીના આ સ્વપ્નની વાત જાણી સૌ સભાજનો પણ આનંદમાં આવી ગયા. અને અંદર અંદર ગણગણાટ પણ કરવા લાગ્યા. કેટલાક તો બોલવા પણ લાગ્યા :

'ખરેખર! રાણીને સ્વપ્ન તો સુંદર આવ્યું છે.'

'જરૂર લાભ જ થશે.'

'અરે લાભ જ નહિ, મહાલાભ થશે. મહાલાભ. કારણ રાત્રિના છેલ્લા પ્રહરે આવું મંગળ સ્વપ્ન દેખાય તો કોઈ મોટો લાભ જ થશે.'

'રાણીને એવો શું મોટો લાભ થવાનો હશે ?'

આમ અનેક જણા અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા.

નૈમિત્તિકો પણ ભેગા મળીને અંદર અંદર વિચારવા લાગ્યા. અને આ સ્વપ્નનું શું ચોક્કસ ફળ મળે તેની ચર્ચા કરવા લાગ્યા.

થોડા સમય બાદ એક નૈમિત્તિકે ઊભા થઈને કહેવાનું શરૂ કર્યું : હે સૂર્ય સમાન પ્રતાપી રાજન્! આપની કીર્તિ સદાય અમર રહો, રાણીજીએ જે સ્વપ્ન જોયું છે તે ખરેખર જ ઉત્તમ છે.

સ્વપ્નશાસ્ત્રમાં બોંતેર પ્રકારનાં સ્વપ્ન બતાવ્યાં છે. જેમાં ત્રીશ પ્રકારનાં સ્વપ્નો ઉત્તમ ગણાવ્યાં છે. સ્વપ્નમાં તે પદાર્થો વ. દેખાય તો તેનાથી તે સ્વપ્ન જોનાર વ્યક્તિને લાભ થાય છે, અને બાકીના બેંતાલીસ સ્વપ્નો અશુભ ગણાવ્યાં છે. જેનાથી વ્યક્તિને નુકસાન થવાનો સંભવ મોટો હોય છે.

રાણીજીએ જે સ્વપ્ન જોયું છે, તેથી તેમને પુત્રરત્નની પ્રાપ્તિ થશે. જે સ્ત્રી સ્વપ્નમાં સૂર્યના બિંબને જુએ છે તે ઉત્તમ ગુણવાળા પુત્રને જન્મ આપે છે તેમ સ્વપ્નશાસ્ત્રોમાં બતાવ્યું છે.

તેમાંય રાણીજીએ તો ઉત્તમ કાંતિવાળું સૂર્યનું બિંબ જોયું છે, તેમ જ રાત્રિના છેલ્લા પ્રહરે એ સ્વપ્ન નીહાળ્યું છે. આથી ટૂંક સમયમાં જ તેમને ગર્ભ રહેશે. આ ગર્ભ ખૂબ જ ઉચ્ચ હશે. ને જે પુત્ર જન્મ પામશે તે પુત્ર બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન થશે. પરાક્રમ કરનારો થશે. અને લોકોમાં સારો એવો પ્રભાવ પણ પાડશે. આ ઉપરાંત તે ધીર અને વીર બનશે. અને પોતાના જ બાહુબળથી તે કીર્તિને પામશે. અને ઉભય વંશને તે દીપાવનારો બની રહેશે...'

આટલું કહી એ નૈમિત્તિક રાજાને તેમજ રાણીને પ્રણામ કરી પોતાના આસને બેસી ગયો.

સ્વપ્નનો આ ફળાદેશ સાંભળી રાજા અને રાણીનાં હૈયાં તો હરખઘેલાં બની ગયાં. હજી તો પુત્ર જન્મ પણ થવાનો બાકી હતો, અરે! તેવાં કોઇ ચિહ્નો પણ પ્રિયદર્શનાને જણાતાં ન હતાં, પરંતુ જાણે આજે જ પુત્રજન્મ ન થયો હોય તેમ તેઓ બેનાં હૈયાં નાચી ઊઠયાં.

ગુણસેને ખુશ થઈ એ નૈમિત્તિકને પોતાના ગળાનો હાર ભેટ આપ્યો. રાણીએ પણ પોતાનો હાર ઉપહાર તરીકે આપ્યો. બીજા સાથી નૈમિત્તિકોને પણ રાજાએ છૂટે હાથે

સુવર્ણ મુદ્રાઓનું દાન કર્યું અને બધાયનું રેશમી શાલ આપી યોગ્ય સન્માન કર્યું.

નૈમિત્તિકોએ પણ રાજા અને રાણીની તે સમયે ભર પેટે સ્તુતિ કરી. અને મંગળ આશીર્વાદ આપ્યા.

તે દિવસે રાજસભામાં બસ આટલું જ કામ થયું. સૌ આ શુભ સમાચાર સાંભળીને પુત્રજન્મની વાત કરવા લાગ્યા. અને આનંદથી ગુણસેન અને પ્રિયદર્શનાની પ્રશંસા કરતા વિખરાવા લાગ્યા.

□

૨

# રામ અને લક્ષ્મણ

માનવીનું મન અતિ ચંચળ છે. કોમળ પણ તેટલું જ છે. તેના ઉપર સારી–નરસી વાતો અને બનાવોની ઘણી જ અસર થાય છે. આથી જ માનવી ઘડીમાં આનંદમાં જણાય છે તો ઘડીકમાં તે શોકમાં દેખાય છે.

પ્રિયદર્શના અને ગુણસેનના મન ઉપર સ્વપ્નના ફળાદેશની ઘણી જ શુભ અસર પડી હતી. તે જાણીને તેઓ બંને વધુને વધુ આનંદમાં રહેતાં હતાં અને અનેક પ્રકારે ભૌતિક આનંદોને માણતાં હતાં.

અને રાજવંશોને આનંદનાં સાધનોની શી કમીના હોય? આજે ઉપવન વિહાર તો કાલે જલવિહાર. સવારે સાગરસ્નાન તો સાંજે અશ્વકૂચ. નૃત્યના જલસા, સંગીતના જલસા, નાટકો, કાવ્ય વિનોદ વ. અનેક આનંદો તેમને સુલભ હોય છે. સવારે શું થશે? તેની ઝાઝી ચિંતા તેમને કરવી પડતી નથી.

જ્યારે માનવી આનંદમાં હોય છે, મોજશોખમાં ગુલતાન

હોય છે, ત્યારે તેનો સમય ક્યાં વીતી જાય છે તેની તેને જરાય ખબર પડતી નથી.

પ્રિયદર્શના અને ગુણુસેનનો સમય પણ તેવી જ રીતે ઝડપથી પસાર થઈ રહ્યો હતો. બંને ખુશમિજાજમાં હતાં, ભૌતિક ભોગ વિલાસની સાથોસાથ તેઓ યથાશક્તિ ધર્મનું પણ આરાધન કરતાં હતાં.

તેઓ સમજતાં હતાં કે આજે આપણુને જે સુખ અને સાહ્યબી મળ્યાં છે તે તો પૂર્વભવની પુણ્યકમાઈની મૂડી છે. અને કયો ડાહ્યો મૂડીને વાપરી નાંખે ? શાણા તો એ મૂડીનો વધારો જ કરે.

દેવદર્શન, પૂજા, વ્યાખ્યાન શ્રવણ, શ્રમણ ભગવંતોની સેવા, સુપાત્રદાન વગેરે અનેક પ્રકારની ધર્મક્રિયાઓ આ રાજારાણી કરતાં હતાં.

સમય થતાં જ સ્વપ્નનું ફળ દેખાવા લાગ્યું. પ્રિયદર્શનાએ હવે ઝાઝું હરવા–ફરવાનું, શરીરને વધુ શ્રમ પડે તેવું કાર્ય કરવાનું છોડી દીધું. અને પોતાના ગર્ભને પોષણ મળે, ગળથુંથીમાં જ શુભ સંસ્કાર મળે તે રીતે તેણે જીવવા માંડ્યું.

સ્ત્રી માટે આ સમય ઘણો જ નાજુક હોય છે તેમાંય સંતાન માટે તો આ સમય ઘણો જ અગત્યનો હોય છે. આ સમયમાં તેના બંધાતા જીવકોષો પર, માતાના જીવન વ્યવહારની ઘણી અસર પડતી હોય છે. માતા આ સમયમાં જેવાં વિચારો ને કાર્યો કરતી હોય તે પ્રમાણે માતાના

ઉદરમાં રહેલો જીવ તે તે વિચાર અને કાર્યની અસર ઝીલતો હોય છે. સંતાનને સંસ્કારી બનાવવા માટે આ સમયમાં માતાએ ઘણી જ કાળજી લેવી પડે છે.

પ્રિયદર્શના પણ પોતાના ઉદરમાં રહેલા જીવને યોગ્ય, સંસ્કાર મળી રહે તે પ્રમાણે પોતાના જીવનનાં દૈનિક કાર્યો કરતી હતી. દિવસનો મોટો ભાગ તે ધર્મકાર્યો અને ધર્મ-કથામાં જ પસાર કરતી હતી. આનંદ વિહારો તો છોડી જ દીધા હતા. અને આહાર સાદા ને સાત્વિક લેતી હતી. આમ બધી જ રીતે તે પોતાના ગર્ભનું રક્ષણ અને સંવર્ધન કરતી હતી.

ગુણસેન પણ પ્રિયદર્શનાને સુખમાં રાખવા મદદ કરતો હતો. સમય મળે તેની સાથે ધર્મકથા પણ કરતો હતો. સાથે દેવદર્શને અને ગુરુવંદને પણ જતો હતો. રાણીની દરેક ઇચ્છા પૂરી કરવા તે હંમેશ તત્પર રહેતો હતો.

ત્રીજા મહિને પ્રિયદર્શનાને અશ્વસેના સાથે ઉપવનનો ક્રિડા-વિલાસ કરવાનો દોહલો ઉત્પન્ન થયો. રાણીએ તેની જાણ ગુણસેનને કરી. ગુણસેને તરત જ તે અંગેની વ્યવસ્થા કરાવી અને એ દોહલો પૂરો કરાવ્યો. પ્રિયદર્શનાનું મન તેથી ખૂબ જ આનંદમાં આવી ગયું. તે તેથી ઉત્સાહ અને ઉમંગ અનુભવવા લાગી.

એ પછી બરાબર છ મહિને પ્રિયદર્શનાને પેટમાં સખ્ત પીડા ઉપડી. તેનું અંગેઅંગ તણાવા લાગ્યું. દર્દથી તે પીડાવા લાગી. એ પીડા કોઈ રોગની ન હતી, પ્રસૂતિની

એ પીડા હતી. સ્વપ્નના ફળાદેશનો જન્મ થવાથી એ પૂર્વ તૈયારી હતી.

પરિચારિકાઓ પ્રિયદર્શનાની તહેનાતમાં ખડે પગે ઊભી હતી. અને વેદનાને શાંત કરવા પ્રયાસ કરી રહી હતી અને રાણીને મીઠા ને મધુરા બોલ બોલી આશ્વાસન આપી રહી હતી.

એક ધીમી ને તીણી ચીસ પાડી પ્રિયદર્શના સુવર્ણ શય્યામાં શાંત પડી રહી, પ્રસવ થઈ ગયો. નવજાત શિશુ ઉં....ઉં....ઉં રડીને તેના આગમનની જાણ કરવા લાગ્યું.

પરિચારિકાઓએ તરત જ શિશુને હાથમાં હળવેથી લઈ લીધું. અશુચિ સાફ કરી નાખી. પ્રિયદર્શનાને પણ સ્વચ્છ કરી, યોગ્ય ઔષધ આપ્યું અને હળવેથી કાનમાં વધાઈ આપી.

'આનંદો! રાણીમા! આનંદો! કૂળદીપકનું આગમન થયું છે....'

પ્રિયદર્શના ઘડી પહેલાની અસહ્ય પીડા વિસરી ગઈ અને તેના હોઠ ઉપર હાસ્ય ફરકી ગયું. બાળકને તેણે મન ભરીને જોયું ને વહાલથી અસંખ્ય ચૂમીઓ ભરી લીધી.

પુત્ર જન્મની આ મંગળ વધાઈ ગુણસેનને પણ દાસીએ કહી.

ગુણસેન ત્યારે તેના ખંડમાં આતુર ને ઉત્કંઠિત હૈયે આંટા મારી રહ્યો હતો. ને વારે ઘડીએ તે પ્રવેશદ્વાર તરફ

નજર કરી રહ્યો હતો. પ્રિયદર્શનાને પ્રસવ માટે લઈ ગયા તે સમયથી જ તેનું મન ચંચળ બની ગયું હતું અને વારે ઘડીએ રાણીની ખબર કઢાવી રહ્યો હતો અને મનોમન નવકાર મંત્રનો જાપ જપી રહ્યો હતો.

ત્યાં જ શ્વાસભેર દોડતા દોડતા આવીને દાસીએ ગુણસેનને પ્રણામ કર્યા અને એકીશ્વાસે વધાઈ ખાતા કહ્યું :

'પુત્રનો જન્મ થયો છે....'

આ સાંભળી ગુણસેનનું હૈયું નાચી ઊઠયું. તેનો આત્મા હરખાઈ ઊઠયો. એ ખુશમિજાજમાં તેણે વધાઈ ખાનાર દાસીને પોતાના ગળાનો રત્નહાર બક્ષીસમાં આપી દીધો.

જોત જોતામાં તો નગર આખામાં પુત્ર જન્મની વાત પ્રસરી ગઈ. સૌ નગરવાસીઓએ એ દિવસે જન્મોત્સવ મનાવ્યો. ઘરે ઘરના રસોડે તે દિવસે મિષ્ટાન્ન બન્યાં. અને મંદિરો તેમજ દેરાસરોમાં તે દિવસે આંગીઓ થઈ, પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના કરવામાં આવી. સૌએ પોત પોતાની રીતે રાજપુત્રને આશીર્વાદ આપ્યા.

ગુણસેને પણ તે દિવસે પુત્ર જન્મની ખુશાલીમાં નગર આખાના ગુરુકૂળો અને શાળામાં પતાસાં વહેંચ્યાં, સાધુ, સંતો અને ફકીરોને રાજ રસોડે તેડી જમાડયા. શ્રમણ ભગવંતોને ભાવથી ગોચરી વ્હોરાવી નગરના મુખ્ય દેરાસરમાં હીરાજડિત ભવ્ય આંગી કરાવી, પૂજા ભણાવી અને સોના મહોરોની પ્રભાવના કરી.

રાજદરબારમાં કર્મચારીઓ અને અનુચરોનું યોગ્ય

બહુમાન કર્યું. વિદ્વાનો, પંડિતો તેમજ શાસ્ત્રીઓને ઉચિત પારિતોષિકો આપ્યા.

નગરની પાંજરાપોળો, ગોકુળો તેમજ અશ્વ ને ગજ શાળાઓમાં પ્રાણીઓને ઘાસચારો ખવડાવ્યો. પિંજરે પુરાયેલાં અનેક પક્ષીઓને તે દિવસે મુક્ત કર્યાં. કસાઈખાનાં તે દિવસે બંધ રખાવ્યાં અને અનેક બંદીજનોને તે દિવસે મુક્તિ બક્ષી.

પુત્ર જન્મનો આ ઉત્સવ પૂરા બે દિવસ ચાલ્યો. ત્રીજા દિવસે નવજાત શિશુને સૂર્ય અને ચંદ્રના દર્શન કરાવ્યાં. છઠ્ઠીના દિવસે સૌ કુળજનોએ જાગરણ કર્યું. બારમા દિવસે સૌ સ્વજનો, સ્નેહીઓ, સંબંધીઓ તેમજ નગરના પ્રતિષ્ઠિત અને મુખ્ય માણસોની હાજરીમાં પુત્રનું નામાભિધાન કરવામાં આવ્યું.

સૂર્ય સ્વપ્નના અનુસારે બાળકનું નામ ભીમસેન પાડ્યું.

ભીમસેન જન્મથી જ તંદુરસ્ત અને રૂપાળો હતો. તેની નાની નાની આંખોમાં એક અપૂર્વ તેજ ચમકતું હતું. કપાળ પણ તેનું વિશાળ અને ઝગારા મારતું હતું. તેનાં દરેક દરેક અંગ સંપૂર્ણ વિકસિત હતાં. સુવર્ણના પારણામાં એ સૂતો હોય ત્યારે તેને જોઈને લાગતું કે જાણે અહીં કોઈ સહસ્ર પાંખડીવાળું ગુલાબ સૂતું છે! એ હસતો ત્યારે જાણે વહેતા ઝરણાનો કલકલ નાદ સંભળાતો.

પ્રકૃતિએ તે જન્મથી જ શાંત અને હસમુખો હતો. ભૂખ લાગતાં એ રડતો, ઠંડી–ગરમીનો અનુભવ થતાં એ રડતો. બાકી સારોય સમય તેના નાજુક હોઠ ઉપર હાસ્ય

રમ્યા જ કરતું. જોનાર સૌને પરાણે વ્હાલ કરાવે તેવો એ બાળક હતો.

આવા બાળકના ઉછેરમાં શી કમીના હોય? એક તો રાજપુત્ર ને તેમાંય સ્વભાવે શાંત ને હસમુખો. આથી સૌ કોઈ એને હોંશે હોંશે રમાડતું. તેની તહેનાતમાં અનેક દાસ–દાસીઓ હાજર રહેતાં અને તેના ઉછેરમાં પૂરેપૂરી કાળજી રખાતી.

પ્રિયદર્શના અને ગુણસેન તો તેને જોઈને હરખઘેલાં બની જતાં હતાં. તેના હસવા માત્રથી તેમનું લોહી શેર શેર ચડતું. રાજકાજની અનેક ધમધમતી પ્રવૃત્તિમાંથી પણ સમય કાઢી ગુણસેન આવીને ભીમસેનને અચૂક રમાડી જતો. તેના કાનમાં નવકારમંત્ર સંભળાવતો અને વહાલની ચૂમીઓ ભરી જતો.

ભીમસેન અઢળક સુખ અને સાહ્યબીમાં ધીમે ધીમે ઉછરી રહ્યો હતો. પ્રથમ જ ગાદી ઉપર છતો સૂઈ રહેતો હતો તે ઊંધો પડવા લાગ્યો. ઊંધો પડીને એ ખસતાં શીખ્યો. પોતાની મેળે બેસવા લાગ્યો. ને મા....આ...મા.... વગેરે બોલવા પણ લાગ્યો, સમય જતાં પોતાની મેળે ઉભો પણ રહેવા લાગ્યો. અને વરસ વરસમાં તો ઘૂંટણિયા તાણતાં તાણતાં એ નાનાં નાનાં પગલાં પણ ભરતો થઈ ગયો.

બે વરસમાં તો એ પ્રિયદર્શનાની આંગળી પકડી ધીમે ધીમે દેરે–ઉપાશ્રયે પણ જવા લાગ્યો. ગુણસેનની સાથે રાજ દરબારમાં જતો થઈ ગયો. એકલો એકલો પણ નિર્દોષ રમતો

રમવા લાગ્યો. સોના રૂપાનાં વિવિધ રમકડાઓને એ ભાંગવા ને તોડવા લાગ્યો. કાલુ કાલુ બોલવા પણ લાગ્યો.

એ જ અરસામાં પ્રિયદર્શનાએ એક શાંત ને ચાંદની રાતે સુવર્ણ શય્યામાં સૂતા સૂતા રાત્રિના છેલ્લા પ્રહરે એક સ્વપ્ન જોયું. સ્વપ્ન પૂરું થતાં જ તે જાગી ગઈ અને ચારે બાજુ જોવા લાગી. બારીમાંથી બહાર નજર કરતાં જોયું તો હજી તારા ટમટમતા હતા અને અંધારું આછું આછું અવનિ પર પથરાયેલું હતું.

પણ સ્વપ્ન એટલું સુંદર ને શુભ, ભવ્ય અને દિવ્ય હતું કે તેણે સૂવાનું માંડી વાળ્યું. અને બાકીનો સમય વીતરાગ ભગવંતનું સ્મરણ કરવા લાગી.

ગુણસેન જાગ્યો એટલે તરત જ તેની પાસે જઈને વિનયથી ઊભી રહી. પ્રથમ પ્રણામ કર્યા ને પોતાના આવવાનું પ્રયોજન કહ્યું:

'હે સ્વામિન! આજે મેં રાત્રિના છેલ્લા પ્રહરે સ્વપ્નમાં રૂવાબથી ઊભેલા અને જગત આખાને જાણે પડકાર કરતો હોય એવા વનવિહારી મૃગેન્દ્રને જોયો હતો. એને જોતાં જ હું જાગી ગઈ અને આ શુભ સ્વપ્ન છે તેમ સમજી પછી બાકીનો સમય નવકાર મંત્ર ગણવા લાગી.'

'હે પ્રાણનાથ! આપ મને સમજાવો કે આ સ્વપ્નનું ફળ મને શું મળશે?'

ગુણસેને તરત જ કીધું: 'દેવી! આપને સિંહસમાન એવા પરાક્રમી પુત્ર રત્નની પ્રાપ્તિ થશે.'

પ્રિયદર્શનાએ તે જાણી શુકનગ્રંથી બાંધી. અને આનંદથી એ દિવસની રાહ જોવા લાગી.

એ શુભ દિવસ પણ આવી ગયો. આ સમયે પ્રિયદર્શનાને વધુ વેદના ન થઈ. સરળતાથી પ્રસવ થયો. પુત્ર આવ્યો.

રાજમહેલ બબ્બે બાળકોનાં હાસ્ય અને રૂદનથી ગૂંજી ઊઠયો. ભીમસેન તેના નાના ભાઇને તેની રીતે રમાડવા લાગ્યો. તેની કાલી કાલી ભાષામાં તેને છાનો રાખવા લાગ્યો.

બીજા પુત્ર જન્મનો ઉત્સવ પણ એટલી જ ધામધુમથી નગરજનોએ મનાવ્યો. ગુણસેને આ બીજા પ્રસંગે પણ અગાઉની રીતે જ દાન કર્યું ને પશુ પક્ષીઓને અભયદાન આપ્યું. બંદીજનોને મુકત કર્યા.

આ બીજા પુત્રનું નામ હરિષેણ પાડયું.

મોટાનું નામ ભીમસેન અને નાનાનું નામ હરિષેણ. જાણે રામ-લક્ષ્મણની નાની જોડી.

આ બંને બાળકો ઘણી જ કાળજીથી ઉછરવા લાગ્યાં. અનેક દાસ દાસીઓ તેમની સાર સંભાળ માટે સતત હાજરી આપવા લાગ્યાં.

બંને બાળકોને હસતા ને રમતાં જોઈ પ્રિયદર્શના અને ગુણસેનનાં હૈયાં હરખાઈ ઊઠતાં. રાતના બંને બાળકો પ્રિયદર્શનાને વળગીને જ સૂઇ જતા. કયારેક ભીમસેન પ્રિયદર્શનાને વળગીને જ સૂઈ જતાં. કયારેક કયારેક ભીમસેન ગુણસેનની

સાથે પણ સૂઈ જતો. પરંતુ હરિષેણ તો મા સિવાય બીજા સાથે સૂતો જ નહિ.

દિવસો વહેતા ગયા ને બંને ભાઈઓ સોનારૂપાના હાથી ઘોડે રમતાં રમતાં સાચા હાથી ઘોડા ઉપર બેસતા થઈ ગયા. અશ્વસ્વારો બંને ભાઈઓને ઘોડે બેસાડીને દૂર સુધી ફરવા લઈ જતાં, કયારેક ગજરાજ ઉપર પણ ફરી આવતા.

ભીમસેન હરિષેણ કરતાં ઉંમરમાં બે વરસ મોટો હતો. પરંતુ એવી મોટાઈ તે રાખતો નહિ. બંને જાણે સરખી ઉંમરના હોય તેમ જ એ વર્તતો, નાના ભાઇને તે ખૂબ જ ચાહતો. બધી વાતમાં તેને જ પ્રથમ પસંદગી આપતો.

હરિષેણ પણ મોટાભાઈનું બહુમાન કરતો. તેમનો પડચો બોલ ઝીલી લેતો. તેમની સાથે ઊંચા અવાજે બોલતો નહિ. આ બધું હોવા છતાં પણ બંને વચ્ચે પ્રેમ ઘણો જ હતો. બેયના જીવ એકમેક સાથે ખૂબ જ હળીમળી ગયા હતા. આથી જ્યાં જુઓ ત્યાં આ બંને સાથે જ જણાતા.

ભીમસેનની ઉંમર મોટી હતી આથી તેને પ્રથમ ગુરુકુળમાં મૂકયો. એ પછી હરિષેણને પણ તે પછીના બે વરસે ત્યાં મૂકયો.

બંને ભાઈઓ બુદ્ધિમાં કુશાગ્ર હતા. અને જન્મથી જ તેઓને સારા ને ઉચ્ચ સંસ્કાર મળ્યા હતા. આથી ગુરુકુળમાં બધા જ છાત્રોની વચમાં તેઓ અલગ તરી આવતા હતા.

ગુરુ જે કંઇ પાઠ આપે તે બરાબર ધ્યાનથી તે સાંભળતાં. તેનું મનન કરતા. કંઠસ્થ કરવા યોગ્ય કંઠસ્થ પણ કરતા. અને જ્યાં પોતાને શંકા પડે ત્યાં પ્રશ્નો પણ પૂછતા.

ચર્ચા સભાઓમાં તે બંને ભાઈઓ મોખરે રહેતા. બંને એકબીજાને મહાત કરવા માટે જડબાતોડ, એકબીજાને મુંઝવી નાખે એવી દલીલો કરતા. અને બંનેય તેના જવાબો પણ સુંદર ને સચોટ આપતા. કોઈનાયથી ઉતરે તેવા તેઓ ન હતા. બંને પ્રથમ રહેતા.

શું સાહિત્ય કે શું શસ્ત્ર શાસ્ત્ર, દરેક વિષયમાં બંને પ્રથમ નંબર રાખતા. આવા વિદ્યાર્થીઓ ગુરુના વ્હાલા હોય તેમાં શું નવાઇ ?

કયારેક તો એ ગુરુને પણ હરાવી દેતા. ત્યારે પોતા કરતાં પોતાનો શિષ્ય વધુ વિદ્વાન બનતો જાય છે એ જોઈને ગુરુ એવો શિષ્ય પોતાને હોવા માટે ગૌરવ અનુભવતા. ગુરુ પણ આ બંને ભાઇઓને અદકેરા ઉત્સાહથી બધા જ પ્રકારની તાલીમ આપતાં. એ તાલીમ આપતી વેળા તે એ ન જોતા કે આ તો રાજપુત્રો છે, તેમને કેમ કંઈ કહેવાય? ત્યારે ગુરુનું માન સૌથી ઊંચામાં ઊંચું હતું, તેમના બોલને સૌ સ્વીકાર કરતાં. બધા જ છાત્રોને એ છાત્ર જ સમજતાં. આ રાજપુત્ર છે, આ નગરશેઠનો પાટવીકુંવર છે ને આ મામુલી બાપનો દીકરો છે એવા અલગ ચોકાર્થા તે છાત્રોને શીખવતા નહિ. બધા ઉપર સરખું જ ધ્યાન આપતા.

ગુરુએ અનેક વર્ષોની જહેમત લઈ આ બંને ભાઈઓને

પુરુષની બોંતેર કળાઓમાં પ્રવીણ બનાવી દીધા. એવી એક પણ વિદ્યા કે શાસ્ત્ર ન હતું કે જે ભણ્યા વિના આ બંને ભાઈઓ રહી ગયા હોય. ગુરુએ તે બંનેને તમામ શસ્ત્ર ને શાસ્ત્રની તાલીમ આપી હતી.

વિદ્યાભ્યાસ પૂરો થયો. આ બંને ભાઈઓ યૌવનના થનગનાટમાં કૂદતા ને રમતા રાજમહેલે પાછા ફર્યા. રાજ-મહેલમાંથી તેઓ ગયા ત્યારે સાવ નાના અને સુકુમાર હતા. આજ જ્યારે તેઓ પાછા ફર્યા હતા ત્યારે તેઓ યુવાન અને પડછંદ સશકત ને વીર બનીને આવ્યા હતા.

આવીને બંને ભાઈઓએ સૌ પ્રથમ માતાપિતાને પ્રણામ કર્યા. અને આશીર્વાદ માંગ્યા.

ગુણસેન અને પ્રિયદર્શના તો પોતાના સંતાનોનો આ વિકાસ જોઈને, ભાવભીની આંખે જોતાં જ રહી ગયાં. મૂક આંખોથી જાણે કહી રહ્યાં હતાં :' 'અરે ! મારા દીકરા ! આટલા બધા મોટા થઈ ગયા !...'

☐

3

# સુમિત્રનું દેશાંતર ગમન

ગુણસેન અને પ્રિયદર્શના એક બપોરે શીતળ ગૃહમાં બેઠાં હતાં અને અલકમલકની વાતો કરી રહ્યાં હતાં. બંને પુત્રો તે સમયે કંઈક બહાર ગયા હતા. હળવે મને બધી રાજકાજ વગેરેની વાતો થઇ રહી હતી.

ત્યાં ગુણસેને કીધું : 'દેવી ! હવે આપણી ઉંમર થઇ. પુત્રોનો વિદ્યાભ્યાસ પણ હવે પૂરો થઈ ગયો છે અને લાગે છે હવે તેમના ઉપર જવાબદારી લાદવી જોઈએ અને તેમને સંસારી બનાવવા જોઈએ...'

'બરાબર છે. બંને દીકરા પણ હવે ઉંમરલાયક થયા છે. તેમના ને આપણા કુળને યોગ્ય એવી કન્યાઓની તપાસ આપણે કરવી જોઈએ.'

'હું પણ એ જ વિચારું છું. આપણા રાજદૂતને વિવિધ દેશોમાં મોકલી આપણા કૂળને અજવાળે તેવી કન્યાની તપાસ કરાઉં અને બંને પક્ષે બરાબર હોય ત્યાં તેઓના લગ્ન કરી નાંખું....'

'તો એમાં રાહ શી જોવાની છે ? શુભસ્ય શીઘ્રમ્

સારા કામમાં વળી વિલંબ શો કરવો. આજે જ આપણા દૂતને મોકલો. તેને બધી માહિતી આપો અને યોગ્ય કૂળ ને કન્યા જોઈ સંબંધ કરી લાવવાની આજ્ઞા આપો.' પ્રિયદર્શનાએ કહ્યું.

એ જ દિવસે ગુણસેને સુમિત્ર નામના રાજદૂતને દેશાંતર મોકલી દીધો. આ દૂત ઘણો જ વિચક્ષણ હતો અને તે બધી કલાઓનો જાણકાર હતો. વારસામાં જ તેને વાચાળતા મળી હતી. આ વાચાળતા કોઇને કંટાળો નહોતી આપતી. કારણ તેની ભાષા ઘણી જ સંસ્કારી હતી. અને બોલતી વેળાએ તે સામા પાત્રની યોગ્યતાને પ્રથમ જોતો હતો. ઉપરાંત તે જ્યોતિષ વગેરેનો પણ સારો જાણકાર હતો અને પ્રવાસો તો તેણે અનેક ખેડયા હતા. આથી દેશ વિદેશની તેને ઘણી માહિતી હતી. અનેક રાજાઓને, તેમના કૂળને તેમજ તેમના સંતાનો ને સગાઓ સુદ્ધાને તે બરાબર ઓળખતો હતો.

ગુણસેનને આ સુમિત્ર ઉપર પૂરેપૂરો વિશ્વાસ હતો. અને તેને શ્રદ્ધા હતી કે જે કામ માટે તેને પોતે મોકલી રહ્યો છે તે કામ એ જરૂરથી યશસ્વીપણે પાર પાડી લાવશે.

શુભ દિવસે ને શુભ ચોઘડિયે સુમિત્ર રાજાને પ્રણામ કરી તેમજ તેમના શુભાશિષ લઈને દેશાંતર માટે નીકળી પડયો.

એ જમાનામાં આજના જેવા ઝડપી વાહનો ન હતાં. લાંબી કે ટૂંકી સફર કરવી હોય ત્યારે તે સમયનો માનવી કાં ગાડું, ઘોડો કે સાંઢણી લઇને નીકળી પડતો. ઝડપથી

પહોંચવું હોય ત્યારે સાંઢણીનો તે ઉપયોગ કરતો. તે યુગની સાંઢણી એટલે આજના યુગનું જેટ વિમાન.

એ સાંઢણી લઈને સુમિત્ર નીકળી પડયો. વહેલી સવારે એ મોં ઉપર પાણી છાંટીને એક ગામથી બીજે ગામ નીકળી પડતો. બપોરના કોઈ વડની છાયામાં આરામ કરતો. બપોર નમતાં ફરી દડમજલ શરૂ કરી દેતો. અને રાત પડતાં કોઈ મંદિરના ઓટલે કે ગામના ચોરે છણીયુ પાથરીને સૂઈ જતો.

રાજકન્યાની શોધ કરવાની હતી. ગુણસેનના રાજમહેલને શોભાવે તેવી રાજવધૂ જોવાની હતી. ભીમસેનને પડખે ઊભી રહે તો દીપી ઊઠે એવી કૂળવાન કન્યાની તપાસ કરવાની હતી. આથી સુમિત્ર વિવિધ દેશોના રાજદરબારમાં જતો. ત્યાંની માહિતી મેળવતો. રાજકન્યાઓને નીરખતો. બની શકે ત્યાં તેમનો સીધો કે પરોક્ષ પરિચય પણ કરતો. આ રીતે તે અનેક રાજદરબારો ઘૂમી વળ્યો. ઘણી બધી રાજકન્યાઓના નામ તેની પાસે ભેગા થઈ ગયા. એકને જુવો ને બીજીને ભૂલો તેવી પણ રાજકન્યાઓ તેણે જોઈ.

પરંતુ માત્ર રૂપ ઉપરથી જ કન્યાનું પારખું કરે ને તે જ ભીમસેન માટે યોગ્ય છે એવો નિર્ણય સુમિત્ર કરે તેવો તે ન હતો. રૂપ, શીલ, ચારિત્ર્ય, વિદ્યા, સંસ્કાર, તંદુરસ્તી, ઉચ્ચકૂળ આ બધું જ તે દરેકમાં ઝીણવટપૂર્વક જોતો હતો. પણ હજી સુધી ક્યાંય તેનું મન માને એવી કન્યા જડી ન હતી. જે તેણે જોઈ હતી. તેમાં કોઈનામાં

રૂપ હતું તો શીલ ન હતું. શીલ હતું તો સંસ્કાર ન હતા. તંદુરસ્તી હતી તો બીજું બધું ન હતું.

ઘણો બધો સમય આમ તેણે રઝળપાટ કર્યો. એક દિવસ દડમજલ કરતાં સુમિત્રે વત્સ દેશમાં પ્રવેશ કર્યો. વિવિધ ગામ નગરોને નીરખતો નીરખતો તે કૌશાંબી નગરીમાં આવ્યો.

આ નગરીની પ્રશંસા તેણે પોતાની સફરમાં ઘણી સાંભળી હતી. રાજગૃહથી પોતાને નીકળ્યે ઘણો સમય થઈ ગયો હતો. અને હજી સુધી જે કામે નીકળ્યો હતો તે કામ પૂરું થયું ન હતું. તેને મનોમન એમ લાગતું હતું કે આ નગરીમાં તેનું કામ જરૂરથી સફળ થશે. આ માટે તેની પાસે કોઈ નક્કર કારણ ન હતું. પરંતુ સુમિત્રનો આત્મા તેને કહેતો હતો કે હવે આ સફરનો શુભ અંત અહીં જ આવી જશે.

આ કૌશાંબી નગરી રાજગૃહનગરીથી જરાય ઉતરે તેવી ન હતી. ઊંચી ઊંચી હવેલીઓ, ગગનચુંબી જિનાલયો, વિશાળ રસ્તાઓ, રસ્તાઓની બે બાજુઓએ શીતળ છાંય પાથરતાં આસોપાલવનાં વૃક્ષો, એ રસ્તાઓ ઉપર ચાલ્યા જતા રથો, હણહણાટ કરતાં પાણીદાર શ્વેત, કથઈ ને કાળા અશ્વો, મલપતી ગતિએ ચાલતાં મદોન્મત ગજરાજો અને અઢારે આલમથી ઉભરાતાં વિવિધ ચૌટાઓ, આ બધું જોઇને સુમિત્રને રાજગૃહની યાદ આવી ગઇ.

આ નગરી ઉપર માનસિંહનું રાજ્ય ચાલતું હતું.

માનસિંહ પ્રતાપી રાજા હતો, તેની આણ ઘણા દેશો ઉપર ચાલતી હતી. ભાટ ચારણો અને નગરજનો તેના પરાક્રમી સ્વભાવની ગુણગાથા ગાતા ધરાતાં નહતાં. સુમિત્રે જાણ્યું કે માનસિંહ રાજા તો જૈનધર્મમાં અપૂર્વ શ્રદ્ધા ધરાવે છે. અને વીતરાગ પ્રભુનો અનન્ય ભકત છે.

તેની રાણી કમલા પણ નામ પ્રમાણે કમલ સ્વભાવની છે. રાજમહેલમાં રહેતી હોવા છતાં પણ રાજાશાહી ઠાઠ અને ઠસ્સાથી અલિપ્ત છે. આ રાજારાણીને બે કન્યાઓ છે. મોટીનું નામ સુશીલા છે અને નાનીનું નામ સુલોચના છે.

સુમિત્ર માટે આટલી માહિતી પૂરતી હતી. પછી તો તેણે પોતાનાં બુદ્ધિ કૌશલ્યથી ઘણી માહિતી ભેગી કરી અને એમ કરી તે જાણી શક્યો કે સુશીલા અને સુલોચનાને, માનસિંહે રાજમહેલમાં ખાસ તજૂરો રાખીને બંનેને ચોસઠ કળાઓની તાલીમ આપી હતી. અને બંને સુતાઓનું ઘણી જ કાળજીપૂર્વક જીવનઘડતર કર્યું હતું.

સુમિત્રને લાગ્યું કે પોતાનું અર્ધું કામ તો હવે પતી ગયું છે. અર્ધું જ બાકી રહ્યું છે બાકીનું કામ પતાવવા તે ઉત્સાહથી સુંદર વસ્ત્રોમાં પરિધાન થઈ રાજદરબારે જવા નીકળ્યો. સાથે ગુણસેનની પ્રતિષ્ઠા વધે તેવું ઊંચા પ્રકારનું નજરાણું પણ લઈ ગયો.

રાજદરબારે એ ઘડીકવારમાં આવીને ઊભો રહ્યો. દ્વારપાળને ખાનગીમાં સોનામહોર આપી. આ મહોર મળતાં જ

દ્વારપાળ દોડતો દરબારમાં ગયો અને પ્રણામ કરીને ઊભો રહ્યો. અને કહ્યું :

'સ્વામિન્! મગધદેશથી કોઇ પરદેશી આપના દર્શને આવ્યો છે. આપની આજ્ઞા હોય તો તે મહાનુભાવને આપની પાસે લઈ આવું.'

માનસિંહે તરત જ કીધું : 'જા, એ મહાનુભાવને તરત જ વિનયથી, આદર આપીને લઈ આવ.'

સુમિત્રને શ્રદ્ધા હતી સોનામહોર તાત્કાલિક અસર કરશે જ. એ રાજમહેલની રચના જોતો ઊભો હતો ત્યાં જ દ્વારપાળ આવીને પ્રણામ કરીને સુમિત્રની સામે ઊભો રહ્યો, અને બોલ્યો :

'પધારો, પધારો, મહાનુભાવ! અમારા પ્રતાપી રાજા માનસિંહ નરેશ વતી હું આપનું સ્વાગત કરું છું. આપ મારી સાથે ચાલો, નરેશ આપની રાહ જુવે છે.'

સુમિત્રના આનંદનો પાર ન રહ્યો. તેણે તુરત જ બીજી સોનામહોર દ્વારપાળના હાથમાં સેરવી દીધી અને તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

માનસિંહને રાજસિંહાસન ઉપર બેઠેલો જોઈ સુમિત્રે દૂરથી જ પ્રથમ નમસ્કાર કર્યા, અને પછી પાસે આવી ખૂબ જ વિનયથી નરેશનો ચરણ સ્પર્શ કર્યો. અને બે હાથ જોડી તેમની સન્મુખ ઊભો રહ્યો.

'કલ્યાણ થાઓ, મહાનુભાવ! કહો, આપ ક્યાંથી

પધારો છો ? અને આપના આગમનનું શું પ્રયોજન છે ? મારા યોગ્ય જે કંઈ કહેવા જેવું હોય તે જરૂરથી કહો.' માનસિંહે શાંત સ્વરે કીધું. અને સુમિત્રને બાજુના સુવર્ણ સિંહાસન ઉપર બેસવા માટે સુચન કર્યું.

સુમિત્રે સિંહાસન ઉપર બેસતાં પહેલાં માનસિંહ નરેશને નજરાણું ધર્યું અને વિનયથી તે બોલ્યો :

'હે પ્રતાપી ને પરાક્રમી નરેશ ! મગધદેશની રાજધાની રાજગૃહી નગરીના નરેશ ગુણસેન નૃપે આપને આ નજરાણું મોકલ્યું છે. આપ તેનો સ્વીકાર કરો....'

સુમિત્રને આ પ્રમાણે કહેતો સાંભળી માનસિંહ વચમાં જ બોલી ઊઠયો : 'ઓહ ! ગુણસેન નરેશે મને યાદ કરીને આ નજરાણું મોકલ્યું છે? ધન્યવાદ ! ધન્યવાદ ! ફરમાવો આપના નરેશે મારા માટે શું સેવા બતાવી છે ? '

' સેવા તો અમે કરીએ રાજન્ ! આપ જેવા ઉચ્ચ ને મહાપુરુષોએ તો ઉપકાર કરવાનો છે. હું એક ઘણા જ શુભ અને મંગળ કામે નીકળ્યો છું અને મને શ્રદ્ધા છે આપ એ કામ જરૂરથી કરશો ને મારા ઉપર ઉપકાર કરશો.'

'મહાનુભાવ ! મારાથી બનતું કામ હું જરૂર કરીશ. આપ નિઃસંકોચ કહો. અને આપનો પરિચય તો આપે આપ્યો જ નહિ ? '

'મારું નામ સુમિત્ર છે. અને હું દૂતનું કામ કરું છું. મારા સ્વામીએ મને એક મહત્ત્વના કામે દેશાંતર મોકલ્યો

છે. દેશ વિદેશમાં ફરતાં મેં આપની ઘણી જ કીર્તિ સાંભળી. આપની દીકરીઓ અને રાણીમાની પણ ઘણી જ પ્રશંસા સાંભળી. આથી હું બીજા દેશોમાં વધુ ન રોકાતાં સીધો જ આપને ત્યાં દોડી આવ્યો....'

'એ ઘણું સારું કર્યું તેં સુમિત્ર! હવે તારા સ્વામીએ તને કયા કામે મોકલ્યો છે, તે જણાવવા યોગ્ય હોય તો મને જણાવ.'

'એ શું બોલ્યા રાજન્! આપ જ તો એ કામ કરી શકો તેમ છો. આપને એ નહિ જણાવું તો એ કામ પાર શી રીતે પડશે ?...' સુમિત્ર બોલ્યો.

'બોલવામાં તું ઘણો ઉસ્તાદ લાગે છે સુમિત્ર! જે રાજાને તારા જેવા દૂતો છે એ રાજા કેટલો ભાગ્યશાળી અને પ્રતાપી હશે! એ તો હવે મારે કલ્પના જ કરવી રહી....'

'આપ પણ રાજન્! મારા સ્વામીથી કયાં ઊતરો તેવા છો? આપના નામનો ડંકો તો દશે દિશાએ વાગે છે. નગરજનો તો ઊઠતાંની સાથે આપનું જ નામ પ્રથમ શ્રવણ કરે છે.

પરંતુ મારા સ્વામી અને આપની વચ્ચે એક ઘણો મોટો ભેદ છે....'

'એ કેવી રીતે ?'

'મારા સ્વામીને બે રાજકુંવરો છે. એકને જુઓ ને બીજાને ભૂલો. બુદ્ધિમાં તો જાણે બૃહસ્પતિ જોઈ લ્યો.

પરાક્રમી ને સાહસી પણ એવા જ છે. નિશાનબાજ તો એવા છે કે આંખે પાટા બાંધીને ફરતા મત્સ્યની આંખ વીંધી શકે છે. પરંતુ હૈયાના તેઓ બંને કુમળા છે. તેમાંય પાટવી કુંવર તો અંતરના ઘણા જ કૂણા છે. કોઈનું પણ દુઃખ જોઈ તેમની આંખ ભીની બની જાય છે. પણ છતાંય જાત પ્રત્યે તો તે ઘણા જ કઠોર છે. બોંતેર કળાઓમાં તે પ્રવીણ છે.

આ બાજુ આપને બે રાજકન્યાઓ છે. મેં સાંભળ્યું છે આપની તે બંને સુતાઓ પણ ચોસઠ કળાઓમાં પ્રવીણ ને દક્ષ છે. સૌન્દર્યમાં અપ્રતિમ છે. ને શીલ, ચારિત્ર્યમાં તો તે બેજોડ છે.

બસ ભેદ હોય તો આટલો જ છે. બાકી બંનેના કુળ ને સંસ્કાર, ભાવના અને વિચાર, ધર્મ અને જાત, સુખ અને સાહ્યબી; સત્તા અને શોખ એકસરખા છે....'

સુમિત્રને બોલતા વચમાં જ અટકાવી માનસિંહ બોલી ઊઠયો :

'વાહ! ઘણું સુંદર ! તારા સ્વામીને કુંવર છે ને મારે કન્યા! ઘણી જ સુંદર તક કહેવાય! એમ કેમ ન બની શકે કે અમારા બંનેના કુળો એક બની શકે ?....'

'રાજન્ ! તો તો આપના મોંમાં સાકર. આપની મોટી દીકરીને અમારા પાટવી કુંવરને આપશો તો સોનામાં સુગંધ ભળી જશે. અને મને તો પૂરેપૂરી શ્રદ્ધા છે આપની દીકરીને આથી સુંદર વર બીજે કયાંય નહિ મળે !

આપ પણ જૈન ધર્મી છો ને મારા સ્વામી પણ જૈન ધર્મી છે. કુળનો તો કોઈ વાંધો નથી. રહી વાત કુંવર અને કન્યાની !....'

'સુમિત્ર ! તું એ કુંવરની કોઈ છબી લાવ્યો છે ? તેમની કોઈ જન્મકુંડળી તારી પાસે છે ?' માનસિંહે પૂછ્યું.

'રાજન્ ! એ સિવાય તો આ કેવી રીતે બને ? લો આ મોટા દીકરાની છબી અને તેમની કુંડળી ! ' એમ કહી સુમિત્રે સંભાળથી ભીમસેનની છબી ને કુંડળી કાઢીને રાજાના હાથમાં મૂકી.

માનસિંહ તો ભીમસેનની છબી જોઈ જ રહ્યો. પડછંદ કાયા, સશક્ત ને માંસલ શરીર, ભરાવદાર મોં, વિશાળ કપાળ, અણીયાળું નાક, પ્રતાપી આંખો, લોભામણા હોઠ ને નજરમાં ભારોભાર વિનમ્રતા.

માનસિંહે એ છબીને ધારી ધારીને અને મનભરીને જોયા કરી. આ જોઈ ને સુમિત્ર બોલી ઊઠયો.

'શું જુઓ છો નરેશ ? અમારા કુંવરમાં કંઈ ખામી જણાય છે ? '

'એ શું બોલ્યો સુમિત્ર ! તારા કુંવર તો સર્વાંગ સુંદર છે. જો ને કેવી પ્રતાપી મુખમૂદ્રા છે ? '

' તો પછી શું વિચાર કરો છો ? '

'વિચારું છું આ છબી સુશીલા અને તેની માને પણ બતાવી જોઉં. તેમનો પણ અભિપ્રાય જાણી લઉં અને

આ કુંડળી રાજજ્યોતિષીને જોવા માટે આપી દઉં.'

'ઘણો જ સુંદર વિચાર છે રાજન્ ! પણ નરેશ ! આપની દીકરીનો તો પરિચય કરાવો ? જો કે મારું મન તો સાક્ષી પૂરે જ છે કે આપની દીકરી પણ પૂરેપૂરી સુલક્ષણા અને અમારા પાટવીકુંવર માટે યોગ્ય જ હશે. પરંતુ આવા જિંદગીભરના સંબંધો જોડતાં અગાઉ બધું પાકું કરવું જોઈએ. મારા આ અવિનયને આપ ક્ષમા કરશો....'

'ના, ના. તેમાં અવિનય શાનો ? એ તો વ્યવહાર છે. કન્યા જોયા વિના કંઈ થોડાં સગપણ બંધાય ? હા, તો સુમિત્ર ! તારે પાછા ફરવાની ઉતાવળ તો નથી ને ?

'ના, રાજન્ ! આ કામમાં ઉતાવળ કરે ન ચાલે. આપ કહેશો તેટલા દિવસ આપનું સ્વાગત માણીશ....'

'તો તું બેચાર દિવસ અત્રે રોકાઈ જા. આ કૌશાંબી નગરમાં ને આ રાજમહેલમાં મોજ કર. ત્યાં સુધી હું આ અંગે મારો પાકો વિચાર કરી લઉં....'

'જેવી આપની ઈચ્છા.' સુમિત્રે વિનયથી કીધું.

સુમિત્ર એ પછી રાજમહેમાન બન્યો. ત્યાંના રોકાણ દરમ્યાનના દિવસોમાં તેણે રાજકુળનો, રાજકુળના માનવીઓનો પરિચય કર્યો. રાણી કમળાને પણ મળ્યો. સુલોચના અને સુશીલાને પણ જોઈ. તેમનો પણ સંપર્ક સાધ્યો.

મોટી દીકરી સુશીલાને જોઈ તેનો આત્મા સંતોષ પામ્યો, તેનું લજ્જાશીલ વદન, વિનયી રીતભાત, બોલવામાં

મૃદુતા, પ્રશ્નોને સમજવાની તેની બુદ્ધિ, કાંચનવર્ણું સૌન્દર્ય, નમણો ને નાજુક દેહ અને ઉચ્ચ સંસ્કાર, આ બધું જોઇને સુમિત્ર ખુશ થઈ ગયો. આનંદના આવેગમાં તેણે મનોમન સુશાલા અને ભીમસેનનાં લગ્ન પણ જોઈ લીધા.

ભીમસેન સાથે સુશીલાનું નક્કી થઈ જાય તો રંગ રહી જાય! પોતાનું કામ યશસ્વી બની જાય. ને તે બને તે માટે પ્રભુને પ્રાર્થના પણ કરવા લાગ્યો.

આ બાજુ માનસિંહે ભીમસેનની છબીને કમલાને બતાવી. કમલાએ પણ તે મનભરીને નીરખી.

'દેવી! શું વિચારો છો? સુશીલા માટે આ કુંવર યોગ્ય છે કે નહિ?' માનસિંહે પૂછ્યું.

'હું શું કહું? આપની બુદ્ધિ ને ગુણ પરીક્ષા માટે મને શ્રદ્ધા છે. આપ જે કરશો તે યોગ્ય જ હશે,' કમલાએ વિનયથી કીધું.

'દેવી! એમ કહીને તો તમે મારામાં આપની શ્રદ્ધાની વાત કરી. હું તો પૂછું છું સુશીલા માટે આ વર કેવો છે?'

'આ પ્રશ્ન તો આપણે સુશીલાને પૂછીએ તે જ સારું છે. એની પણ ઇચ્છા તો આપણે જાણવી જોઈએ ને.'

'ઘણાં કુશળ છો તમે હોં દેવી! કોઇ વાતે પણ એમ નથી કબૂલ કરતાં કે આ યુવાન મને પસંદ છે.'

'રહેવા દો હવે. એમ કહી મારા વખાણ ન કરો. શાસ્ત્રોમાં કહ્યું છે કે, સ્ત્રીઓની બહુ પ્રશંસા ન કરવી...'

'એટલે તો હું તમારી થોડી પ્રશંસા કરું છું.' માનસિંહે હસતાં હસતાં જવાબ આપ્યો.

એ પછી ભીમસેનની છબી સુશીલાને બતાવી. ભીમસેનનો પરિચય આપ્યો. ગુણસેન અને પ્રિયદર્શનાનો પણ પરિચય કરાવ્યો.

સુશીલા તો ભીમસેનની છબી જોઈને આનંદવિભોર બની ગઈ. પરંતુ તેણે પોતાના હૈયાની ઉછળતી લાગણીઓને બહાર પ્રગટ થવા ન દીધી. શાંત ચિત્તે, મનનાં ભાવ મનમાં જ દબાવીને એ નીચું મોં કરીને બેસી રહી.

'બેટા! તને શું લાગે છે? તને આ યુવક ગમે છે ને?' કમલાએ પૂછ્યું.

'મા! તેમાં મને શું પૂછવાનું? આપ તો મારા હિતસ્વી છો. આપ જે કંઈ કરશો તેમાં મારુ કલ્યાણ જ હશે.'

આ સાંભળીને સુમિત્ર વિચારવા લાગ્યો કન્યા કેટલી વિનયી છે! કેવો મોંઘમ જવાબ આપ્યો! ભીમસેન સાથે આ કન્યા દીપી ઊઠશે.

ત્યારપછી માનસિંહે સુશીલા અને ભીમસેનની કુંડલીઓ રાજ જ્યોતિષી પાસે સરખાવી જોઈ. બંનેનો યોગ થાય એમ છે કે નહિ, બંને સુખી થશે કે નહિ વગેરે ગ્રહ વિ. ની તપાસ કરાવી.

રાજ જ્યોતિષીઓએ બંનેની કુંડલી જોઈ અને ગણિત ગણ્યું. એ ગણીને અભિપ્રાય આપ્યો કે બંનેના ગ્રહો એટલા

બધા ઉચ્ચ ને સારા ને સામ્ય ધરાવે છે કે બંનેનું જોડું સુખી થશે અને કન્યા પોતાના શીલ ચારિત્ર્યથી પોતાના સંસારને અભૂત પૂર્વ રીતે અજવાળશે. ભીમસેન પણ આ કન્યાને સારી રીતે રાખશે. તેના સુખ અને શાંતિ માટે સખ્ત કાળજી રાખશે. ને તેને જરાપણ દુઃખ નહિ પડવા દે. તેમજ સુશીલા પ્રત્યે અપૂર્વ રાગ ધરાવશે. જ્યોતિષના આધારે એમ કહી શકાય કે આવો યોગ બહુ ઓછાને મળે છે. આ લગ્ન સંબંધ બાંધવામાં સુખ ને સુખ જ રહેલું છે.

રાજ જ્યોતિષીઓનો આ અભિપ્રાય જાણી બધા જ આનંદમાં આવી ગયા. ભીમસેનની છબી જોઈને તો સૌને એ યુવાન ગમી ગયો હતો. અંતરથી બધા જ ઇચ્છતા હતા કે સુશીલાનો હાથ ભીમસેનના હાથમાં આપવો. ત્યાં જ્યોતિષીઓનો આ મનભાવતો અભિપ્રાય મળ્યો. પછી પૂછવું જ શું ?

વધુમાં વધુ આનંદ સુમિત્રને થયો. પોતાના સ્વામીપુત્ર માટે આવી સુંદર કન્યા મળી ગઈ તેથી તેના હર્ષનો તો પાર જ ન હતો. તેનું મન તો હવે રાજગૃહમાં પહોંચી જવા ઊડું ઊડું થઈ રહ્યું હતું. કેમ જલ્દી આ શુભ સમાચાર ગુણસેનને પહોંચાડું એ વિચારમાં તેનો મનમયૂર નાચી ઊઠયો.

માનસિંહે આ નિર્ણયને વધાવી લીધો અને સુમિત્ર સાથે સુશીલા અને ભીમસેનના સગપણનું નક્કી કર્યું. સગપણની નિશાની રૂપ સોનામહોર અને સુવર્ણ નાળિયેર આપ્યું. ભરસભામાં આ સગપણની જાહેરાત કરી અને સુમિત્રને

મૂલ્યવાન વસ્ત્રો, રત્નહાર વગેરે ઉપહાર આપી, વેવાઈના ઘરનો માણસ માની તેનું બહુમાન કર્યું.

અને વિદાયવેળાએ ગુણસેન અને પ્રિયદર્શનાને પ્રણામ તેમજ ખુશખબર કહેવડાવ્યા અને જેમ બને તેમ જલ્દી લગ્ન સમારંભ ગોઠવવા જણાવ્યું.

સુશીલા પણ આદ્ર નજરે પોતાના સ્વામીના રાજદૂતને જતો નીહાળી રહી અને જ્યાં સુધી સુમિત્ર દેખાયો ત્યાં સુધી તેને જોતી એ મહેલના ઝરુખે ઊભી રહી.

અને પિયુના આગમનની રાહ જોવા લાગી.

□

४

# સુશીલા

સુમિત્રના ઉત્સાહનો પાર નથી. સફર લાંબી છે. પરંતુ હવે તેનો તેને ઝાઝો થાક લાગતો નથી. ઉતાવળી ગતિએ તે સાંઢણીને હંકારી રહ્યો છે. બપોરનો આરામ પણ તેણે ઓછો કરી નાંખ્યો છે અને ચીલ ઝડપે તે રાજગૃહે પહોંચવા માટે પ્રયત્ન કરી રહ્યો છે.

કૌશાંબી પહોંચતા તેને જેટલો સમય લાગ્યો હતો તેનાથી અર્ધા સમયમાં તે રાજગૃહમાં આવી પહોંચ્યો. આવીને તરત જ સીધો એ રાજસભામાં પહોંચી ગયો. પ્રવાસમાં ધૂળવાળાં થયેલાં કપડાં બદલાવીને કે પરસેવાથી રેબઝેબ થયેલા શરીરે સ્નાન કરવાની પણ તેણે દરકાર ન કરી અને ચડયા શ્વાસે ગુણસેનને પ્રણામ કરીને ઊભો રહ્યો.

સુમિત્રને આવેલો જોઈ ગુણસેને તરત જ તેનું સ્વાગત કર્યું. અને સૌ પ્રથમ તેના ક્ષેમકુશળ પૂછ્યા. પછી તેને ઉચિત આસને બેસવા કહ્યું. તેના દિદાર જોઈ લાગતું હતું કે તે રસ્તામાં ક્યાંય પણ ખોટી થયા સિવાય સીધો જ

રાજસભામાં ચાલ્યો આવ્યો છે. આથી તેના માટે શીતળ જળ પણ મંગાવ્યું.

ઘણા સમયથી સુમિત્રે વતનનું મીઠું ને મધુરું પાણી પીધું ન હતું. વતનનું જળ કંઠે પડતાં જ તેના ધખતા શરીરને શાતા વળી. જળના શીતળ સ્પર્શ માત્રથી જ તેના પ્રવાસનો અર્ધો થાક ઊતરી ગયો. પાણી પીને તે સ્વસ્થ થયો. પરસેવો લૂછી નાંખ્યો અને પોતે લાવેલી કુંકુંમ પત્રિકા ગુણસેનને આપી.

ગુણસેને તે વાંચી, વાંચીને પૂછ્યું : 'સુમિત્ર ! તેં ઘણું જ ઉત્તમ ને ઉમદા કામ કર્યું છે. હવે એ કહે કે તેં જે કન્યા જોઈ છે તે કેવી છે ? તેનું કૂળ ને માબાપ બધા કેવા છે ? તું લગ્નનું નક્કી કરીને આવ્યો છે ત્યારે એ આપણા રાજગૌરવને અનુકૂળ જ હશે તેમ માની લઉ છું.'

'રાજન્ ! હું ઘણા બધા દેશોમાં ફર્યો. ઘણા રાજમહેલોમાં ઘૂમી વળ્યો. અનેક રાજકન્યાઓ, શ્રેષ્ઠિ કન્યાઓ, જોઈ, પરંતુ જેની સાથે મેં યુવરાજ ભીમસેનનું સગપણ બાંધ્યું છે તેના જેવી કન્યાની તો કોઈ જોડ મેં ન જોઈ. તેના જેવું ઉચ્ચ કૂળ ને ઉમદા સંસ્કાર મને બીજે કયાંય જોવા ન મળ્યા.

વત્સ નામના દેશમાં કૌશાંબી નગરી છે. એ નગરી પર શ્રી માનસિંહ નરેશનું આધિપત્ય છે. ખૂબ જ પ્રતાપી અને પરાક્રમી રાજા છે. ન્યાયપરાયણ અને ખૂબ જ નીતિવાન એ

રાજવી છે. જૈન ધર્મમાં તેને ભારોભાર આસ્થા છે. તેની સાતેય પેઢી જન્મ અને કર્મથી જૈનધર્મી છે.

આ રાજાને બે દીકરીઓ છે. જેમ આપને બે દીકરાઓ છે. આપની જેમ જ માનસિંહ નરેશ તેમની દીકરીઓને ચોસઠ કળાઓની તાલીમ આપીને તેમનું ઘડતર કર્યું છે. આ માટે તેઓશ્રીએ રાજમહેલમાં ખાસ તજૂરો, વિદ્વાનો અને શાસ્ત્રીઓને રોકયાં હતાં. અને એ બધી જ ચોસઠ કળાઓમાં તે બંને દીકરીઓને પ્રવીણ ને દક્ષ બનાવી છે.

મોટી દીકરીનું નામ સુશીલા છે. નામ કરતાં ગુણોમાં તો તે લાખ ઘણી વધુ સુશીલા છે. સુલક્ષણા પણ તેવી જ છે.

નાજુક અને નમણી તેની કાયા છે. કંચનવર્ણું તેનું સૌન્દર્ય છે. ગોરું ગોરું ગુલાબી વદન છે. પરવાળા જેવા કમનીય હોઠ છે. હરણીની આંખોને પણ ઘડી ભુલાવે એવી તેની અણીયાળી આંખો છે. એ હસે છે ત્યારે જાણે એમ લાગે છે કે પાસે કોઈ ઝરણું વહી રહ્યું છે. એ બોલે છે ત્યારે તો આપણને એમ જ લાગે કે વસંતની કોયલ ટહુકી રહી છે. તેના હાથ કમળની નાળ જેવા સુકોમળ છે, ને હાથ ઉપર રત્નકંકણ પહેરેલાં છે. તેનાથી તો તેની શોભા ઓર વધી જાય છે. કપાળમાં કરેલો ચાંદલો પણ તેના વદનની શોભામાં વધારો કરે છે. એ ચાલે છે ત્યારે રાજહંસી ચાલી રહી હોય એમ લાગે છે.

પણ રાજન્ ! આ બધું તો કન્યાનું બાહ્યરૂપ છે. તેનું ભીતર સૌન્દર્ય તો ઘણું જ અનુપમ છે. બુદ્ધિમાં તો ઘણી

જ કુશાગ્ર છે. રાજપ્રશ્નોને એ સરળતાથી સમજી શકે છે. પરંતુ એ વિનયી એટલી બધી છે કે તેને પૂછવામાં આવે તો જ તે રાજકાજના પ્રશ્નોમાં સલાહ આપે છે. વગરપૂછે તે ડહાપણ ડોળતી નથી. વિવેકી પણ તે એટલી બધી જ છે. કોને કેટલું સન્માન આપવું, કેવી રીતે કોનો કેવો સત્કાર કરવો વગેરે તે ખૂબ જ સારી રીતે જાણે છે. અને બોલવે તે એવી મધુર ભાષિણી છે કે નાના સાથે એ નાની બની રહે છે ને મોટા સાથે મોટી પણ બની રહે છે, તેના સ્વભાવમાં ક્યાંય ઉગ્રતા નથી. ખૂબ જ શાંત અને સરળ છે. સ્ત્રી સ્વભાવ ચંચળ કહ્યો છે, પરંતુ આ કન્યા તો પૂરેપૂરી સ્વસ્થ મિજાજની છે. રાજમહેલમાં ઉછરી છે, પરંતુ તેનામાં ક્યાંય અભિમાન જણાતું નથી. ખૂબ જ સાદાઈ અને સંયમથી એ રહે છે. તેનું યૌવન સોળે કલાએ પરિપૂર્ણ ખીલેલું છે, પરંતુ તેનામાં મેં ક્યાંય ઉદ્દંડતા કે ઉચ્છંખલતા જોઈ નથી.

મેં તેની સાથે ઘણો સમય જ્ઞાનચર્ચા વગેરેમાં પસાર કર્યો હતો. એ પછી જ મેં નક્કી કર્યું કે આવી કન્યા આપણા પાટવીકુંવર માટે બરાબર યોગ્ય છે.

આથી પણ વધુ સારી રીતે મેં ત્યાં ભીમસેન કુંવરનો પરિચય આપ્યો હતો. તેમની છબી બતાવી હતી. ત્યાર પછી તેઓએ એ છબીને મનભેર નીરખી, પૂછવા યોગ્ય એવા મને પ્રશ્નો પૂછયા અને છેલ્લી વિધિમાં તેમણે કુંવર અને કન્યાની કુંડલીઓ જોવરાવી. ત્યાર બાદ માનસિંહ નરેશે ભર રાજ-સભામાં આ સગપણની જાહેરાત કરી અને મારું યોગ્ય સન્માન

કર્યું. આ કામ પતી ગયું એટલે તરત જ હું ત્યાંથી વિદાય થયો. અને રસ્તામાં નિરર્થક ક્યાંય પણ ખોટી થયા સિવાય સીધો અહીં ચાલી આવ્યો છું....' સુમિત્રે પોતાનું બોલવાનું પૂરું કર્યું અને પોતાના આસને બેસી ગયો.

'શાબાશ ! સુમિત્ર, શાબાશ ! તારી બુદ્ધિ અને કાર્ય શક્તિને ધન્યવાદ છે ! તેં ખૂબ જ ઉત્તમ કૂળની કન્યા શોધી કાઢી છે! હવે આપણે ઘણી જ ત્વરાથી લગ્નની તૈયારી કરવી પડશે. કેમ ખરું ને ?'

'હા, રાજન્ ! માનસિંહ નરેશે બને તેટલો જલદી આ અવસર ગોઠવવા મને જણાવ્યું છે....' સુમિત્રે કીધું.

'તો કરો આજથી તેની તૈયારી અને શુભ દિવસે આપણે અહીંથી પ્રયાણ કરીએ.' ગુણસેન બોલ્યો.

'જેવી આપની આજ્ઞા.' સુમિત્રે રાજાની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

'અને હાં, સુમિત્ર ! લે આ રત્નહાર સગાઈની ખુશાલીમાં તને ભેટ. આ રાજ સાંઢણી પણ હવે તારી જ પાસે રાખજે. તે પણ તને ઉપહારમાં ભેટ આપું છું.' ગુણસેને ગળામાંથી રત્નહાર કાઢીને આપતાં કહ્યું.

'ઘણું જીવો રાજન્ ! ઘણું જીવો ! આપના સુખ શાંતિ સદાકાળ રહો !' સુમિત્રે પ્રણામ કરી રત્નહાર લઈ લીધો.

એ પછી તરત જ ગુણસેને લહીયા પાસે સુવર્ણાક્ષરે લગ્નપત્રિકા લખાવવાનો હુકમ કર્યો. અને એક સાંઢણી સ્વારને

તાબડતોબ કોશાંબી નગર રવાના કરાવી દીધો. અને તેની સાથે કહેવડાવ્યું :

'લગ્નની તૈયારી કરો અમે જાન લઈને આવીએ છીએ.'

એ જ દિવસે રાજગૃહ નગરીના પ્રતિષ્ઠિત સજ્જનોને લગ્નનું આમંત્રણ મોકલી આપ્યું. અને રાજમહેલમાં લગ્નની તૈયારી કરવાનો આદેશ આપ્યો.

જોતજોતામાં તો રાજગૃહનગર લગ્નની ધમાલથી ધમધમી ઊઠ્યું.

□

# ૫

# વર ઘોડે ચડયો

સંસારિક જીવન વ્યવહારમાં લગ્ન એક ઘણો મોટો ઉત્સવ ગણાય છે. આ અંગે મહિનાઓ અગાઉ ભારે તૈયારીઓ થાય છે. જેને ત્યાં લગ્ન પ્રસંગ હોય છે, ત્યાં પ્રવૃત્તિની ધમાલ મચી રહે છે.

આ તો રાજાના દીકરાના લગ્ન હતા. પછી એમાં શી મણા હોય ? રાજમહેલના કર્મચારીઓથી માંડીને નગરના સામાન્ય જનો પણ આ ઉત્સવની તૈયારી કરવા લાગી ગયાં.

ઘરેઘર આનંદ છવાઈ ગયો. સ્ત્રીઓ તો આ પ્રસંગને લઈ ગેલમાં આવી ગઈ, જાત જાતના લગ્ન ગીતોથી રાજગૃહ નગર રાત દિવસ ગૂંજી ઊઠયું.

રાજ આજ્ઞાથી નગરના પાકશાસ્ત્રીઓ નામ સાંભળીને મોંમાં પાણી આવી જાય તેવા મિષ્ટાન્ન બનાવવાની તૈયારીમાં લાગી ગયા. દૂર દૂર સુધી મિષ્ટાન્નમાં વપરાતા સુગંધિત પદાર્થોની સુવાસથી ચોરા ને ચૌટા મઘમઘી ઊઠયા.

સોનીઓ પણ આળસ ખંખેરીને સાબદા થઇ ગયા.

રાજકુળના માણસોના અલંકાર ઘડવા માટે તેઓ રાત દિવસ મહેનત કરવા લાગ્યા. અને વિવિધ કલામાં ને નકશી કામમાં કોઈ હાર, કોઇ વીંટી, કોઈ બાજુબંધ, કોઇ રત્નકંકણ, કોઈ કાનના એરીંગ, તો કોઈ કાનનાં લવીંગીયાં, નાકની નથણી, કોટે ભરવવાનાં બટન, સાફે બાંધવાની કલગી વગેરે અનેક પ્રકારનાં અલંકારોના ઘાટ તેઓ ઘડવા લાગ્યા.

દરજીઓએ પણ પોતાના સંચાઓને કામે લગાડી દીધા અને મૂલ્યવાન કાપડોમાંથી પહેરતાં પ્રભાવ પડે તેવા પોષાક તૈયાર કરવામાં મંડી પડયા.

વાજિંત્રવાદકોએ પોતાના સાજ અને શણગાર નવા બનાવી લીધા. અને રોજ રાતે તેની રીયાઝ કરવા લાગ્યા.

અનાજ ભંડારોમાં અનાજ સાફ થવા લાગ્યાં. અશ્વશાળાઓ, ગજશાળાઓમાં અશ્વો અને ગજરાજોને ખવરાવી પીવરાવીને તગડા બનાવવામાં આવ્યા. તેમને સુંદર રંગોથી રંગવામાં આવ્યા.

રાજમહેલની બહાર એક વિશાળ લગ્ન મંડપની રચના કરવામાં આવી. આ રચના માટે શિલ્પીઓ, કારીગરો ને મજૂરો કામે લાગી ગયાં. કલાત્મક થાંભલાઓ ઊભા કરવામાં આવ્યા. રત્નજડિત ને વિવિધ રંગી મણીઓથી ભરેલા ચંદરવા ને તોરણો બાંધવામાં આવ્યાં. રાતના રોશની કરવામાં આવી.

ઘરેઘરે રંગોળી પૂરવામાં આવી. દરેકે પોતાના ઝરુખા ને અટારી ઉપર દીવા મૂકયા, તોરણો બાંધ્યાં. જાહેર રસ્તાઓ ઉપર પણ શણગાર સજવામાં આવ્યા.

જોતજોતામાં તો રાજગૃહ અને કૌશાંબી બંને નગરોની સુરત બદલાઈ ગઈ. જાણે ઇન્દ્રપુરી પૃથ્વી ઉપર ઉતરી ન આવી હોય તેવી તેની રચના થઈ ગઈ !

વરઘોડાનો દિવસ આવી પહોંચ્યો. વરને સજાવવામાં આવ્યો. પ્રથમ ભીમસેનને પીઠી ચોળીને સુગંધિત ગુલાબ જળથી સ્નાન કરાવ્યું. ઉત્તમ અને મુલાયમ અંગલુંછણાથી ભીમસેનનું શરીર લૂંછ્યું. પોષાક પરિધાનકોએ આવીને ભીમસેનને વેશભૂષા પહેરાવી. સુરવાલ, પહેરણ અને ઉપર મખમલનો જરીભરત જડેલો લાંબો કોટ પહેરાવ્યો. માથે કલાત્મક ને બારીક કારીગરીવાળો રત્નોનો તેજ પ્રકાશ પાથરતો મુકુટ મૂક્યો. તેના ઉપર સુવર્ણકલગી મૂકી. દશે આંગળીએ વિવિધ રંગી વીંટીઓ પહેરાવી. ગળામાં નવલખો હાર બાંધ્યો. કાન આગળ બે સુવર્ણ કંડલો બાંધ્યાં. કમરની ફરતી રત્ન-મેખલા પહેરાવી. સુગંધિત મસાલાઓથી ભરપૂર મોંમાં પાનનું બીડું ખવરાવ્યું.

આ પ્રમાણે ઉત્તમોત્તમ રીતે ભીમસેનને શણગારી તેના હાથમાં શ્રીફળ મૂક્યું. કપાળમાં કુકુંમ તિલક કર્યું. અને પછી તેને સુંદર રીતે શણગારેલા એવા શ્વેત અશ્વ ઉપર બેસાડયો.

મંગલ ઘડી થતાં જ વરઘોડો ચાલી નીકળ્યો. શરણાઈ-ઓના સૂર ગૂંજી ઊઠયા. ઢોલ–ત્રાસાં ગડગડી ઊઠયાં. નગરન મુંદોએ લગ્નગીતોથી બજારને ભરી દીધું. સાજન એટલું મું હતું કે જાણે માનવ મહેરામણ ઊમટયો હોય તેવું

લાગતું હતું. દૂર દૂર સુધી વરઘોડો લાંબો હતો. તેમાં ઘૂઘરમાળ બાંધેલા ગાડાઓ, રથો પણ હતા. સુંદર રીતે શણગારેલ ને ગળે સુમધુર અવાજ કરતા ઘંટ બાંધેલા ગજરાજો પણ હતા. અને અશ્વ સ્વારોનો તો પાર ન હતો. ભીમસેનના સૌ સ્વજનો, સાથીઓ આદિ કિંમતી પોષાક પહેરી, સુંદર અલંકાર પરિધાન કરી વરઘોડામાં ચાલી રહ્યા હતા અને અલકમલકની વાતો કરતાં આગળ પંથ કાપે જતાં હતાં.

આ વરઘોડો અને વરરાજાને જોવા માટે કૌશાંબીના નગરજનો રસ્તાઓ ઉપર અને પોતપોતાની હવેલીને આવાસો ની આગાસી ને ઝરુખા ઉપર હકડેઠઠ બની ઊભા હતા. અને દૂર દૂર સુધી ચાલતા વરઘોડાને જોઈ તેમાં બેઠેલાને ચાલતા સાજનને જોઈ તેમજ વરરાજા અને સાથી પાછળ લગ્નગીતો ગાતા નારીવૃંદને જોઈ કૌશંબીના નગરજનો પ્રશંસાનાં ફૂલ વેરતા હતા. નાનું મોટું સૌ ભીમસેનના વખાણ કરતું હતું. અને સુશીલાને આવો સુંદર અને સોહામણો વર મળ્યો તે માટે તેના સૌભાગ્યની ઇર્ષ્યા કરતા હતા.

ધીમે ધીમે ચાલતો આ વરઘોડો લગ્નમંડપ આગળ આવીને ઊભો રહ્યો. ભવ્ય એવા મંડપના દ્વાર આગળ ભીમસેનને આવીને ઊભેલા જોઈ સાસુએ ઉમળકાથી વરરાજાને પોંખ્યા. ત્યારબાદ જમાઈરાજને લગ્નમંડપમાં લઈ જઈ રત્નજડિત બાજોઠ પર બેસાડયા.

ભીમસેન બાજોઠ પર બેઠો કે તરત જ બે અનુચરો સુંદર પોષાકમાં સજ્જ બનીને વીંઝણો વીંઝવા લાગ્યા. તેમના માટે શીતળ જળ મંગાવ્યું. સાજનને પણ પીવરાવ્યું થોડીવાર બાદ વેવાઇએ મસાલા દૂધ દરેકને આપ્યું.

આ બાજુ રાજબ્રાહ્મણે લગ્નવિધિની શરૂઆત કરી અને યજ્ઞની વેદીમાં ઘી નાંખી તેની પવિત્ર શીખાઓને વધુ પ્રજ-વલિત કરી. સાથે સાથે મંત્રોચ્ચાર પણ તે કરવા લાગ્યો. રાજબ્રાહ્મણની આજ્ઞાનુસાર ભીમસેન લગ્નવિધિમાં સાથ આપતો હતો.

ત્યાં રાજ બ્રાહ્મણે સાદ કર્યો : 'કન્યાના મામા, કન્યાને લઈને હાજર થાય.'

કન્યાના મામા, સુશીલાને લઇને હાજર થયા. મંદ પગલે સુશીલા લગ્નમંડપમાં આવી ને શરમાતી, લજાતી ભીમસેનના સાથેના બાજોઠ પર બેસી ગઈ.

રાજ બ્રાહ્મણે ફરીથી લગ્નવિધિ આગળ ચલાવી. હસ્ત મેળાપ કરાવ્યો ને સપ્તપદી વર-કન્યા પાસે ભરાવી. સૌ સગા-સંબંધીઓએ આવીને સુશીલાના કાનમાં કહ્યું :

'અંખડ સૌભાગ્યવતી હો.'

ત્યારબાદ લગ્નવિધિ થોડી ચાલી અને થોડા સમયમાં એ પતી પણ ગઈ. વિધિ સમાપ્તિ બાદ માનસિંહ રાજાએ અને કમલાએ તેમજ ભીમસેનની સાળી સુલોચનાએ ઘણા જ આગ્રહ અને ઉમળકાથી વરરાજાને કંસાર જમાડયો. અન્ય સાજનવર્ગને પણ મિષ્ટાન જમાડયાં.

માનસિંહ રાજાએ જાનૈયાઓને ખૂબ જ સુંદર રીતે

સાચવ્યાં. તેમની બધી જ જરૂરિયાતો પૂરી પાડી. અને દરેકને પ્રેમપૂર્વક સત્કાર્યા ને ભાવ ને આગ્રહપૂર્વક જમાડયા.

બે ત્રણ દિવસ બાદ ગુણસેને માનસિંહ રાજાને કહ્યું : 'આપનો આદરભાવ ને યોગ્ય સત્કાર જોઈ અમે ઘણા જ ખુશ થયા છીએ. રાજગૃહીથી નીકળ્યા અમને ઘણો સમય થઈ ગયો છે. હવે આપ અમને જવાની અનુજ્ઞા આપો.'

'અરે! આટલી બધી શી ઉતાવળ છે? હજી તો આપે પૂરી કૌશાંબી જોઈ પણ નથી. થોડા દિવસ વધુ રોકાઇ જાવ. જવાનું તો છે જ ને?...' માનસિંહે રોકાવવા માટે આગ્રહ કર્યો.

પરંતુ ગુણસેનથી વધુ રોકાવાય તેમ ન હતું. તેણે પાછા ફરવાનો આગ્રહ જારી રાખ્યો. આથી ન છુટકે માનસિંહે કન્યા વળાવવાની તૈયારી કરી.

માનસિંહે અશ્રુભીની આંખે કન્યાને વિદાય આપી. કમળાએ વિદાય આપતા સમયે દીકરીને કીધું :

'બેટા! આપણા કૂળને શોભે એ રીતે સાસરામાં રહેજે. અને હવે સાસુ સસરાને જ તારા મા-બાપ સમજીને તેમની સેવા કરજે. અને તારા શીલને બરાબર સાચવજે. સ્રીનું મોટામાં મોટું આભૂષણ જ શીલ છે. તેનું જાતથી પણ વધુ જતન કરજે.'

સુશીલા રડતી આંખે મા-બાપને પગે લાગી. તેમના આશીર્વાદ લીધા અને ભીમસેનના રથમાં આવીને તે વિનયથી અંગેઅંગ સંકોચીને શરમાતી બેસી ગઈ.

માનસિંહે આ પ્રસંગે દાયજામાં એક હજાર હાથી, બે હજાર ઉત્તમ જાતના અશ્વો, બે હજાર દાસદાસીઓ, લાખ સોનામહોરો આપી, સુશીલાને છ છ જોડી રત્નકંકણો, રત્નહાર, બાજુબંધ, વીંટીઓ તેમજ અનેક પ્રકારનાં મૂલ્યવાન વસ્ત્રો આપ્યાં.

આ વિદાય પ્રસંગ ખરેખર ઘણો જ કરુણ હતો. પરંતુ તેટલો જ તે સ્ત્રી માટે અનિવાર્ય હતો. 'બેટા! સુખી રહેજે! તારા સુખદુ:ખના સમાચાર કહેવડાવજે. તારા સાસુ સસરાની સેવા-ચાકરી કરજે. ધર્મને ભૂલીશ નહિ....' વગેરે અવાજોથી સુશીલાએ વિદાય લીધી.

જાન કન્યાને લઈને રાજગૃહમાં પાછી ફરી. તે સમયે નગરજનોએ વર-વધૂને અક્ષતને ફૂલોથી વધાવ્યાં. તેમજ તે બંનેના મીઠડાં ઓવારણાં લીધાં.

લગ્નનો આ મહાઅવસર નિર્વિઘ્ને પતી ગયો એટલે ગુણસેને શાંતિનો શ્વાસ લીધો અને રાજકાજની ધમાલમાં લાગી ગયો.

આ બાજુ ભીમસેન અને સુશીલા પણ લગ્નજીવનનો આનંદ માણવા લાગ્યાં.

* * *

હરિષેણ પણ હવે ઉંમરલાયક થયો હતો. તેની વય પણ હવે લગ્નને લાયક થઈ હતી. ઘરમાં ઉંમરલાયક જુવાન દીકરો કે દીકરી હોય એટલે સ્વાભાવિક જ તેના મા–

આપને તેના લગ્નની ચિંતા થાય જ. તેમાંય દીકરીના મા–આપને તો ચિંતા સવિશેષ થાય.

અંગ દેશના રાજા વીરસેનને એક સુંદર ને સુલક્ષણા કન્યા હતી. સંગીતમાં તે નિષ્ણાત હતી અને તેનો કંઠ પણ સૂરીલો હતો. આથી જ તો તેનું નામ વીરસેને સુરસુંદરી રાખ્યું હતું.

તેની ઉંમર દિવસે ને દિવસે વધતી જતી હતી. લગ્ન કાળ તેનો થયો હતો. આથી કન્યાના વિવાહ માટે તેણે પોતાના રાજદૂતને રાજગૃહ મોકલ્યો.

રાજદૂતે આવીને ગુણસેનને પ્રણામ કર્યા, યોગ્ય ને બહુમૂલ્ય નજરાણું ભેટ ધર્યું. પછી હરિષેણ માટે સુરસુંદરીની વાત કરી.

ગુણસેન તો આવા પ્રસંગની રાહ જોઈને જ બેઠો હતો. તેમાં આ સામેથી કહેણ આવ્યું. ને એ કહેણ પણ સમાન કુળધર્મી રાજા તરફથી આવ્યું હતું.

રાજદૂતે પોતાનાથી બનતી બધી રીતે સુરસુંદરીનો પરિચય આપ્યો. ને રાજવૈભવની પણ બધી વાત કરી.

ગુણસેન વિચારવા લાગ્યો. શુભ કામમાં વળી ઢીલ શી? તેણે તરત જ એ કહેણને સ્વીકારી લીધું. અને ઘડીયા લગ્ન લેવાનું જણાવી રાજદૂતને સત્કારી વિદાય કર્યો.

થોડા દિવસમાં ફરી એકવાર રાજગૃહી લગ્નની ધમાલથી ધમધમી ઊઠી. હરિષેણનો ભારે ઠાઠમાઠપૂર્વક વરઘોડો ચડ્યો

ને એક શુભ દિવસે તે અંગ દેશમાં આવીને ઊભો રહ્યો. રાજા વીરસેને ભારે ઠાઠમાઠથી જાનૈયાઓનો સત્કાર કર્યો. પોતાની દીકરીને ધામધૂમથી પરણાવી અને અઢળક દાયજો આપીને એક મંગળ દિને વિદાય કરી.

હરિષેણ અને સુરસુંદરી લગ્ન કરીને રાજગૃહી પાછા ફર્યાં. નગરજનોએ તે બંનેનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

ગુણસેનની હવે બંને ચિંતાઓ પતી ગઈ. મોટા અને નાના બંનેનું લગ્ન થઈ ગયું. હવે તે હળવા મને રાજકાજમાં ધ્યાન આપવા લાગ્યો.

* *

આ બાજુ માનસિંહ રાજા પોતાની બીજી દીકરી સુલોચના માટે ચિંતા કરતો હતો. મોટી સુશીલાને તો ભીમસેન સાથે વળાવી દીધી. પણ હવે નાની ઉંમરલાયક થઈ હતી.

તેણે રાજદૂતને મોકલી બધે તપાસ કરાવી. રાજદૂતે વિવિધ દેશોમાં ફરીને આવીને જણાવ્યું કે, ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગરમાં વિજયસેન નામે રાજા રાજ્ય કરે છે. તેના પ્રતાપથી દુશ્મનો થરથર ધ્રૂજે છે. રૂપ અને ગુણમાં તેમજ કુળમાં પણ આપણી સુલોચના માટે યોગ્ય છે.'

માનસિંહે તરત જ વિજયસેનને પોતાની પુત્રીનું કહેણ મોકલાવ્યું. વિજયસેને પણ તે તરત સ્વીકારી લીધું. અને બંને પક્ષે જોરશોરથી લગ્નની તૈયારી શરૂ થઈ ગઈ.

આ પ્રસંગે ભીમસેન અને તેના કુટુંબીજનોને પણ લગ્નમાં હાજર રહેવા નિમંત્રણ પાઠવ્યું.

અને એક શુભ દિવસે વાજતે ગાજતે વિજયસેન અને સુલોચનાના લગ્ન થઈ ગયા.

□

६

# સંયમના પંથે

એક દિવસ રાજગૃહને આંગણે પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમાન ચંદ્રપ્રભસૂરિ મહારાજ સાહેબ પોતાના શિષ્ય સમુદાય સાથે પધાર્યા. આચાર્ય ભગવંતની આકૃતિ દિવ્ય અને પ્રભાવશાળી હતી. તેમના દર્શન માત્રથી સંસારના સર્વ સંતાપ શાંત થતા હતા. તેઓશ્રી ઘણા જ વિદ્વાન અને સકલ શાસ્ત્ર પારંગત હતા. તેમની વાણી ઘણી જ અસરકારક હતી. ઘણી જ સરળતાથી અને સહજતાથી તે શ્રોતાઓને ધર્મશાસ્ત્રોની વાત સમજાવતા હતા.

રાજગૃહની બહાર ઉદ્યાનમાં આ સૂરિપુંગવે પોતાના પગલાં કર્યાં. ઉદ્યાનના રખેવાળે સૂરીશ્વરને વિધિપૂર્વક વંદન કર્યું. અને તેમના માટે યોગ્ય સરભરા અને સગવડ કરી. પછી દોડતો જઈને એ ગુણસેનને ખબર કરવા ગયો.

ગુણસેન ત્યારે નિત્યક્રિયા કરી રહ્યો હતો. ઉદ્યાનના રખેવાળે આવીને વધાઈ આપી :

'રાજન્ ! આપણા ઉદ્યાનમાં ભવતારક અને પરમ

તારક એવા મહાપ્રભુ શ્રી આચાર્ય ભગવંત શ્રીમાન ચંદ્રપ્રભસૂરિમહારાજ સાહેબ પધાર્યા છે. આપ દર્શનાર્થે પધારો...'

ગુણસેને આ શુભ સમાચાર સાંભળી તરત જ રખેવાળને પોતાના હાથની બધી વીંટીઓ કાઢીને ભેટ આપી દીધી.

આચાર્યશ્રીના આગમનથી ગુણસેનનું હૈયું નાચી ઊઠયું. તેનું રોમરોમ હર્ષ અનુભવવા લાગ્યું. તેણે રાજકાજના બધા જ કામ પડતા મૂકયા અને નિત્યકર્મથી પરવારી એ સીધો ગુરુ ભગવંતને વંદન કરવા માટે આવી પહોંચ્યો.

આચાર્યદેવ પાસે આવીને તેણે વિધિપૂર્વક પંચાંગ પ્રણિપાત કર્યાં. સુખશાતાદિ પૂછી અને તેમનો પવિત્ર ચરણ સ્પર્શ કર્યો.

ગુરુદેવે રાજાને ધર્મલાભ આપ્યા. થોડીવાર બાદ ગુરુદેવે વ્યાખ્યાનનો આરંભ કર્યો. શરૂમાં પોતાના મંજુલ કંઠે નવકાર મંત્ર ભણ્યા અને પછી આરાધ્ય ને ભવોભવ તારક, મોક્ષ દાયક એવા શ્રી તીર્થંકર પ્રભુની સ્તુતિ કરી. મંગલાચરણ કરતાં સમયે સૌ સભાજનો ઊભા રહ્યાં. મંગલાચરણ પૂરું થતાં જ સભાજનો 'જી' કહીને વિનયથી શાંત ભાવે બેસી ગયાં.

આચાર્ય ભગવંતે તે પછી ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

'હે ભવ્યાત્માઓ ! આ જગતની અંદર ધર્મથી જ સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ધર્મ મંગલરૂપ વેલીઓ સીંચવામાં મેઘ સમાન છે. સર્વ મનોરથોને પૂરા કરવામાં કલ્પવૃક્ષ સમાન છે, પાપરૂપ વૃક્ષોને ભેદવામાં હસ્તી સમાન છે અને સુકૃતને વધારવામાં જો મુખ્ય કારણરૂપે કોઈ હોય તો એક ધર્મ જ છે.

ધર્મથી પોતાની અભિલાષાઓ સંતોષાય છે. મહાન અને અતિ દુઃખકર કષ્ટો શાંત થાય છે. તેનાથી દેવતાઓ પણ વશ થાય છે. તેમજ તેના આરાધનથી આત્માને લાગેલા અનેક કર્મો ક્રમશઃ ક્ષીણ થતા જાય છે.

અનેક પ્રકારના દાનોમાં જેમ અભયદાન શ્રેષ્ઠ છે, સર્વ ગુણોમાં જેમ ક્ષમાગુણ શ્રેષ્ઠ છે, સર્વ પૂજ્યોમાં જેમ ગુરૂ ભગવંત શ્રેષ્ઠ છે. તેમ સર્વ સાધ્યોમાં ધર્મ શ્રેષ્ઠ છે.

જેણે એકવાર ધર્મામૃતનું પાન કર્યું હોય તે ભવ્યાત્માના સર્વકાર્ય સિદ્ધ થયા એમ સમજવું. કારણ જેમને દૂધ મળ્યું હોય છે, તેમના માટે પછી દહીં, ઘી વગેરે પદાર્થો સુલભ હોય છે.

હે ભવ્યાત્માઓ! આ દુનિયામાં દુર્લભ એવો મનુષ્ય જન્મ પામીને જેઓ યથાશક્તિ ધર્મની આરાધના કરતા નથી તે મૂઢજનો, અત્યંત કષ્ટથી મેળવેલ ચિંતામણી રત્નને સમુદ્રમાં ફેંકી દે છે.

હે રાજન્! જેની અંદર મુખ્ય દયા હોય તેને જ ધર્મ કહ્યો છે. દયાને મૂકી જેઓ ધર્મ કરે છે, તેઓ વાસ્તવમાં ધર્મ કરતા નથી. કારણ શાસ્ત્રકારોએ દયાહીન ધર્મને નિષ્ફળ કહ્યો છે. જેમ નાયક વિનાનું સૈન્ય ગમે તેટલું મોટું હોય તો પણ તે નિષ્ફળ નીવડે છે, તેમ દયા વિનાનો ધર્મ પણ નિષ્ફળ નીવડે છે. માટે જ દયાને જ પ્રધાન ગણવામાં આવી છે.

વળી ગુણ વિના ગુરૂ અને ગુરુ વિના તત્ત્વજ્ઞાનનું યથાર્થ જ્ઞાન બુદ્ધિમાન પુરુષને પણ થઈ શકતું નથી. તથા

માણસનાં નેત્રો ગમે તેવાં વિશાળ અને તેજસ્વી હોય તો પણ ગાઢા અંધકારમાં તે દીપકની મદદ વિના બરાબર જોઈ શકતો નથી. આથી ભવિકજનોએ સન્માર્ગ બતાવવામાં દીપક સમાન, ભવસાગર પાર કરાવવામાં નૌકા સમાન અને મોક્ષાર્થી પુરુષોને હસ્તાવલંબન આપનાર ગુરુમાં શ્રદ્ધા રાખવી જોઈએ.

ગુરુ ભગવંતની આવી અસરકારક વાણી સાંભળી ગુણસેનના હૈયામાં ધર્મના ભાવો ઉભરાવા લાગ્યા. તે દિવસથી તે વધુ ધર્મપરાયણ બન્યો. ભીમસેન અને હરિષેણે ત્યાં ને ત્યાં જ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો. બીજા અન્યધર્મીઓએ ત્યાં જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

વ્યાખ્યાન ઊઠયા બાદ રાજા પરિવાર સાથે રાજમહેલમાં પાછો ફર્યો. એ પછીથી તેનું ચિત્ત સાંસારિક પ્રવૃત્તિમાંથી વિરક્તિ અનુભવવા લાગ્યું.

એક રાત્રિએ તે શાંત મને આત્મચિંતવન કરવા લાગ્યો:

અરેરે! મેં આજ સુધી મને મળેલો માનવ ભવ અર્થહીન પ્રવૃત્તિમાં વેડફી નાંખ્યો. ભૌતિક સુખો માટે જ મેં રાત દિવસ ધાંધલ ધમાલ કરી અને નિત્યસુખ આપનાર એવા સમ્યક્ત્વ વ્રતની મેં આરાધના કરી નહિ.

એ મહાત્માઓને ધન્ય છે કે જેઓએ આ સંસારનો ત્યાગ કર્યો છે. સંસારથી, સંસારની વાસનાઓથી વિરક્ત થઈ જેઓ માત્ર આત્મજ્ઞાન અને આત્મચિંતવનમાં જ રત રહે છે તેવા મુનિ ભગવંતોને હજાર હજાર ધન્યવાદ છે! તેવાઓનું જ જીવ્યું સાર્થક છે.

સાંજ અને સવાર, સુખ અને દુઃખ, આશા અને નિરાશા, જય અને પરાજય, અમીરાઈ અને ગરીબી એમ દ્રન્દ્વો જગતમાં ચાલ્યા જ કરે છે. કાળનું ચક્ર નિરંતર અવિરતપણે ઘૂમતું જ રહે છે. આયુષ્ય ક્ષણ ક્ષણ કરતું ધીરે ધીરે ને ધીમે ધીમે ક્ષીણ થતું જાય છે. અને અંતે આ જીવ કાળનો કોળિયો બની જાય છે.

ત્યારે માનવીના પરિવારમાંથી કોઈપણ તેની સાથે આવતું નથી. પુત્ર, પત્ની, માતા, પિતા, મિત્ર, સ્વજન એ સમયે કંઈ કામ લાગતા નથી. અને એ બધાંયને અહીં જ મૂકીને પરલોક ગમન કરવું પડે છે. તે સમયે તો આ ભવે જે કંઈ સુકૃત અને દુષ્કૃત કર્યા હોય તે જ સાથે આવે છે. બાકીનું તો બધું જ અહીંને અહીં જ છોડીને ચાલ્યા જવું પડે છે.

ગુરુ મહારાજ કહે છે તે સાવ સત્ય છે. સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલો ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવો જૈનધર્મ જ કલ્યાણકારી છે. અને તેમાંય નિવૃત્તિ માર્ગ તો અનંત કલ્યાણકારી છે. તેની આરાધનાથી આ સમસ્ત સંસારનો, આધિ, વ્યાધિ અને ઉપાધિનો; જન્મ, જરા અને મરણનો સર્વથી નાશ થાય છે.

મારે પણ હવે એ જ ધર્મનું આરાધન કરવું જોઈએ. અને કાળ મારો કોળિયો કરી જાય તે અગાઉ જ મારે હવે તેની સાધના કરી લેવી જોઈએ. નહિ તો આ આયુષ્યનો શો ભરોસો? આ રીતે ગુણસેને બાકીની આખી રાત આમ આત્મચિંતનમાં પસાર કરી.

બીજે દિવસે સવારના તેણે પોતાના મંત્રીઓને બોલાવ્યા

અને કહ્યું: 'મંત્રીઓ! ઘણા સમય સુધી મેં આ રાજકાજની પ્રવૃત્તિ કરી. તે માટે મેં ઘણાં બધાં પાપ બાંધ્યા. હવે મારી ઉંમર થઇ છે. ભીમસેન પણ ઉંમરલાયક થયો છે. મેં ઘણા વિચાર ને મનોમંથન બાદ નિર્ણય કર્યો છે કે, હું આ માનવભવ હારી જઉં તે કરતાં બાકીનું જે કંઇ આયુષ્ય મારી પાસે બચ્યું છે, તેનો અપ્રમાદપણે ઉપયોગ કરી લઉં. આ માટે મેં સંસાર છોડી દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય લીધો છે. જેથી મારા આ લોક ને પરલોક પણ સુધરી જાય...'

આ વિચાર સુમંત્ર મંત્રીને ન ગમ્યો. તેમાં તેને રાજાનું અજ્ઞાન દેખાયું. આથી તે પોતાનું જ્ઞાન બતાવતા બોલ્યો :

રાજશિરોમણી ? તમારા આ વિચારો મને આકાશ-કુસુમ જેવા લાગે છે. કારણ જ્યાં જગતમાં જીવ તત્ત્વ જેવું કંઈ છે જ નહિ, પછી પરલોકની તો વાત જ શેની કરવાની? જ્યાં મૂળ જ નથી, ત્યાં શાખા હોય જ શી રીતે ? જન્મ પહેલાં કે મરણ બાદ જીવનું સ્વરૂપ જોવામાં આવતું નથી. એ જીવ ક્યારે ને કેવી રીતે આ દેહમાં પ્રવેશ કરે છે તેમજ ક્યારે ને કેવી રીતે અને ક્યાં આ ખોળિયું છોડીને ચાલ્યો જાય છે, તે આજ સુધી કોઇએ પ્રત્યક્ષ જોયું નથી. આથી દેહથી અલગ એવો આત્મા છે જ નહિ. આત્મા તો પૃથ્વી, અગ્નિ, જલ અને વાયુના સંસર્ગથી પ્રગટ થાય છે.

માટે હે રાજન્! તમે દેખીતા સુખનો ત્યાગ કરીને ન દેખાતાં સુખ માટે વૃથા પ્રયત્ન ન કરો. બુદ્ધિમાન પુરૂષ

તો એવું નથી કરતો. કારણ ગાયના આંચળ ત્યજીને કયો ડાહ્યો શૃંગાગ્રથી દોહન કરે?....'

સુમંત્રને આમ અજ્ઞાનપણે જવાબ આપતો જોઇ ગુણ-સેન સ્વસ્થપણે બોલ્યો: 'સુમંત્ર! તારા આ વિચારોમાં તો મને તારા અજ્ઞાનની જ પ્રતીતિ થાય છે. આ લોક પહેલાં અને પરલોકમાં જીવ નથી હોતો એમ કહેવું તારું બરાબર નથી.

આ જીવ તો સ્વસંવેદ્ય છે. દરેક જીવ તેને પોત-પોતાની મેળે જ્ઞાન દ્વારા અનુભવે છે. તે જ પ્રમાણે એ બીજાના શરીરમાં રહેલા જીવને અનુમાનથી ઓળખી શકે છે.

જો જીવ આ જન્મ પહેલાં કયાંય નહોતો અને નવે-સરથી જ પ્રથમ વાર જ તે જન્મ પામતો હોય, તો બાળક જન્મ પામીને માતાનુ સ્તનપાન એ કોઇના શીખવ્યા વિના કેવી રીતે કરી શકે? એ તેમ કરી શકે છે. એ જ બતાવે છે કે, પૂર્વ ભવના સંસ્કાર તેને તેમ કરવા પ્રેરે છે.

અને જીવનું સ્વરૂપ તો અમૂર્ત અને અક્ષય છે. આ જગતમાં બાહ્ય દૃષ્ટિથી તેને ઓળખવા કોઈ સમર્થ થઈ શકે તેમ નથી. કોઈ સૈનિક ખડગ લઇને આકાશને ભેદવા પ્રયત્ન કરે તો એ આકાશને ભેદી શકે ખરો? ન જ ભેદી શકે એવું જ જીવનું છે.

વળી તેં જે અગાઉ કીધું કે, જીવનું પ્રાગટય પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુના સંસર્ગથી થાય છે, તે કહેવું પણ યુક્તિ પુરઃસર નથી. કારણ પવનથી પ્રદીપ્ત થયેલા અગ્નિથી

તપી ગયેલા પાત્રમાં જળ ભરીને તેને વધુ ઉકાળવામાં આવે તો પણ એ જળમાં ચૈતન્ય શક્તિ પ્રગટ થતી નથી જ.

સુમંત્ર ! તને જડ અને ચૈતન્યનું બરાબર જ્ઞાન નથી. જગતની અંદર ચેતન–જીવ સ્પષ્ટ દેખાય છે. દેહથી તે સાવ ભિન્ન છે. સ્વભાવે તે ત્રિકાલ સ્થાયી અને નિરાબાધ તેમજ અમૂર્ત છે. કર્મનો કર્તા અને ભોક્તા પણ તે જ છે.

જીવનો સ્વભાવ ઉર્ધ્વગતિવાળો જ છે. પરંતુ પૂર્વ ભવોમાં કરેલા કર્મોને લીધે તે ચિત્રવિચિત્ર રીતે આ જગતમાં પરિભ્રમણ કરે છે, પવનના ઝપાટાથી જેમ દીવાની જ્યોત આમથી તેમ ધ્રૂજી ઊઠે, તેમ આ જીવ અનેક પ્રકારની જીવાયોનિમાં ભટકતો ને કૂટાતો સુખ દુઃખનો અનુભવ કરે છે.

આથી જ મેં નિર્ણય કર્યો છે કે મારા આત્માને જે કર્મરૂપ કાદવ લાગ્યો છે, તેને હું તપરૂપી જળ વડે સાફ કરીશ....' ગુણસેન લંબાણપૂર્વક જીવનું સ્વરૂપ સમજાવીને મૌન બન્યો.

સુમંત્ર આ અંગે હવે શું દલીલ કરે ? તેણે પોતાનું અજ્ઞાન કબૂલ કર્યું અને રાજાના નિર્ણયને સહર્ષ વધાવી લીધો.

ત્યારબાદ તરત જ ભીમસેનને બોલાવ્યો. પિતાની આજ્ઞા થતાં જ ભીમસેન તરત જ રાજસભામાં આવી પહોંચ્યો આવીને સૌ પ્રથમ તેણે પિતાને વિનયથી પ્રણામ કર્યા અને બોલ્યો.

'પિતાજી ! આપે મને યાદ કર્યો ?'

'હા, બેટા ! મારે તારું એક મહત્ત્વનું કામ પડયું

છે અને મને વિશ્વાસ છે, તું એ જરૂરથી કરીશ.' ભીમસેનને પોતાની સાથેના સિંહાસન ઉપર બેસાડતાં ગુણસેન બોલ્યો.

'આપની આજ્ઞા મારે શિરોમાન્ય છે, પિતાજી!' ભીમસેને વિનયથી કીધું.

'બેટા ભીમસેન! તું તો જાણે છે હવે મારી ઉંમર થઈ છે. મારા અંગો હવે શિથિલ બનતાં જાય છે. કોને ખબર આ આયુષ્ય ક્યારે પણ પૂરું થઈ જાય?'

'પિતાજી! એવું અમંગલ ન બોલો, આપ તો ઘણું જીવવાના છો!' ભીમસેન વચમાં જ લાગણી ને ભક્તિભર્યા હૈયે બોલી ઊઠયો.

'બેટા! એ કંઈ આપણા હાથની થોડી વાત છે? જેટલું જીવાય તેટલું ખરું, હવે તો હું પાકયું પાન કહેવાઉં, ક્યારે પણ ખરી પડું. આથી મેં હવે નિર્ણય કર્યો છે કે મારું બાકીનું આયુષ્ય હું દીક્ષાવસ્થામાં પૂર્ણ કરું. આ માનવભવ હું હારી જાઉં તે પહેલાં હું તેને બને તેટલો સાર્થક કરી લેવા માંગુ છું.'

'પિતાજી! આપનો નિર્ણય ખરેખર ઉમદા છે. હવે મને ફરમાવો કે તેમાં હું આપની શી સેવા કરી શકું તેમ છું?'

'બેટા! તું એક નરેશનું સંતાન છો. હું દીક્ષા લઈ રાજપાટ છોડી દઉં, તો પછી આ રાજ્યનું પાલન કોણ કરે? તું મારો મોટો પુત્ર છે. મારા પછી તારે જ આ રાજગાદી

સંભાળવાની છે. હું હવે ધર્મધુરંધર થાઉં અને તું હવે રાજધુરંધર થા...'

'પિતાજી! હું આ રાજગાદી કેવી રીતે સંભાળી શકીશ? હજુ તો મારી એ માટે ઉંમર પણ યોગ્ય નથી થઈ. આ સિવાય બીજી કોઈ પણ આજ્ઞા મને ફરમાવો.' ભીમસેને કીધું. ને તે પછી તેણે ઘણો આગ્રહ કર્યો કે પાપકારી એવી આ રાજગાદી પોતાને ન સોંપે.

ગુણસેને અને મંત્રીઓએ ત્યારબાદ તેને ઘણું સમજાવ્યો અને રાજગાદીનો સ્વીકાર કરવા માટે મનાવ્યો. પિતા અને મંત્રીઓ બધાનો આગ્રહ જોઇ ભીમસેને પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

અને એક સારા દિવસે ને શુભ ચોઘડિયે ગુણસેને ભીમસેનનો ભારે દબદબાપૂર્વક રાજ્યાભિષેક કર્યો. રાજમુકુટ અને રાજમુદ્રા આપતી વેળાએ ગુણસેને કીધું.

'બેટા! આ રાજમુકુટ ને રાજમુદ્રાનું ગૌરવ બરાબર જાળવજે. આપણી પ્રજાને તારા પોતાના સંતાન સમી ગણીને તેઓનું જતન કરજે અને ન્યાય તેમજ નીતિપરાયણ બની રહેજે. પ્રજાના સુખ દુઃખમાં ભાગીદાર બનજે. અને રાજ્યની આબાદી તેમજ જાહોજહાલી વધુ ને વધુ વધે તેવો રાજવહીવટ કરજે. રાજના બધા જ ધર્મોને સરખું માન આપજે. અને સાધુ–સંતો તેમજ વિદ્વાનોનું સન્માન કરજે. પ્રમાદનો ત્યાગ કરીને રાજકાજ કરજે.

ભીમસેને વિધિપૂર્વક પિતાની આજ્ઞા માથે ચડાવી.

નગરજનોએ તે પછી 'રાજા ભીમસેનનો જય હો' એવા નાદથી રાજસભાને ભરી દીધી.

એ પછી ગુણસેને પોતાની દીક્ષાની તૈયારી કરી. નગર આખામાં સાંવત્સરિક દાન કર્યું. અને પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમાન ચંદ્રપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે આવીને વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી. પ્રિયદર્શનાએ પણ પતિના પગલે ચારિત્ર્ય ધર્મનો સ્વીકાર કર્યો. આ ઉપરાંત બીજા કેટલાક ભવિ જીવોએ પણ દીક્ષા લીધી. બીજાઓએ સમ્યક્ત્વ ધર્મનો સ્વીકાર કર્યો. કેટલાકે ચતુર્થવ્રતના પચ્ચક્ખાણ લીધાં.

ત્યારબાદ વરસો સુધી દયાના એક પાત્રભૂત ચારિત્ર રત્નનું નિરતિચાર સમ્યગ્ પાલન કરીને દિવ્ય કાંતિવાળા તેઓ બંને આયુષ્ય પૂર્ણ કરીને અનુત્તર દેવલોકમાં ગયાં.

□

૭

# ભીમસેનનો સંસાર

રાજગૃહી ઉપર હવે ભીમસેન રાજ કરતો હતો. સ્વભાવે તે ઘણો જ ધર્મપરાયણ અને પાપભીરૂ હતો. રાજકાજમાં તેને બહુ ઓછો રસ હતો. છતાં પણ તે બધાંજ કામકાજ કરતો હતો. પરંતુ તેને લાગ્યું કે હરિષેણને પણ જો રાજની થોડી જવાબદારી આપવામાં આવે તો પોતાનો ઘણો ભાર હળવો થઈ જાય. આ વિચાર તેણે મંત્રીઓને જણાવ્યો. મંત્રીઓએ તે વિચારને વધાવી લીધો. અને એક શુભ દિવસે હરિષેણને વિધિપૂર્વક યુવરાજ પદે સ્થાપન કર્યો.

ભીમસેનની તેથી અર્ધી ઉપાધિ ઓછી થઈ ગઈ. તે હવે વધુને વધુ ગૃહસ્થ ધર્મનું વિશુદ્ધપણે પાલન કરવા લાગ્યો.

એક વખતની વાત છે. ભીમસેનની પત્ની સુશીલા સુખરૂપે શાંત રાત્રીએ દિવ્ય શય્યામાં સૂતી હતી. એ રાતે તેણે એક સ્વપ્ન જોયું. સ્વપ્ન શુભ અને મંગલ હતું.

સ્વપ્નમાં તેણે ઉત્તમ પ્રકારનું વિમાન જોયું. તે વિમાન અનેક પ્રકારના ઉચ્ચ કોટિના વિવિધ રત્નોની કાન્તિ વડે સૂર્ય

પ્રભાને તેજ હીન કરતું અને ઘુઘરીઓના મનોહર નાદ વડે ચારે તરફથી દિગ્મંડળને વ્યાકુળ કરતું ઘૂમી રહ્યું હતું.

આવા દિવ્ય વિમાનને જોઈ સુશીલા આશ્ચર્યથી જાગી ગઇ અને ચારે તરફ જોવા લ.ગી પણ. તેને કોઈ એવું વિમાન બહાર દેખાયું નહિ, તે વિચારવા લાગી :

'શું આ ઈન્દ્રજાળ હશે? કૌતુક કરનારી કોઈ દેવમાયા હશે? કે પછી મારા ઇષ્ટ મનોરથોને સૂચવતું કોઇ ઇંગિત હશે?...' આમ વિચાર કરતી તે શય્યા ત્યજીને બેઠી થઈ ગઈ અને નવકારમંત્રનું સ્મરણ કરતી ભીમસેનના શયન ગૃહમાં ગઈ.

ભીમસેન ત્યારે સૂતો હતો. સુશીલાએ જઈને તેને હળવેથી જાગૃત કર્યો. ભીમસેનને જાગેલો જોઈ તે મંજુલ સ્વરે બોલી :

'વસુધાધિપ ! શાંત અને તેજસ્વી મૂર્તિ વડે આપ સર્વ જનોના દુઃખને હમેશાં દૂર કરો છો. આપ તો કર્મ અને ધર્મ બન્નેના ઉત્કૃષ્ટ સાધક છો.

પ્રજાપતે ! આ લોકમાં સર્વ પ્રજાનું પાલન કરવાથી આપ ખરેખર પિતા છો. હે નૃપ ! તેઓનાં માતાપિતા તો માત્ર જન્મદાયક જ છે.

હે ઈશ ! હું આપની ચરણ છાયામાં આવી છું. આ છાયા મને સર્વ સુખ આપનારી છે.

હે નરનાથ ! આપ પ્રેમલ દષ્ટિ વડે મને આનંદિત

કરો. હે જનાધિપ! આપની કૃપાદૃષ્ટિ વડે સર્વજનો સંપૂર્ણ સુખને ભોગવે છે. હે દુર્ભિક્ષનાશક ! આપ કટાક્ષ લેશથી મને શિઘ્ર કૃતાર્થ કરો.'

સુશીલાની આ મંજુલ વાણી સાંભળી ગુણસેન બરાબર જાગ્રત થઈ ગયો. તેણે રાણીને બેસવા માટે કહ્યું ને પૂછ્યું :

'અરે ! કમલાક્ષિ ! આપ અત્યારના સમયે? રાત્રિ તો હજી ઘણી બાકી છે. આમ, એકાએક આપનું આગમન કેમ થયું ? એ મને જણાવો....'

સુશીલાએ તરત જ હળવા સાદે પોતાના સ્વપ્નની બધી વાત જણાવી. એ જાણી ભીમસેને સ્વપ્નનું ફળ કહ્યું :

'પ્રિયે ! તને આવેલું આ સ્વપ્ન ઘણું જ શુભ અને મંગળ છે. આ સ્વપ્ન બતાવે છે કે તને તેથી પુત્ર થશે. એ પુત્ર આપણા કુળને દીપાવશે અને જગતમાં મહાયશને પ્રાપ્ત કરશે. પ્રભાવશાળી પણ એવો જ થશે.'

આ સાંભળી સુશીલા આનંદમાં આવી ગઈ અને તે દિવસથી તે પ્રસુતિના સમયની રાહ જોવા લાગી.

ગર્ભના ત્રીજા માસે તેને દોહલો થયો. તેણે ભીમસેનને જણાવ્યું કે પોતે હાથી પર બેસીને બળવાન સૈનિકો સાથે લઈ, મોટા આડંબર સહિત દેવાધિદેવ શ્રી વીતરાગ પ્રભુની પૂજા કરવા માંગે છે.

ભીમસેન તો રાણીની આ અભિલાષા જાણીને ખુશ થઈ ગયો. એક તો તે જિનેન્દ્ર ભગવાનનો પરમ ભક્ત હતો.

તેમાં આ રીતે ભવ્ય પૂજા કરવાનું નિમિત્ત મળ્યું. તેણે તરત જ આ માટે બધી વ્યવસ્થા કરાવી અને વાજતે ગાજતે સુશીલાનો દોહલો પૂર્ણ કર્યો.

ત્યારબાદ પૂરા માસે સુશીલાએ પુત્ર જન્મ આપ્યો. કહેવત છે. પુત્રનાં લક્ષણ પારણામાંથી. આ પુત્રનાં લક્ષણ જન્મથી જ ઉચ્ચ હતાં. તે સમયના બધા ગ્રહો પણ સૌમ્ય અને ઊંચા સ્થાને હતા. ટૂંકમાં પુત્ર ઉત્તમ લક્ષણવંતો હતો.

પુત્રજન્મ થતાં જ પરિચારિકાએ જઈને ભીમસેનને વધાઈ આપી. રાજાનું હૈયું આ ખુશખબરથી નાચી ઊઠ્યું. તેણે તરત જ વધાઈ આપનાર પરિચારિકાને હીરાજડિત વીંટી ભેટ આપી દીધી. અન્ય યાચકવર્ગને પણ યોગ્ય દાન કર્યું. તે દિવસે સાધુ–સંતોની ભક્તિ કરી. જિનાલયોમાં પૂજા ભણાવી અને બહુમૂલ્ય પ્રભાવના કરી.

રાજગોરને બોલાવી પુત્રજન્મ સંસ્કાર કર્યો. છઠ્ઠીનું જાગરણ કર્યું અને બારમા દિવસે, સ્નેહી–સ્વજનોને બોલાવી તેઓની હાજરીમાં પુત્રનું નામ દેવસેન જાહેર કર્યું.

આ દેવસેન સ્વભાવે શાંત અને સહિષ્ણુ પ્રકૃતિનો હતો. તેનું અંગે અંગ સૌમ્ય અને રૂપાળું હતું. પાંચ ધાવમાતાઓ તેનું નિરંતર સંવર્ધન કરતી હતી. ભીમસેન અને સુશીલા પણ તેને વારંવાર રમાડતાં હતાં. આમ અનેકના હાથમાં રમતો કૂદતો દેવસેન મોટો થવા લાગ્યો.

ત્યારબાદ કેટલાક સમયે સુશીલાએ ફરી એકવાર શુભ

સ્વપ્ન જોયું. આ વખતે સ્વપ્નમાં તેણે સુંદર વિમાન પર રહેલો ઘણો ઊંચો ઇન્દ્રધ્વજ જોયો.

સ્વપ્નથી જાગ્રત થતાં જ તે સ્વામીના શયન ગૃહમાં ગઈ. અને ભીમસેનને જગાડી સ્વપ્નની હકીકત જણાવી. અને પૂછ્યું : 'સ્વામિનાથ! આ સ્વપ્નનું મને શું ફળ મળશે ?'

ભીમસેને તરત જ કીધું : 'પ્રિયે! આ સ્વપ્નના પ્રભાવથી કુળમાં દીપક સમાન એવો તને પુત્ર થશે.'

આવા શુભ સમાચારથી કઈ સ્ત્રીને આનંદ ન થાય? સુશીલા પણ તે જાણી આનંદ વિભોર બની ગઈ.

યોગ્ય સમયે તેણે સુંદર લક્ષણોથી શોભતા એવા પુત્રને જન્મ આપ્યો.

રાજમહેલમાં તો આ શુભ સમાચારથી દોડાદોડ મચી ગઈ. ભીમસેને આ સમાચાર આપનારને રત્નહાર ભેટ આપી દીધો. અને રાજમહેલના તમામ અનુચર અને કર્મચારીઓને યોગ્ય પારિતોષક વહેચ્યાં.

બારમા દિવસે ઘણી જ ધામધુમથી આ બીજા પુત્રનો નામાભિધાન મહોત્સવ ઉજવ્યો. આ પ્રસંગે અનેક સ્નેહી–સ્વજનો અને નગરના પ્રતિષ્ઠિત આગેવાનો અને વિદ્વાનોને ભોજન માટે નિમંત્રણ આપ્યું. એ સૌની હાજરીમાં બાળકનું નામ કેતુસેન પાડયું.

હવે તો રાજમહેલમાં એકના બદલે બે બાળકોના નિર્દોષ અવાજો સંભળાવા લાગ્યા. બંને બાળકો પણ પ્રેમથી એકમેકની સાથે રમતા હતા. મોટો દેવસેન નાના કેતુસેનને

ક્યારેક તેડીને ફરતો હતો. ક્યારેક તે તેને હસાવતો હતો તો ક્યારેક તે તેનું પારણું પણ ઝુલાવતો હતો.

નાના બાળકોની એ બધી નિર્દોષ રમતો ને ક્રીડા જોઈ સૌ આનંદ પામતા હતા. સુશીલા અને ભીમસેન તો તેમને જોતા પણ ધરાતાં ન હતાં.

એ બંને તેમને ક્યારેક ક્યારેક બહાર ઉદ્યાનમાં, ઉપાશ્રયે કે જિનાલયે પણ લઈ જતાં હતાં.

આમ ભીમસેનનો સંસાર સુખે વહ્યો જતો હતો.

□

૮

# આંબાની આગ

ભીમસેનના રાજમહેલથી થોડે દૂર એક ઉદ્યાન હતું. આ ઉદ્યાનમાં અનેક પ્રકારનાં વૃક્ષો હતાં. આસોપાલવ, રાતરાણી, ગુલમહોર, આમ્ર વૃક્ષ વગેરેથી ઉદ્યાન ભર્યો ભર્યો હતો. વિવિધ ફૂલોના પણ અનેક રોપાઓ હતા. મેંદીની ચારે બાજુ વાડો હતી.

તેમાં એક દિવ્ય એવો આંબો હતો. આ વૃક્ષનો એવો પ્રભાવ હતો કે નિરંતર આમ્રફળ આપતો હતો.

એક દિવસ ભીમસેનની દાસી સુનંદા અને હરિષેણની દાસી વિમલા આ ઉદ્યાનમાં આવી. બંને દાસીઓ આમ્રફળ લેવા માટે આવી હતી.

દૈવયોગે તે દિવસે આમ્રવૃક્ષ ઉપર માત્ર પાંચ જ આમ્રફળ ઊતર્યાં હતાં. આમ તો રોજ છ ફળ ઉતરતાં હતાં. પરંતુ કોઈ અગમ્ય કારણસર તે દિવસે તેના ઉપરથી એક ફળ ઓછું ઊતર્યું.

બાગના માળીએ તો પાંચ ફળ ઉતારી આપ્યાં. પરંતુ

તેને વ્હેંચવાં કેવી રીતે? સરખે સરખા તો ભાગ પડી શકે નહિ. પણ માળી તેની ભાંજગડમાં પડ્યો નહિ. તેણે પાંચે પાંચ ફળ સુનંદાને આપ્યા. કારણ સુનંદા રાજાની દાસી હતી, જ્યારે વિમલા યુવરાજની દાસી હતી.

સુનંદાએ ત્રણ ફળ પોતાની પાસે રાખ્યાં અને બે ફળ વિમલાને આપતા બોલી: 'બે ફળ તું લઈ જા. કારણ તું યુવરાજની દાસી છે. મોટાનો ભાગ વધુ હોય અને નાનાનો ભાગ ઓછો.'

પણ વિમલા બે ફળ લેવા તૈયાર ન હતી. તેને તો ત્રણ ફળ લેવાં હતાં. તેણે ત્રણ ફળ લેવા માટે જીદ કરી. અને ઊંચા અવાજે બોલી ઝઘડો કરવા લાગી.

તો સુનંદા ય ક્યાં ગાંજી જાય તેમ હતી? તેણે પણ એટલા જ ઊંચા અવાજે પોતાની વાત પકડી રાખી. આમ આ બે દાસીઓ ગમે તેમ એકબીજાને બોલવા લાગી. બોલતી વેળાએ કોઈએ વિવેકભાન પણ ન રાખ્યું.

છેવટે સુનંદાએ કીધું: 'લેવાં હોય તો લઈ લે આ બે ફળ અને રસ્તે પડ. હું તને ત્રણ ફળ કદી નથી આપવાની, જા તારાથી થાય તે કરી લે.' એમ ધુત્કારીને, બે ફળ ફેંકીને સુનંદા ચાલી આવી.

વિમલાને આથી ખૂબ જ દુઃખ થયું. તેમાં તેને પોતાનું અને પોતાની રાણીમાનું અપમાન લાગ્યું. આ સાંભળીને તે ચીડાઈ ગઈ. તેણે ફળને ત્યાં ને ત્યાં જ ફેંકી દીધાં. અને ઉદાસ વદને તે સુરસુંદરીના મહેલમાં ગઈ.

વિમલાને આવેલી જોઇ સુરસુંદરી બોલી ઊઠી : 'અરે! તું આવી ગઈ? આમ્રફળ ક્યાં છે ?'

પણ વિમલાએ કંઈ જવાબ ન આપ્યો. ને મોં ચડાવીને ઊભી રહી. આથી રાણીએ ફરી પૂછયું.

'પણ તું આમ ઉદાસ કેમ છે ? તારી આંખોમાં આંસુ કેમ છે ? શું બાગમાં કંઈ અઘટિત બન્યું છે ?'

વિમલા આ સાંભળીને ગુસ્સામાં બોલી ઊઠી.

'ઉદાસ ન રહું તો શું હું નાચી ઊઠું ? આજ તો મારું એવું અપમાન થયું છે કે હું તે જિંદગીમાં કદી નહિ ભૂલું. અને હું તેનો હવે પૂરેપૂરો બદલો લઈશ. એ સુનંદડી તેના મનમાં સમજે છે શું ? ....'

'શું કર્યું સુનંદાએ ? કંઈ માંડીને શાંતિથી વાત તો કર, જેથી સમજ પડે.' રાણીને કંઈ આ વાતમાં સમજણ ન પડી તેથી તે બોલી :

'શું માંડીને બધી વાત કરું ? મારું અપમાન કર્યું હોત તો ઠીક, આ તો ભેગું તમારુંય અપમાન તેણે કર્યું છે. કયા શબ્દોમાં હું એ બધી વાત તમને સમજાવું ?' વિમલાએ જુઠું બોલી પોતાની વાત સાચી કરાવવાનો પ્રયત્ન કર્યો.

'તો શું સુનંદાએ મારું પણ અપમાન કર્યું ? એની આવી હિંમત ? હું પણ તેને બતાવી આપીશ કે સુરસુંદરીને છેડવી કેટલી ખરાબ છે ! પણ તું મને કહે તો ખરી કે તેણે તને કહ્યું શું ?'

વિમલાએ જોયું કે તીર બરાબર નિશાન ઉપર લાગ્યું છે. આથી તરત જ તે મીઠું મરચું ભભરાવીને બોલી :

'એ સુનંદાએ મને રૂવાબથી કીધું, તને શું અધિકાર છે આ આમ્રફળ લેવાનો ? તું તો નોકરની પણ નોકર છે' જ્યારે હું તો રાજાની રાણીની દાસી છું. આ આમ્રફળ ઉપર તો અમારો જ હક્ક છે. તારે જોઈતાં હોય તો આ બે ફળ લઈ જા. પણ તને હું ત્રણ ફળ તો નહિજ આપું. એમ કહી એ બે ફળનો મારા પર છૂટો ઘા કરીને ચાલી ગઈ.

રાણીમા ! હવે તો તમે મને ઝેર જ પાઈ દો. આવા અપમાન સહન કરવાં તેના કરતાં તો મૃત્યુને વરવું સારું !' આમ કહી વિમલાએ પોતાનું ગળું જોરથી દબાવ્યું ને મરવાનો ઢોંગ કર્યો.

સુરસુંદરીએ તરત જ વિમલાને તેમ કરતાં રોકી અને તેને શાંત પાડતાં કહ્યું : 'વિમલા, તું શાંત બન. હું જ આ અપમાનનો પૂરેપૂરો બદલો લઈશ. એ સુનંદા ને સુશીલા તેમના મનમાં સમજે શું ? રાજનો બધો કારભાર તો મારા સ્વામી જ કરે છે. સાચા રાજા તો તે જ છે અને બધો અધિકાર આપણો છે. તું ચિંતા ન કર. હું જ મારા સ્વામીને કહીને તેઓને નગર બહાર હાંકી [illegible]....'

ત્યારબાદ સુરસુંદરી પોતાના આવા[illegible] [illegible]યાં જઈ તેણે સ્ત્રી ચરિત્રની શરૂઆત કરી દીધી. માથાના [illegible] વીંખી નાખ્યા. આંખોને હાથથી ચોળીને લાલઘૂમ કરી નાંખી. કપડાં પણ મેલાં ને જાડાં પહેરી લીધાં. અને મોં ચડાવીને એક

ખૂણામાં જઇને સૂઈ ગઈ. ત્યાં તે હરિષેણના આવવાની પ્રતીક્ષા કરવા લાગી.

થોડી જ વારમાં હરિષેણ આવ્યો. રાણીને ત્યાં ન જોઇ એટલે તેણે ત્યાં ઊભેલી વિમલાને પૂછ્યું : 'રાણી ક્યાં છે ?'

વિમલાએ ગુસ્સાથી જવાબ આપ્યો : 'હશે ક્યાંક, પડી હશે કોક ખૂણામાં, જાવ ને તપાસ કરો'

હરિષેણ તો આ જવાબ સાંભળીને સડક થઈ ગયો. તે વિચારવા લાગ્યો. જરૂર કાંઇક અશુભ બન્યું હોવું જોઇએ. એમ વિચાર કરતાં તે મહેલમાં સુરસુંદરીની તપાસ કરવા લાગ્યો. તપાસ કરતાં જોયું, તો એક અંધારા ખૂણામાં રાણી શોકમગ્ન બનીને સૂતી હતી. તેને જોતાં જ હરિષેણ બોલી ઊઠ્યો :

'અરે ! દેવી ! આ શું ? આપના મોં ઉપર આ ઉદાસી શાની ? આવા દિદાર કેમ બનાવી દીધા છે ? મારી હયાતિ હોવા છતાં આપને ચિંતાનું શું કારણ છે ? એવું તે શું બન્યું છે કે આપે રડી રડીને આ આંખો લાલ કરી નાંખી છે ?'

સુરસુંદુરી હરિષેણને જોઇને વધુ ગુસ્સામાં આવી ગઈ. સ્ત્રી ચારિત્ર્ય. તેણે તે સમયે સુંદર ભાવ ભજવ્યો. તે ક્રોધથી બોલી ઊઠી :

'તમને શું કહું ? તમારો અધિકાર કેટલો ! તમે તો ભીમસેનના નોકર છો. નોકરથી શું થઈ શકે ? આથી તમને કંઈપણ કહેવું એ વૃથા છે ?'

'સુરસુંદરી! તમે શું બોલો છો? જરા, વિવેક રાખો. શાંત બનીને જે વાત બની હોય તે મને જણાવો. પણ આમ મારું લોહી ઉકળે તેવું વચન ન બોલો.' હરિષેણ બોલી ઊઠયો.

સુરસુંદરીએ તે પછી બનેલી બધી બીના કહી અને છેલ્લે ઉમેર્યું : પ્રિયે! થોડા વરસો અગાઉ મેં કુળદેવીની આરાધના કરી હતી. મેં માંગણી કરી હતી કે મારા પતિને બારમે વરસે રાજ્ય મળવું જોઇએ. નહિ તો પછી પતિ ને મારું મરણ થવું જોઇએ. દેવીએ મારી સાધનાથી પ્રસન્ન થઈ વરદાન આપ્યું હતું, કે તારે મરવાની કોઇ જરૂર નથી. બારમા વરસે તારા પતિને રાજ્ય મળશે. એવું મારું વચન છે.

સ્વામિનાથ! એ દિવસો હવે પાકી ગયા છે. અને તમે તો જાણો છો દેવતાઓનું વચન કદી વૃથા નથી જતું. વળી તમે હવે રાજકારભારમાં હોંશીયાર બની ગયા છો. બધો જ વહીવટ તમે સંભાળો છો. છતાં પણ દાસી જેવી એક મામુલી સ્ત્રી તમને દાસ ને નોકર ગણે, એ મારાથી કેમ સહન થાય?

હવે તો મારાથી આ ગુલામી નથી સહન થતી. આવાં અપમાન સહન કરવા અને દાસમાં ગણાવું, તેના કરતાં તો બહેતર છે હું ગળે ફાંસો ખાઇને મરી જઉં. કારણ મારે હવે આ કૂતરાના જેવું જીવન નથી જીવવું....'

હરિષેણે દેખીતા શાંત ભાવે રાણીની બધી વાત સાંભળી. પરંતુ તેનું રોમેરોમ રાણીના વચનથી સળગી ઊઠતું હતું.

અપમાનની દાહક જ્વાલા તેના અંગેઅંગને દઝાડતી હતી. છતાં પણ તે શાંતિથી બોલ્યો :

'પ્રિયે! તું શાંત થા. હું છું પછી તારે, ચિંતા કરવાનું કોઈ જ કારણ નથી. આ રાજનો કર્તાહર્તા હું જ છું. નગરજનો મારી જ આજ્ઞાનું પાલન કરે છે. ભીમસેનને તો આ રાજમાં કોઈ ઓળખતું પણ નથી. બધે મારો જ પ્રતાપ ને સત્તા છે. ભીમસેન તો માત્ર નામનો જ રાજા છે. તે આ રાજ્યમાં કંઈપણ કરવા સમર્થ નથી. કારણ મારી આજ્ઞા વિના આ નગરમાં પાંદડું પણ હાલતું નથી.

પ્રિય ! હવે તું વધુ શોક ન કર. તું તો મારું જીવન છે. મારો આનંદ છે. તારું હું આ દુઃખ જોઈ શકતો નથી. તું સ્વસ્થ બન. ચિંતાઓને ફગાવી દે. હું તારાં બધાં જ મનોરથો પૂર્ણ કરીશ. તું શ્રદ્ધા રાખ કે આ રાજમાં મારી જ આણ વર્તે છે ને હું ધારું તે કરી શકું તેમ છું. માટે હવે તું ખેદ કરીશ નહિ...'

'સ્વામિન્ ! તમારી બધી વાત બરાબર છે. પરંતુ રાજગાદીએ જે બેઠો હોય તે જ રાજા ગણાય. નોકરની માફક રાજકારભાર ચલાવે તેથી કંઇ તે રાજા ન બની જાય. લોકો પણ તેને રાજા સમજીને તો માન આપે જ નહિ.

ભીમસેન નરેશ કંઇપણ કરતા નથી. આખો દિવસ સ્વર્ગના સુખમાં મ્હાલે છે અને તમે આખો દિવસ ગદ્ધા વૈતરું કરો છો. તેથી તમને ચિંતા અને દુઃખ સિવાય બીજું શું મળે છે?

ભીમસેન જ જો રાજા છે તો પછી તમે આવું નકામું વૈતરું શા માટે કરો છો ? એથી તમને કોઇ લાભ થવાનો નથી.

અને હું તો મારો જન્મ સફળ થયો ત્યારે જ માનીશ કે જ્યારે તમે ભીમસેનને રાજભ્રષ્ટ કરીને રાજ્યપદ ધારણ કરશો...'

સુરસુંદરીનાં આ વચનો હરિષેણના કાળજા સોંસરાં નીકળી ગયાં. તેણે તરત જ કીધું :

'પ્રિયે ! હવે એમ જ થશે. હું જ હવે રાજગાદી પર બેસીશ. ને સારા ય નગરમાં મારી જ આજ્ઞા ફેલાવીશ. કાલે સવારે જ ભીમસેનને રાજભ્રષ્ટ કરીશ ને રાજની સમગ્ર સત્તા મારા હાથમાં લઇ લઇશ. દૈવયોગે કદાચ તેમ નહિ બને તો હું જાનથી ભીમસેનને તેના સ્ત્રી પુત્ર સાથે મારી નાંખીશ.'

પ્રિયે ! આ ભૂમંડળમાં હજી એવો કોઇ માયનો પૂત જન્મ્યો નથી કે જે બળમાં મારી બરોબરી કરી શકે. હું મારા બળ અને પરાક્રમથી કાલે સવારમાં જ રાજસત્તાને હાથમાં લઈશ.

તો હે પ્રિયે ! હવે તું નચિંત બની જા. અને સુખેથી રહે. કોઇપણ વાતે ફિકર ન કરીશ. તારાં એ બધાં જ મનોરથો હવે હું પૂર્ણ કરીશ....'

સુરસુંદરી એ જ ઇચ્છતી હતી. તેની એક જ ભાવના હતી, કે ગમે તેમ કરીને પણ પોતે મહારાણી બને અને પોતાનો સ્વામી રાજા બને. મહારાણી બની ઘૂમવાની અને

લોકો પર રૂવાબ છાંટવાની તેની તીવ્ર અભિલાષા હતી. આ રીતે એ ઇચ્છા બર આવતી હતી, તે જાણીને તે આનંદમાં આવી ગઈ. અને ઘડી પહેલાં તે જે ઉદાસ મુખ કરીને બેઠી હતી, તે બદલીને એ હસતી હસતી ચાલી ગઈ.

હરિષેણ પણ તે પછી ચાલ્યો ગયો અને બીજે દિવસે ભીમસેનને કેવી રીતે પદભ્રષ્ટ કરવો, તેની કાર્યવાહીમાં લાગી ગયો.

□

# ૯ ભીમસેનની નાશભાગ

કહે છે દીવાલને પણ કાન હોય છે. આથી જ સુજ્ઞજનો જ્યારે એવી કોઈ ખાનગી મંત્રણા કરે છે, ત્યારે ખૂબ જ ધીમા અવાજે વાત કરે છે. અને બે કાનથી ત્રીજા કાને વાત ન જાય તેની પૂરી તકેદારી રાખે છે.

પણ હરિષેણે એવી કોઈ જ સાવધાની ન રાખી અને મોટા અવાજે તે બધી વાત કરવા લાગ્યો. એ સમયે સુનંદા ત્યાં છાનીમાની ઊભી બધું સાંભળતી હતી.

ભીમસેનને પદભ્રષ્ટ કરવાની અને તેમ ન બની શકે તો રાણી અને કુંવરો સાથે તેમને મારી નાંખવાની વાત સાંભળી તે નખશીખ ધ્રુજી ઊઠી. અને તરત જ કોઇને પણ જાણ ન થાય તે રીતે ગુપચુપ ત્યાંથી દોડી ગઇ, અને સીધી જ હાંફતા શ્વાસે એ ભીમસેનના મહેલે પહોંચી ગઈ.

ભીમસેન તે વખતે આરામ કરતો હતો. તેણે તરત જ તેમને જગાડવા કહ્યું. ભીમસેન પણ તરત જ જાગી ગયો. સુનંદાને આમ ગભરાયેલી અને ડર પામેલી જોઈ તે બોલ્યો.

'સુનંદા ! આમ ગભરાયેલી કેમ છે? શું બન્યું છે? રાણી અને કુંવરો તો બધા ક્ષેમકુશળ છે ને ?'

સુનંદાએ તરત જ કોઇ સાંભળી ન જાય તે રીતે સાવધાની રાખીને ધીરા અવાજે બધી વાત કરી.

ભીમસેન એ બીના જાણીને ઊંડા વિચારમાં પડી ગયો. તે વિચારવા લાગ્યો : 'અહાહા ! શી કર્મની ગતિ છે! મારો ભાઈ આજ મને મારી નાંખવા તત્પર બન્યો છે! તેને આજ રાજનું ઘેલું લાગ્યું છે. સત્તાના મદમાં તે આંધળો બન્યો છે. સ્ત્રીમાં તે મોહાંધ બની આજ તે વિવેક ભાન ખોઈ બેઠો છે. કર્મની જ આ બધી વિચિત્રતા ને ? નહિ તો સગો ભાઈ આજ આવા દુષ્ટ વિચાર કરે ખરો ? ખરેખર કર્મ જ બધાને ભુલાવે છે. ને ન કરવાનાં કામ કરાવે છે. હરિષેણ પણ આજે તેવું જ દુષ્કૃત કરવા ઉદ્યુકત થયો છે.

મારે હવે કોઈપણ હિસાબે મારી ને રાણી તેમજ કુંવરોના જાનમાલની રક્ષા પ્રથમ કરવી જોઈએ. કારણ હું જીવતો હોઇશ તો આ સંપદા પાછી મેળવી શકીશ, માટે મારે પ્રથમ તેની જ વ્યવસ્થા કરવી જોઇએ.'

આમ વિચારી તેણે તરત જ પોતાના એક વિશ્વાસુ અનુચરને બોલાવ્યો અને તેને આજ્ઞા કરી કે હમણાંને હમણાં પવનવેગી રથ જોડી લાવો.

અનુચરને તેમ આજ્ઞા કરી ભીમસેન રાણી તેમજ કુંવરોને લઈ જવાની ખૂબ જ સાવધપણે તૈયારી કરવા લાગ્યો.

આ બાજુ ભીમસેન પોતાના પ્રાણ બચાવવાની તૈયારી

કરતો હતો, ત્યારે હરિષેણ તેના મહેલમાં તેનો પ્રાણ લેવાની તડામાર તૈયારીમાં પડયો હતો.

હરિષેણ ચાલ્યો ગયો. એટલે સુરસુંદરીને એકાએક વિચાર આવ્યો : આ વાત કોઈ સાંભળી તો નહિ ગયું હોય ને ? એ વિચાર આવતાં જ તે સીધી હરિષેણ પાસે દોડી ગઈ અને ત્યાં જઈ બોલી :

'સ્વામિનાથ ! સંભવ છે આપણી વાત કોઈ સાંભળી પણ ગયું હોય અને જો એ વાત ભીમસેન જાણી જશે તો તે જરૂરથી અહીંથી નાશી જશે. જો તેમ બને તો એ ક્યારેક પણ તમારા ઉપર હુમલો કરે ને યુદ્ધ કરે. જો કે મને તમારા બળ અને પરાક્રમ ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે. પણ છતાંય શત્રુને તો ઉગતો જ ડામી દેવો જોઇએ, જેથી એક કદી માથું ન ઊંચકી શકે.

માટે હે પ્રાણવલ્લભ ! તમે હમણાં ને હમણાં ભીમસેનના રાજમહેલ ફરતો ચોકી પહેરો મૂકાવી દો. જેથી તે નાશી ન શકે. અને તેને તેમજ તેનાં સ્ત્રી અને સંતાનોને જીવતાં જ પકડીને કેદખાનામાં પૂરી સખ્તમાં સખ્ત શીક્ષા કરો. તમે આમ કરશો તો જ મારા મનોરથ બરાબર સિદ્ધ થશે.

હરિષેણ આ સાંભળીને ખુશ થઈ ઊઠયો ! ને બોલી ઊઠયો : 'વાહ ! પ્રિયે ! વાહ ! તારી બુદ્ધિને ધન્ય છે. આ વાત તો મારા ધ્યાનમાં આવી જ નહિ. તેં ઠીક સમયે મને યાદ દેવરાવ્યું. હું હમણાં જ તેનો પ્રબંધ કરું છું.'

એમ કહી તેણે અનુચરને પોતાના સુભટને બોલાવી લાવવા હુકમ કર્યો.

યુવરાજની આજ્ઞા મળતાં જ સુભટ હાજર થયો ને પ્રથમ પ્રણામ કરી બોલ્યો : 'ફરમાવો રાજન્! મારા યોગ્ય શી આજ્ઞા છે.'

'હમણાં ને હમણાં જ જઈને આપણી સશસ્ત્ર ટુકડીને લઈને તમે જાઓ ને ભીમસેનના મહેલની ફરતી સખ્ત ચોકી ગોઠવી દો. અને મારી આજ્ઞા વિના એ મહેલમાંથી કોઇને બહાર જવા દેશો નહિ, તેમજ કોઇને અંદર પ્રવેશ કરવા દેશો નહિ. એમ કરતાં કોઇપણ તમને નજરે પડે તો તરત જ તેનો ત્યાં ને ત્યાં જ વધ કરી નાખજો. જાવ, જલ્દી જાવ આ તમારા મહારાજાની આજ્ઞા છે.'

'જેવી આજ્ઞા રાજન્!' એમ કહી સુભટ ત્યાંથી ચાલ્યો ગયો. ને હરિષેણની સુચના મુજબ ભીમસેનના મહેલને ફરતી સશસ્ત્ર ચોકી ગોઠવી દીધી. ને દરેકને સખ્ત તાકીદ કરી કે મહેલમાંથી કોઇ બહાર નીકળવા ન પામે, તેમજ મહેલની અંદર કોઈ પ્રવેશ ન કરે, એમ કરવામાં જે ચૂકી જશે તેનું માથું ધડથી અલગ કરી દેવામાં આવશે.

પોતાના સેનાનાયકની આવી સખ્ત આજ્ઞા સાંભળી સૌ શૂરા સૈનિકો સાબદા બની ગયા ને મહેલ ફરતી ઝીણી નજરે જોવા લાગ્યા.

ભીમસેને મહેલની બહાર જોયું તો ખુલ્લી તલવાર

લઇને હરિષેણના સૈનિકો ચોકી કરી રહ્યા હતા. એ જોઇ તે વધુ વિચારમાં પડી ગયો.

'હવે શું કરવું? બહાર કેવી રીતે નીકળવું? બહાર જ જો ન નીકળાય તો પ્રાણનું રક્ષણ કેવી રીતે થઇ શકે? આમ અનેક વિચારમાં તે ઊંડો ઊતરી ગયો.

સુશીલાએ આ બધી અથ ઈતિ વાત સાંભળી ત્યારે તેનું હૈયું ભાંગી પડયું. તેના કુમળા દિલ પર ભારે આઘાત લાગ્યો. તેને ચિંતા થવા લાગી. 'મારાં સંતાનોનું શું થશે? બિચારાંઓને નાની વયમાં ઉપાધિ આવી પડી!' આ ચિંતામાં તે બેભાન થઇ ગઇ.

ભીમસેન અને સુનંદા તરત જ તેની પાસે દોડી ગયાં અને તેને જળ છાંટીને ભાનમાં લાવ્યાં. સુશીલા ભાનમાં તો આવી પણ તેનાં બધાં જ ગાત્રો શિથિલ બની ગયાં હતાં. છતાં પણ તેણે હિંમત રાખી અને આવેલી મુશ્કેલીનો સામનો કરવા સજ્જ બની ગઇ.

ત્યારબાદ સુનંદાએ ભીમસેનને કીધું : 'રાજન્! હવે તમે ઉતાવળ કરો ને જલ્દીથી કુંવર અને રાણીને લઇ નાસી જવાની તૈયારી કરો.'

'પણ સુનંદા! બહાર તો સખત ચોકી પહેરો છે, જવાશે શી રીતે? એમ કરવા જઇએ તો હાથે કરીને મોત જ આવે.' ભીમસેને કીધું.

'રાજન્! તમે તેની જરાય ચિંતા ન કરો. મને આ

મહેલના ગુપ્ત માર્ગની ખબર છે. તમે એ માર્ગે નીકળી જાવ. સવાર સુધીમાં તો તમે આ નગરથી ઘણે દૂર જંગલમાં પહોંચી જશો અને અહીં કોઇને ખબર પણ નહિ પડે.'

સુનંદાની આ વાત જાણી ભીમસેને તાબડતોબ બધી તૈયારી કરી. કુંવરોને બંને જણાએ તેડી લીધા. સાથે થોડી સોના મહોર અને હથીયાર લીધાં અને ઘણી જ ત્વરાથી એ બધાં સુનંદાની પાછળ પાછળ સુરંગ આગળ આવી પહોંચ્યાં.

સુનંદાએ સુરંગની કળ દાબી. કળ દબાતાં જ સુરંગનું દ્વાર ખુલી ગયું. સૌ તેમાં દાખલ થયાં. સુનંદાએ અંદર ઉતરી કળ દબાવી સુરંગનું દ્વાર યથાવત્ વાસી દીધું. અને મશાલ પકડીને તે રસ્તો બતાવતી આગળને આગળ ચાલવા લાગી.

ચાલતાં ચાલતાં ભીમસેને પૂછયું : ' સુનંદા ! આજ સુધી તેં મને આ સુરંગની વાત કેમ ના કરી ? અને આ સુરંગની તને કયાંથી ખબર પડી ?'

સુનંદા વિનયથી બોલી : ' રાજન્ ! કેટલીક બાબત એવી હોય છે કે તે કોઈને ખબર કરવાની નથી હોતી. સમય આવે ત્યારે જ તેનો પ્રકાશ કરવાનો હોય છે. આજે એવો સમય હતો તેથી મેં આ સુરંગ તમને બતાવી અને આ સુરંગની વાત મને મારી માએ મરતી વખતે કીધી હતી. આ હકીકત આજ દિન સુધી મારા સિવાય કોઈ જાણતું નથી. આમ વાત કરતાં કરતાં સૌએ બે યોજન જેટલો પંથ કાપી નાખ્યો ત્યાં સુનંદાએ કીધું.

'હે રાજન્ ! હવે મારે પાછા ફરવું જોઇએ. તમને

સૌને છોડતાં મારું અંતર વલોવાઈ જાય છે. પણ તેમ કર્યા સિવાય છૂટકો નથી. હવે અહીંથી તમે અર્ધો યોજન જેટલું ચાલશો એટલે સુરંગ પૂરી થશે ને ગાઢ જંગલ શરૂ થશે. એ જંગલ પસાર કરતાં એક ગુફા આવશે. એ ગુફા પસાર કરશો એટલે તરત જ વસ્તી આવશે. ત્યાંથી તમે ઠીક લાગે ત્યાં જશો.

અને સ્વામિન્! હું પામર જીવ તમને શું કહું? એવો મારો અધિકાર પણ કયાંથી? પરંતુ હિંમત રાખજો. ને રાણીમા તેમજ કુંવરોની સંભાળ રાખજો. ધર્મનું જતન કરજો. વીતરાગ પ્રભુનું નિરંતર સ્મરણ કરજો. તેના પ્રભાવથી સૌ સારા વાના થશે.'

એટલું કહેતાં તો સુનંદા રડી પડી. સુશીલા અને ભીમસેનની આંખમાં પણ આંસુ આવી ગયાં. ભીમસેને તેને એક સોનામહોર આપી. પણ સુનંદાએ તે ન લીધી. અને રડતી આંખે તેણે એ બધાંયને વિદાય આપી.

એ બધાં દેખાતાં બંધ થયાં ત્યાં સુધી એ મશાલ ધરીને ઊભી રહી. તે દેખાતાં બંધ થયાં કે તરત જ તે ઉતાવળી ગતિએ પાછી ફરી. અને સુરંગને ઉઘાડી, કોઈને ખબર ન પડે તે રીતે બંધ કરીને પોતાના ખંડમાં જતી રહી અને જાણે કંઈ બન્યું જ નથી એમ બધી પ્રવૃત્તિ કરવા લાગી.

□

૧૦

# જંગલની વાટે

સુનંદાના બતાવ્યા મુજબ ભીમસેન અને રાણીએ તેમજ કુંવરોએ અર્ધો યોજન કાપી નાખ્યું. દડમજલ કરતાં કરતાં તેઓ સુરંગની બહાર નીકળી ગયાં.

સુરંગની બહાર નીકળતાં જ ઘોર, ગાઢ અને ભયાનક જંગલ શરૂ થયું. જંગલની અંદર એટલાં બધાં નાનાં મોટાં અને વિશાળ વૃક્ષો હતાં કે જેનો કોઈ પાર ન હતો. વળી એ વૃક્ષો એકમેકની સાથે એવાં અડીને ગોઠવાયેલાં હતાં કે નાંખી નજર નહોતી પહોંચતી. ભીમસેને જ્યાં નજર નાંખી ત્યાં તેણે લીલાં લીલાં અને બરછટ વૃક્ષો જ દેખાયાં મહામુશીબતે તેણે જંગલની કેડી શોધી કાઢી.

એ કેડીએ તેઓ આગળ વધવા લાગ્યા. જેમ જેમ તેઓ સૌ આગળ વધતાં ગયાં તેમ તેમ જંગલ વધુ ગાઢુ બનતું ગયું. ઉપરાંત સિંહની ગર્જનાઓ, વાઘની ત્રાડ, ઘુવડોનો અપશુકનિયાળ અવાજ, ગજરાજો, ચિત્તા ને દીપડાઓ તેમજ શીયાળવાં અને બીજાં અનેક જંગલી પશુઓના

વિકરાળ અવાજો સંભળાવા લાગ્યા. જંગલ એટલું બધું ભયાનક હતું કે ડગલે ને પગલે સૌની છાતી ધડક ધડક થતી હતી. રસ્તો પણ કાંટાળો અને પથરાળો હતો. ચાલતાં ચાલતાં અનેક વખતે તેઓ ઠોકર ખાવા લાગ્યાં. પગમાં કાંટાના ઘણા ઉઝરડા પડયા. કપડામાં પણ કાંટા ભરાયા ને કયાંક કયાંક તો કપડાં ફાટી પણ ગયાં. પગમાંથી લોહી પણ નીકળતું હતું.

દેવસેન અને કેતુસેન બંને ચલાય ત્યાં સુધી ચાલ્યા. પણ નાના કુમારો ચાલી ચાલીને કેટલું ચાલી શકે? તેમાંય આ તો અઘોર જંગલમાં ચાલવાનું. રસ્તા ઉપર નર્યા ખાડા ટેકરા હતા. અણીયાળા કાંટા પથરાયેલા હતા. ઉપરાંત ચારે બાજુ જંગલી પશુઓની ભયાનક ત્રાડો સંભળાતી હતી. આવા જંગલમાં ચાલવું જ્યાં મોટાઓ માટે મુશ્કેલ હતું. ત્યાં નાનાઓનું તો શું ગજું? છતાં ય રાજકુંવરો હિંમત કરીને ચલાય તેટલું ચાલ્યા. ચાલતા ચાલતા જ્યારે બંને થાકયા ત્યારે ભીમસેને દેવસેનને તેડી લીધો અને કેતુસેનને કેડમાં નાખી સુશીલા અથડાતી ને ઠોકર ખાતી મંથર ગતિએ ચાલવા લાગી.

સ્ત્રી અને સંતાનો બંને આ જંગલના ભયથી ધ્રુજી રહ્યાં હતાં. કયારેક તો તેમના મોંમાંથી વેદના ને ડરથી ચીસ પણ નીકળી જતી હતી. ત્યારે ભીમસેન તેઓને સમજાવતો: ‘ આ જંગલમાં આપણે બહુ સાવધાનીથી ચાલવું જોઈએ અને જરા પણ અવાજ ન થાય તેમ ગતિ કરવી

જોઇએ. આપણા અવાજથી જો કોઈ હિંસક પ્રાણીને આપણી ગંધ આવી જશે તો તેઓ આપણને જીવતાં નહિ છોડે. માટે બધાં જ દુઃખોને મૌન ભાવે સહન કરીને તમે પ્રભુનું સ્મરણ કરતાં આ જંગલને પસાર કરો.'

આમ વીતરાગદેવનું સ્મરણ કરતાં કરતાં તેઓ એક મોટી ગુફા આગળ આવ્યાં. સુનંદાના બતાવ્યા મુજબ તેઓ સૌ એ ગુફામાં દાખલ થયાં.

ગુફામાં ઘણું જ અંધારું હતું. અને જીવ ગૂંગળાઈ જાય તેવી હવા હતી. પણ તેમાં દાખલ થયા સિવાય છુટકો જ ન હતો. સૌ નવકાર મંત્ર ગણતાં તેમાં દાખલ થયાં. તેમનો પદરવ થતાં જ ચામાચિડિયાં ઉડા ઉડ કરવા લાગ્યા. ઝેરી સર્પો પણ ફુત્કાર કરતાં આમથી તેમ દોડવા લાગ્યા. જંગલ કરતાં ગુફા વધુ ભયાનક હતી. ભીમસેન ચકમક ઘસતો ને અજવાળુ કરતો બધાની સાથે હિંમતથી આગળ વધી રહ્યો હતો. તેનું ધૈર્ય તે સમયે અપૂર્વ હતું. તે પણ મનમાં આ ભય ને આપત્તિને દૂર કરવા નવકારમંત્રનું સતત સ્મરણ કરી રહ્યો હતો.

છેવટે આ ત્રાસજનક ને ભયદાયક સફરનો અંત આવ્યો. સૌ ગુફાની બહાર આવી ગયાં. ત્યાં દૂર એક પર્ણકુટિરનાં દર્શન થયાં. સૌ એટલાં બધાં થાકી ગયાં હતાં કે પગ હવે એક ડગલું પણ ભરવા ના પાડતા હતા. છતાંય મનને મક્કમ કરી સૌ ધીમી ગતિએ ત્યાં પહોંચી ગયાં.

કુમારો તો ત્યાં પહોંચતા જ જમીન ઉપર હાથનું ઓશીકું કરીને સૂઈ ગયા.

વાહ રે કર્મરાજા! વાહ! શી તારી લીલા.

ક્યાં રાજમહેલમાં સુવર્ણ પલંગમાં ને સુકોમલ શય્યામાં સૂતા આ રાજકુંવરો! ને ક્યાં આજ ભોંય પથારી કરી હાથનું ઓશીકું કરીને સૂતેલા કુંવરો! ક્યાં એ રાજમહેલના વૈભવ ને ઠાઠમાઠ! ને ક્યાં આ જંગલની ગરીઆઇને કષ્ટો! ક્યાં એ રાજમહેલની સુખ સગવડો! ને ક્યાં આ ધૂળથી ખરડાયેલાં શરીરો! ક્યાં એ સુગંધિત જલાશયોમાં સ્નાન્! ને તેલમર્દન! ને ક્યાં આજે ગંધાતા ને પરસેવાથી લદબદ શરીરો!

ખરેખર આ કર્મની લીલા અપરંપાર છે! તેને કોઈ પાર પામી શક્યું નથી. કર્મના પ્રતાપે જીવ એકવાર અપૂર્વ સુખ અને સાહ્યબીમાં મ્હાલે છે. તો એના જ પ્રતાપે એ જીવ આધિ ને વ્યાધિમાં સબડે છે! સાચે જ કહ્યું છે કે, સ્વાર્થનો નાશ કરનાર પ્રગટ રચનાવાળી દૈવની ગતિ વિચિત્ર છે.

નહિ તો આ રાજકુમારોને શી વાતની કમીના હતી? કઈ વસ્તુની તેઓને ઉણપ હતી. પાણી માંગતાં દૂધ હાજર થતું હતું. તેમનો પડ્યો બોલ ઝીલવા અનેક દાસદાસીઓ ખડે પગે ઊભા રહેતા હતા. રહેવા માટે આલિશાન મહેલ હતો. ખાવા માટે પૌષ્ટિક ને સાત્વિક ભોજ્ય પદાર્થો હતા.

પહેરવા માટે અનેક મૂલ્યવાન વસ્ત્રો ને અલંકાર હતાં. મોજ શોખ માટે અનેક પ્રકારની વિવિધ સામગ્રી હતી.

તેના બદલે આજ તેઓ એક પર્ણકુટિરમાં રહેતા હતા. ખાવા માટે કણ કણના વાંધા હતા, ભૂખથી પેટ ચીમળાઈ ગયાં હતાં. અને ભૂખ્યા પેટે જ તેમને સૂઈ જવું પડ્યું હતું. અને તે પણ પથ્થરવાળી ને ધૂળથી રગદોળાયેલી જમીન ઉપર સૂવું પડ્યું હતું. ઉપર ખૂલ્લું ગગન હતું. બહારથી શીતળ પવન ફુંકાતો હતો. ટાઢથી સુકોમલ અંગો ધ્રુજતાં હતાં. છતાંય તેના રક્ષણ માટે વારનો એક ટુકડો પણ ન હતો.

આ બધી કર્મની લીલા નહિ તો બીજુ શું? કુમારો વયમાં નાના હતા. પરંતુ ભીમસેન અને સુશીલાએ તેમને ધર્મનું શિક્ષણ બરાબર આપ્યું હતું. આથી તેઓ સમજતા હતા કે આ બધો કર્મનો જ પ્રતાપ છે. પોતે પૂર્વભવમાં કોઈ ખરાબ કર્મો બાંધ્યાં હશે, જેનું ફળ આ ભવે ભોગવવાનું આવ્યું છે.

આમ પોતાને અત્યારે આવી પડેલા દુઃખો એ પોતાના જ કર્મોનું પરિણામ છે, એમ સમજીને બંને કુમારો સમભાવે અને દૃઢતાપૂર્વક એ દુઃખોને સહન કરતાં થોડી જ વારમાં નિંદ્રાધીન થઇ ગયાં.

ત્યારબાદ ભીમસેને પોતાની સાથે લાવેલા ઘરેણાં ને સોનામહોરની પોટલી પર્ણકુટિરના એક ખુણામાં ખાડો કરીને દાટી દીધી અને કોઈને ખબર ન પડે તે રીતે ફરીથી તેના

ઉપર ધૂળ અને પથ્થર વગેરે મૂકીને તે પણ આવીને કુટિરમાં સૂઈ ગયો.

સૌથી છેલ્લે સુશીલા સૂતી. કારણ આર્યનારી પતિના સૂતા બાદ જ સૂઇ જાય છે. બધાયને ચાલવાથી એટલો બધો થાક લાગ્યો હતો કે થોડા જ સમયમાં સૌ નિદ્રાદેવીના ખોળે શાંતિથી પોઢી ગયાં.

કેટલાક સમય બાદ બંને કુમારો એક ઝીણી ચીસ પાડીને જાગી ગયા. એ ચીસ સાંભળીને ભીમસેન અને સુશીલા પણ જાગી ગયાં. એ બંનેએ જોયું તો બંને કુમારોના પગમાંથી લોહી નીકળતું હતું અને પગમાં કંઇક વાગ્યું હતું. એ વેદાનાથી તેઓ હેરાન થઈ રહ્યા હતા.

ભીમસેન અને સુશીલાએ બંનેને સમજાવીને તેમજ થોડી સુશ્રુષા કરીને શાંત કર્યાં. અને ફરીથી તેમને સૂવરાવી દીધા. કુંવરો સૂઇ ગયા છે એમ જાણી તેઓ પણ સૂઈ ગયાં.

તેઓ ઘસઘસાટ ઊંઘી રહ્યાં હતાં, તેવામાં ત્યાં કેટલાક ચોરો આવ્યા. અને પર્ણકુટિરની પાછળના ભાગમાં ચોરીને લાવેલા માલની વ્હેંચણી કરવા બેઠા. એ વ્હેંચણી કરતાં હતાં, ત્યાં એક ચોરની નજર ભીમસેને જે ખુણામાં ઘરેણાંની પોટલીઓ દાટી હતી એ જગા ઉપર ગઈ. તેને શંકા ગઈ કે અહીં આટલામાં કોઈ સૂતું હોવું જોઈએ અને તેણે આ જગાએ કંઇ સંતાડયું હોવું જોઈએ.

તેણે તરત જ કુટિરમાં તપાસ કરી, તો ભીમસેન વગેરે બધાને તેણે સૂતેલા જોયા. તેણે પાકી ખાત્રી કરી જોઈ

કે તેઓ ઘસઘસાટ ઊંઘે છે કે નહિ. એ ખાત્રી થતાં જ તેણે તે જગા ખોદી કાઢી ને તેમાં સંતાડેલી પોટલીઓ કાઢી લીધી. અને એ પોટલીઓ લઈને તે પલાયન થઈ ગયા.

સવાર પડતાં જ કુકડાએ પ્રભાતનો પોકાર કર્યો. પરંતુ ભીમસેન અને સુશીલા તેમજ કુમારો એટલા બધા શ્રમિત થઈ ગયા હતા અને એટલી બધી ગાઢ નિદ્રામાં હતા કે તે પોકાર તેમણે સાંભળ્યો નહિ. છેવટે કુટિરમાં સૂર્યનો તડકો પ્રવેશ પામ્યો ત્યારે તેઓ સૌ જાગ્રત થયાં.

જાગ્રત થતાં જ સુશીલા અને કુમારોએ ભીમસેનને પ્રણામ કર્યાં. કારણ શાસ્ત્રોમાં કહ્યું છે કે, આર્યનારીએ ઊઠીને સૌ પ્રથમ પતિને પ્રણામ કરવા જોઈએ તેમજ પુત્રોએ પણ માતપિતાને પ્રણામ કરવા. કારણ શાસ્ત્રોમાં માતાપિતાને પ્રથમ તીર્થ તરીકે ઓળખાવ્યાં છે. એ વિધિ પતી ગયા બાદ સૌએ નવકાર મંત્રનું સ્મરણ કર્યું.

ભીમસેને એ બાદ જ્યાં પોટલી સંતાડી હતી એ જગા ખોદી કાઢી. પણ ત્યાં ધૂળ ને ઢેફા સિવાય કંઇ જ ન મળ્યું. ઘરેણાંની પોટલી કોઈ ગુમ કરી ગયું હતું.

સુશીલાએ જ્યારે આ જાણ્યું ત્યારે તે મૂર્છિત બની ગઈ અને જમીન પર ઢળી પડી. ભીમસેને અને કુમારોએ તરત જ તેની સુશ્રુષા કરી અને શીતળ જળનો તેના વદન અને નેત્રો ઉપર છંટકાવ કર્યો.

ત્યાર પછી ભીમસેને સુશીલાને આશ્વાસન આપતાં કહ્યું : 'પ્રિયે ! આ સમય રુદન કરવાનો નથી. જે બનવાનું હતું

તે બન્યું હવે તે મિથ્યા થનાર નથી અને વિવેકી આત્માઓ નષ્ટ થયેલી કે ગુમ થયેલી વસ્તુઓનો શોક કરતા નથી. તું તો વિવેકી આત્મા છે. માટે શોક છોડી દે ને સ્વસ્થ બન. જો તું એમ નહિ કરે ને આ સમયમાં આપણને કોઈ દુષ્ટ માણસ ઓળખી જશે તો આપણે નાહક ઉપાધિમાં મુકાઈ જશું. માટે તું બધી ચિંતા છોડીને શાંત બન અને મૌન બનીને હવે આગળ ગમન કરવા તત્પર થા.'

સુશીલા પણ સમજી ગઈ કે સ્વામિ કહે છે તે બરાબર છે. જે વસ્તુ ચોરાઈ ગઈ છે તેનો શોક કરવો હવે વૃથા છે. મારે તો હજી ઘણું સહન કરવાનું છે. હું જો હિંમત હારી જઈશ ને આમ વારે ઘડીએ જો શોકાતુર બની જઈશ તો આ કુમારો કોના આધારે હિંમત રાખશે ?

આમ સ્વસ્થ બની તે આગળ પ્રયાણ કરવા માટે તત્પર બની અને કેતુસેનને પોતાની આંગળીએ વળગાડી આગળ ચાલવા લાગી.

□

# ૧૧ હરિષેણનો રાજ્યાભિષેક

માનવી ધારે છે કંઈ અને થાય છે કંઈ. ક્યારેક એ શુભ મનોરથો કરે છે ને તે માટે પ્રયત્ન પણ કરે છે. પરંતુ કર્મની વિચિત્ર ગતિને લીધે તેના બધા જ પ્રયત્નો વિફળ જાય છે અને અશુભ બનીને જ રહે છે. તો ક્યારેક માનવી કોઈનું અનિષ્ટ ચિંતવે છે ને તે માટે પ્રયત્ન કરે છે, પણ કર્મના ન્યાય આગળ તેનું કંઈ ચાલતું નથી. તેના બધા જ ધમપછાડા ફોગટ જાય છે અને સામો માનવી આબાદ બચી જાય છે.

ભીમસેન નાસી ન જાય અને તેને જીવતો જ પકડીને જેર કરી શકાય તે માટે હરિષેણે તાબડતોબ બધી તૈયારી કરી. તેના મહેલને ફરતા સશસ્ત્ર ચોકીદારો મૂકી દીધા. કોઈ પણ જગાએથી ભીમસેન નાશી ન શકે તે માટે બધા જ રસ્તા બંધ કરી દીધા. ચકલું પણ ફરકી ન શકે તેવો તેણે ઘેરો નાંખ્યો.

પરંતુ આ કશું જ કારગત ન નીવડ્યું. ભીમસેન કોઈને પણ જાણ ન થાય તે રીતે સુરંગ વાટે બહાર નીકળી

ગયો. પણ હરિષેણ તો એમ જ માનતો હતો હવે ભીમસેનનું આવી બન્યું. હું એને જીવતો જ પકડીને જિંદગીભર કેદખાનામાં પૂરી રાખીશ. તેનાં સ્ત્રી અને પુત્રોને પણ બેડીઓ પહેરાવીશ અને એવી સખ્ત સજા કરીશ કે ક્યારેક તે મારા સામું માથું ન ઉંચકી શકે.

ભીમસેનને જીવતો જ પકડી લેવાના તોરમાં હરિષેણ ધસમસતો હાથમાં નાગી તલવાર લઈને ભીમસેનના મહેલમાં આવ્યો.

પણ ભીમસેન હોય તો નજરે પડે ને ? તેણે ચારે તરફ જોયું. મહેલના એકએક ખંડમાં એ જાતે ગુસ્સાથી લાલચોળ બનીને પગ પછાડતો ઘૂમી વળ્યો. પરંતુ ક્યાંય તેને ભીમસેન ન દેખાયો. રાણી અને કુંવરોનો પણ પત્તો ન લાગ્યો.

ભીમસેન આમ તેને હાથતાળી આપીને ચાલ્યો ગયો. તેથી તેનો ગુસ્સો આસ્માને ચડી ગયો. તે જોરથી બરાડી ઊઠ્યો.

'અરે ! કોણ છે અહીં ?'

સુનંદા થરથરતી ત્યાં આવીને ઊભી રહી અને પ્રણામ કરીને બોલી : 'જી રાજન્ !'

તેને જોઈને હરિષેણ તાડુકી ઊઠ્યો : 'ભીમસેન ક્યાં છે ? તેની રાણી અને કુંવરો ક્યાં છે' ?

સુનંદાએ કંઈ જવાબ ન આપ્યો, તે મૌન બનીને ઊભી રહી. હરિષેણે તરત જ ત્યાં ચોકી કરતા સુભટને બોલાવ્યો :

'અહીંથી કોઇ બહાર ગયું હતું ?'

'ના રાજન્ ! ચકલું ય અહીંથી તો ફરકયું નથી. અમે ઉઘાડી આંખે ને નાગી તલવારે ચોકી કરીએ છીએ.' સુભેટ કીધું.

'તો ભીમસેન કયાં છે ? તેની રાણી અને કુંવરો કયાં છે ? મહેલમાંથી એ જાય કેવી રીતે ?'

સુભટ શું જવાબ આપે ? તે પણ મૌન બની ગયો. આથી હરિષેણ વધુ રોષે ભરાયો ને તેણે તરત જ હુકમ કર્યો :

'જાવ નગરનો ખૂણો ખૂણે ફેંદી વળો. નગર બહાર ચારે તરફ ઘૂમી વળો અને ભીમસેનની તપાસ કરો. અને તેને જીવતો પકડીને મારી પાસે હાજર કરો.'

હરિષેણનો હુકમ છૂટતાં જ પવનવેગી અશ્વો ને રથો ધનુષ્યમાંથી તીર છૂટે તેમ દોડવા લાગ્યા. સૈનિકો સારુંય ગામ શોધી વળ્યા. નગરની બહાર દૂર દૂર સુધી ચડતા શ્વાસે તપાસ કરી આવ્યા. પરંતુ ક્યાંય ભીમસેનની ભાળ ન મળી.

સુભટોએ આવીને હરિષેણને ખબર કરી : ભીમસેનનો ક્યાંય પત્તો લાગતો નથી. આ ખબર સાંભળી હરિષેણ તો રાજી થઇ ગયો. તેને મન તો ટાઢા પાણીએ ખસ ગઇ.

હરિષેણે સુરસુંદરીને તરત જ આ બધી વાતથી વાકેફ કરી અને બંને જણાં તેથી ખૂબ જ આનંદમાં આવી ગયાં. બીજે દિવસે તેણે પોતાના રાજ્યાભિષેકની તૈયારી કરાવી.

સત્તા શું નથી કરી શકતી ? અને આ તો હરિષેણ !

તેને પ્રતાપ નગરમાં સખ્ત હતો. તેના અવાજ માત્રથી નગરજનો ધ્રૂજતા હતા. મંત્રીમંડળ પણ તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની હિંમત નહોતા કરી શકતા.

હરિષેણની આજ્ઞા થતાં જ બીજે દિવસે નગરમાં રાજ્યાભિષેકનો ઉત્સવ થયો. સૌએ હરિષેણની બીકથી મોં ઉપર હાસ્ય ને હૈયામાં દુઃખ સંઘરીને એ ઉત્સવની તૈયારી કરી.

શુભ ચોઘડિયે રાજગોરે હરિષેણને રાજમુકુટ પહેરાવ્યો. ને રાજમુદ્રા આપી. ભાટ ચારણોએ હરિષેણની સ્તુતિ કરી. અને 'રાજા હરિષેણનો જય હો.' એવા જયનાદ કર્યા.

□

## ૧૨ નશીબ બે ડગલાં આગળ

પર્ણકુટિરમાં આરામ કરવાથી ભીમસેન અને તેની રાણી તેમજ કુંવરોનો થાક થોડો હળવો થયો હતો. આથી તેઓએ આગળ પ્રયાણ કર્યું.

પ્રયાણ કરતાં અગાઉ ભીમસેને સુશીલાને કીધું. "આપણી સોનામહોરોની પોટલી તો ચોરો લઈ ગયા. હવે આપણી પાસે અંગો ઉપર જ અલંકારો છે, તે જ બચ્યાં છે. જો કે લક્ષ્મીને ચંચળ કહી છે, આથી જે લક્ષ્મી ચોરો લઇ ગયા છે, તેનો શોક કરવો નકામો છે. હવે તું આ ઘરેણાંની પોટલી તારા માથે લઈને ચાલ. આપણી પાસે હવે જે છે તે પણ ઘણું છે. અને ગયેલી લક્ષ્મીની શી ચિંતા કરવી ?

આપણા શરીર સ્વસ્થ ને તંદુરસ્ત હશે તો પછી લક્ષ્મી જ લક્ષ્મી છે. માટે પ્રિયે ! શોકના વિચારો તું છોડી દે અને આનંદથી ધૈર્યપૂર્વક હવે તું પ્રયાણ કર.'

પતિની આજ્ઞા થતાં સુશીલાએ ઘરેણાની એક પોટલી

બાંધી માથે મૂકીને ચાલવા લાગી. એક હાથે તે પોટલી સંભાળતી હતી અને બીજા હાથે તે કેતુસેનને પકડીને ચાલતી હતી. ભીમસેન અને દેવસેન સાથે સાથે ચાલતા હતા.

પરંતુ બંને કુમારો ખૂબ જ થાકી ગયા હતા. રાતના તેઓએ ગાઢ નિદ્રા લીધી હતી, પરંતુ તેમનો થાક ઉતર્યો નહતો. વળી પગમાં કંઈ વાગવાથી લોહી પણ નીકળ્યું હતું, અને એ ઘા સખ્ત વેદના આપતો હતો. રાજમહેલમાં કોઈ દિવસ દુઃખ અનુભવ્યું ન હતું. અરે! તેની કલ્પના પણ નહોતી કરી. આથી આ દુઃખો તેમને અસહ્ય વેદના આપતા હતા. છતાં પણ સંસ્કારના બળે તેઓ થાય તેટલું સમભાવે સહન કરતા હતા. છેવટે જ્યારે એ વેદના સહન ન થઇ શકી એટલે તેમનાથી રડી પડાયું. આંખમાંથી આંસુ સરી પડ્યાં.

પોતાના સંતાનોને દુઃખમાં રડતા જોઈ કયા માબાપ ધીરજ ધરી શકે? એવા તે કયા મા-બાપ હોય કે જે મનની સ્વસ્થતા ધારણ કરી શકે? દેવસેન અને કેતુસેનને રડતા જોઈ ભીમસેન અને સુશીલાની આંખમાં પણ આંસુ ઉભરાઈ આવ્યાં. તેમનું હૈયું અંદરથી આક્રંદ કરવા લાગ્યું.

ત્યાં દેવસેન બોલ્યો: 'મા મને તરસ લાગી છે. મને પાણી લાવી દે ને.'

'લાવી દઉં છું. બેટા! જરા ધૈર્ય ધર હોં. જો સામે નદી દેખાય છે ત્યાં સુધી તું ચાલ.' સુશીલાએ કેતુસેનને વાત્સલ્યથી પંપાળતાં કહ્યું.

ધીમે ધીમે ચાલતાં તેઓ સૌ નદી કાંઠે આવી પહોંચ્યાં.

ત્યાંથી થોડે દૂર એક ઝાડની શીતળ છાયામાં સૌ બેઠાં. ભીમસેને સુશીલાને કીધું : 'તમે સૌ થોડીવાર હમણાં અહીં આરામ કરો. ત્યાં સુધીમાં નદીમાં કેટલું પાણી છે તે હું જોઈ આવું.'

એમ કહી ભીમસેન નદીના પાણી ઉંડાણુ માપવા નદીમાં પડયો અને પોતાની સશકત ભુજાઓથી નદીના નીરને વીંધતો નદી પાર કરવા લાગ્યો.

'મા! હવે નથી સહન થતું. તું મને પાણી લાવી દે ને. મને ખૂબ જ તરસ લાગી છે.' નદી જોઇને દેવસેન બોલી ઊઠયો.

'લાવી દઉં બેટા! હોં, અહીં તું બેસ, હમણાં જ નદીમાંથી પાણી લઈ આવું છું.' એમ કહી સુશીલા ઝાડના પાંદડાંનું પડીયું બનાવીને નદીએ પાણી લેવા ગઈ.

આ સમયે એક ચોર તેને પાછળથી બરાબર ધ્યાનથી જોઈ રહ્યો હતો. તેની નજર પોટલી ઉપર હતી. જેવી સુશીલા નદી તરફ ગઈ કે તરત જ તેણે ઝડપથી એ પોટલી ઉપાડી લીધી અને રફુચક્કર થઈ ગયો.

સુશીલા કેતુસેનને લઈ પાછી ફરી તો દેવસેન નિરાંતે સૂતો હતો અને પોટલી ગાયબ થઈ ગઈ હતી. એ જોઇને તે હૈયાફાટ રડી પડી અને રડતાં રડતાં જ મૂર્છિત થઈ જમીન ઉપર ઢળી પડી.

માને રડતી જોઈ અને તેને જમીન ઉપર પડી ગયેલી જોઇ બંને કુમારો ગભરાઈ ગયા. તેઓ પણ જોર જોરથી રડવા લાગ્યા અને 'પિતાજી....પિતાજી...' એમ બૂમો મારવા લાગ્યા.

બાળકોની ચીસો ને રડવાનો અવાજ સાંભળી ભીમસેન ઘણી જ ઝડપથી તરતો તરતો બહાર આવ્યો અને દોડતો કુમારો પાસે આવીને ઊભો રહ્યો. કુમારોએ જણાવ્યું કે ઘરેણાંની પોટલી કોઈ આવીને ઉપાડી ગયું એટલે મા રડી પડી હતી અને રડતાં રડતાં જ જમીન ઉપર ઢળી પડી હતી.

ભીમસેને પ્રથમ બાળકોને રડતાં શાંત કર્યા. પછી નદીમાંથી જળ લાવી સુશીલાના અંગો ઉપર છાંટવા લાગ્યો ને પ્રેમથી તેને પંપાળવા લાગ્યો. જળનો શીતળ અને સ્વામીનો સ્નેહાળ સ્પર્શ થતાં જ સુશીલા થોડીવારે ભાનમાં આવી. ભાનમાં આવતાં જ હૈયાફાટ રડવા લાગી અને નિઃશાસા નાખવા લાગી.

ભીમસેનને પણ તેથી સખ્ત આઘાત લાગ્યો. તેને હૈયુ પણ વિચલિત બની ગયું. તે વિચારવા લાગ્યો :

'હવે હું શું કરીશ ? કયાં જઈશ ? મારા આ દુઃખની વાત હું કોને જઈને કહીશ ? કોણ મારું સાંભળશે ? મેં આ જન્મમાં તો એવા કોઈ પાપ નથી કર્યાં. ઉત્તમ પ્રકારના મેં દાન દીધાં છે. છતાં પણ આજ મારી આ દશા કેમ ? નહિ, નહિ, મારા પૂર્વના કર્મોનું જ આ ફળ મને મળી રહ્યું છે. નહિ તો મારો સગો ભાઇ આજ મારો દુશ્મન

બને ખરો? એ મને આમ ઘરવિહોણો ને સ્વજનોથી દૂર કરે ખરો?

આજ મારું રાજ ગયું છે. સ્વજનોને મનો વિયોગ થયો છે. ભૂખે અને તરસે આજ મારે જંગલે જંગલે રખડવું પડયું છે. બાકી હતું તે ચોરો આવીને મારા ધન અને ઘરેણાં લૂંટી ગયા છે. આ બધો જ કર્મનો પ્રભાવ છે! મારા પૂર્વ જન્મોના દુષ્કૃત્યો જ આજ ઉદયમાં આવ્યાં છે. નહિ તો આવું બને જ શી રીતે?'

આમ ભીમસેન કર્મની લીલાનો વિચાર કરતો હતો અને પોતાના મનને મનાવતો હતો. પરંતુ એમ જો મન માની જાય તો એ મન શાનું? એને તો એક જ વિચાર આવતો હતો. ધન વિના હવે હું શું કરીશ?

એ વિચાર બળ કરતાં જ ભીમસેન ધનના વિચારે ચડી ગયો: 'ધનનો પ્રભાવ જ એવો આ જગતમાં છે કે દુનિયા ધનવાનોને જ વધુ માન આપે છે. જગતમાં ધનથી ઘણા કાર્યો પાર પડે છે. ધન ન હોય અને માત્ર એકલા ગુણો હોય, તો એ ગુણો પણ નિર્ધનતાને લીધે બહાર પ્રકાશમાં નથી આવતા. અરે! કુળહીન માણસો પાસે જો ધન હોય છે તો ધનના પ્રતાપે તેઓ કુળવાનની પ્રતિષ્ઠા પામે છે.

ખરેખર આ જગતમાં ધનના જેવો બીજો કોઇ બાંધવ જોયો નથી. પુત્ર, પત્ની, સગા, સંબંધીઓ સૌ ધનથી જ માનવીને મૂલવે છે. ધન હોય છે તો તેઓ પણ ઘણો રાગ રાખે છે. નહિ તો તેઓ પણ નિર્ધનની ઉપેક્ષા કરે છે.

જગતનો વ્યવહાર જ એવો બની ગયો છે, તે નિર્ધન માનવ આજ ધરતી ઉપર ભાર જેવો લાગે છે. આજ મારી પણ એવી દુર્દશા થઈ છે. મારી પાસેનું તમામ ધન આજ લૂંટાઇ ગયું છે. ચોર તેને ચોરી ગયા છે. આજ હું ગરીબમાં ગરીબ છું.

વળી મારાં વસ્ત્રો પણ સાવ મેલાં ને ગંદાં થઇ ગયાં છે. રસ્તાના રઝળપાટ ને આવી પડેલી આપત્તિની ચિંતાથી શરીર પણ સાવ કંગાલ બની ગયું છે.

હું શું કરું ? શું ન કરું ? શું મારે હવે ઘરેઘરે ભિખ માંગવી પડશે ? ના, ના, ભિખ તો હું નહિ જ માંગું ? તો હું શું કરું ?

આમ ધનના અને પોતાની ગરીબાઈના વિચાર કરતાં ફરી એ કર્મના વિચારે ચડી ગયો :

'ખરેખર મારું આ દુઃખ ને દર્દ તો જ્ઞાનીઓ જ જાણી શકે તેમ છે. તેઓ જ કહી શકે કે આજ હું મારા કયા પાપોનું પરિણામ ભોગવી રહ્યો છું.

આ બધી કર્મની જ વિટંબના છે. પૂર્વજન્મમાં જેવાં કર્મો કર્યાં હોય તેવાં જ શુભ અશુભ ફળ આ ભવે ભોગવવાં પડે છે. આથી વૃથા ચિંતા શું કરવી ?

કર્મરાજાએ કોઈને બાકી નથી રાખ્યા. મોટા મોટા ચમરબંધી અને શાહશહેનશાહોની પણ તેણે પરવા નથી કરી અને પોતાનો સમતોલ ન્યાય તોળ્યો છે.

રામચંદ્રને વનવાસ અપાવ્યો, બલીરાજાને બંદીવાન

બનાવ્યો, પાંચ પાંડવોને ઘર બાર છોડાવ્યા, નળરાજાને રાજ ભ્રષ્ટ કર્યો. રાવણ જેવા રાવણને પણ હરાવ્યો. એ બધી કર્મની જ લીલા છે.

અને આ જ કર્મે રાજા હરિશ્ચંદ્રને શું ઓછાં દુઃખ આપ્યાં હતાં? ચંડાલના ઘરે તેને ગુલામ બનાવ્યો, પોતાની વ્હાલસોયી તારામતીનું જાહેરમાં લીલામ કરાવ્યું, પુત્રનો વિયોગ કરાવ્યો અને બીજાં અનેક પ્રકારનાં દુઃખો તેને આપ્યાં.

ખરેખર કર્મની સત્તા અમાપ છે. સૂર્ય કદાચ પશ્ચિમમાં ઊગે, મેરૂ પર્વત પણ કદી ચળાયમાન થાય, અગ્નિ તેનો સ્વભાવ બદલીને શાંત બને અને કદી પથ્થર ઉપર પણ કમળ ખીલી ઊઠે, પરંતુ કર્મના લેખ કદી ફેરફાર થતા નથી. જેવાં કર્મ બાંધ્યાં હોય તે ઉદયમાં આવતાં ભોગવ્યે છુટકો થાય છે. તેમાંથી નાશી શકાતું નથી. તેમજ કોઈપણ ઉપાયે બચી શકાતું પણ નથી.

આજ મારા કર્મો ઉદયમાં આવ્યા છે અને મારે તે ભોગવ્યે જ છુટકો છે....'

આમ ઉલટ સલટ વિચારધારામાં તણાતો ભીમસેન પોતાના પરિવારને લઇ આગળ વધ્યો. તે સૌ એટલા બધા શ્રમિત થઇ ગયા હતા કે થોડે સુધી ચાલતાં ચાલતામાં તો તેઓ સૌ મૂર્છા ખાઇને જમીન ઉપર ઢળી પડયા.

એ સમયે આકાશગામી વિદ્યાધરોએ તેમને જોયાં. તેમના દુઃખોને જોઇ તેઓનાં હૈયા પણ સહૃદયતાથી ભીંજાઇ ગયા. થોડીવાર બાદ ભીમસેન મૂર્છામાંથી જાગ્રત થયો. તેણે કુમારો

અને સુશીલાને પણ જળ છાંટી તેમજ ઠંડો પવન નાંખીને જાગ્રત કર્યાં.

પછી સૌ ધીમે ધીમે ડગ ભરતાં આગળ વધ્યાં. પણ બધાં એટલાં બધાં થાકી ગયાં હતાં કે ચાલતાં ચાલતાં તેઓ ધ્રૂજતાં હતાં અને ચક્કર અનુભવતાં હતાં. પણ ચાલ્યા સિવાય છૂટકો જ નહોતો, કોઈ ગામ કે નગરમાં પહોંચાય તો જ કંઈ આરામ, ખોરાકને આવાસનો બંદોબસ્ત થઈ શકે. આથી હમણાં નગરમાં પહોંચી જઈશું; એવી આશાએ સૌ મનને મજબૂત કરીને ડગલાં ભરતાં હતાં.

તેવામાં અધવચ્ચે કેતુસેન રડવા લાગ્યો. તેનાથી હવે એક ડગલું પણ આગળ મંડાતું ન હતું. તેમજ તેને સખ્ત ભૂખ લાગી હતી. ભૂખની વેદના તેનાથી સહન નહોતી થતી. આથી તે રડવા લાગ્યો અને ભીમસેનને કહેવા લાગ્યો :

'પિતાજી ! મને ભૂખ લાગી છે. કંઈ ખાવાનું આપો ને ? હવે મારાથી ભૂખને લીધે એક ડગ પણ ભરાતું નથી.'

બિચારો ભીમસેન ! ક્યાંથી ખાવાનું લાવી આપે? દ્રવ્ય તો ઘણું બધું ચોરાઇ ગયું હતું, જંગલનો રસ્તો હતો અને ગામ તો હજી દૂર હતું. પુત્રને ભૂખથી પીડાતો જોઈ તેનું હૈયું વલોવાઈ ગયું. તેની આંખના ખૂણા ભીના થઈ ગયા. સુશીલાની આંખમાં પણ આંસુ ચમકી ઊઠ્યાં.

આહ ! શું કર્મની ગતિ છે! અને કેટલી બધી એ વિચિત્ર છે ? ઇન્દ્ર સરખા દેવ પણ તેને જીતવા સમર્થ થઇ શકતા નથી. નહિ તો ક્યાં અઢળક સુખ વૈભવમાં

જીવતો ભીમસેન અને ક્યાં આજ વન વન રખડતો કંગાળ ભીમસેન ? એ પણ કર્મની જ લીલા ને ?

ત્યાં તો દેવસેન પણ રડી ઊઠયો : 'પિતાજી ! હવે તો ખાધા વિના મારાથી જરા પણ ચલાશે નહિ. ગમે તેમ પણ મને તમે કંઈ ખાવાનું લાવી દો. મારાથી ભૂખ્યા નથી રહેવાતું. અને તમે જો ખાવાનું ના આપી શકો તેમ હો, તો તમારી તલવારથી મારું મસ્તક છેદી નાંખો. એથી મારાં બધાં જ દુઃખ શાંત થઈ જશે.'

'એવું અમંગળ ન બોલ બેટા ! હમણાં જ આપણે સામે ગામ પહોંચી જઈશું. ત્યાં સુધી તું ધીરજ ધર, આટલો સમય તેં ભૂખ સહન કરી તો હજી થોડી વધુ ભૂખ સહન કર. આમ હિંમત ન હારી જા. દુઃખમાં તો તારે ધૈર્ય ધારણ કરવું જોઈએ.

પિતાના વચનો ઉપર વિશ્વાસ રાખી બંને કુમારો પોતાના પગને પરાણે ઘસડતા આગળ ચાલવા લાગ્યા. પણ થોડે સુધી ચાલતામાં જ તેઓ થાકી ગયા અને રસ્તા વચ્ચે બેસી પડ્યા. બેસીને રડવા લાગ્યા અને ભૂખની ફરિયાદ કરવા લાગ્યા.

ભીમસેને ફરીથી બંનેને સમજાવ્યા. વહાલથી તેમને પંપાળ્યા અને દેવસેનને પોતાના ખભે તેડી તેમજ કેતુસેનને સુશીલાને આપી, બંને આગળ રસ્તો કાપવા લાગ્યાં.

એક તો બાળકને તેડીને ચાલવાનું, તેમાં રસ્તાનો

પોતાને લાગેલો થાક, ભૂખ, ઉજાગરો, આવી પડેલી પરિસ્થિતિની ચિંતા ને સંતાનોનું દુઃખ—આ બધાંને લીધે ભીમસેનને ચાલતાં ચાલતાં ચક્કર આવવા લાગ્યાં. મહામુશીબતે મનને મક્કમ કરી, દેવસેનને સંભાળતો તે આગળ ચાલવા લાગ્યો.

ચાલતાં ચાલતાં રસ્તામાં એક સરોવર આવ્યું. હવા પણ ઠંડી ફુંકાવા લાગી. સૌના દિલને થોડી શાતા થઈ. ભીમસેને દેવસેનને સરોવરને કાંઠે નીચે ઉતાર્યો અને પોતે સૌના માટે પાણી લેવા સરોવરમાં ગયો. સૌને પાણી પાયું અને છેલ્લે તેણે પાણી પીધું. પાણી પીવાથી સૌના દેહમાં થોડી સ્ફૂર્તિ આવી. થોડો સમય ત્યાં ઠંડકમાં સૌ બેઠાં. થોડોક આરામ કર્યો અને પછી આગળ ચાલ્યા.

ત્યાં ક્ષિતિપ્રતિષ્ઠિતનગર આવ્યું. તેના પાદરે એક વાવ હતી. વાવ ઘણી જ વિશાળ હતી. અને નગરની શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી. હંસના નાદથી ત્યાંનું વાતાવરણ પ્રસન્ન લાગતું હતું. ત્યાંથી થોડે દૂર એક જિનાલય હતું. શિખર ઉપર જૈન શાસનની વિજયપતાકા ફરકી રહી હતી.

ભીમસેને સૌને વાવ આગળ બેસાડયા. પોતે વાવમાં સ્નાન કરવા ગયો. સ્નાન કરીને તે પૂજા કરવા જિનમંદિરમાં ગયો. સુશીલા અને કુંવરો પણ જિનેશ્વરનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા.

વીતરાગ પ્રભુની નિર્મળ ને શાંત પ્રતિમા જોઈ સૌના અંતરની વેદના અર્ધી શાંત થઈ ગઈ. સૌએ ભાવપૂર્વક ત્રણ

પ્રદક્ષિણા દઈ ચૈત્યવંદન કર્યું અને હલકા કંઠે પ્રભુનું સ્તવન ગાયું.

ભીમસેનની ભક્તિધારા ઓર વધવા લાગી. તે બે હાથ જોડી ભાવભર્યા હૈયે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.

'હે જિનેન્દ્ર! આપ તો કલ્યાણરૂપ વેલડીને પ્રફુલ્લિત કરવામાં મેઘ સમાન છો. આપના ચરણકમળમાં તો દેવેન્દ્રો પણ નમન કરે છે. આપ સર્વજ્ઞ છો. સર્વત્ર આપનો જ મહિમા પ્રસરી રહ્યો છે. માંગલિક કાર્યના ક્રીડાગૃહ છો. માટે હે દેવાધિદેવ! આપ મારા દુઃખોનો નાશ કરી મને સુખ આપો.

આપ તો ત્રણ લોકના આધાર છો. દયાના આપ અવતાર છો. દુરંત સંસાર રોગને શાંત કરવામાં વૈદ્ય સમાન છો.

ક્ષમાનિધાન હે વીતરાગ પ્રભો! આપને પ્રણામ કરી હું મારા દુઃખ તમને જણાવું છું, એક બાળક જેમ તેની કાલીઘેલી ભાષામાં પોતાની વાત તેના બાપને કરે છે, તેમ હે તાત! હું પણ તમારો બાળક છું ને મારી ભાષામાં હું તમને મારી વાત કરું છું.

હે દયાનિધે! હું બહુ દુઃખથી પીડાયેલો છું. હે નાથ! મેં જન્મ પામીને કોઈ સુપાત્ર દાન આપ્યું નથી. શીલવ્રતનું વિશુદ્ધપણે પાલન કર્યું નથી. તપશ્ચર્યા પણ કરી નથી. તેમજ મેં શુભ ભાવના પણ ભાવી નથી. જેથી મારે આ સંસારમાં રખડવું પડ્યું છે.

ક્રોધાગ્નિથી હું બળી રહ્યો છું. ક્રુર સ્વભાવવાળા લોભ-

રૂપી સર્પે મને ડંખ માર્યો છે. માનરૂપી અજગરથી હું ગ્રસાયો છું અને માયાપાશથી બંધાયેલો છું. તેથી હું આપને કેવી રીતે ભજી શકું?

પરલોકમાં કે આલોકમાં મેં કંઈપણ હિત કર્યું નથી. તેથી હે ત્રિલોકના નાથ! મને કિંચિત્ સુખની પણ પ્રાપ્તિ થઈ નથી.

વળી હે ભગવંત્! મારા સરખા પ્રાણીઓનો જન્મ કેવળ સંસાર પુરવા માટે જ થયો છે.

હે જગત્પાલક! આપના મુખરૂપ ચંદ્રના દર્શનથી દ્રવિત થઈ મારું મન શ્રેષ્ઠ કોટિમાં રહેલા મહાઆનંદ રસનો સ્વાદ લેતું નથી. આથી હું જાણું છું કે મારા સરખા પ્રાણીઓનું હૃદય પથ્થરથી પણ વધુ કઠિન છે.

હે પ્રભો! અનેક ભવો ભમ્યા બાદ મને આ માનવ ભવ મળ્યો, તેમાંય તે મને અત્યંત દુર્લભ એવી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ભવ્ય અને અદ્વિતિય રત્નત્રયીની પ્રાપ્તિ થઈ છતાં પણ મૂઢ એવા મેં તેની આરાધના કરી નહિ. આ અંગે હવે મારે કોને ફરિયાદ કરવી? ને કોની આગળ તે ફરિયાદ કરવી?

બીજાઓના મનનું રંજન કરવા મેં ધર્મોપદેશ આપ્યો. બીજાઓને મુંડવા પૂરતી જ મેં વૈરાગ્ય ભાવના ભાવી અને માત્ર વિવાદ કરવા જ મેં શાસ્ત્રોનું સેવન કર્યું.

હે જિનેન્દ્ર ભગવાન! હું હાસ્યને પાત્ર બન્યો છું. આપની આગળ પ્રભો હું વિશેષ શું કહું? પરનિંદા કરીને

મેં મારા મુખને, પરસ્ત્રીને નીરખીને મેં મારા નેત્રને અને બીજાઓના દોષોનું જ ચિંતન કરીને મેં મારા મનને દુષિત કર્યું છે.

હે ભગવાન ! હવે મારી શી ગતિ થશે ?

હે ત્રિલોકેશ્વર ! વિષયવાસનામાં આસક્ત બની હું ખરેખર વિટંબનાને પાત્ર થયો છું.

હે તીર્થનાયક ! આપ તો સર્વજ્ઞ છો. સકલ જ્ઞેયના જ્ઞાતા છો. આપનાથી મારું કયું દુઃખ અને ભાવના અજાણી હોય, છતાં ય શરમાતાં શરમાતાં પણ મેં મારી જે હકીકત છે, તે આપને અક્ષરશઃ જણાવી છે.

હે દેવાધિદેવ ! મેં મારી બુદ્ધિને ભ્રમિત કરી નાંખી છે. મૂઢ મતિને લીધે મેં આપનું ધ્યાન ધરવાને બદલે સ્ત્રીઓના મત્ત સૌન્દર્ય અને તેના વિલાસી અંગ ઉપાંગોનું જ ધ્યાન ધર્યું છે. સ્ત્રીઓના રાગના કાદવને મેં મારા હૈયામાં એટલો બધો ભર્યો છે, કે હે તારક ! શુદ્ધ સિદ્ધાંત સમુદ્રમાં ધોવાથી પણ તે જાય તેવો નથી.

હે પ્રભો ! મારું શરીર શુદ્ધ નથી. મન પણ અશુદ્ધ છે. મારા દુર્ગુણોનો પાર નથી. કોઈપણ પ્રકારનું વિશુદ્ધ આચરણ મેં કર્યું નથી. હવે મારામાં કોઈ પ્રભાવ રહ્યો નથી. ઓજસ નથી. તો યે મારામાંથી હજી અહંકાર જતો નથી. રોજે રોજ ક્ષણે ક્ષણે મારું આયુષ્ય ક્ષીણ થતું જાય છે, છતાંય મારી પાપબુદ્ધિનો નાશ થતો નથી. મારી ઉંમર વધતી જ જાય છે, છતાં ય મારી વિષય વાસના હજી વિરામ પામતી નથી. શરીરનાં સુખ અને સૌન્દર્ય માટે મેં

ઘણા ઔષધ લીધા પરંતુ ધર્મકાર્યમાં મેં જરાય પ્રયત્ન કર્યો નહિ.

અરેરે ! આ મોહનો પાશ કેવો જબરો છે. આત્મા નથી. પુણ્ય નથી. પરભવ નથી. એવી નાસ્તિક વાણી ઉપર મેં શ્રદ્ધા રાખી. ખરેખર મારા માટે એ કેટલું બધું શરમજનક છે કે સત્ય સિદ્ધાંતરૂપ આપ બિરાજમાન હોવા છતાં પણ તે નાસ્તિકોના દોરવાયો દોરાયો. હે પ્રભો ! મારી એ મૂઢતાને ધિક્કાર છે !

મનુષ્યજન્મ પામી મેં દેવ પૂજા ન કરી. પાત્ર સેવા ન કરી, પવિત્ર અને મહામૂલુ એવું મને જૈનકુળ મળ્યું, છતાંય મેં શ્રાવકધર્મ ન પાળ્યો. સાધુ ભગવંતોની સુશ્રુષા ન કરી. ખરેખર ! હે પ્રભો ! મારો જન્મ તો ફોગટ ગયો છે.

હે નાથ ! કામવશ થઇ મેં વિષયભોગોમાં પ્રીતિ કરી. જે પરિણામે તો દુઃખદાયક જ હોય છે. છતાંય હું તેમાં આસક્ત બનીને રહ્યો. પરંતુ ઉભય લોકને સુધારનાર એવા જિનેન્દ્ર ભગવંતના ઉપદેશમાં મેં જરાપણ મન પરોવ્યું નહિ. નિત નવીન ભોગોપભોગના વિચાર કર્યા પણ તે સૌ રાગના કારણ છે, તેવી બુદ્ધિ મને સૂઝી નહિ અને સૌ મરણના કારણ છે અને સંસારમાં પરિભ્રમણ કરાવનાર દુષ્ટ તત્ત્વો છે, તેનો મેં વિચાર કર્યો નહિ.

હે તારક પ્રભો ! મેં સાધુના શીલરત્નનું ધ્યાન કર્યું નથી. પરોપકાર કર્યો નથી. તીર્થોનો ઉદ્ધાર કર્યો નથી. ખરેખર મારું આ જગતમાં જનમવું વૃથા જ ગયું છે.

હે જગત્પ્રભો ! ગુરુના વચનોમાંથી શાંતિ મેળવવાને બદલે

મેં દુર્જનોના વાણીસંગમાં શાંતિ ને આનંદ માન્યાં અને લેશમાત્ર પણ મેં આત્મતત્ત્વનો વિચાર કર્યો નહિ. અરેરે! હું આ સંસાર સમુદ્રને હવે કેવી રીતે પાર કરી શકીશ?

હે ભગવંત! પૂર્વભવમાં મેં કોઈપણ પ્રકારનું પુણ્ય બાંધ્યું નથી. તેથી આ ભવમાં હું દુઃખ પામ્યો છું. આજ હું આપની અંતરના ભાવથી સ્તુતિ કરું છું, જેથી મારા ત્રણેય ભવના દુઃખ સમાપ્ત થાય.

હે પૂજ્ય! મારી બુદ્ધિ દુષિત થયેલી હોઈ હું આપની આગળ મારા દુશ્ચરિતનું શું વર્ણન કરું? તેમ કરવું નકામું છે. કારણ આપ તો સમસ્ત સંસારના પદાર્થોને હસ્તામલકવત્ જુઓ છો.

હે દીનદયાળ! આપ તો દુખિયાઓના ઉદ્ધારક છો. આપના સિવાય મારું દુઃખ દૂર કરવા આ જગતમાં કોઈ જ સમર્થ નથી. અને આપના સિવાય હું હવે કોની પાસે દયાની યાચના કરું?

પ્રભો! હું આપની પાસે ધનની યાચના નથી કરતો. મારે તો પ્રભો! હવે સતૂતત્ત્વોમાં શુભરત્ન સમાન, સર્વ-ઇચ્છિત મંગલોના એકધામરૂપ એવા મોક્ષપદની જ ઇચ્છા છે. એ જ મારી આર્જવભરી યાચના છે. હે જગદીશ! એ મને આપો ને મારો ઉદ્ધાર કરો!....'

આમ પ્રભુની સ્તુતિ કરી ભીમસેન પોતાના સ્ત્રી અને બાળકો પાસે આવ્યો.

□

# ૧૩ નોકરીની શોધમાં

વીતરાગ પ્રભુની સ્તુતિ કરવાથી ભીમસેનની ચિંતાઓ બળીને ખાખ થઈ ગઈ હતી. મનનો ભાર હળવો બન્યો હતો. અને હૈયામાં ઉલ્લાસ જણાતો હતો. આથી તેણે સુશીલાને કહ્યું : 'પ્રિયે ! તું અને કુમારો બંને અત્રે જ આરામ કરો. હું નગરમાં જઉં છું. ને ત્યાંથી ભોજન વગેરેનો પ્રબંધ કરી ત્વરિત જ પાછો ફરું છું.'

સુશીલા અને કુમારો વાવના કાંઠે, શીતળ છાંયમાં વીતરાગ પ્રભુનું સ્મરણ કરતાં પોતાનો થાક ઉતારવા બેઠાં અને ભીમસેન નગરમાં ગયો.

નગરના મુખ્ય બજારમાં ઘણી બધી દુકાનો હતી અને ઘણી બધી ત્યાં ભીડ હતી. અનેક લોકો અનેક જાતની ખરીદી કરતા હતા. ભીમસેન એ ભીડમાંથી પસાર થતો એક વેપારીની દુકાન આગળ આવ્યો.

એની જ માત્ર એક એવી દુકાન હતી કે જ્યાં કોઈ ઘરાક ન હતું અને એ વેપારી ગ્રાહકો સામે આતુર નયને

જોઈ રહ્યો હતો. ભીમસેન તેની દુકાનના ઓટલાની એક બાજુએ કોઈને પણ આવવા જવાની અગવડ ન પડે તે રીતે બેઠો અને વિચારવા લાગ્યો, કે હવે શું કરવું? ભોજનનો પ્રબંધ કેવી રીતે કરવો?

ભીમસેન એ ઓટલે બેઠો હતો તેવામાં જ એ દુકાને ગ્રાહકો આવવા લાગ્યાં. અને થોડીવારમાં તો ત્યાં ગ્રાહકોની ભારે ભીડ જામી ગઈ. જોતજોતામાં તો એ વેપારીનો બધો જ માલ ઉપાડી ગયો. તે દિવસે તેને સારો તડાકો પડ્યો.

વેપારી વિચારવા લાગ્યો : 'આવું તો કોઈ દિવસ આજ સુધી બન્યું નથી. આજ એકાએક ક્યાંથી બધા ગ્રાહકો ઊભરાઈ પડચાં? જરૂર આમાં કોઇ દેવનો સંકેત લાગે છે. આટલામાં કોઈ પુણ્યપ્રભાવી પુરુષનો સ્પર્શ થયો હોવો જોઈએ.' એમ વિચારી તેણે દુકાનની બહાર જોયું. બહાર જોતાં જ તેને પોતાની દુકાનના ઓટલા ઉપર ભીમસેનને બેઠેલો જોયો.

તેને થયું : 'નક્કી આ જ માણસનો પ્રભાવ લાગે છે. તેના બેઠા બાદ જ આજ મારે સારો વેપાર થયો છે.' એમ વિચારી તેણે ભીમસેનને ધારી ધારીને જોયો. ફરી મનમાં વિચારવા લાગ્યો : 'નક્કી કોઈ તેજસ્વી પુરૂષ લાગે છે. પણ કંઇ ઉપાધિમાં આવી પડયો લાગે છે. તેની મુખમુદ્રા જોતા લાગે છે, તે ખૂબ જ વ્યગ્ર અને ચિંતામાં હશે. શેની ચિંતામાં હશે? લાવ તેને જ પૂછી લઉં. અને મારાથી થાય તેટલી તેને મદદ કરું.'

*એમ વિચારી તેણે ભીમસેનને પૂછ્યું : 'ભાઈ! તું* કોણ છે? ક્યાંથી આવે છે? આ નગરમાં શા માટે તારે આવવું પડ્યું છે. તને કોઈ દિવસ આ નગરમાં જોયો તો નથી. આથી લાગે છે, તું કોઈ પરદેશી છે. જે હોય તે ભાઈ! સુખેથી કહે.'

શેઠનાં આવાં સહાનુભૂતિ ભર્યાં વેણ સાંભળી ભીમસેન બોલ્યો : 'ક્ષત્રિય છું અને પૂર્વભવના પાપકર્મોનું ફળ આજ ભોગવી રહ્યો છું અને દુષ્ટ એવી ઉદરપૂર્તિ કરવા માટે આ નગરમાં આવ્યો છું.

શેઠ! તમે તો જાણતા જ હશો, કે જેણે ઉત્તમ રાજ્ય વૈભવના સુખ મેળવ્યાં હોય, મહાજન લોક જેની સ્તુતિ કરતું હોય, સર્વલોકની શોભાથી જે શોભતો હોય, તે જ માનવ આ જગતમાં પ્રશંસનીય સુકૃતનું એક પાત્ર ગણાય છે. તેવો જ માનવી પુણ્યશાળી મનાય છે. અને વિદ્વાનજનો તો એવા જ માનવીના જીવનને સાર્થક ગણે છે કે જે જ્ઞાન, શૌર્ય અને વૈભવ તેમજ ઉત્તમગુણોથી ઓપતો હોય. એ વિના તો કાગડા અને કૂતરા પણ ગમે તેમ કરીને પણ જીવે છે. પણ તેવા જીવનની કિંમત શું?

વળી શેઠ! જેની બુદ્ધિ હિત અને અહિતનો વિચાર કરવામાં શૂન્ય છે, જિનેન્દ્ર ભગવાનના સિદ્ધાંતથી જે દૂર છે, અને જે માત્ર પેટનો ખાડો ભરવા માટે જ રાત દિવસ મહેનત કરે છે, તેવા માણસ અને પશુમાં શું ફરક છે? તેવા માણસો અને પશુ બંને બરાબર જ છે.

ખરેખર આ પેટનું દુઃખ ઘણું જ કઠિન છે. તેના લીધે ભલભલા પુરુષનું અભિમાન નષ્ટ થઈ જાય છે. આ પેટની ભૂખની ચિંતા ન હોત, તેનું દુઃખ ન હોત, તો જગતનો કોઈ પણ માણસ કોઈનું ય અપમાન સહન ન કરત.

શેઠ ! હું જાણું છું, કે યાચના કરવાથી માનવીનું મહત્ત્વ નાશ પામે છે. તેનાથી મને શરમ પણ આવે છે. છતાંય પણ હું આપની પાસે આવ્યો છું. આ પેટની બળતરા, ભૂખનું દુઃખ ખરેખર અસહ્ય છે.

અને શેઠ ! હું એ પણ સમજુ છું, કે યૌવન અવસ્થામાં ગરીબાઈમાં જીવવું અતિ કષ્ટદાયક છે. પરંતુ પરાધીન રહેવું અને પરાન્ન ખાવું, તે દુઃખ તો તેનાથી ય વિશેષ ને કષ્ટકારક છે.

શેઠ ! આ પેટનો ખાડો જ એવો છે કે જે કદી ભરાતો નથી. તે સદા સર્વદા ખાલીને ખાલી જ રહે છે. આથી જ માનવી તેના માટે ઘણા બધા પ્રયત્નો કરે છે. આ માટે તેઓ દુરાચાર સેવે છે. અસત્ય બોલે છે. વિશ્વાસઘાત પણ કરે છે. આમ અનેક પ્રકારે તે જુઠ અને પ્રપંચ કરે છે. અને અનેક પાપકર્મો કરે છે.

આ માનવશરીર ઉત્તમગુણોનું સ્થાન છે. કોઈ પણ પ્રકારની ધર્મક્રિયા કરવા માટેનું તે સાધન છે. અને આ જ દેહ અનેક દુઃખોનું કારણ પણ છે. એટલું જ નહિ તિરસ્કારનું સ્થાન પણ તે જ છે.

આ જગતમાં માનવી પોતાના અને પોતાના કુટુંબી-

જનોના પેટનો ખાડો પૂરો કરવા માટે તે વેપાર કરે છે, અને કેટલાક તો આ લોકમાં નહિ સેવવા યોગ્ય એવા અધમપુરુષોની સેવા ચાકરી પણ કરે છે. ન જાણે માનવી આ ભૂખના દુઃખને નીવારવા શું શું નથી કરતો ?

નિર્ધન પુરુષો અન્ય માણસો સાથે બનાવટ કરી તેમનું દ્રવ્ય પડાવી લે છે, લૂંટારાઓ મુસાફરોને રસ્તામાં લૂંટી લે છે. ચોર લોકો ખજાનામાં દાટેલું ધન ચોરી જાય છે. આ બધા જ એ પોતાના પેટનો ખાડો પૂરવા માટે જ કરે છે. છતાં પણ એ ખાડો તો અધૂરો ને અધૂરો જ રહે છે. સાંજે વાળુ કરીને સૂતા બાદ સવારે તો ફરી પાછો એ ખાલી થઇ જાય છે. ને ભૂખનું દુઃખ કાયમ રહે છે.

દુર્દૈવને લીધે માનવીને ગરીબાઇ પ્રાપ્ત થાય છે. ગરીબાઈથી શરમ પેદા થાય છે. શરમ પેદા થવાથી સત્ત્વથી ભ્રષ્ટ થવાય છે. નિઃસત્ત્વ થવાથી પરાભવ થાય છે. પરાભવ પામવાથી માનવીના અંતરમાં શોક વ્યાપે છે. શોકથી ઘેરાયેલા રહેવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. ભ્રષ્ટ બુદ્ધિથી નિર્વીર્ય થવાય છે. આમ આ એક ગરીબાઈ જ અનેક દુઃખોની જડ છે.

આ માટે શંકરનું જ દૃષ્ટાંત જુવોને ? શંકરનું વસ્ત્ર માત્ર એક વ્યાઘ્રચર્મ છે. આભૂષણમાં માનવની ખોપરી છે. અંગલેપનમાં જુઓ તો ભસ્મ છે. અને બેસવાના આસન માટે બળદીયો છે. જે ગણો તે શંકરની આટલી સંપત્તિ છે. એમ વિચાર કરીને ગંગા જેવી ગંગા નદી તેમની ગરીબાઈથી દૂર થઇ સમુદ્રમાં ચાલી ગઈ!

શેઠ ! સાચે જ ગરીબ અને નિર્ધન માનવીનું જીવવું આ સંસારમાં દુષ્કર છે...'

ભીમસેનની આ દુ:ખદાયક સ્થિતિ સાંભળી લક્ષ્મીપતિનું હૈયું આર્દ્ર બની ગયું. એ વેપારીનું નામ લક્ષ્મીપતિ હતું. તેને ભીમસેન ઉપર દયા આવી. અને કરુણાથી એ બોલ્યો :

'ભાઈ ! તારું દુઃખ ખરેખર અસહ્ય છે. કોઈ ભવના પાપકર્મો આજ તારે ઉદયમાં આવ્યા લાગે છે. પણ કંઈ નહિ. તું મુંઝાઈશ નહિ. ચિંતા ન કરીશ. તું મારે ત્યાં રહેજે અને કામ કરજે.'

ભીમસેન તરત જ બોલ્યો : 'પણ શેઠજી ! હું આ નગરમાં એકલો નથી. મારી સાથે મારી પત્ની અને બે બાળકો પણ છે. તેમને હું આ નગરની બહાર વાવ ઉપર બેસાડીને આવ્યો છું. તેઓ મારી રાહ જોતાં હશે. અને બાળકો તો ભોજન માટે અધીરાં બની રહ્યાં હશે.'

'કંઇ વાંધો નહિ. ભલે તું તારા કુટુંબ સાથે અહીં ચાલ્યો આવ. એ સૌનો પણ મારે ત્યાં સમાવેશ થઇ જશે. અને હું તો તારા જેવા માણસની આજકાલ શોધમાં જ હતો. આજ અનાયાસે તું મળી ગયો છે. તેથી મારી ઘણી ચિંતા દૂર થઈ ગઇ છે.' લક્ષ્મીપતિએ એમ કહી તેના કુટુંબનો પણ સ્વીકાર કર્યો. થોડીવાર પછી કંઇક યાદ આવ્યું હોય એમ સંભાળી તે બોલ્યો :

'જો ભાઇ ! હું તને મારી વાત પણ કરું. અમે પાંચ ભાઈઓ હતા. અમારા દરેક વચ્ચે એકસરખો ને અતૂટ પ્રેમ

હતો. અમે સૌ વીતરાગ ધર્મમાં શ્રદ્ધાળુ હતા. ઉંમર થતાં અમારા સૌના ઉત્તમ કુળની સ્ત્રીઓ સાથે લગ્ન થયાં. અમારા સૌનાં કુટુંબોનો વ્યવહાર સારી રીતે ચાલતો હતો અને સૌ સુખ અને સંપથી જીવન વ્યતીત કરતા હતા. પણ દૈવને એ ન રૂચ્યું. દૈવયોગે મારા ચારેય ભાઈઓ દેવગતિ પામ્યા. અને હું જ એક મારી પત્ની સાથે જીવતો રહી ગયો છું. આથી હાલમાં ઘણાં ઘરો ખાલી પડયાં છે. તેમાં તું સુખેથી નિવાસ કરજે.

અને ભાઈ! મારે આટલી બધી સમૃદ્ધિ ને સાહ્યબી હોવા છતાં પણ મારે દુઃખ છે. મારે શેર માટીની ખોટ છે. પુત્ર વિના સંસારનું સુખ શું કામનું? પણ જેવી દૈવની ઇચ્છા. આ તો તને માત્ર જણાવવા ખાતર જ જણાવ્યું.

માટે તું સુખેથી તારા પરિવારને લઈને આવ. મહિને હું તને બે રૂપિયા પગાર આપીશ. અને તારું તથા તારા કુટુંબનું હું ભરણપોષણ કરીશ. વસ્ત્ર ને અનાજ આપીશ. આ માટે મારી દુકાનનું કામ કરજે અને તારી પત્ની ઘરનું કામ કરશે. કેમ તને આ મંજૂર છે ને ભાઈ?' લક્ષ્મીપતિએ છેવટે પૂછયું.

અનાયાસે જ આમ પોતાની બધી ચિંતા રહેવા, ખાવા ને પીવાની દૂર થતી હતી, તેથી ભીમસેનના આનંદનો પાર ન રહ્યો ને કૃતજ્ઞભાવે બોલી ઊઠયો.

'ધન્ય શેઠ! ધન્ય! આપનો ઉપકાર કદી હું નહિ ભૂલું.

'તો બસ, લઈ આવ તારા કુટુંબને અને લાગી જા આજથી કામે.' લક્ષ્મીપતિએ ઉતાવળ કરી.

ભીમસેન એ સાંભળી વિચારમાં પડી ગયો. તેને થયું કે આજે ને આજે તો કેવી રીતે કામે લાગી જવાય. ભૂખથી પેટ સૌના ભડકે બળે છે. ને મુસાફરીનો થાક અસહ્ય લાગ્યો છે. આથી તે દીનભાવે શેઠને કહેવા લાગ્યો :

'શેઠજી! એક વધુ ઉપકાર મારા ઉપર કરો. છેલ્લા ત્રણ દિવસથી અમે કોઈએ અન્નનો દાણો પણ જોયો નથી. ત્યાં ખાવાની તો વાત જ ક્યાં કરવી? માટે પ્રથમ અમારા સૌની ક્ષુધા શાંત થાય તેવો પ્રબંધ કરાવી મને ઉપકૃત કરો.'

લક્ષ્મીપતિએ તરત જ તેને બજારમાંથી ભોજન સામગ્રી મંગાવી આપી અને આ ભાતુ લઈ ઉતાવળી ગતિએ તે પોતાના બાળકો પાસે આવ્યો.

પોતાના બાળકોની ભૂખનું દુઃખ તેનાથી જોયું નહોતું જતું. આથી પ્રથમ તેણે પ્રેમથી બાળકોને જમાડયા. વાવમાંથી પાણી લાવીને તેમને આપ્યું. પેટમાં ભોજન જવાથી દેવસેન અને કેતુસેનને ઠંડક થઈ અને તેઓ આથી ઉત્સાહમાં આવી ગયા. એ જોઈ ને ભીમસેન અને સુશીલાને પણ શાંતિ થઈ. ત્યારબાદ બંને પતિ-પત્નીએ બાકીનું ભાતું પૂરું કર્યું અને ઉપર વાવનું શીતળ જળ પીધું.

થોડીવાર બાદ સુશીલા વિનયથી બોલી: 'સ્વામીન્! આજની ચિંતા તો દૂર થઇ ગઈ. પણ હવે પછી શું કરીશું?

આપણે ક્યાં જઈશું ? આપણા ચારેયનું પોષણ કેવી રીતે થશે ? મને તો આ બધા વિચારથી ખૂબ જ મૂંઝવણ થાય છે.'

એ સાંભળી ભીમસેને લક્ષ્મીપતિ શેઠ સાથે થયેલી બધી વાત જણાવી. સુશીલાને તેથી હૈયે ટાઢક વળી અને તેની મૂંઝવણ દૂર થઈ ગઈ.

એ પછી સૌ ઉતાવળા પગલે લક્ષ્મીપતિની દુકાને આવ્યાં.

□

૧૪

# સુશીલાની અગ્નિપરીક્ષા

લક્ષ્મીપતિ શેઠને પરિવારમાં માત્ર એક પત્ની જ હતી. તેનું નામ તો ભદ્રા હતું. પરંતુ નામ જેવો તો એક પણ ગુણ ન હતો.

એ તો કુભદ્રા જ હતી. પોતાના કામ ગમે તેમ કરીને, લડીને ઝઘડીને પણ તે કરાવી લેવામાં કુશળ હતી. જીભ તેની ઘણી જ લાંબી અને કડવી હતી. પરનિંદા કરતાં તેની જીભ જરાય થાક નહોતી અનુભવતી. ઝગડાનો પ્રસંગ બને ત્યારે તેની જીભ તીખા મરચાં જેવી બની જતી. કુકર્મો કરવામાં તે પાવરધી હતી.

તેનું દેહસૌન્દર્ય પણ જુગુપ્સા ઉપજાવે તેવું હતું. ટૂંકા અને જાડા બરછટ તેના વાળ હતા. મુખ તો લોઢીઆના જેવું હતું. નાક વિકૃત હતું. પેટ પણ ઘણું જ મોટું હતું. આંખો વાંદરા જેવી હતી. વક્ષઃસ્થળ તો સાવ ઢળી પડેલું હતું.

લાજ શરમને તો તે જાણતી જ ન હતી. નિર્દયા હતી. ધર્મ અને પુણ્યની વાત તેને રૂચતી ન હતી. દયાળુ જનોની

નિંદા કરવામાં તે સદાય તત્પર રહેતી હતી. ધર્મી જનોની ઈર્ષ્યા પણ ખૂબ જ કરતી હતી.

ભીમસેન અને તેનો પરિવાર લક્ષ્મીપતિ શેઠની દુકાને આવ્યો એટલે તેઓને લઈ શેઠ ઘરે આવ્યા. અને પોતાની પત્નીને કહ્યું: 'સુંદરી! આ લોકો ઘણા જ ભાગ્યશાળી અને પુણ્યવંતા છે. પરંતુ પૂર્વભવના કંઈ પાપકર્મને લીધે આજ તેઓની આવી દુઃખદાયક દશા થઈ છે. આપણા ભાગ્યયોગે જ તેઓ આપણે ત્યાં આવ્યા છે. કામ કરવામાં આ પતિ–પત્ની બંને કુશળ છે. મેં તેઓ સૌને આપણે ત્યાં કામે રાખ્યાં છે. આ પુરુષ છે તે મારી દુકાનનું કામ કરશે અને આ સ્ત્રી તને તારા કામમાં મદદ કરશે.

માટે હે આર્યા! તું મીઠા અને મધુરા વચનથી તેની પાસે કામ કરાવજે. તેમને દુઃખ આપીશ નહિ. અને સમય થયે તેઓને ભોજન વગેરે આપજે. અને તેમના દિલને દુઃખ પહોંચે તેવું કોઈ કામ તેમને સોંપીશ નહિ.'

પત્નીને આ પ્રમાણે સુચના અને શીખામણ આપી લક્ષ્મીપતિ શેઠ અને ભીમસેન દુકાને ગયા. કહ્યું છે ને શેઠની શીખામણ ઝાંપા સુધી. અહીં પણ એમ જ બન્યું. શેઠ ચાલ્યા ગયા. ને ભદ્રાએ પોતાનું પોત પ્રકાશ્યું. સુશીલાની તે જ પળથી અગ્નિપરીક્ષા શરૂ થઈ ગઈ.

'અલી! આમ વાંસડાની જેમ ઊભી છે શું? મારા ઘેર શેઠાઈ કરવા આવી છે, તે આમ ઊભી રહી છે. ચાલ, જલ્દી કર. અને તારા ભુલકાંને રમવા મૂકી દે. હજી તો

કેટલું બધું કામ ઘરમાં પડયું છે!' ભદ્રાએ એક જ ધડાકે સુશીલાને વિના વાંકે ધમકાવી નાંખી.

સુશીલા તો ભદ્રાનો આ કઠોર અવાજ સાંભળીને ચમકી ગઈ. આવા ક્રૂર વચનથી તેના અંતરને ભારે દુઃખ થયું. તેમાં તેને પોતાનું અપમાન પણ લાગ્યું. પરંતુ અત્યારે સ્વમાન સાચવવાનો અવસર જ કયાં હતો ? તેણે મૌનભાવે એ કઠોર વચનો સાંભળી લીધાં. બાળકોને તેણે દૂર જવા કહ્યું. પણ બાળકો તો એથી રડવા લાગ્યા. અને જીદ કરવા લાગ્યા.

'ના, મા ! અમે તો તારી સાથે જ રહીશું. અમે એકલાં નહિ રમીએ.'

છતાં પણ સુશીલાએ તેમને સમજાવી, પટાવીને દૂર મોકલી દીધા. પછી ભદ્રાને ઉદ્દેશીને બોલી :

'કહો, મારે શું કામ કરવાનું છે ? મને બતાવો હું તે કરવા માંડું.'

અને ભદ્રાએ તરત જ બે ભારે બેડાં આપ્યાં અને કહ્યું, 'લે આ બેડાં ને સામેના કૂવેથી પાણી ખેંચી લાવ.'

સુશીલાએ નતમસ્તકે બેડાં લઈ લીધાં. અને એક બેડું માથે અને એક બેડું કાખમાં. નીકળી તે કુવે પાણી ભરવા.

બેડાં વજનદાર હતાં. વળી કોઈ દિવસ તેણે કૂવામાંથી પાણી ભર્યું ન હતું. છતાંય મનમાં નવકારમંત્રનું સ્મરણ કરતી એ કુવામાંથી દોરડું નાખીને પાણી ભરવા લાગી. દોરડાને લીધે તેની હથેલીમાં ચાંદા પડી ગયાં. લોહી

નીકળી આવ્યું. છતાંય સહિષ્ણુતા રાખી તે પાણી ભરીને ચાલવા લાગી. કોઈ દિવસે બેડું માથે મૂકીને એ ચાલી ન હતી. આથી ચાલતાં ચાલતાં પાણી ઘણું છલકાવા લાગ્યું: વસ્ત્રો બધાં ભીનાં થઈ ગયાં. બેડું પડી જશે તો? આવી સતત ભીતિ સેવતાં એ મહાપુરીબતે પાણી ભરીને ઘરમાં આવી. થોડીવારમાં તો તેની કેડ અને ડોક દુઃખવા આવ્યાં.

પાણીનું બેડું મૂકીને એ થાક ખાવા બેઠી, ત્યાં તો ચંડિકા બરાડી ઊઠી: 'અરે રાણી સાહેબા! બેસી શેના ગયા? હજી તો એવાં દસ બેડાં પાણી ભરવાનાં છે. ત્યાર પછી ચૂલો ફુંકવાનો છે. રસોઈ બનાવવાની છે. વાસણ માંજવાનાં છે. ઘર સાફસુફ કરવાનું છે. અનાજ વીણવાનું છે. હજી તો આવાં અનેક કામ બાકી છે. ને તું બેસી શેની ગઈ છે. ઊઠ, ઊભી થા! અને જલ્દી જલ્દી કામ આટોપ.' આમ એક પછી એક ભદ્રાએ કામ ચીંધવા માંડયાં.

સુશીલા એક પછી એક કામ કરવા લાગી. તેનાથી થાય તેટલી ઝડપથી એ સર્વ કામ પૂરાં કરતી હતી. પરંતુ ભદ્રાને એ જોવાની ફુરસદ જ કયાં હતી? તે તો પોતાની શેઠાઈમાં જ મસ્ત હતી. અને બેઠા બેઠા બધા હુકમો છોડે જતી હતી. વચમાં વચમાં એ તાડુકી પણ ઊઠતી:

'એ તેં કચરો સાફ કર્યો છે? તને તો આંખ છે કે ડોળા? આ જો અહીં કેટલો બધો કચરો રહી ગયો છે.

'અરે! તું તો કેટલી બધી હરામ હાડકાંની છે! આ વાસણ કેટલાં બધાં ચીકણાં રાખ્યાં છે? જરા ઘસીને

માંજતા શીખ. ઘસીને માંજીશ તો તારી મહેંદી સુકાઇ નહિ જાય.

'છોકરા સાચવવા'તાં તો અહીં શું દાટવા આવી હતી. ખબરદાર! જો છોકરાએ પાછળ બહુ સમય બગાડયો છે તો? અહીં તું મારા ઘરનું કામ કરવા આવી છે. તારા છોકરા ઉછેરવા નથી આવી સમજીને!

આવી આવી તો અનેક કટકટ ભદ્રા કરતી ને સુશીલાને ન સંભળાવવાનું સંભળાવતી. એ સાંભળીને સુશીલાની આંખમાં આંસુ આવી જતાં. પણ એ પ્રગટ રડતી નહિ. એમ રડે તો તો ભદ્રા વધુ જ ફોલી ખાય ને? આથી એ છાનું છાનું રડી લેતી.

ભીમસેનને પણ પોતાના આ દુઃખની વાત કહેતી નહિ. પોતે એકલી જ સમભાવે તે બધું સહન કરી લેતી. ભદ્રા બાળકોને વઢતી ને ડરાવતી ત્યારે તેનો જીવ કપાઈ જતો હતો. એવું જ્યારે બનતું ત્યારે તે રાતે તે બાળકોને વહાલથી પંપાળીને ખૂબ રડતી. અને કયા પાપે મારા આ ફૂલ જેવા બાળકોની આ દશા થઈ છે, એમ દેવને પૂછતી. પણ દેવ કંઈ થોડો જવાબ આપે છે? આથી એ વિચારતી કે આ બધી કર્મની લીલા છે. પોતે પૂર્વભવમાં કોઈ ખરાબ કર્મો કર્યાં હશે. તે આજ ઉદયમાં આવ્યાં છે. આમ પોતાના જ કર્મોનો દોષ દઈએ શાંતભાવે બધાં દુઃખો સહન કરતી હતી.

થોડા દિવસોમાં તો ભદ્રાએ સુશીલા અને તેના બાળકોની દશા અધમૂઆ જેવી કરી નાંખી.

વહેલી સવારથી જ તેણે સુશીલાને કામે જોતરી. સવારના પહોરમાં સૌ પ્રથમ તેને દળવાનું કામ સોંપ્યું. દળીને ઊઠે એટલે તરત જ ઘરમાં વાસી પૂંજો કાઢવાનો. એ કરીને તળાવે ને કુવે પાણી ભરવા જવાનું. એ પછી તેને સવારમાં લુખો–સુકો નાસ્તો કરવા આપતી, એ નાસ્તો કરી રહે એટલે તરત જ તેને નદીએ કપડાં ધોવા મોકલતી. કપડાં ધોઈને આવે કે બપોરનાં વાસણ મંજાવતી. અને બપોરના ભોજનમાં પણ ગણત્રી ગણીને જ ખાવા આપતી. વાસણ મંજાઈ જાય એટલે કપડાં વાળવા બેસાડતી. બાળકો પાસે પણ કપડાં વળાવતી. કપડાંનું કામ પતી જાય એટલે અનાજ સાફ કરવાનું કામ કાઢતી. આમ ઠેઠ રાત સુધી કામ કરાવતી. રાતે પણ મોડે સુધી તેની અને બાળકો પાસે પોતાના પગ દબાવતી. પથારીઓ પથરાવતી. અને ખૂબ જ મોડી રાતે તેમને સૂવા માટે મોકલતી.

અને એ દરેક કામમાં તેનું ગાળો દેવાનું કામ તો ચાલુ જ રહેતું. ક્યારેક ક્યારેક તો એ બાળકોને ધોલ-ધપાટ પણ લગાવી દેતી. બાળકો તો નાદાન છે. કૂમળા છોડ છે, એ વિચાર જ તેને આવતો નહિ. તેમને પણ નાના નાના કામ બતાવતી અને ધમકાવતી.

આમ ભદ્રાની શેઠાઇ અને સુશીલાની ગુલામીના દિવસો પસાર થયે જતા હતા.

□

## ૧૫ ભદ્રાની ભાંડણલીલા

ભીમસેન રાજકુળમાં જન્મ્યો હતો. એ રાજવી સંતાન હતો. જન્મથી જ તેણે સુખ અને વૈભવ જોયા હતા. રાજ ગાદીએ બેઠા પછી અને એ પહેલાં પણ તેણે માત્ર હુકમો જ કર્યા હતા. પાણી લેવાની પણ તેને મહેનત નહોતી પડી.

આથી એને આજ્ઞા ઝીલતાં કયાંથી આવડે. પરંતુ પરિસ્થિતિ આગળ માનવીને નમવું પડે છે. જે કદી ન કર્યું હોય, તે કરવું પડે છે. એ ન આવડતું હોય તો તે કરતાં શીખવું પડે છે.

લક્ષ્મીપતિ શેઠ સ્વભાવે દયાળુ અને નમ્ર હતા. સામા માણસના દુઃખ-દર્દ અને તેની શક્તિ-અશક્તિ જાણી શકતા હતા. ભદ્રા શેઠાણી અને તેમનામાં આભ જમીનનું અંતર હતું. ભીમસેનને તેમણે પ્રેમથી બધું કામ શીખવાડયું. માલ કેવી રીતે આપવો, દુકાનમાં માલ કેવી રીતે ગોઠવવો, ઘરાકો સાથે કેવી રીતે વર્તવું, તેઓ પોતાની દુકાનેથી જ માલ કેવી રીતે લઈ જાય તેમજ માલની કીંમત શું, વગેરે

અનેક વાતો તેમણે શીખવી. અને ભીમસેનને તે પછી ઉઘરાણીના કામે મોકલવા માંડયો.

વેપારમાં ઉઘરાણીનું કામ ઘણું કઠિન હોય છે. ચડી ગયેલી ઉઘરાણીઓને વસુલ કરતાં શેઠિયાઓને નવ નેજા થાય છે. આ માટે માણસોને એકના એક સ્થળે અનેક ધક્કા ખાવા પડે છે. માણસની રાહ જોઈ ખોટી થવું પડે છે. તેમણે સમજાવવા પડે, તેમને આકરાં વેણ પણ સંભળાવવાં પડે છે.'

લક્ષ્મીપતિ શેઠની નગરમાં ઘણી ઉઘરાણીઓ બાકી હતી. કેટલીક તો મહિનાઓ અને વરસોથી હજી વસુલ નહોતી થઈ. શેઠ ભીમસેનને રોજ બે ચાર જગાએ મોકલતા.

ભીમસેન ત્યાં જતો ને ખાલી હાથે પાછો ફરતો. એક દમડીની પણ ઉઘરાણી તે વસુલ કરી શકતો નહિ. અને એ કયાંથી કરી શકે? સ્વભાવથી જ તે શરમાળ પ્રકૃતિનો હતો. તેમાંય માંગતા તો તેનું માથું વઢાઈ જતું હતું.

જયાં એ જતો ત્યાં એ માત્ર આટલું જ કહેતો : 'મારા શેઠે પૈસા મંગાવ્યા છે. ઘણી રકમ તમારી પાસે તેમને લેવાની નીકળે છે. તો એ આપીને મારા શેઠ ઉપર ઉપકાર કરો.'

આવી નમ્ર વાણી કોણ સાંભળે? સૌ તેની પાછળથી મજાક કરતાં અને અવારનવાર ધક્કા ખવડાવતા.

ઘણા દિવસ સુધી એક પણ દમડી છૂટી ન થઇ એટલે શેઠનો મિજાજ ગયો. આખર તો એ વેપારી ને? વેપારી વાણિયો બધી જ ગણત્રી મૂકે. ભીમસેન ને તેના કુટુંબ

પાછળ પોતે ખર્ચ કરે છે, તો તેણે અમુક કામ તો કરી જ આપવું જોઇએ. એટલું કામ ન થઈ શકે તો દુકાને તાળુ મારવું પડે ને ભિખ માંગવાનો જ સમય આવે. લક્ષ્મીપતિ શેઠની આ માટે તૈયારી ન હતી. આથી એક દિવસ એ ઊંચા અવાજે બોલ્યા :

'અરે ભાઇ! તું તો કામ કરે છે કે વેઠ ઉતારે છે? કેટલાય દિવસથી તને ઉઘરાણીનું કામ સોંપ્યું છે. પણ તું તો હજી એક બદામ પણ વસુલ કરી નથી લાવ્યો. આમ કેમ ચાલે? તું કામ ન કરે તો મારે તને પગાર કેવી રીતે આપવો?'

આ સાંભળી ભીમસેને શાંતિથી જવાબ આપ્યો : 'શેઠ! હું રોજ એ બધાની ત્યાં જઉં છું. ને કહું છું, મારા શેઠના પૈસા આપીને તેમના પર ઉપકાર કરો. પણ મારી વાત કોઈ સાંભળતું નથી.' ભીમસેને સાચી વાત જણાવી.

'અરે મૂઢ! એમ તે કંઇ ઉઘરાણી વસુલ થતી હશે? લેણદારથી તે એમ બોલાતું હશે? એ વળી આપણા ઉપર ઉપકાર શાના કરે? ઉપકાર તો આપણે કર્યો છે, કે તેમને મુશ્કેલીમાં ઉધાર આપ્યું છે. એવાઓને તો ધમકાવવા જોઇએ. ઉગ્ર શબ્દોથી તેમની સાથે વાત કરવી જોઈએ. એ લોકોએ આપણને પગે લાગવું જોઇએ, તેને બદલે તો તું તેમને પગે લાગે છે. સાવ ગમાર છે! ગમાર તું તો. માત્ર શરીર જ તગડું કરી જાણ્યું છે. બુદ્ધિ તો જરા બળી નથી. હવે તને હું કેવી રીતે મારે ત્યાં કામે રાખી શકું?

શેઠનાં આવાં વચનો સાંભળી ભીમસેન લજ્જા અનુભવવા લાગ્યો અને નોકરી જવાના ભયથી ગળગળો બની ગયો. શેઠને આર્જવભર્યા કંઠે તે કહેવા લાગ્યો :

'નહિ નહિ, શેઠ! એવું ન બોલશો. તમે તો દયાળુ છો. મારા પરમ ઉપકારી છો. તમે મને નોકરીમાંથી કાઢી મુકશો તો હું કયાં જઇશ? મારું શું થશે? હું તો આપનો બાળક છું. મારા ઉપર આપ ક્રોધ ન કરો. હું બરાબર ધ્યાનથી બધાં કામ કરીશ.'

લક્ષ્મીપતિ શેઠને પણ દયા આવી ગઇ. તેમણે મૌન ધારણ કર્યું. થોડીવાર પછી બોલ્યા : 'ઠીક, હવેથી કામમાં બરાબર ધ્યાન રાખજે. અને કડક રીતે ઉઘરાણી કરજે.'

ભીમસેન તે પછી કામમાં બરાબર ધ્યાન રાખવા લાગ્યો. પોતાનાથી કંઈ ભૂલ ન થઈ જાય તેમ કાળજી રાખવા લાગ્યો ઉઘરાણી કરવામાં તે થોડો ઉગ્ર થવા લાગ્યો. આમ તેનું ગાડું ચાલવા લાગ્યું.

પણ વિધિને ભીમસેનનું ગાડું બરાબર ચાલે તે પસંદ ન હતું. એ હજી તેની ઘણી કસોટી કરવા માંગતી હતી.

એક દિવસ એવી કસોટી આવીને ઊભી રહી. એક બપોરે શેઠ ઘેર આવ્યા. તેમને દેહશૌચ માટે જવું હતું. આ માટે તેમને પાણી જોઈતું હતું. ભદ્રા તે સમયે ઉપરના ખંડમાં હતી. આથી સુશીલાએ કળસો પાણી ભરીને આપ્યો. દેહશૌચથી આવ્યા બાદ તેણે જ શેઠને હાથ-પગ ધોવરાવ્યા. આ સમયે અનાયાસ જ શેઠની નજર સુશીલા ઉપર ગઇ.

અને તેના નિસ્તેજ વદનને નિર્દોષ અને કરુણા ભાવે જોવા લાગ્યાં.

ભદ્રા શેઠાણીએ આ જોયું. તેનું મન અસૂયા ને ઈર્ષ્યાથી સળગી ઊઠયું. તેણે હજાર હજાર વિચાર કરવા માંડયા. તેનું મન કહેવા લાગ્યું : 'શેઠ તો સુશીલના રૂપ પાછળ આસક્ત થયા છે. તું અત્યારથી સવેળા નહિ ચેતે, તો એક દિવસ સુશીલા આ ઘરમાં બેસશે, તે તને ધક્કા મારીને બહાર કાઢી મૂકશે.'

સુશીલા કે શેઠના મનમાં તો આવા વિચારનો એક અંશ પણ ન હતો. પરંતુ ભદ્રાએ તો એવું જ માની લીધું. અને શોક્યના વિચારથી તેનું હૈયું ભભડી ઊઠયું.

તેણે મનથી નક્કી કરી લીધું કે આ સુશીલાને હવે કોઈપણ હિસાબે અહીંથી દૂર કરવી જોઈએ. નહિ તો એક દિવસ એ મારા ધણીને છીનવી લેશે. અને મારો સંસાર ચૂંથી નાંખશે.

મનથી આમ નક્કી કરતાં જ તેણે પોતાની કુબુદ્ધિને કામે લગાડી દીધી. અને આ માટેનો તેને ઉપાય પણ તરત જ જડી આવ્યો.

તેણે ધીરે ધીરે અને એક પછી એક વાસણો, કપડાં ને ઘરેણાં લઈ જઇને પોતાના બાપના ઘેર મૂકી આવી.

પછી એક બપોરે શેઠ જમવા આવ્યા ત્યારે તેણે સુશીલા પાસે શેઠના માટે થાળી-વાડકો મંગાવ્યા. સુશીલા થાળી-વાડકો લેવા ગઈ. પણ થાળી-વાડકો હોય તો મળે ને?

સુશીલા ખાલી હાથે પાછી ફરી. આ જોઈને તે ગુસ્સાથી બોલી ઊઠી: ‘ખાલી હાથે કેમ આવી? થાળી–વાડકો લઈ આવ.’

‘ત્યાં તો કશું જ નથી.’ સુશીલાએ ડરતાં ડરતાં કહ્યું.

‘હેં શું કહ્યું? ત્યાં થાળી–વાડકો નથી? તો ગયાં ક્યાં? તેં જ તો સવારે ત્યાં મૂક્યાં હતાં. પછી જાય ક્યાં?’

‘મને શી ખબર બેન?’ સુશીલાએ કીધું.

‘તો કોને ખબર? મને ખબર? કુલટા! એક તો ચોરી કરે છે ને ઉપરથી શીરજોરી કરે છે? છેલ્લા કેટલાય દિવસથી ચાર પાંચ વાસણ ખૂટે છે પણ હું બોલતી નહોતી. અને શેઠને પણ કહેતી નહોતી. પણ આજ તો મારાથી રહેવાયું નહિ. મેં જ તને એ થાળી–વાડકો બહાર લઈ જતા જોઈ છે ને પાછી ઉપરથી શાહુકારી કરે છે કે મને ખબર નથી. આમ જ તું બધાં વાસણ ચોરી જતી લાગે છે. બોલ! એ થાળી–વાડકો તું ક્યાં મૂકી આવી છે? કોને આપી આવી છે? કોને વેચ્યાં છે? બોલને, મૂંગી શું મરી છે? મોંમાં મગ ભર્યા છે?’

સુશીલા તો આ સાંભળીને ડઘાઈ જ ગઈ. તે કંઇ જ ન બોલી. માથું ઢાળીને ઊભી રહી. શેઠ અને ભીમસેન પણ આ વાત સાંભળી સજ્જડ થઈ ગયા.

સુશીલાને એમ મૌન ઊભેલી જોઈ ભદ્રા ફરીથી તાડુકી ઊઠી:

‘બોલે શેની બાપડી! બોલે તો એ ખાય ને. મને તો

પહેલેથી જ એનાં લક્ષણ સારાં નહોતાં જણાતાં. આજે તો વાસણ ચોર્યાં કાલે મારાં ઘરેણાં ચોરી જશે. કાલે તમારી પેટીમાંથી ધન ચોરી જશે. આવી ચોર બાયડીનો વિશ્વાસ શો?' એમ એકી શ્વાસે ભદ્રા બોલતી જ ગઇ. પછી જાણે કંઇક યાદ આવ્યું હોય એમ ડોળ કરીને ફરી બોલી: 'મારે હમણાં ને હમણાં મારા દાગીનાની તપાસ કરવી પડશે. એ તો ઉપાડી નથી ગઇને? આવી હલકટ સ્ત્રીનો વિશ્વાસ શો?' એમ બોલીને એ પોતાના દાગીનાની તપાસ કરવા લાગી. આ માટે તેણે બધું ઉપર નીચે કરી નાંખ્યું. છેવટે કંઇ જ હાથમાં ન આવ્યું એટલે છાતી કૂટતી ને મોટે મોટેથી રડતાં એ બોલવા લાગી.

'અરેરે! આ રાંડે તો મને લૂંટી લીધી રે! મારા ઘરેણાં તેણે ચોરી લીધાં રે! હાય! હવે શું કરીશ રે!... મારા બાપને હવે શું જવાબ આપીશ રે!....'

આ તો સ્ત્રીનું રુણું. તેમાંય ભદ્રા શેઠાણી રડવા બેઠાં. એ કંઇ રડવામાં બાકી રહે? અને તેને તો ખોટું જ રડવાનું હતું. રડીને સામાના દિલની સહાનુભૂતિ જીતી પોતાની વાત સાચી કરાવવાની હતી. આથી એ તો છાતીફાટ રડયાં. જાણે સાત ખોટનો એકનો એક દીકરો ભરજવાનીમાં મરી ન ગયો હોય.

ભદ્રાનો રડવાનો અવાજ સાંભળી આડોસી પાડોશીઓ ભેગા થઈ ગયા. તમાસાને તેડું થોડું હોય છે? વગર આમંત્રણે જ સૌ એક પછી એક આવવા લાગ્યા. અને અંદર અંદર

એકબીજાને પૂછવા લાગ્યા : 'શું થયું ? આ આમ છાતી કેમ કૂટે છે ?'

બધાને ભેગા થયેલા જોઈ ભદ્રાએ તો, હતું એટલું બધું જોર કરીને રડવા માંડયું. અને રડતાં રડતાં તેણે સુશીલાને ગાળો દેવાનું ચાલું જ રાખ્યું.

લક્ષ્મીપતિ શેઠ આખર કંટાળી ગયા. છતાંય તેમણે શાંતિ રાખી અને ભદ્રાને સમજાવવા માંડી :

'તું નકામી રડે છે. આ લોકો એવા માણસો નથી. તું વૃથા એમના ઉપર આળ ચડાવે છે. શાંત થા અને ઘરમાં તપાસ કર. કયાંક આડાં અવળાં વાસણ મુકાઈ ગયાં હશે.'

શેઠને આ પ્રમાણે સુશીલાની તરફેણ કરતાં જોઇ ભદ્રાએ તો ઊંધો જ વિચાર કર્યો. નક્કી આ દાસીએ શેઠ ઉપર ભુરકી નાંખી છે. અને શેઠ પણ તેના રૂપમાં મોહી પડ્યા છે. આવા સમયે તો આવા દુષ્ટ માણસોની ખબર લઈ નાંખવી જોઇએ, તેના બદલે આ તો મને જ શીખામણ આપે છે. મારે હવે વધુ ગુસ્સે થવું પડશે. શેઠની પણ ધૂળ કાઢવી પડશે. આમ મનમાં ને મનમાં વિચારતી વિફરેલી વાઘણની માફક એ શેઠ ઉપર તાડુકી ઊઠી.

'હા. હા. કહોને. હું તો તેમના ઉપર ખોટું આળ ચડાવું છું. અરેરે ! તમે મને પણ ન ઓળખી ! વરસોથી હું તમારી સેવા કરું છું, અને આ તો હજી આજકાલ આવી છે. હું જુઠું બોલું છું ને આ તો બાપડી સત્યવાદી હરિશ્ચંદ્રની દીકરી છે ! ! અરેરે ! હું મારું દુઃખ કોને કહું ?

જ્યાં ધણી જ રૂઠયો હોય, ધણી જ એક ગુલામડીના રૂપમાં આંધળો બન્યો હોય, ત્યાં મારું શું ચાલે? અરેરે! હાય રે મને તો આ દાસીએ બરબાદ કરી નાંખી! એક તો મારા એણે વાસણ વેચી નાંખ્યાં....ઘરેણાં ચોરી ગઈ...અને હવે મારા ધણીને કામણ કરવા બેઠી છે....'

ભદ્રાનું આ નવું સ્વરૂપ જોઇને તો સુશીલા, ભીમસેન અને શેઠ ત્રણેય સજ્જડ થઈ ગયાં. સુશીલાના શરીરમાંથી જાણે લોહી ઊડી ગયું. તેનું હૈયું આક્રંદ કરી ઊઠયું: સમભાવથી તેણે ચોરીનો આરોપ સાંભળી લીધો. પણ ભદ્રાનો ચારિત્ર્ય ઉપરનો આ આક્ષેપ તેનાથી સહન ન થયો. છતાં પણ મનનો કાબૂ ગુમાવ્યા વિના, ખૂબ જ શાંતિ અને નમ્રતાથી તેણે કીધું:

'શેઠાણી મા! તમે આ શું બોલો છો? શેઠ તો મારા પિતા સમાન છે. હું તો તમારી દીકરી બરાબર છું....'

સુશીલાનું આ બોલવું આગમાં ઘી પડવા જેવું બની ગયું. ભદ્રાને એથી બળ મળ્યું. તે તરત જ તેને ઝપટમાં લેવા લાગી:

'જોઈ જોઈ મોટી દીકરી બનવાની વાત! શરમ નથી આવતી તને આવું કહેતા? કયાં તું એક ગુલામડી ને કયાં અમે? અને આમ કાલું કાલું બોલીને જ તેં મારા ધણીને ફસાવી નાખ્યો છે. હું તારી જાતને ઘણું ઓળખું છું. કુલટા! તારો ધણી મરી ગયો તો તે મારા ધણીને હવે કામણ કરવા માંડયાં છે? એક તો તેં ચોરી કરી, ને ઉપરથી શીરજોરી કરે છે. ન જાણે તેં આવા તો કેટલાય ઘર ભાંગ્યા હશે?'

ભદ્રાનું આમ રડવાનું ચાલુ જ હતું, ત્યાં અગાઉથી નક્કી કર્યા પ્રમાણે તેના બાપ અને ભાઈઓ ત્યાં દોડી આવ્યા.

ભદ્રાને તો રોતા'તા ને પિયરીયાં મળી ગયાં. તેમને જોઇ એ વધુ જોરથી રડવા લાગી ને છાતી કુટવા લાગી. આથી ભદ્રાના બાપે શેઠને કીધું :

'અરે શેઠ! આવા દુષ્ટ માણસોને તે કંઇ ઘરમાં રખાતા હશે? તમે તેઓને હમણાં ને હમણાં બહાર કાઢી મુકો અને કકળાટને શાંત કરો.'

પોતાના સસરાની આ શીખામણ સાંભળીને તેમને કહ્યું: 'શેઠ! તમે નકામી ચિંતા કરો છો. આ માણસો એવાં ચોર ને લબાડ નથી. બિચારા! કર્મની કઠણાઇથી આજ તેઓ આવી દશાને પામ્યા છે. મેં કયારેય પણ તેઓને ખરાબ રીતે વર્તન કરતાં જોયાં નથી. તેઓ સૌ ઘણાં જ શાંત અને સહિષ્ણુ છે. આપણે તો આવા ગરીબ માણસોની દયા કરવી જોઈએ અને તેઓને બનતી બધી મદદ કરવી જોઈએ, તેના બદલે તેઓને ઘર બહાર કાઢી મુકીએ તો આપણો તો ધર્મ જ લાજે ને?

અને લક્ષ્મી તો વીજળીના ચમકારા જેવી ચંચળ છે. પૂર્વભવમાં શુભ કર્મો કર્યાં હોય તેને જ આ ભવે તે મળે છે. અને જેઓ આ ભવમાં એવાં શુભ પુણ્ય તેમજ પરોપકારનાં કામ કરતાં નથી, તેઓની લક્ષ્મીને જતી રહેતા વાર લાગતી નથી.

અને આ બિચારા! વધુ મારી પાસે માંગતા પણ નથી.

તેમને હું જે આપું છું, તેમાં તેઓ સંતોષ માને છે અને આનંદથી મારું તથા ઘરનું કામ કરે છે.'

ભદ્રાએ જોયું કે આ તો બાજી બગડતી જાય છે. અને જો પોતે હવે શાંત પડી જશે તો બની બનાવેલી બાજી બધી જ ઊંધી વળી જશે. આથી એ શેઠને જ ઊંચા અવાજે કહેવા લાગી :

'રહેવા દો, હવે રહેવા દો. હું પણ તમારા લખ્ખણ બધાં પારખી ગઈ છું. તમે આ દુષ્ટ દાસીના રૂપમાં લુબ્ધ બની ગયા છો. એટલે તમે એનાં વખાણ કરો છો. પણ નહિ, હું નહિ ચલાવી લઉં. મારે હવે આ ઘરમાં તે એક ઘડી પણ ન જુએ. હમણાં ને હમણાં તે બધાંને આ ઘરમાંથી હાંકી કાઢો.'

શેઠ તો આ સાંભળીને હતપ્રભ જ થઈ ગયા. પોતાની સગી પત્ની જ પોતાના ઉપર કલંક લગાડતી હતી. કોને ફરિયાદ કરે ? તે તરત જ બીજા ખંડમાં ચાલ્યા ગયાં. એટલે ભદ્રા શેઠાણીએ તરત જ સુશીલા અને તેના બાળકોને બાવડેથી પકડીને ખેંચ્યા. અને કહ્યું :

'નીકળો મારા ઘરમાંથી. મારે તમારૂં હવે જરાય કામ નથી. ખબરદાર ! જો હવે ફરીથી મારા ઉંબરે પગ મૂક્યો છે તો !' એમ બોલી તેણે એ સૌને ધક્કા મારી ઘરની બહાર ધકેલી મૂક્યા.

ભીમસેન પણ આ અપમાન સહન ન કરી શક્યો. કુલિન પુરુષો ભૂખનું દુઃખ સહન કરી શકે છે. ગરીબાઈને

તે જીરવી શકે છે. પણ આ જાતનું કલંક ને આ જાતના અપમાન તેઓ સહન કરી નથી શકતાં. આથી ભીમસેન રડતી આંખે ને બળતા હૈયે સુશીલા અને બાળકોને લઈ બહાર નીકળી ગયો.

બાળકો–દેવસેન અને કેતુસેન આ જોઇને ડઘાઈ જ ગયા હતા. તેમને સમજ નહોતી પડતી કે આ શેઠાણી કેમ મારા મા–બાપને વઢે છે ને કેમ ગાળો દે છે. તે તો આ સાંભળીને હીબકે ને હીબકે રડતાં હતાં.

દેવસેન સુશીલાને રડતા રડતા પૂછતો હતો: 'મા! મા! આ લોકો આપણને કેમ આમ બહાર કાઢી મુકે છે?'

કેતુસેન પણ પૂછતો હતો: 'મા! મા! હવે આપણે ક્યાં જઈશું?'

સુશીલા અને ભીમસેન તેનો શું જવાબ આપે? તેમને જ પોતાને કયાં ખબર હતી કે હવે કયાં જવાનું છે! કર્મના આદેશની જ તેઓ રાહ જોતાં હતાં. એ જયાં દોરી જાય ત્યાં જવાનું હતું. છતાંય સુશીલાએ કીધું:

'બેટા! આપણી લેણ દેણ પૂરી થઈ. હવે તો જ્યાં ભાગ્ય દોરી જાય ત્યાં જવાનું.'

શેઠનું અંતર આ લોકોને આમ જતાં જોઈ દયાથી દ્રવી ઊઠ્યું. તેમને થયું: 'આ બાપડા કયાં જશે? શું કરશે? શું ખાશે? આ ફૂલ જેવા બાળકોનું હવે શું થશે?' આમ વિચાર કરતાં તે શેઠાણીથી છાનામાના ઘરમાં સીધુ લેવા ગયા. અને સીધાની પોટલી સંતાડી ભીમસેનને આપવા બહાર નીકળ્યા.

ભદ્રાએ એ જોયું. ને તરત જ વાંદરાની જેમ કુદકો મારી તેણે એ પોટલી છીનવી લીધી. અને શેઠને બળતા લાકડાનો જોરથી પ્રહાર કર્યો. પ્રહારથી શેઠનું મન વધુ વ્યગ્ર ને વ્યથિત થઈ ગયું. તેઓ તરત જ હાથ પંપાળતા દુકાને ગયા. ભદ્રા પણ જાણે કંઈ બન્યું નથી એમ માનીને ચાદર ઓઢીને સૂઈ ગઇ.

ભીમસેન થોડીવારે દુકાને આવ્યો અને શેઠને બે હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યો : 'શેઠજી ! મારા ઉપર આપ દયા કરો. અને ભોજન લાવવા માટે મને થોડાક દામ આપો.'

ભીમસેનની આ માંગણી સાંભળી શેઠ વિચારમાં પડી ગયા. કારણ તેમણે નક્કી કર્યું હતું કે દુકાનમાંથી એકે પણ દમડીનો વ્યય ન કરવો. અને બીજી જે કંઈ રકમ હતી તે તો ઘરે પડી હતી અને ભદ્રાને તે રકમની ખબર હતી. આથી એ તો ધર્મસંકટમાં મુકાઇ ગયા. અને કંઈપણ જવાબ આપ્યા વિના મૌન બેસી રહ્યા.

આ જોઈ ભીમસેને ફરી આજીજીભર્યા સ્વરે કહ્યું : 'શેઠ ! આપ તો સજ્જન અને દયાળુ છો. સજ્જન પુરુષો તો હમેશાં દુ:ખીયા ઉપર દયા કરે છે. આપ મારા ઉપર દયા કરો અને આપ મારા ભોજન માટે કંઈ પ્રબંધ કરી આપો! આપ જો ભોજન વગેરે ન આપી શકો તો મારા પગારમાં વધારો કરી આપો. જેથી મારું ગુજરાન ચાલી શકે. હું તેટલામાં સંતોષ માનીશ. કારણ સંતોષ સમાન આ જગતમાં બીજું એકેય સુખ નથી. અને શેઠ ! હું તમારું કામ ખૂબ

જ કાળજીથી કરીશ. માટે હે દયાળુ! તમે મારા ઉપર દયા કરો.'

શેઠનું હૃદય આ સાંભળીને પીગળી ગયું. તેમણે તરત જ બે રૂપિયા આપ્યા. અને કહ્યું : 'લે આ બે રૂપિયા, અને જોઇતી વસ્તુઓ વગેરે ખરીદી લાવજે.'

બે રૂપિયા કયાં સુધી ચાલે? ભીમસેને તેમાંથી એક રૂપિયાની વાસણ તેમજ બીજી અનાજ વગેરેની ખરીદી કરી. અને એમ થોડા દિવસ કાઢી નાંખ્યા. છેવટે એક દમડી પણ તેની પાસે બચી નહિ. ફરી પાછો એ સાવ નિર્ધન થઈ ગયો.

આથી ફરી એક દિવસે ભીમસેને શેઠને કીધું: 'શેઠજી! તમે આપેલા દામ તો બધા જ ખર્ચાઇ ગયા. હવે મારી પાસે ફુટી બદામ પણ નથી. અને અર્થમાં લુબ્ધ બનેલો માનવી તો સ્મશાનની સાધના કરવામાં પણ પાછુ વાળીને જોતો નથી. કહ્યું છે કે વયવૃદ્ધો, તપવૃદ્ધો અને જ્ઞાનવૃદ્ધો પણ ધનિકોના ઘરે આશાથી જાય છે. હે શેઠ! મને ભોજનની ખૂબ જ ચિંતા રહે છે. મારા બાળકો ને પત્ની તેમજ હું પણ ભૂખ્યા પેટે દિવસો કાઢીએ છીએ. તો તમે મારો પગાર વધારી આપો અને મારા પગારમાંથી થોડા દામ આપી મારા ઉપર ઉપકાર કરો.'

શેઠે આ વખતે દયા ન કરી. તેમણે તરત જ કહ્યું: 'જો ભાઈ! હું હવે તને એક બદામ પણ આપી શકું તેમ નથી. બીજે તને જ્યાં વધુ મળતું હોય ત્યાં સુખેથી જા. હું તો તને માત્ર બે જ રૂપિયા મહિને આપીશ.'

આ સાંભળીને ભીમસેન વિચારવા લાગ્યો: 'સાચી વાત છે. કંજુસ માણસો આવા જ હોય છે. ચમડી તોડે પણ દમડી ન છોડે. લોઢાના ચણા ચાવવા, નાગના માથેથી મણિ ઉતારી લેવો, સુતેલા સિંહને છંછેડવો, એક હાથમાં પર્વત ઉંચકવો, તીક્ષ્ણ અસિધારાનો સ્પર્શ કરવો, આ બધું જ અશકય છે. છતાં તે પણ કદાચિત બનવાનો સંભવ ખરો. પણ કંજુસ માણસ પાસેથી ધનની આશા રાખવી સદા, સર્વથા અશકય જ છે. અને એવા કૃપણ માણસો નપુંસક જેવા હોય છે. જે ધનને ભોગવી પણ નથી શકતા અને બીજાને દાન પણ કરી નથી શકતા. ખરેખર વિદ્વાનોએ સાચું કહ્યું ને કે, ધન વૈભવ વગરના માણસે અગ્નિમાં પ્રાણોની આહુતિ આપવી શ્રેષ્ઠ છે, પરંતુ દયાહીન કંજુસ માણસને પ્રાર્થના કરવી તો જરાય સારી નથી.'

આમ વિચારોમાં મૂઢ બનીને દીન વદને શેઠની દુકાનેથી ભીમસેન પાછો ફર્યો. અને રસ્તા ઉપર ચિંતાથી ચાલવા લાગ્યો.

તેના મનમાં હજાર હજાર પ્રશ્ન ઊઠતા હતા: 'હવે કયાં જવું? શું કરવું? બાળકોને શું ભોજન આપવું? કયાં રહેવું? કોને દુઃખની વાત કરવી? કોણ મારા ઉપર ઉપકાર કરે? ન જાણે આ દુઃખોનો કયારે અંત આવશે?'

આ ચિંતાના ભારમાં જ તે એક સ્થળે જઈને માથે હાથ દઈને બેસી ગયો.

□

૧૬

# 'નહિ જઉં બેટા! હાં'

ભીમસેન રસ્તાની એક બાજુ બેઠો હતો. તેના વદન ઉપર ચિંતાઓ સ્પષ્ટ જણાતી હતી. ભૂખના લીધે તેનું વદન મ્લાન બની ગયું હતું. આંખોમાં આંસુ તરવરતાં હતાં. અને અંગે અંગમાંથી થાક વરતાતો હતો. નોકરી જતી રહેવાથી તે સખ્ત મુંઝવણ અનુભવી રહ્યો હતો.

આ નગરમાં તે પરદેશી હતો. દયાભાવથી લક્ષ્મીપતિ શેઠે તેને નોકરી આપીને આશરો આપ્યો હતો. એ એકમાત્ર આશરો છીનવાઈ ગયો હતો. તેમાં ઘણી ખરાબ રીતે તેને ઘરબહાર નીકળવું પડયું હતું. આથી હવે બીજું કોણ આ નગરમાં તેને કામ આપે? આ વિચારથી તે સતત ને અસહ્ય અકળામણ અનુભવી રહ્યો હતો. તેની બુદ્ધિ કામ નહોતી કરતી. તે અનેક સંકલ્પ વિકલ્પ કરતો હતો. પોતાના ભાગ્યને જ દોષ દેતો હતો. અને વીતરાગ પ્રભુનું સ્મરણ કરતો તે આ ઉપાધિમાંથી ઉગરવાનો વિચાર શોધી રહ્યો હતો.

ત્યાં એક આગંતુકે તેને આ દશામાં જોઈને સહાનુભૂતિથી પૂછયું: 'અરે ભાઈ! તું આમ કેમ મ્લાન વદને

અહીં બેઠો છે? તારી મુખમુદ્રા જોતાં લાગે છે તારા ઉપર ઘણી ઉપાધિ આવી પડી છે. શું છે ભાઇ! જે હોય તે મને જણાવ. મારાથી બનતી સહાય હું તને જરૂર કરીશ.'

આગંતુકની આ સહૃદયતા જોઈ ભીમસેને પોતાની વિતકકથા કહી સંભળાવી. એ કથાના એક એક શબ્દે પેલા આગંતુકના હૃદયને રડાવ્યું. અરેરે! માનવીની આ દશા? આહ! શા વિધિના ખેલ છે? ખરેખર કર્મની સત્તા ઘણી જ નિષ્ઠુર છે!

વાત પૂરી થઈ એટલે આગંતુકે કીધું: 'ભાઈ! તારી વેદના ઘણી જ અસહ્ય છે. એ વેદના દૂર કરવા હું તને એક રસ્તો બતાવું છું. ત્યાં તું જા. તારી બધી જ નિર્ધનતા ત્યાં દૂર થઈ જશે.

અહીંથી બાર યોજન દૂર પ્રતિષ્ઠાનપુર નામે નગર છે. એ નગરમાં ઘણા જ ધનાઢ્યો અને ઉદાર પુરુષો રહે છે. એ નગર ઉપર અરિંજય નામે રાજા રાજ્ય કરે છે.

એ રાજા ઘણો જ દયાળુ અને પરોપકારી છે. તે દર છ મહિને પ્રજાના દુઃખ, દર્દ જાણવા બહાર નીકળે છે. અને અનેક દુખિયાઓને તે મદદ કરી તેમના ઉદ્ધાર કરે છે. જરૂરતવાળાને ધન આપે છે. ભૂખ્યાને અન્ન આપે છે. નવસ્ત્રાને વસ્ત્ર આપે છે, ઘરબાર વિનાને રહેઠાણ આપે છે. બેકારોને નોકરી આપે છે. અપંગો અને અનાથોનું રક્ષણ કરે છે. સાધુ અને સંતોની સેવા કરે છે. પોતાના કર્મચારીઓને તે યોગ્ય પારિતોષકો આપે છે. જીવનનિર્વાહ માટે તે

દરેક કર્મચારીને પ્રતિમાસ બત્રીસ રૂપિયા આપે છે, આમ અનેક રીતે તે દયાધર્મનું પાલન કરે છે.

અને આ રાજાનો જમાઇ છે, તે તો તેમનાથી પણ વધુ મહેનતાણું આપે છે. પ્રતિમાસે ચોસઠ રૂપિયા તે આપે છે. જિતશત્રુ તેનું નામ છે.

તો ભાઈ! તું બધા જ સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરીને એ રાજા પાસે પહોંચી જા. ત્યાં તારું જરૂર કલ્યાણ થશે અને તારી સઘળી ચિંતા દૂર થઈ જાશે.'

ભીમસેને એ આગંતુકનો આ વાત માટે આભાર માન્યો. અને ત્યાં જવા માટેનો વિચાર કરતો કરતો તે સુશીલા અને કુમારો પાસે આવ્યો. આવીને બધી હકીકત જણાવી અને પોતે ત્યાં જવા માંગે છે એ પણ જણાવ્યું.

આ શુભ સમાચાર જાણી સુશીલા આનંદમાં આવી ગઈ. અને આ માટે તેણે પ્રભુનો પાડ માન્યો. એ પછી ભીમસેને સુશીલાને કીધું :

'પ્રિય! જો તું મને અનુમતિ આપે તો હું એ નગરમાં જઈ આવું. બે ત્રણ માસમાં તો હું પાછો આવી જઈશ. ત્યાં સુધી તું અને બાળકો અત્રે જ રહેજો.'

સુશીલા શું જવાબ આપે? હા પાડે તો પતિનો વિયોગ સહન કરવો પડતો હતો. અજાણ્યા નગરમાં એકલા રહી બાળકોને ઉછેરવા પડતા હતા. અને ના પાડતી હતી તો દુઃખ દૂર થાય એમ ન હતું. આથી તેણે કંઈ જવાબ ન આપ્યો. મૌન બેસી રહી.

સુશીલાને મૌન જોઈ ભીમસેન તેને સમજાવતો બોલ્યો: ‘તું જરાય ચિંતા ન કરીશ. કાર્યની સિદ્ધિ થતાં હું દોડતો આવી પહોંચીશ. તું તો જાણે છે કે જે માણસ દેશાંતર કરતો નથી, નવા નવા રીતરિવાજ, નવી નવી ભાષાઓ અને વિવિધ સંસ્કારો જાણતો નથી, શાસ્ત્ર વિશારદ એવા પંડિતોની જે ચરણ સેવા કરતો નથી, તેવા માણસની બુદ્ધિ ખીલતી જ નથી. તે સદાય સંકુચિત જ રહે છે.

જેમ તેલનું ટીપું પાણીમાં પડી ગયું હોય તો તે વિસ્તારને પામે છે. તેમ જેઓ દેશાંતર કરે છે, અવનવા માણસોના વિવિધ સંસ્કાર અને રીતભાતોના સંપર્કમાં આવે છે, તેમની બુદ્ધિ વિકાસ પામે છે. અને જેઓ તેમ નહિ કરતાં આળસ ને પ્રમાદમાં સમય પસાર કરી માત્ર ખોટા ને દુર્બળ વિચારો કરી એક જ જગાએ પડયા રહે છે, તેઓ તો દરિદ્રતાને જ વરે છે.

આ માટે નીતિશાસ્ત્રના વિચક્ષણ પંડિતો જણાવે છે. કે, દેશવિદેશમાં ફરનારાઓ, નિત્ય નવા નવા કૌતુકોને જુવે છે અને વેપાર કરીને ઘણું ધન કમાઈને જ્યારે તેઓ પોતાના વતન પાછા ફરે છે, ત્યારે પતિના વિયોગમાં તડપતી તેઓની પત્ની તેમનું ઉમળકાથી ને આવેગથી સ્વાગત કરે છે. લોકો પણ એવા પુરુષને ધન્યવાદ આપે છે ને તેની ભુરી ભુરી પ્રશંસા કરે છે.

પરંતુ જે પુરુષ કાયર બનીને માત્ર ઘરમાં જ બેસી રહે છે, કંઇ પણ ઉદ્યમ કે પ્રયત્ન કરતો નથી, એવા નિર્ધન અને

કંગાળને તેની પત્ની પણ ઉપેક્ષા કરે છે અને તેને વ્યંગ બાણોથી વીંધે છે. એવા માણસો સૌથી ભય પામે છે અને બીજાઓને મળતાં પણ શરમ અનુભવે છે. આવા આળસુ ને પ્રમાદી જનો કુવાના દેડકા જેવા હોય છે. તેઓ આ વિશાળ દુનિયાના આશ્ચર્યોને કેવી રીતે જાણી શકે અને કેવી રીતે સુખને માણી શકે ?

દેશાંતર ગમન કરવાથી રાણકપુર, ભદ્રેશ્વર, શંખેશ્વર આદિ તીર્થોની યાત્રાનો લાભ મળે છે. સ્થાને સ્થાને નવા પરિચયો થાય છે. અનેક અવનવા અનુભવો મળે છે. આથી બુદ્ધિ વધે છે. વાણીમાં મીઠાશ આવે છે. તેમજ અનેક પ્રકારે પ્રયત્ન કરવાથી ધનનો પણ લાભ મળે છે. આવા તો અનેક લાભો દેશાંતરમાં રહેલા છે.

માટે હે ભામિની ! એટલો કાળ તું મારા વિયોગનું દુઃખ સહન કર. ત્યાં સુધીમાં હું ઘણું ધન કમાઈને પાછો ફરીશ.'

જેમ જેમ ભીમસેન દેશાંતરની વાત કરતો ગયો, તેમ તેમ સુશીલાનું હૈયું વધુ ને વધુ શોક અનુભવવા લાગ્યું. પતિના વિરહના વિચાર માત્રથી તેનું અંતર રડી ઊઠયું, ને તે આંસુ સારવા લાગી. અને બોલી :

'હે સ્વામિન ! આવા દુઃખના સમયે આપ અમને છોડીને ચાલ્યા જાવ તે કેવી રીતે યોગ્ય ગણાય ? જો શરીર નિરોગી હોય તો કોઈની પણ અપેક્ષા રહેતી નથી. પરંતુ

નાથ! દુઃખમાં તો કુટુમ્બીજનો ઉપકારક છે. આથી હે વલ્લભ ! અમને પણ તમારી સાથે જ લઈ જાવ.'

સુશીલાની સાથે આવવાની વાત સાંભળી ભીમસેન બોલ્યો : 'પ્રિયે ! તારી વાત સાચી છે. પણ ત્યાં તમને સૌને કેવી રીતે લઈ જવાય ? કારણ જ્યાં ઉદ્દંડ ને ઉચ્છંખલ સૈનિકોની સાથે કામ કરવાનું હોય, જ્યાં તેઓની જ વસ્તી વધુ હોય, એવા સ્થાનમાં સ્ત્રીને લઇને રહેવું યોગ્ય નથી. તેથી તો ઘણી બીજી ઉપાધિ આવી પડે. માટે હે વલ્લભે ! એટલો સમય તું પ્રભુનું સ્મરણ કરતી મારા વિયોગને સહન કરજે. તને ખ્યાલ પણ નહિ આવે એટલી ઝડપથી હું ધન કમાઈને તરત પાછો ફરીશ.

'તું અહીં આપણા સંતાનોનું રક્ષણ કરજે. કારણ એ જ આપણું સત્ય ધન છે.'

આ વાત ચાલતી હતી, ત્યાં જ દેવસેન અને કેતુસેન રડતા રડતા ત્યાં આવી પહોંચ્યા. તેમનાં વસ્ત્રો જીર્ણ થઇ ગયાં હતાં અને આંખો પણ તેમની નિઃસ્તેજ બની ગઈ હતી. વદન તો સાવ મ્લાન જણાતાં હતાં. આવતાં જ તેઓએ સીધું પૂછ્યું :

'પિતાજી ! પિતાજી ! તમે અમને મૂકીને ક્યાં જાવ છો ? દેશાંતર કરવા તો સુખી લોકો જ જાય છે. અને અમને મૂકીને જ જો તમે ચાલ્યા જવાના હો, તો પિતાજી ! અમારો શિરચ્છેદ કરો અને પછી તમે સુખેથી ગમન કરો.'

પુત્રોની આવી વાણી સાંભળી ભીમસેનને ઘણું દુઃખ

થયું. તેની ઇચ્છા પણ પોતાના બાળકોને ત્યજીને જવાની નહોતી, પરંતુ એમ કર્યા સિવાય છુટકો જ નહોતો. આથી તેણે બંને બાળકોને વહાલથી પંપાળ્યા. થોડીવાર રમાડચા અને તેમને સમજાવીને કહ્યું, 'નહિ જઉં બેટા ! હોં, નહિ જઉં. તમે તમારે સુખેથી આરામ કરો !'

રાત પડતાં જ બંને બાળકો પિતાના વચન ઉપર શ્રદ્ધા રાખીને સૂઇ ગયાં. બાળકોને ઘસઘસાટ ઊંઘતા જોઈ વહેલી સવારે ભીમસેન જાગ્યો. સુશીલા તો જાગતી જ પડી હતી. પોતાના સ્વામિને જાગેલા જોઈ, તે ઊભી થઈ. પ્રથમ તેણે પ્રણામ કર્યા.

ભીમસેને તેના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. અને પછી ખૂબ જ ધીમા અવાજે તેને મીઠા બોલથી બધી સુચનાને સલાહ આપી. અને સુશીલા તરફ એક મીઠી ને કરુણ નજર નાંખી ત્યાંથી વિદાય થયો.

સુશીલા કંઈવાર સુધી ભીમસેનને જતો જોઈ આંસુભીની આંખે ઊભી રહી.

□

૧૭

# પ્રથમ ગ્રાસે

વહેલી સવારનો શીતળ પવન ફુંકાતો હતો. વાતાવરણ આખુંય ખુશનુમા અને પ્રફુલ્લિત હતું. સુશીલાની વિદાય લઈ ભીમસેને પરદેશની વાટ પકડી.

પ્રથમ તેણે ભાવપૂર્વક ત્રણ નવકાર ગણ્યા. પછી પૂર્વદિશા સામે ઊભો રહી, બે હાથ જોડી સીમંધર ભગવંતની સ્તુતિ કરી. અને પોતાના આ કાર્યમાં સફળતા મળે તેવી વિનંતી કરી, નવકાર ગણતાં તેણે ચાલવા માંડ્યું.

ભીમસેનને આશા હતી. અરિંજય તેનું દુઃખ દુર કરી જ દેશે. આથી આશા ને ઉમંગથી તે ઝડપથી પંથ કાપતો હતો. વહેલી સવારથી તે બપોર સુધી ચાલતો. બપોરના કોઈ વાવના કાંઠે કે કોઇ શીતળ વૃક્ષની છાંય તળે આરામ કરતો. અને ફરી બપોર નમતાં નીકળી પડતો. રાતના કોઈ મંદિર, ધર્મશાળા કે ચોરા પર જમીન ઉપર ખૂલ્લા આકાશને જોતો સૂઈ રહેતો. ભૂખ લાગે ત્યારે રસ્તામાં આવતાં ફળવાળા ઝાડ ઉપરથી ફળ વગેરે ખાઇ

લેતો. અને સરોવર, નદી કે વાવનું જળ પી ક્ષુધા શાંત કરી લેતો.

આમ દડમજલ કરતાં એક દિવસ પ્રતિષ્ઠાન–નગરના પાદરે આવી પહોંચ્યો. આ ગામ અને નગરનો તેમજ રસ્તા અને માણસોનો અજાણ્યો હતો. વળી તેને તો અરિંજય રાજાને મળવું હતું. આથી તેણે પાદર આગળથી પસાર થતાં એક ભાઈને પૂછ્યું :

'હે મહાનુભાવ! હું એક વિદેશી દુઃખીયારો જીવ છું. પૂર્વભવના દુષ્કર્મના પરિણામે મુશીબતમાં આવી પડ્યો છું. મને કો'ક દયાળુ આત્માએ જણાવ્યું કે, આપના નગરનો રાજા દયાળુ છે. અને તે મારા જેવા દીન–દુખીઆનો ઉદ્ધાર કરે છે. તો હે સુજ્ઞ! મને એ નરેશનો ભેટો કરવાનો ઉપાય બતાવ.'

આ સાંભળીને તે ભાઈ બોલ્યો : 'ભદ્ર પુરુષ! તું ગઈકાલે કેમ અહીં ન આવ્યો? હજી ગઈકાલે જ રાજાનો જમાઈ આવ્યો હતો અને ઘણાને તેણે કામ અને ધન આપ્યું હતું. ભાઈ! તું એક દિવસ મોડો પડ્યો છું. હવે તો તારું કામ છ મહિને જ બનશે. ત્યાં સુધી તું આ નગરમાં રાજાની વાટ જો. એ સિવાય બીજો કોઈ ઉપાય હવે તારા માટે નથી.

આ સાંભળીને તો ભીમસેનની આંખે અંધારા આવવા લાગ્યા. તેનાં ગાત્રો ગળવાં લાગ્યાં. તેની એકની એક આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. તે ખિન્ન અને ઉદાસ બની

ગયો. તેનું હૈયું ભારે બની ગયું. તેનું મન વિષાદ અનુભવવા લાગ્યું :

'અરેરે ! ઓ ભાગ્ય ! તું કેટલું બધું નિર્દય છે ? તારે મને દુઃખ જ આપવું છે, તો હવે મને મોત જ આપ ને ! મૃત્યુનું દુઃખ તો ઘણું અસહ્ય અને ભારે કહ્યું છે. તો તું હવે મને એવું મહાદુઃખ જ આપ. પણ મને આમ વારંવાર નિરાશ ને હતાશ કરી રીબાવ ના. એ મારાથી સહન નથી થતું.'

મારું એ સૌભાગ્ય છે કે મને મનુષ્યભવ મળ્યો છે. પૂર્વભવે કંઈ સુકૃત કર્યાં હશે, તે મને રાજ મળ્યું. રાજ-વૈભવ ને રાજસાહ્યબી મળી. અને હું પૂરેપૂરી પ્રામાણિકતાથી કહું છું, કે આજ સુધી મેં જરાય નીતિ અને ન્યાયનું ઉલ્લંઘન કર્યું નથી. છતાંય આજ મારી કેવી ખરાબ હાલત છે !

મારે જંગલે જંગલ ભટકવું પડે છે. ભૂખ્યા અને તરસ્યા આથડવું પડે છે. મારા બાળકોને પણ મારે ખવરાવ્યા વિના જ સુવરાવવા પડે છે. અને આ બધા જ દુઃખોમાં મારે મારી પત્નીને પણ સાથે ઘસડવી પડે છે.

'અરેરે ! ભગવાન ! મારા દુઃખોનો તો કંઈ પાર છે ! ન જાણે આ દુઃખોમાંથી મારી ક્યારે મુક્તિ થશે ?'

આમ વિષાદથી ભારે આંતરવ્યથા અનુભવતો તે ત્યાં જ બેસી પડ્યો.

એ સિવાય તે સમયે એ બીજું કરી પણ શું શકે

તેમ હતો? કારણ દૈવનો તિરસ્કાર કરીને માણસ જે કાર્ય કરવા પ્રયત્ન કરે છે, તે કાર્ય સફળ થતું નથી. જેમકે ચાતકને તૃષા લાગવાથી સરોવરના પાણીમાં ચાંચ તો બોળે, પણ તે પાણી તેના પેટ સુધી પહોંચતું જ નથી. ગળાના છિદ્ર વાટે તે બહાર જ નીકળી જાય છે. આથી ચાતકની તૃષા તૃપ્તિ પામતી નથી. ચાતકનું કર્મ જ આમાં કારણભૂત છે.

વળી જન્મ તો ભાગ્યશાળીઓનો જ પ્રશંસનીય છે, શુરવીર, પંડિત પુરુષોનો નહિ. કારણ કે શુરવીર અને પંડિત ગણાતાં એવા પાંચ પાંડવો અનેક વિદ્યાઓમાં વિશારદ હતા, શસ્ત્ર અને શાસ્ત્રના જ્ઞાતા હતા, તોયે કૌરવોની સાથે જુગારમાં હારી ગયા. બાર બાર વરસ સુધી તેમને વનવાસ સેવવો પડયો. અનો અનેક દુઃખોને સહન કરવાં પડયાં.

પરંતુ આથી એમ માનવાનું કારણ નથી કે, કર્મની સત્તા માત્ર પશુ અને માનવો ઉપર જ ચાલે છે. અરે! તેની સત્તા તો અબાધ છે, તેને માનવ શું કે પશુ શું. દેવ શું કે દાનવ શું. નાનો જીવ શું કે મોટો જીવ શું. સૌને તે તેના યોગ્ય જ ફળ આપે છે. તેમાં જરાય અલ્પ નહિ કે અધિકુ નહિ.

નહિ તો કુબેર ભંડારી તો મહાદેવનો મિત્ર ગણાતો હતો. પરંતુ તે ય મહાદેવનો સહાય ન કરી શકયો. અને મહાદેવનો મૃગચર્મથી જ ચલાવી લેવું પડયું. આમ કર્મની સત્તા આગળ દેવોનું પણ કંઈ ચાલતું નથી.

આપણા અંગોનું નિરીક્ષણ કરીએ તો, ત્યાં પણ

આ કર્મનો ન્યાય જણાય છે. આખો દેહ છિદ્રવાળો છે. જે મધ્યભાગમાં કુટિલ છે, તે કાને અનેક પ્રકારના અલંકારોને ધારણ કરે છે. અને આંખો આખા શરીરનું એક મહત્ત્વનું અંગ અને તે સારા ય શરીરને દોરતું હોવા છતાં તેને તો માત્ર કાજલ જ મળે છે.

'કવિઓ કહે છે : આવા કુટિલ સ્વભાવના દૈવને ધિક્કાર હો !'

સૂર્ય અને ચંદ્ર તો આ જગતના નેત્રો છે. તેમને તો નિરંતર ભ્રમણ કરવું પડે છે. પળની ય તેમને નિરાંત મળતી નથી. એકધારું તેમને ફરવું પડે છે.

ખરેખર દૈવને ઓળખવા શક્તિમાન તો કોઈ જ નથી. જયાં દૈવ જ એક ફળને આપનારો છે, ત્યાં ભલા ભલા મહારથીઓ, ધનપતિઓ કે શાહ શહેનશાહોનું પણ ચાલતું નથી. અને દૈવની ઉપેક્ષા કરીને કામ કરનારના કામને તે નિષ્ફળ જ બનાવે છે.

અને જેનું ભાગ્ય જ રૂઠયું હોય, તેને કોણ સહાય કરે ? દુઃખમાં અને આપત્તિમાં માત-પિતા, ભાઈ-બેન, ભાઈબંધ-દોસ્તાર, પત્ની કે પુત્ર, ગમે તેટલા પોતાની સાથે હોય, તો પણ એ સૌ દુઃખો તો પોતાને જ સહન કરવાં પડે છે. તેમાં કોઈનું કંઈપણ ચાલતું નથી.

જુઓ તો ખરા કે, કાળા અને ગણગણાટ કરતા એવા કેશરરંગથી રંગાયેલા ભ્રમરાઓ કમળના ફૂલના રસરૂપ મધુને સુખપૂર્વક આરોગે છે અને રૂપ-રંગ, રહેણી-કરણીથી પણ

સુંદર ગણાતા એવા હંસો પાણી ઉપર માત્ર શેવાળ ખાઈને જ જીવન જીવે છે.

દૈવની આ વિચિત્ર લીલા ખરેખર ખેદ ઉપજાવે તેવી છે. વ્યવહાર, ન્યાય અને નીતિના જાણકાર લોકો આમ તેમ અનેક પ્રકારના વ્યાપારો ભલે કરે, પરંતુ તેનું ફળ કેટલું મળશે, એ તો એક દૈવ જ કહી શકે !

સમુદ્રનું મંથન સર્વ દેવોએ ભેગા થઈને કર્યું. તેમાંથી રત્નો, હીરા, મોતી વગેરે સામાન્ય દેવો લઇ ગયા. વિષ્ણુદેવ તો અનેક મનોવાંછિત ભોગ આપનાર લક્ષ્મીને જ લઈ ગયા ! જ્યારે શ્રીમાન હરહર મહાદેવના હાથમાં તો ભયંકર અને હળાહળ ઝેર જ આવ્યું !!

આથી પંડિતો કહે છે : દૈવ જ માણસોને શુભ અથવા અશુભ ફળ આપે છે. જેમ હજારો ગાયોનો સમુહ ઊભો હોય, છતાંય વાછરડું તો એ સમુહમાંથી તેની માની પાસે જ પહોંચી જવાનું. તેમ ગમે તે ભવમાં બાંધેલા કર્મો પણ તેના કર્તાને શોધી જ કાઢે છે, અને શુભાશુભ ફળ આપે છે.

પ્રેરણા નહિ કરાયા છતાં પણ વૃક્ષ યોગ્ય સમયે ફળ અને ફુલ આપે છે. પરંતુ કાળના ક્રમ તે ઉલ્લંઘતા નથી. તેમ પૂર્વકાલિન કર્મ પણ કાળના ક્રમને ઉલ્લંઘતા નથી.

આથી દુઃખના સમયે રડવું શું અને હર્ષના સમયે હસવું શું ? કારણ ભવિતવ્યતા પ્રમાણે જ પરિણામો પ્રગટ

થાય છે. કર્મોની ગતિ જ એવા પ્રકારની છે. તેમાં પછી હરિહર હોય કે બ્રહ્મા હોય કે બીજા કોઇ બળવાન દેવો હોય તો પણ લલાટે લખાયેલા લેખને ફેરવવા કોઈ જ શક્તિમાન નથી.

સજ્જનો હોય, પિતા હોય કે પુત્ર હોય, ભાઇ હોય કે સહોદર હોય, માતા હોય કે બહેન હોય, પરંતુ જ્યાં ભાગ્ય જ રૂઠયું હોય ત્યાં તેમાંથી કોઈ જ રક્ષણ આપી શકતું નથી.

અને માત્ર દુઃખો જ અણધાર્યાં ને અણચીંતવ્યાં આવે છે, તેવું કંઈ નથી, સુખો પણ તેવી જ રીતે આવે છે. આથી દૈવ આગળ તો સૌ કોઈ પામર છે.

ભીમસેન પણ આજ દૈવની આગળ લાચાર બની ગયો હતો. નહિ તો એ ઘણી આશાથી પ્રતિષ્ઠાનપુર આવ્યો હતો. પરંતુ જ્યાં નસીબ જ બે ડગલાં આગળ હોય ત્યાં શું થાય ?

□

૧૮

# ફેરો નકામો ગયો

ભારે વિષાદમાં ગુંગળાયેલો ભીમસેન પ્રતિષ્ઠાનના પાદરે બેઠો હતો અને વિચારતો હતો.

'હવે શું કરવું? ક્યાં જવું? છ માસનો સમય કેવી રીતે પસાર કરવો? ત્યાં સુધી કોને ત્યાં રહેવું? કોણ મને કામ આપે? શું કામ આપે? કેટલો પગાર મળે?' વગેરે વગેરે.

ત્યાં એક અનાજનો વેપારી ત્યાંથી પસાર થયો. ધનસાર તેનું નામ હતું. એક અજાણ્યા પરદેશીને આમ ઉદાસ અને મ્લાન જોઈ તેને કરુણા આવી અને સહૃદયતાથી તેણે પૂછ્યું :

'મહાનુભાવ! આપ કોણ છો? અને આમ શું વિચારી રહ્યા છો?'

'શેઠજી! વિચારો તો ઘણા કરું છું, પણ દૈવ આગળ મારા વિચારોનું કંઈ જ ચાલતું નથી. ક્ષિતિ-પ્રતિષ્ઠિત નગરમાંથી હું આવું છું. મને ત્યાં ખબર પડી

કે, આ નગરનો રાજા અરિંજય ઘણો જ દયાળુ અને પરોપકારી છે. આથી મારાં દુઃખ દૂર કરવા હું અહીં આવ્યો. ત્યાં મને ખબર પડી કે રાજા તો હજી ગઈકાલે જ આવીને ચાલ્યો ગયો. હવે તે છ મહિને આવશે. એ છ મહિના હું ક્યાં ગાળું? કેવી રીતે તેટલો સમય પસાર કરું? હું તો આ નગરનો સાવ જ અજાણ્યો છું.' એમ કહી ભીમસેને પોતાનો પૂર્વવૃતાંત કહ્યો.

ધનસારને ભીમસેન ઉપર દયા આવી. તેણે મમતાથી કીધું: 'ભાઈ! હોય એ તો. ભાગ્ય જ જ્યાં રૂઠયું હોય ત્યાં શું થઈ શકે? સૌ જીવો એ દૈવને આધિન છે. પણ તું મુંઝાઈશ નહિ. આ છ માસ મારે ત્યાં તું રહેજે, ખાજે-પીજે અને મારી દુકાનનું કામ કરજે. ઊઠ! ભાઈ! ઊઠ. ચિંતા છોડી દે. અને ભગવાનનું નામ લઇ હિંમત રાખ. અંતે સૌ સારાવાના થશે.'

ભીમસેનની ચિંતા દૂર થઈ ગઈ. ધનસારનો પાડ માનતો અને કર્મની લીલાથી અચરજ ને દુઃખ પામતો એ તેને ત્યાં કામે લાગી ગયો.

છ માસને જતાં વાર શી? જોતજોતામાં તો એ સમય પૂરો થઇ ગયો. રાજા અરિંજય પાછો આવ્યો. ભીમસેન તરત જ તેની પાસે પહોંચી ગયો અને બે હાથ જોડી નમ્રપણે વિનંતી કરવા લાગ્યો:

'પરમદયાળુ રાજન્! હું ખૂબ જ દુઃખી માણસ છું,

અને આપને શરણે આવ્યો છું. મને શ્રદ્ધા છે, આપ મારા દુઃખને દૂર કરશો જ. આપ મને ગમે તે કામ આપીને મારા આ દુઃખનો અંત કરો.'

'ભાઈ! તું કોણ છે? ક્યાંથી આવે છે? એ બધી મને વિગત જણાવ.' અરિંજયે કહ્યું.

ભીમસેને બધી વાત જણાવી. એ સાંભળી અરિંજય વિચારવા લાગ્યો : અરે! આ તો ધૂર્ત માણસ જણાય છે. હરિષેણ પાસે એ શું કરવા નહિ ગયો હોય? તે પણ આ માણસને તો કામ આપી શકે તેમ છે. તેમ નહિ કરતાં એ અનેક આફની હડમજલ કરતાં મારી પાસે આવ્યો છે, તેનું કારણ શું? નક્કી આમાં કંઈ ભેદ જણાય છે. આવા અજાણ્યા માણસને હું કામ આપું તો કોઈ દિવસ એ મારું ખરાબ ન કરે એની ખાત્રી શી? નહિ, આ માણસ ઉપર દયા કરવા જેવી નથી.' આમ મનમાં વિચારી તેણે ભીમસેનને કીધું :

'ભાઇ! તારી બધી જ વાત મેં સાંભળી. તારે તો તારા નગરના રાજા હરિષેણ પાસે જ યાચના કરવી જોઇએ. પણ એ યાચના તેં ત્યાં ભલે ન કરી. હું તો મારી વાત જાણું. હું તને કંઇ જ મદદ કરી શકું તેમ નથી. મારે ત્યાં હમણાં માણસની જરૂર નથી. માટે ભાઇ! તારો સમય બગાડ્યા વિના હવે તું બીજે પ્રયત્ન કર.' એમ બોલી અરિંજય ચાલ્યો ગયો.

ભીમસેને આવી અપેક્ષા નહોતી રાખી. તે તો કામ

મળશે જ અને હવે સર્વ દુઃખોનો અંત આવી જશે, એવી આશા અને ઉત્સાહથી અરિંજયને મળવા આવ્યો હતો. પણ અહીં તો ઉલ્ટું જ જોવા મળ્યું. રાજાએ જરાય દયા ન બતાવી. કામની સ્પષ્ટ ના પાડી દીધી.

ભીમસેનની આશાના ચૂરેચૂરા થઈ ગયા અને ભાંગેલા હૈયે તે ધનસારને ત્યાં પાછો આવ્યો.

'અરે! ભીમસેન! આમ મોં કેમ ઉતરી ગયું છે? શું રાજાએ તારું કામ ન કરી દીધું?' ધનસારે પૂછ્યું.

'શેઠજી! જ્યાં નસીબ જ વાંકું હોય, ત્યાં કોણ કોનું કામ કરે? બધી કર્મની જ લીલા છે. કર્મથી જ માનવી ચક્રવર્તી, વાસુદેવ અને પ્રતિવાસુદેવ થાય છે. કર્મના જ પ્રતાપથી માનવીને સુખ અને સંપદા મળે છે અને કર્મના જ પ્રતાપે માનવી રંક અને દીન બને છે. સારુંય જગત આ કર્મના તાંતણાથી ગુંથાયેલું છે. જેને જેવું પૂર્વે કર્મ કર્યું હોય, તેવું તેણે તેનું ફળ ભોગવવું પડે છે. મારા પણ કર્મ ફુટલાં ત્યારે જ ને, આજ મારું કામ ન થયું ને?' ભીમસેને ભારે વ્યથિત હૈયે બધી હકીકત જણાવી.

'જેવી ભવિતવ્યતા! બીજું શું? પણ ભાઈ! તું વૃથા શોક ન કરીશ. ચિંતામાં તારું કાળજું બાળી ન નાંખીશ. હિંમત રાખ. છ મહિના પછી રાજાનો જમાઈ આવશે. તેને તું મળજે. તે તારું દુઃખ જરૂર દૂર કરશે. ત્યાં સુધી તું ભલે મારી દુકાને જ કામ કરજે.' ધનસારે ભીમસેનને આશ્વાસન અને આશરો બંને આપ્યાં.

ભીમસેનને થોડું બળ મળ્યું અને ભાવિની સુખદ આશાએ સમય પસાર કરવા લાગ્યો. છ માસ થતાં જ રાજાનો જમાઈ જિતશત્રુ આવ્યો.

ભીમસેન તરત જ તેની પાસે દોડી ગયો અને પોતાની દુઃખકથા કહેવા લાગ્યો.

'ભાઈ ભીમસેન! તારી બધી વાત મેં સાંભળી, પણ તેં એ તો કહ્યું નહિ કે તું અહીં કેટલા સમયથી રહે છે?' જિતશત્રુએ પૂછ્યું.

'રાજન્! મને અહીં આવ્યે તો બાર બાર માસનાં વહાણાં વાઈ ગયાં. આપની જ રાહ જોઈ રહ્યો હતો. રોજ સવાર પડે ને ગણું એક દિવસ ગયો. હવે કાલે તો આવશે જ.

'તો તું અરિંજય નરેશને કેમ ન મળ્યો? એ તો મારા આવતા અગાઉ એક વખત અહીં આવી ગયા હતા. તારે તેમને મળવું હતું ને?'

'દયાળુ પ્રભો! હું શું વાત કહું? મને કહેતાં પણ હવે તો શરમ આવે છે તેઓને પણ મળ્યો હતો અને આપને કહી તે બધી જ વિગત જણાવી હતી.' ભીમસેને કીધું.

'તો તેમણે કંઈ જ પણ ન કર્યું!' જિતશત્રુએ આશ્ચર્યથી પૂછ્યું.

'ના પ્રભો! તેઓએ મને કંઈ જ મદદ ન કરી.' ભીમસેનના અવાજમાં દીનતા આવી ગઈ.

'કેમ? એમ કર્યું?'

'પ્રભો! એ તો મને શી ખબર પડે? તેમણે મને

કીધું, મારે હમણાં માણસોની જરૂર નથી. બસ આટલી જ વાત કરી અને તેઓ તો ચાલ્યા ગયા.' ભીમસેને અરિંજયની વાત કરી.

જિતશત્રુ એ સાંભળી વિચારમાં પડી ગયો. અરિંજયે કેમ ના પાડી હશે? એ તો દયાળુ છે. દુઃખીઓનાં દુઃખ જોઈ તેમનું હૈયું દ્રવી ઊઠે છે. તો આ દુઃખીજન પર શા માટે દયા નહિ કરી હોય? અગાઉ તો કયારેય આવું નથી બન્યું. તો આજ આમ કેમ? શું તેમને તે યોગ્ય નહિ લાગ્યું હોય? આ માણસ સાચું નથી કહેતો, એવું તેમને લાગ્યું હશે? આ માણસ પોતાને છેતરે છે, એમ શંકા થઈ હશે? શું હશે?—આમ અનેક વિચારો ઘડીકમાં કરી નાખ્યા. ત્યાં ભીમસેન આર્જવભર્યા કંઠે બોલ્યો:

'રાજન્! આપ તો દયાળુ છો, ઉદાર છો. આપ તો મને નિરાશ નહિ જ કરો. આપ ગમે તે કામ બતાવશો તે હું કરીશ. પણ પ્રભો! હવે તમે મારો ઉદ્ધાર કરો. હું આપના શરણે આવ્યો છું.'

'નહિ ભીમસેન! એ મારાથી હવે નહિ બની શકે. હું તારા માટે કશું જ કરી શકું તેમ નથી. મારે તારા જેવા માણસની જરાય જરૂર નથી.' જિતશત્રુએ વિચારને અંતે નક્કી કર્યું. અરિંજયનરેશ કંઈ વગર વિચારે કશું કરે જ નહિ. જરૂર આ માણસમાં તેમને કંઈક અપાત્રતા કે અયોગ્યતા જણાઇ હશે. માટે જ તેમણે આને કંઇ મદદ નહિ કરી હોય. એમણે જો એમ કર્યું હોય તો મારાથી તેને કેવી રીતે મદદ કરાય?

નહિ, મોટાએ જે કર્યું છે એ ઠીક જ હશે. મારે પણ આને મદદ નહિ કરવી. એમ નક્કી કરી તેણે ભીમસેનને નનૈયો ભણી દીધો.

'રાજન્ ! આ આપે શું કીધું ? આપ મને કામ નહિ આપી શકો ? અરેરે ! હવે મારું શું થશે ?' પણ ભીમસેનનો આ વિલાપ સાંભળવા જિતશત્રુ ત્યાં ઊભો ન હતો. એ તો ના પાડીને તરત જ ચાલ્યો ગયો હતો.

એક માછલું જોર કરીને માછીમારના કઠોર હાથમાંથી છટકી ગયું. પણ તે ન બચી શકયું. ત્યાંથી છટકી એ જાળમાં ફસાયું. એ જાળને પણ તેણે તોડી નાંખી અને ફરી મુક્ત થયું. પણ મુક્તિ તેના નસીબમાં હતી જ નહિ. ત્યાંથી આઝાદ થયું તો બગલાએ તેને ચાંચમાં પકડી લીધું. અને મરી ગયું.

હાથીના કુંભસ્થળો ઉપર માવત અંકુશ મારતો હતો. અંકુશના મારથી ત્રાસીને તેમણે નવું રૂપ ધારણ કરવાનું મન થયું. અને નારીના વક્ષઃસ્થળ ઉપર તે બેઠા. પણ હાય ! ભાગ્ય ! ત્યાં પણ એ બિચારા શાંતિ ન પામ્યા ! પુરુષના નખથી ભેદાયા અને હાથથી અમળાયા !

ચંદ્રમાં કલંક, કમળનાળમાં કંટક, યુવતિને સ્તનભાર, કેશસમુહમાં પકવતા, સમુદ્રના જળનું અપેયપણું, પંડિતની નિર્ધનતા અને પાછલી વયે ધનવિવેક. ખરેખર ! વિધાતા આ બધું જોતાં નિર્વિવેકી જ જણાય છે !

વિધિની વક્રતા અને વિચિત્રતાનો વિચાર કરતો કરતો, પોતાના પૂર્વભવના પાપને નીંદતો અને હવે શું થશે? શું કરીશ? એવી ચિંતામાં શેકાતો, ભાંગેલા હૈયે અને પગે ભીમસેન ધનસારને ત્યાં આવ્યો.

'કેમ ભાઈ! શું થયું? હવે તો તારાં દુઃખ દર્દ દૂર થઈ ગયાં ને?' ધનસારે પૂછ્યું.

'શેઠ! નસીબ મારાં ઘણાં વાંકા છે. હું જ્યાં જ્યાં સુખની આશાએ દોડું છું ને ત્યાં જઈ ઊભો રહું છું, ત્યાં ત્યાં નસીબ બે ડગલાં આગળ આવીને ઊભું જ રહી જાય છે. જિતશત્રુએ પણ મને ના પાડી. હવે હું મારા બાળકો અને પત્નીને મારૂં મોં કેવી રીતે બતાવીશ? એ બિચારાઓ ત્યાં કેવી રીતે જીવતાં હશે? ભીમસેને કકળતા હૈયે કીધું. અને પછી ઉમેર્યું:

'શેઠ! હવે તો બસ મારે અહીંથી તરત ચાલ્યા જ જવું જોઈએ. જ્યાં હવે કોઈ આશા નથી, ત્યાં રહીને વૃથા સમય શા માટે વ્યતિત કરવો? માટે દયાળુ! તમે મારા શસ્ત્રો મને પાછાં આપો. હું હવે અહીંથી ચાલ્યો જ જઈશ.

'શેનાં શસ્ત્રો ને શી વાત?' ધનસારે પાઘડી ફેરવી. તેના મનમાં શેતાન વસ્યો. તેણે ભીમસેનની લાચારીનો લાભ ઉઠાવવા માંડયો. ભીમસેનને કોઈપણ રીતે જૂઠો પાડી શકાય તો જ તેને આપવાના પગારમાંથી બચી શકાય. અને એટલું ધન બચી શકે. આમ ધનના પાપે તેણે ભીમસેનને આંખ ફેરવીને વાત કરી.

'તને દુઃખી જાણીને એક તો મેં તારા પર દયા કરી અને હવે તું મારા ગળે પડે છે? તને તો કંઈ લાજ શરમ છે કે નહિ? મારો પાડ માનવો તો બાજુ ઉપર રહ્યો અને હવે મારા પર આળ મૂકે છે? ખરેખર! તું તો બદમાશ માણસ લાગે છે. નહિ તો અરિંજય અને જિતશત્રુ તને મદદ ન કરે? ભાઈમાં તો લખ્ખણ છે નહિ અને હવે મારી પાસે શસ્ત્રો માંગે છે? જા, ભાઈ! જા. તું તારે રસ્તે પડ. મારો સમય હવે બરબાદ ન કર.'

ભીમસેનનો તીરસ્કાર કરીને ધનસાર શેઠ પોતાના કામે ચાલી ગયા. ભીમસેન તો આ નવી ઉપાધિથી વધુ ડઘાઈ ગયો. હજી જિતશત્રુની નિરાશાના ઘાથી વાગેલી કળ માંડ માંડ શમી હતી, ત્યાં ધનસારે એક વધુ આઘાત આપ્યો. તેનું હૈયું છિન્નભિન્ન થઈ ગયું. રોમરોમ કાળઝાળ ગુસ્સો વ્યાપી ગયો. પણ પરિસ્થિતિ સમજીને વિવેક રાખી તેણે સંયમ રાખ્યો. અને ઉદાસ અને હતાશ હૈયે ત્યાંથી નીકળી પડયો.

નોકરીની આશાથી વિફળ થવાથી ધનની ચિંતા તો હતી જ. હવે ભીમસેનને પત્ની અને બાળકોની ચિંતા થવા લાગી. તેઓ શું કરતાં હશે? સુશીલા બિચારી કયાં કામ કરતી હશે? દેવસેન અને કેતુસેનનું શું થયું હશે? તેઓને નિયમિત ભોજન મળતું હશે? તેમની પાસે પહેરવા પૂરતાં કપડાં હશે? ઠંડીની રાતમાં ઓઢવાં જાડાં કોઈ સાધન હશે! ન જાણે આ એક વરસમાં તે બધાંની શી દશા થઈ હશે?

કાળજુ બાળી નાંખે અને જીવનને મૃતઃપાય કરી નાખે એવી ભીમસેનની દશા હતી. દશા શેની? અવદશા જ હતી. છતાંય સમભાવથી એ પંથ કાપે જતો હતો. અને ભૂખ્યા તરસ્યા એ દડમજલ કરતો હતો.

ઘણા દિવસો બાદ સફરથી થાકેલો, તૃષા ને ક્ષુધાથી પીડાયેલો, નિરાશ અને હતાશ બનેલો તે પોતાના ઘર આગળ આવીને એક રાતે ઊભો રહ્યો. મકાનની પાછળના ભાગમાં એક જાળીયું હતું. તેમાંથી એ પોતાનો સંસાર જોવા લાગ્યો.

□

# ૧૯ સુશીલાનો સંસાર

બાપના રાજમાં ન સમાય પણ માના રેટીંયામાં સમાય. ભીમસેન રાજા હતો. રાજગૃહ ઉપર તેની અમાપ સત્તા ચાલતી હતી. બારણે હાથી ઝુલતા હતા, ઘરમાં સુવર્ણ હીંચોળા હીંચતા હતા. એક કહેતાં હજાર વસ્તુ હાજર કરનારા હજારો દાસદાસીઓ હતાં. કશી વાતની કમીના ન હતી. અઢળક સાહ્યબી હતી, અપરંપાર સુખ હતું. શાંતિથી તેનો સંસાર ચાલ્યો જતો હતો.

પણ વિધિની વક્ર નજરે એ બધું જ ઝુંટવાઈ ગયું. રાજ ગયું. વૈભવ ગયો. શાંતિ ગઈ. એ સુખ અને ચેન ચાલ્યાં ગયાં. ભીમસેન રસ્તાના રઝળુ ભિખારી જેવો બની ગયો. એક ગામથી બીજે ગામ દર દરની ઠોકરો ખાતાં તે પોતાના પરિવારને લઈને ભટકવા લાગ્યો.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આવ્યો. ત્યાં થોડો સમય રહ્યો. નસીબનું પાંદડું તો યે ન ફરકયું. અને એક વહેલી સવારે સૂતા બાળકોને મૂકી, પત્નીની અશ્રુભીની યાદ લઈને એ નીકળી પડયો.

એક જ આશાએ, ઘણું ધન કમાઇશ. દુઃખ અને દારિદ્રતાને દફનાવી દઇશ. આ રઝળપાટનો અંત આણી દઈશ. પત્નીની અશ્રુભીની યાદ લઇને એ નીકળી પડયો.

એ આશા ઠગારી નીવડી. દૈવે તેના ઉપર જરાય મહેરબાની ન કરી. ક્રૂર બની તેણે ભીમસેનને ભાંગી નાંખ્યો. ભીમસેન હતો તેવો ને તેવો જ પાછો ફર્યો. પોતાની પત્ની અને બાળકોને મળવા અધીરો બન્યો.

પણ હાય ! ત્યાં તો કાળજુ કંપી ઊઠે તેવું દૃશ્ય હતું.

ખૂલ્લી જમીન ઉપર એક કંતાન પાથરેલું હતું. કંતાનનાં રેસેરેસાં બહાર દેખાતાં હતાં. અને પવનના સપાટાથી આમતેમ ઉડતાં હતાં.

ફાટેલા એ કંતાન ઉપર ભીમસેનનો સારો ય સંસાર સૂતો હતો, સુશીલા આડે પડખે જમણી બાજુ ફરીને સૂતી હતી. તેનું મોં ભીમસેનને સ્પષ્ટ દેખાતું હતું.

આંખો ઊંડી ઉતરી ગઈ હતી. આંખોનો નીચેનો ભાગ કાળો પડી ગયો હતો. ત્યાં બે–ચાર આડી અવળી કરચલીઓ પડી ગઇ હતી. ગાલ સાવ બેસી ગયા હતા. તેનો અસલનો ગુલાબી રંગ એકદમ ઊડી ગયો હતો. જડબાનાં બે હાડકાં એકદમ વર્તાતાં હતાં. કેશકલાપ છૂટો હતો. વાળ લૂખા અને રૂક્ષ બની ગયા હતા. જમીન ઉપર પડેલો હાથ સાવ કંગાળ જણાતો હતો. તેના ઉપર પહેરેલાં સોહાગકંકણ વારે વારે સરી જતાં હતાં અને ખૂબ જ પોલાણ રહેતું હતું. છાતી સાવ ચીમળાઇ ગઇ હતી. શરીર

આખું કૃશ થઈ ગયું હતું. તેના ઉપર ઢાંકેલા વસ્ત્રો બરાબર ન હતાં. ઘણી જગાએથી તે ફાટેલાં હતાં અને સુશીલાના એક વખતના અપ્રતિમ સૌન્દર્યની ચાડી ખાતાં હતાં.

ભીમસેને જોયું. સુશીલા નહિ પણ સુશીલાનું જીવતું હાડપિંજર સૂતું હતું. તેના હૈયાએ ભારે નિઃશ્વાસ નાખ્યો.

દેવસેન અને કેતુસેનના દેહનું વર્ણન તો કહ્યું જાય તેવું નહોતું. બંનેનાં ડાચાં સાવ બેસી ગયાં હતાં. છાતીની એક એક પાંસળી ગણી શકાય તેવી હતી. ઉઘાડા શરીરે બંને ટૂટીયું વાળીને સૂઈ રહ્યા હતા અને પવન સતત ફૂંકાઈ રહ્યો હતો. શિયાળાનો ઠંડો પવન કોઈની પણ શરમ ભરે ? ઠંડી હવાથી બંને ધ્રૂજી રહ્યા હતા. સુશીલાનો દેહ પણ ઠંડીથી કાંપતો હતો.

ત્યાં કેતુસેન ઝબકીને જાગી ઊઠયો. 'મા ! મા !' એમ કહી રડવા લાગ્યો.

કેતુના રડવાથી સુશીલા પણ જાગી ગઈ. દેવસેન પણ બેઠો થઈ ગયો.. સુશીલાએ કેતુસેનને ગોદમાં લેતાં વ્હાલથી પંપાળી પૂછયું : 'શું થયું બેટા ! કેમ રડે છે ?'

'મા ! મને ભૂખ લાગી છે, કંઇ ખાવાનું આપને.'

'બેટા ! અત્યારે કંઈ ખવાય ? હજી તો રાત ઘણી બાકી છે. સવારે આપીશ હોં, સૂઇ જા મારા લાલ ! સૂઈ જા.' સુશીલાએ કેતુસેનને થાબડયો.

'ના, મા ! તું જૂઠું બોલે છે. કાલે પણ તેં એમ જ કીધું હતું. આજે સવારથી તે અત્યારસુધી તે મને કંઇ જ

ખાવા નથી આપ્યું અને કાલે પણ મેં અધુંપધું ખાધું હતું. મા ! મા ! મને ખૂબ જ ભૂખ લાગી છે. ભૂખને લીધે ઊંઘ પણ નથી આવતી. મને ખાવા આપને મા ! આમ કેમ કરે છે ? મને ભૂખે શા માટે મારે છે ?' કેતુસેને રડતાં રડતાં કીધું.

'કાલે જરૂર આપીશ બેટા ! આજે જૂઠું નથી બોલતી કાલે પણ જુઠું નહોતી બોલી. પરંતુ જે ઘરે હું કામ કરું છું, તે શેઠે મને કંઇ જ ન આપ્યું, આથી મારે તને આજે ભૂખ્યો રાખવો પડ્યો બેટા ! પણ કાલે તેમ નહિ થાય. બીજા શેઠે મને કાલે લોટ, ઘી ને સાકર વગેરે આપવા કહ્યું છે. એ આપશેને એટલે જરૂરથી તને સવારે ગરમ ગરમ રસોઇ ખવડાવીશ, હા બેટા ! અત્યારે તું સૂઇ જા.' સુશીલાએ કેતુને પટાવતાં કહ્યું.

'પણ મા ! હવે મારાથી નથી સહન થતું. આમ ક્યાં સુધી ચાલશે ?' કેતુએ રડતાં રડતાં જ કીધું.

'બેટા ! હવે બહુ દિવસો આપણે આ દુઃખ નથી સહન કરવાનું. તારા પિતાજી પરદેશ ગયા છે ને તે હવે આવતા જ હશે. એ ખૂબ ખૂબ ધન લઈને આવશે, પછી તો તને હું રોજરોજ મીઠાઇ ખવડાવીશ. સારાં સારાં કપડાં પહેરાવીશ. તને રમવા રમકડાં લાવી આપીશ.'

'પણ મા ! પિતાજી તો છ મહિનામાં પાછા આવવાનું કહી ગયા હતા. હજી છ મહિના નથી થયા મા !' રમકડાં ને ખાવાની વાત સાંભળી કેતુસેન શાંત થઈ ગયો.

'છ મહિના તો કયારના ય થઈ ગયા બેટા! પણ શી ખબર એ કેમ નહિ આવ્યા હોય ? મને પણ તેમની રોજ સતત ચિંતા થાય છે. શું થયું હશે એમને? એ સાજા-સરવા તો હશે ને ? એ ત્યાં સુખી તો હશે ને ? શું કરતા હશે ? કયાં ખાતા-પીતા હશે ? કયાં રહેતા હશે ? આવા આવા તો બેટા ! હજારો વિચાર મને આવે છે. તેમની રાહ જોઈ જોઇને હવે તો મારી આંખો પણ થાકવા આવી છે. દિવસો ગણીગણીને તો મારા વેઢા પણ ઘસાઇને દુઃખવા આવ્યા છે, પણ બેટા ! તું ચિંતા ન કરીશ હોં ! તારા પિતાજી હવે થોડા જ દિવસમાં આવી જશે. અત્યારે હવે તું સૂઇ જા.'સુશીલાએ કેતુસેનને થાબડીનેસૂવરાવવા માંડયો.

થોડીવારમાં કેતુસેન ઊંઘી ગયો. માના હાથમાં જ એકમાત્ર એવો જાદુ છે, જે તેનો સ્પર્શ થતાં જ ભૂખ્યું બાળક પણ નિરાંતે ઊંઘી જાય છે. કેતુસેન પણ સુશીલાનો વાત્સલ્યભર્યો સ્પર્શ પામતાં જ ઘસઘસાટ ઊંઘ અનુભવવા લાગ્યો.

ત્યાં દેવસેન ફરિયાદ કરવા લાગ્યો : 'મા ! મા ! મને કંઈ ઓઢાડ ને, મને બહુ ટાઢ વાય છે.'

સુશીલાએ તરત જ ઊભા થઈને પોતાની નીચે પાથરેલું ફાટેલું કંતાન તેના ઉપર ઓઢાડયું અને જે એક જાળિયું ઉઘાડું હતું, તેની બારી બંધ કરી દીધી અને પછી પોતે જમીન ઉપર જ સૂઈ ગઈ.

પણ એમ ઊંઘ શેની આવે ? એક તો બહાર સખ્ત

ઠંડી હતી. દિવસભરના કામનો તેને થાક હતો. બબ્બે દિવસથી તેણે કંઈ ખાધું ન હતું. ભૂખથી પેટ ચીસો પાડતું હતું. બાળકો બિચારાં ભૂખ્યાં તરસ્યાં સૂતાં હતાં. પતિ પરદેશ હતો. કાલે શું બાળકોને ખાવા આપીશ તેની સળગતી ચિંતા હતી. આ બધાને લીધે તે સૂઈ ન શકી. તે બેઠી બેઠી પ્રભુને ફરિયાદ કરવા લાગી.

સુશીલાને જાળિયા પાસે આવતી જોઈ ભીમસેન દૂર ખસી ગયો. બારી બંધ થઈ જવાથી હવે કંઈ જોવા મળવાનું ન હતું, છતાંય તેની ફાટમાંથી તે પ્રયત્ન કરવા લાગ્યો. બારીની ફાટમાંથી જોયું તો સુશીલાની આંખમાં આંસુ દદળતાં હતાં અને એ વિધાતાને પૂછતી હતી :

'અરેરે ! વિધાતા ! તું કેમ આટલો બધો ક્રૂર અમારા પર થયો છે ? તારા હૈયામાં દયાનો જરા ય છાંટો નથી રહ્યો ? શા માટે તું અમને આમ રોજ રોજ રીબાવે છે ?'

અને તારે જો દુઃખ જ દેવું છે, તો એ તમારા દુઃખ મને એકલીને જ આપને. બિચારાં આ ફૂલ જેવા કોમળ બાળકોને તું શા માટે દુઃખથી દઝાડે છે ? એ નિર્દોષ સંતાનોએ તારો શો અપરાધ કર્યો છે ? અને માન કે તેઓએ તારો કંઇ અવિનય કે અપરાધ કર્યો હોય તો તેઓની સજા તું મને કર. મને સતાવ. મને શિક્ષા કર. પણ એ બિચારા બાપડાઓને તું શા માટે ભૂખે મારે છે ? શા માટે તું તેમને ઠંડીમાં થીજવી નાખે છે ? શા માટે તું એમનાં ઊંઘ–આરામ ને આનંદ છીનવી લે છે ?

વિધાતા ! કઈ માતા પોતાના બાળકોને દુઃખી જોઈ શકે ? મારાથી એમનું દુઃખ નથી સહન થતું.

કયાં એ રાજકુળનાં સંતાનો ? એક વખત તેઓ છત્રપલંગમાં પોઢતાં હતાં, મેવા–મિઠાઇ આરોગતાં હતાં, સોનાના ઝૂલે ઝૂલતાં હતાં. હીરા–મોતીના રમકડે રમતાં હતાં. કીનખાબ અને જરીનાં કપડાં પહેરતાં હતાં. એક કરતાં એકવીસ વસ્તુ તેમને મળતી હતી. આજ્ઞા પણ નહોતી કરવી પડતી. વગર કીધે જ બધું તેમને મળી જતું હતું. સદાય આનંદ અને મસ્તીમાં રહેતાં હતાં. રાત પડે નિરાંતે સૂઈ જતાં હતાં. સવારે ઊઠી ફરી ખેલકૂદમાં પડી જતાં હતાં.

અને કયાં આજનાં મારાં આ બાળકો ? કહે છે વિધાતા ભૂખ્યો ઉઠાડે છે પણ ભૂખ્યો સૂવાડતો નથી.

વિધાતા ! હું તને પૂછું છું, કયાં છે તારો આ ન્યાય ? મારા બાળકો બબ્બે દિવસથી ભૂખ્યાં જ સૂઈ જાય છે અને ભૂખ્યાં જ ઊઠે છે અને જ્યારે તેમને ખાવાનું મળે છે ત્યારે પણ તે લૂખું–સૂકું, એઠું–જૂઠું.

અરે ઓ વિધાતા ! તું મારા બાળકો પાછળ શા માટે પડયો છે ? તેમને બિચારાઓને તો સુખે જીવાડ. તેમને રાજ ન આપે તો કંઇ નહિ. સોનાના ઝૂલે ન ઝૂલવે તો યે કંઈ નહિ. તેમને મસાલા દૂધ ને ભારે મીઠાઈ ન ખવડાવે તો કંઈ નહિ, તેમને પહેરવા કિંમતી પોષાક ન આપે તો કંઇ નહિ, પણ તેમને નિરાંતે બે ટંકનો લૂખો-સૂકો રોટલો તો રોજ આપ. તેમને પહેરવાં પૂરતાં કપડાં

તો આપ. તેમને નિરાંતની ઊંઘ તો આપ. શૈશવના નિર્દોષ આનંદ અને મસ્તી તો આપ.

વિધાતા! તારી નિર્દયતાની આ બધી વાત મારે કોને કહેવી? આ બધું દુઃખ જાણે તને ઓછું હતું, તે તેં મારા સ્વામીને પણ બહાર પરદેશ મોકલી દીધા. તેમના વિના તો મારી દશા જળ વિનાની માછલી જેવી થઇ ગઇ છે. છ માસમાં જ તેઓ પાછા આવવાનું કહી ગયા હતા. આ જ તો બાર બાર માસનાં વહાણાં વહી ગયાં વિધાતા! હજુ પણ મને તેમનાં દર્શન નથી થયાં.

વિધાતા! કયાં છે મારા સ્વામી? કયાં છે એ તો કહો. તેઓ જયાં છે ત્યાં સુખી તો છે ને? તેમનું શરીર તો સારું છે ને? ત્યાં એ શું કરે છે? વાયદો આપીને પણ હજી તે કેમ પાછા આવ્યા નથી? અરે ઓ! નિષ્ઠુર વિધાતા! મને કંઇક તો જવાબ આપ.' પતિની યાદે સુશીલા વધુ વ્યગ્ર બની ગઇ. બોલતાં બોલતાં તેનાથી મોટે અવાજે રડી પડાયું. ભીમસેનની આંખમાંથી તો ચોધાર આંસુ દદળી રહ્યાં હતાં. પોતાના પરિવારની આ દશા જોઇ તેનું હૈયું અંદરથી પોક મૂકીને રડતું હતું.

માના રડવાનો અવાજ સાંભળી બંને બાળકો જાગી ગયાં અને પૂછવા લાગ્યાં: 'મા! મા! તું કેમ રડે છે? તને શું થયું છે? મા!'

બાળકોને જાગી ગયેલાં જોઇ સુશીલાએ પોતાના શોકને સંભાળી લીધો અને ઝડપથી પોતાનાં આંસુ લૂછી નાખ્યાં.

અને બોલી: 'કંઈ નહિ બેટા! કશું નથી થયું, હું ક્યાં રડું છે? એ તો આ આંખમાં કંઈ પડ્યું છે એટલે તમને એમ લાગે છે.' પોતાના બાળકો પોતાની વેદના ન જાણી જાય એટલે સુશીલા જૂઠું બોલી.

'ના મા! તું અસત્ય બોલે છે. તારી આંખો જ કહે છે કે તું ખૂબ રડી છે, મા! તું શા માટે જૂઠું બોલે છે? મને સાચું કહેને.' દેવસેને કીધું.

'હેં મા હું રડું છું ને ખાવાનું માંગું છું એટલે તું રડે છે? તો ના રડીશ મા! હું નહિ રડું હવે, હું હવે ખાવા પણ નહિ માંગું, બસ. હવે તું રડીશ નહિ હોં.' કેતુસેન બોલી ઊઠયો.

'ના બેટા! ના હું તારા ખાવાના માંગવાથી નથી રડતી હોં. તું તારે નિરાંતે સૂઈ જા મારા લાલ!' કેતુને છાતી સરસો ચાંપતાં સુશીલાએ ગળગળા સાદે કીધું.

'મા! તને મારા પિતાની યાદ આવે છે? તેની તને ચિંતા થાય છે? મા! તને શું થાય છે! તું આમ ઉદાસ કેમ છે? આમ તું વારેવારે નિઃશ્વાસ કેમ નાંખે છે?' દેવસેને ફરી પૂછયું. તે જરા વધુ સમજદાર અને સહનશીલ હતો. માનું દુઃખ તેનાથી સહન ન થયું.

'હા બેટા! તારા પિતાની યાદ આવે છે. તેમની મને ચિંતા થાય છે. એ કેમ હજુ ન આવ્યા? માર્ગમાં કંઈ અમંગળ તો નહિ બન્યું હોય ને? આવા આવા

વિચારથી મારાથી રડી પડાય છે! માએ અર્ધો સાચો ખુલાસો કર્યો.'

'મા! તું નકામી ચિંતા કરે છે. પિતાજી તો હવે એક બે દિવસમાં જ આવી પહોંચશે. તું ધીરજ રાખ. આટલા મહિના રાહ જોઈને તો આપણે કાઢયા. હવે શું બે ચાર દિવસ નહિ નીકળી જાય?' દેવસેને માને આશ્વાસન આપવા માંડયું.

બિચારો ભીમસેન! બહાર ઊભો ઊભો એ આ બધું સાંભળી રહ્યો હતો. એક એક શબ્દે તેનું હૈયું વલોવાઇ જતું હતું.

એ વિચારતો હતો: આહ! મારા આગમનની આ લોકો કેટલી આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે! આજ આવશે કાલ આવશે. એમ રોજ મારી વાટ જુએ છે, ને કેવી કેવી આશાઓ બાંધીને દિવસો પસાર કરે છે?

અને જ્યારે આ બધાં જાણશે કે હું આવી ગયો છું ને ખાલી હાથે પાછો ફર્યો છું, ત્યારે ન જાણે એમના આશાભર્યા હૈયા ઉપર શું ને શું યે વીતશે? બાળકોના અરમાન ઉપર તો વીજળી જ તૂટી પડશે. સુશીલાનું હૈયું પણ ભાંગી જશે. અને મારા મળવાથી તો તેઓ સાવ જ ભાંગી પડશે. તેમના અંતરને ભારે ધક્કો લાગશે.

ખરેખર મને ધિક્કાર છે! મારા જન્મને ધિક્કાર છે! પુરુષ જેવો પુરુષ થઈને પણ હું ખુદ મારા એકલાનું

પણ હવે તો પૂરું કરી શકું તેમ નથી. ત્યાં મારા આ સંસારનું તો કેવી રીતે પૂરું કરી શકું ?

મેં આજ સુધી પુરુષાર્થ કરવામાં જરાય બાકી નથી રાખ્યું. પણ દૈવે સદાય મારી સાથે છેતરપીંડી કરી છે. તેણે મને સદાય દુઃખની જ ભેટ ધરી છે. ખરેખર દૈવ મારું સાવ જ મોં ફેરવીને બેઠું છે. મારા સુખની એ સતત ઉપેક્ષા જ કરે છે. મને એણે સદાય અણમાનીતો જ માનીને રાખ્યો છે. અને મારી સાથેસાથ મારા આ પરિવારને પણ તેણે દુઃખમાં પીસવાનું બાકી નથી રાખ્યું.

હવે હું શું કરું ? મારા બાળકોને કેવી રીતે સુખી કરું ? પત્નીને કેવી રીતે શાંતિ આપું ? નિર્ધન અને અકિં-ચન હું તેઓને કેવી રીતે સુખ અને શાતા આપી શકીશ ?

અરેરે ! આવા જીવન કરતાં તો મૃત્યુ જ ઘણું સારું. માટે હે મારા ભાગ્યવિધાતા ! હવે મારા આ દુઃખોનો એથી અંત લાવ.

આ દુઃખ ને યાતના હવે હું નથી જોઈ શકતો, નથી તેમાંથી ઉગરી શકવાનો કોઇ ઉપાય જોતો. તેમ જ નથી એ બધું સહન કરી શકતો. માટે પ્રભો ! હવે તો તારી પાસે બે હાથ જોડી એક જ યાચના કરું છું. ‘ તું હવે મને મોત આપ.’

ભીમસેન મૃત્યુનો વિચાર કરતો ત્યાંથી દૂર ભાગવા

લાગ્યો. અને ભાગતો ભાગતો નગરની બહાર નીકળી ગયો. ત્યાં એક વડ નીચે જઈને ઊભો રહ્યો.

વડની વડવાઈઓ ફણિધર નાગની જેમ નીચે લબડી રહી હતી. એ જોઈને ભીમસેને વિચાર કર્યો. આ વડવાઈઓ મારો ઉધ્ધાર કરી શકશે. મારા ગળા કાપતી એ વીંટળાઈને મારો દુઃખોનો નાશ કરી શકશે અને મારા જીવનનો પણ અંત આણશે.

ભીમસેને આ દુઃખી જિંદગીનો અંત લાવવાનો પાકો નિર્ણય કરી લીધો. હવે મોત બે આંગળ જ છેટું છે, એમ સમજીને અંત સમય સુધારી લેવા મન–વચન અને કાયાને એકાગ્ર કરી વીતરાગ દેવનું સ્મરણ કરવા લાગ્યો. ઘણા જ ઉત્કટ ભાવથી નમસ્કાર મહામંત્રનું થોડા સમય માટે પારાયણ કર્યું. અને પછી પોતાના જીવન દરમિયાન જે કંઈ જાણતાં અજાણતાં સ્થૂળ અને સૂક્ષ્મ અપરાધો કર્યા હોય તેને યાદ કરવા લાગ્યો. અને જગત સમસ્તના જીવોને ઉદ્દેશીને એ પ્રગટ કહેવા લાગ્યો :

‘ હે જીવરાશીઓ ! મેં અજ્ઞાનતાથી, આળસ કે પ્રમાદ વશ બનીને તમારા અનેક અપરાધ કર્યા હશે, તમને દુઃખ આપ્યું હશે, સંતાપ્યા હશે, તમારા આત્માને દુભાવ્યો હશે. તમારા અંતરને કલેશ કરાવ્યો હશે. મારા કોઈ કાર્ય ને વિચારને લીધે તમારે આર્ત અને રૌદ્ર ધ્યાન કરવું પડયું હશે. એ સર્વ પાપોની હું આપ સૌની નમ્ર ભાવે ક્ષમા માગું છું, મારા એ તમામ અપરાધોને તમે સૌ માફ કરજો.

મારા ઉપર આપ સૌને ઘણો જ ઉપકાર છે. હું તમારા સર્વનો ઋણી છું. આજ હું તેનો જરાય બદલો ચૂકવી શકું તેમ નથી. આથી તમે મારા ઉપર દયા અને કરુણા વર્ષાવી મારા એ ઋણ ભારમાંથી મને મુકત કરજો.

મેં આ જન્મમાં ઘણાં ભયંકર દુઃખો અનુભવ્યાં છે. એ માટે હું તમારામાંથી કોઈનોય દોષ જોતો નથી. મારા જ કર્મનું એ ફળ છે. પૂર્વભવના કોઈ અશુભ કર્મના પરિણામે આ ભવમાં મારે એ બધું ભોગવવું પડ્યું છે. આથી તેમાં હું તમારા કોઈનો અપરાધ જોતો નથી.

હું હવે મરણને શરણ થાઉં છું, ત્યારે હું અઢાર લાખ, ચોવીશ હજાર એકસોને વીસ વાર મિથ્યા દુષ્કૃત માગું છું.

હે અરિહંત ભગવંત! તમોને નમસ્કાર થાઓ. હે સિદ્ધ પરમાત્મા! તમોને મારા પ્રણામ હો! હે પ્રાતઃ સ્મરણીય પૂજ્ય આચાર્ય ભગવંત! હું તમને પ્રણિપાતુ છું. અને હે સર્વ લોકના મુનિ શ્રમણ ભગવંતો! મારા તમને આ આખરના છેલ્લા છેલ્લા નમન.'

આમ પ્રભુપ્રાર્થના કરી ભીમસેને પોતાના ગળા ફરતી વડવાઈઓને વીંટાળવા માંડી. અને કસ કસીને બાંધી દીધી. અને પછી પોતે અદ્ધર ઝુલવા લાગ્યો. અને મોતની વાટ જોતા નવકારમંત્રનું રટણ કરવા લાગ્યો.

□

૨૦

# મોત પણ ન આવ્યું

પુરુષાર્થ અને પ્રારબ્ધના બે ચક્રોથી આ જીવન ચાલે છે. બે ચક્રો બરાબર હોય છે તો જીવન સીધી ગતિએ સડસડાટ ચાલ્યું જાય છે. પણ તેમાંથી જો એક પણ ચક્ર બગડે છે તો જીવન પણ ડગુમગુ ચાલે છે. અને તેમાંય જો પ્રારબ્ધનું ચક્ર સહેજ બગડેલું હોય છે, તો તો સમજવું કે જીવનનું આવી જ બન્યું. એ ચક્રની થોડી પણ ખરાબી જીવનને ગબડાવી નાંખે છે, ભાંગી નાંખે છે ને તેને શીર્ણ-વીશીર્ણ કરી નાંખે છે.

જીવન છે તેમાં દુઃખ પણ આવે છે અને સુખ પણ. જેવાં માનવીનાં શુભાશુભ કર્મ તેવું તેને ફળ મળે છે. અશુભ કર્મનો જ જ્યારે ઉદય હોય છે, ત્યારે જીવનમાં દુઃખોની વણઝાર ચાલી આવે છે. આ દુઃખોથી માનવ રડે છે, વિલાપ કરે છે, ભાગ્યને દોષ દે છે અને અનેક રીતે દુઃખોને દૂર કરવા એ પ્રયત્ન કરે છે.

પરંતુ અશુભ કર્મો જ્યારે સરેસ જેવા ચીકણા બાંધ્યા હોય છે, ત્યારે દુઃખો પણ જીદ્દી બનીને જીવનને વળગી રહે

છે. માનવી તેથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી જાય છે. તેનાથી ગભરાઈને, ત્રાસીને, અકળાઈને તેનાથી છૂટવા આત્મહત્યા કરવા તૈયાર થાય છે. ન જાણે જીવનને એક ઝાટકે કાપી નાંખવાનું પોતાના હાથમાં ન હોય, એમ તે પ્રયત્ન કરે છે. ઘાસલેટ છાંટે છે, વિષ ઘોળે છે, ખૂબ ઊંચેથી પડતું મૂકે છે, કૂવો પૂરે છે, જીભ કચરે છે. ચાલતી ગાડીએ પડતું મૂકે છે. આવા હજાર હજાર પ્રયત્ન માનવી દુઃખથી ત્રાસીને કરે છે.

પણ માગ્યું મોત જો મળતું હોય અને દુઃખમાંથી છુટકારો મળી જતો હોય તો તો જોઇએ શું ? તો તો દુનિયામાં બધા સુખી જ માણસો ન વસતા હોત ?

ભીમસેને પણ મોત માગી લીધું હતું. દુઃખથી કાયમ માટે છુટકારો મેળવી લેવા ગળે ફાંસો નાંખીને મોતની રાહ જોતો હતો.

પણ માગ્યું મોત કોઈને ય મળ્યું છે ? તે ભીમસેનને મળે ?

એ જ સમયે એક શેઠ ત્યાં પડાવ નાંખીને પડ્યા હતા. તેમના પડાવ પાસે તાપણું ભડભડ સળગી રહ્યું હતું. ઠંડી સખ્ત હતી અને સૌ તેની ગરમીથી રાહત અનુભવી રહ્યા હતા. તાપણાની અગ્નિશીખાથી ચારે બાજુ અજવાળુ જણાતું હતું.

એ અજવાળામાં શેઠની નજર ભીમસેન તરફ ગઇ. તેમણે દૂરથી જોયું. એક માનવી ગળે ફાંસો નાખી પોતાના

જીવનનો અંત આણી રહ્યો છે. ઘડીનો ય વિલંબ કર્યા વિના તલવાર લઈને દોડયા. તેમનું હૈયું કરુણાથી દ્રવી રહ્યું હતું. દૃશ્ય જ એવું હતું કે સહૃદય આત્માનું અંતર પીગળી ઊઠે, રડી ઊઠે.

શેઠ તો જૈનધર્મના ચુસ્ત અનુયાયી હતા. તેમનું અહિંસક હૃદય એ દૃશ્ય જીરવી ન શકયું. વેગથી દોડતા એ ભીમસેન પાસે આવી પહોંચ્યાં ને તરત જ તલવારના એક જ ઘાથી વડવાઈનો પાશ કાપી નાંખ્યો. અને ભીમસેનને પડતો ઝીલી લીધો. નીચે સંભાળથી તેને મૂકી ગળાના ફાંસાને કાઢી નાંખ્યો અને ભીમસેનને પવન નાંખવા લાગ્યા. એટલામાં તો શેઠના બીજા સાથીદારો પણ ત્યાં આવી પહોંચ્યા અને એક માણસને આમ ભરજુવાનીમાં આપઘાત કરતો જોઇ અરેરાટી અનુભવવા લાગ્યા.

ફાંસો એટલે ફાંસો. એ તો તેનું કામ કરે જ. એ જડને થોડી બુદ્ધિ હોય છે, કે એ વિચાર કરે, કે આ માણસને મારી નંખાય અને પેલા માણસને ન મારી નંખાય. એ તો તેના સ્વભાવ પ્રમાણે કામ કરે જ.

ફાંસો ખાવાથી ભીમસેનનો શ્વાસ રૂંધાવા લાગ્યો. નાડીઓ તૂટવા લાગી. ગળુ સંકોચાઈ ગયું. આંખોના ડોળા ચકર વકર ઘૂમવા લાગ્યા. કપાળની નસો તંગ બનીને સૂઝી ગઈ. માથાના વાળ ઊભા થઈ ગયા. હાથ ઢીલા પડી ગયા. છાતીમાં ગુંગળામણ થવા લાગી. પરંતુ ભીમસેને આ કશાયની પરવા ન કરી. કારણ તેને મન આ થોડી જ પળોનું દુઃખ

હતું. ઘડી પછી તો એ સઘળા દુઃખોનો, જીવન સમસ્તની યાતનાનો અંત આવવાનો હતો.

પણ વિધાતાએ ભીમસેન માટે કંઈ જુદુ જ નિર્માણ કર્યું હતું. તેણે સુખ માંગ્યું તો દુઃખ આપ્યું. ભિખ માંગી તો તિરસ્કાર આપ્યો. નોકરી માંગી તો બેકારી આપી. અરે! મોત માંગ્યું તો એણે જીવન આપ્યું. કોઈ વાતે ય વિધાતા તેની તરફેણ નહોતી કરતી. એ કોઈ જુદા જ મિજાજમાં હતો. ભીમસેનને તેણે મોતના મુખમાંથી પાછો ધકેલી દીધો.

શેઠે આવીને તેના ઉપર દયા કરી. પરોપકાર કર્યો. કહ્યું છે કે, પારકાના ભલા માટે જે પ્રયત્ન નથી કરતા તેઓનો જન્મ નિષ્ફળ જ છે, માટે માનવીએ પોતાનાથી બને તે તમામ રીતે સામા માણસ ઉપર જરૂરથી ઉપકાર કરવો.

પરોપકાર કરવા જતાં પ્રાણની આહુતિ દેવી પડે તો પણ દઇ દેવી. કારણ પરોપકાર કરવા જતા થતું મરણ શ્રેષ્ઠ છે.

અને વિધાતાએ સૂર્ય, ચંદ્ર, વૃક્ષો, નદી, ગાયો અને સજ્જનોનું સર્જન પરોપકાર માટે જ કર્યું છે. હવે જે માણસો અન્યને ઉપકાર નથી કરતા. તેનાથી તો જંગલમાં ઉગેલું ઘાસ પણ ઉત્તમ છે, એ ઘાસ જેવું ઘાસ પણ પોતાના પ્રાણનું બલિદાન દઈ પશુઓનું પોષણ કરે છે. લડાઈમાં લડતાં સૈનિકોનું તે રક્ષણ કરે છે.

શ્રી જનાર્દને એક વખત કાંટો લઇને પરોપકાર અને મુક્તિને તોળ્યાં અને તેમણે નક્કી કર્યું કે મુક્તિ કરતાં પણ પરોપકાર બહુમૂલ્ય છે. અને આ માટે એમ કહેવાય

કે પરોપકાર કરવા માટે જ શ્રી જનાર્દને દશ દશ અવતાર ધારણ કર્યા.

આ જીવલોકમાં સૌ પોતાનાં સુખ અને સ્વાર્થ માટે જ બહુધા જીવે છે. પણ જેઓ પરોપકાર માટે જ જીવે છે. તેઓનું જીવન જ સાચું જીવન છે. બાકી પરોપકારહીન મનુષ્યનું જીવન તો ધિક્કારપાત્ર છે. અને માણસો કરતાં તો પશુઓ વધારે ઉપકારી છે. જીવતાં તે માણસોનો અનેક પ્રકારનો ભાર વહન કરે છે. અને મૃત્યુ બાદ તેઓ પોતાનું ચામડું, હાડકાં, દાંત, શીંગડાં વગેરે આપીને પણ ભલુ કરે છે.

પરોપકારથી પ્રેરાઈને તો વૃક્ષો પોતાનાં અમૃત તુલ્ય ફળ આપે છે. આ માટે તેઓને અનેક પ્રકારનું કષ્ટ સહન કરવું પડે છે. માણસોના મારને પણ વધાવવો પડે છે. છતાંય ફળ આપવું એ પોતાનું કર્તવ્ય છે, એમ સમજી તેઓ આનંદથી ફળ આપે છે. ગાયો પોતાના સંતાનને કકળતું ને ભાંભરતું રાખીને પણ દૂધ આપી ઉપકાર કરે છે. ગોવાળો તેના આંચળને અનેક રીતે મસળે છે ને દુઃખ આપે છે, પરંતુ પરોપકારી ગાય એ દુઃખને જરાય મન ઉપર લેતી નથી. અને પરોપકારમાં આનંદ માણે છે.

ફળો આવે છે ત્યારે વૃક્ષો નીચાં નમે છે. પાણી ભર્યાં વાદળો પણ નીચાં આવે છે. તે જ રીતે સત્પુરુષો સમૃદ્ધિથી અનુદ્ધત અને વિનમ્ર બને છે. પરોપકારીઓનો આ સહજ સ્વભાવ છે.

કાન ધર્મશ્રવણથી શોભે છે, કુંડલોથી નહિ. હાથ

સુપાત્રદાનથી શોભે છે, કંકણથી નહિ. શરીર પણ પરોપકારના પરસેવાથી શોભે છે, ચંદનથી નહિં.

સૂર્ય કમળને વિકસીત કરે છે. ચંદ્ર કૈરવ સમુહને વિકસીત કરે છે. પૃથ્વી ઉપર મેઘ પાણી વરસાવે છે. આ માટે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી, કોઈની માંગણી કે યાચના, વિનંતી કે પ્રાર્થનાની રાહ નથી જોતા. તે પોતાની મેળે જ, આ મારે કરવાનું જ છે, કરવું જ જોઈએ સમજીને તેઓનું કામ કરે છે. સજ્જનો અને સત્પુરુષોનો સ્વભાવ પણ એવો જ હોય છે.

ભીમસેને તો મૃત્યુને આલિંગન કર્યું હતું. તે કંઈ કોઈની પાસે ભિખ માંગવા નહોતો ગયો. કે અરે! મને કોઈ મોત આપો. અને ગળે ફાંસો ખાધો ત્યારે પણ તેણે બૂમ નહોતી મારી કે, 'બચાવો! બચાવો! હું મરી રહ્યો છું!'

શેઠે દૂરથી એ દશ્ય જોયું. તેમનો પરોપકારી આત્મા તરત જ ત્યાં દોડી આવ્યો. અને ભીમસેનને મૃત્યુના દુઃખમાંથી ઉગારી લીધો.

શેઠે તેને પવન નાંખ્યો. શીતળ જળનો છંટકાવ કર્યો. હાથ–પગ દબાવ્યા. માથે પંપાળ્યો. વાંસે વ્હાલથી હાથ ફેરવ્યો. બંધ મોંમાં ધીમે ધીમે પાણી પાયું. આ બધી ક્રિયાથી ધીરે ધીરે ભીમસેન ભાનમાં આવતો ગયો. દુઃખથી તો તે મરી જ ગયો હતો. મન તો તેનું કયારનું ય મરી ગયું હતું. પણ દેહનો પ્રાણ નહોતો ગયો. એક તેણે જ સાચી વફાદારીપૂર્વક તેનો સાથ પકડી રાખ્યો હતો.

થોડું ભાન આવતાં જ ભીમસેને આંખો ખોલી. તેના હોઠ ફફડયા. તે બોલ્યો : અરિહંત ! અરિહંત !

શેઠ આ સાંભળીને ચમકયા. તેમના હૈયામાં દુઃખની સાથોસાથ આનંદ છવાયો. તેમનું અંતર બોલી ઊઠયું : 'અરે ! આ તો મારો ભાઈ ! સાધર્મિક બંધુ ! હું પણ જૈન. અને આ પણ જૈન લાગે છે. નહિ તો તેના હોઠેથી અરિહંતનું નામ કયાંથી નીકળે ? આમે ય હું તેને માણસ સમજીને, તેને દુઃખી સમજીને મદદ તો કરવાનો જ હતો. પણ હવે તો મારી ફરજ વધી જાય છે. હું જરૂરથી તેને બધી જ મદદ કરીશ.' મનમાં આમ વિચારી એ પ્રગટ બોલ્યા :

'ભાઈ ! તું કોણ છે ! આમ અકાળે તું તારા જીવનને રહેંસી નાંખવા કેમ તૈયાર થયો છે ? જે હોય તે જણાવ. હું તને બધી જ સહાય કરીશ. મને તું તારો ભાઈ જ માનજે.'

ભીમસેને પછી બધી હકીકત જણાવી અને કહ્યું : 'શેઠ ! હવે હું ન મરું તો શું કરું ? જીવન જ એટલું બધું અસહ્ય બની ગયું હતું કે મારે મર્યા સિવાય કોઇ જ છુટકો ન હતો. પણ વિધિને એ ય મંજુર નથી લાગતું. તમે મને દયાભાવથી મુક્ત કર્યો. જીવતદાન આપ્યું. પણ હવે હું શું કરીશ ? કયાં જઈશ ? કેવી રીતે મારું જીવન ગુજરાન ચલાવીશ ?'

'મહાનુભાવ ! તારી જિંદગી ખરેખર કષ્ટદાયક છે. અનેક દુઃખો તેં સહન કર્યાં છે. અનેક યાતનાઓ તેં ભોગવી

છે. સાચે જ તે કહી જાય તેવી નથી. અને એ સાંભળ્યા પછી સહન થઈ શકે તેવી નથી.

'પણ ભાઈ! આ માનવભવ તો દુર્લભ છે. મહાપુણ્યોદયે આજ તને એ પ્રાપ્ત થયો છે. તેનું તો તારે અનેક કષ્ટો વેઠીને પણ રક્ષણ કરવું જોઈએ. તને તો કદાચ ખબર હશે, કે જે માણસ આપઘાત કરે છે તે આર્ત અને રૌદ્ર ધ્યાનના દુષ્ટયોગે નરકગતિને જ પામે છે. તું તો ભલા સુજ્ઞ છે. સમજદાર છે. તારે આ રીતે હિંમત હારી જીવનનો અંત આણવાનો મિથ્યા પ્રયત્ન ન કરવો જોઇએ. કારણ એકવાર મરણ આવી ગયું કે ખેલ ખલાસ. જીવતો હશે તો તું કંઈ પામી શકશે. કંઈ કરી શકશે. માટે ભાઈ! નિરાશ ન બન. હિંમત ન હાર.'

'શેઠજી! હું આ બધું જ સમજું છું. પણ અનંત દુઃખોએ મારી બુદ્ધિને કુંઠિત કરી નાખી છે. હવે મને એટલી બધી ચિંતા સતાવે છે કે, હવે હું શું કરીશ? ક્યાં જઈશ? મારાં પત્ની અને બાળકોને કેવી રીતે સુખી કરી શકીશ?' ભીમસેન ચિંતાથી બોલી ઊઠ્યો.

'ભાઈ! એમ દુઃખોથી હારી જઈ અવિચારી સાહસ કરીએ, તો ખરાબ જ પરિણામ આવે. પૂર્વે હતાં તેથી ય વધુ દુઃખોનો ભાર વધી જાય.

તું જ વિચારી જો. શ્રી રામચંદ્રે સગર્ભા સીતાને વનવાસમાં કાઢી મૂકી, મહારાજા નળ દમયંતીને વનમાં સૂતી મૂકીને ચાલ્યા ગયા, સત્યવાદી હરિશ્ચંદ્ર ઉતાવળથી સગર્ભા

હરિણીનો વધ કર્યો, પાંડવોએ જુગારમાં સાહસ કરી દ્રૌપદીને હોડમાં મૂકી–આ બધાએ જ પાછળથી શું હાંસલ કર્યું ?

એ સૌએ અનેક દુઃખોને સામેથી નોંતરી લીધાં અને પાછળથી ખૂબ જ પસ્તાયા. માટે ભાઈ ! સૌએ સારાસારનો વિવેક કરીને જ કામ કરવાં જોઇએ.

અને દુઃખો તો કોને નથી પડયાં ? ભલભલા ચક્રવર્તીઓ, અરે ! ખૂદ તીર્થંકર ભગવંતોને પણ દુઃખની આગમાંથી પસાર થવું પડયું છે. તો તારા મારા જેવાની તો શું વિસાત ?

સુખ–દુઃખનું ચક્ર તો નિરંતર ઘૂમતું જ રહે છે. કદી દુઃખ તો કદી સુખ. જેવાં કર્મો તેવાં તેનાં ફળ. શુભ કર્મનો શુભ ફળ અને અશુભકર્મનાં અશુભ ફળ. આ તો શાશ્વત નિયમ છે.

માટે હે ભવ્યાત્મા ! તું સમભાવ ધારણ કર. તારા દુઃખોથી દુઃખી ન બન. એ પણ તારા જ કોઈ અશુભ કર્મોનું પરિણામ છે તેમ સમજ. અને સહિષ્ણુ બન. શાંતિ રાખ. ઉતાવળો ન થા. પુણ્ય પ્રગટશે ત્યારે આ દુઃખોનો પણ અંત આવશે.' ભીમસેનને આટલું લાંબું સહૃદયી આશ્વાસન આપી શેઠ શાંત થયા.

ભીમસેને ઘણા સમયથી આવા દયાળુ આત્માનો અવાજ સાંભળ્યો ન હતો. આવા શાસ્ત્રના પ્રેરક ને શાતાદાયક વચનો પણ સાંભળ્યાં ન હતાં. રાજગૃહ છોડયા પછી તેને બધી જગાએથી જાકારો જ મળ્યો હતો. લક્ષ્મીપતિ શેઠે કટુ વચનો

સંભળાવ્યાં હતાં. ધનસાર શેઠે તેને જુઠો પાડયો હતો. અરિંજય અને જિતશત્રુએ તેને નિરાશ કર્યો હતો. આ બધાના લીધે તેનું અંતર ઘણું જ સંતપ્ત હતું. અપમાનની જ્વાળાઓથી તેનું હૈયુ ધખતું હતું.

શેઠના આ શબ્દોથી તેના સળગતા જિગરને ટાઢક થઈ. કોઈ સ્વજન મળ્યું હોય એવો તેના અંતરે ભાવ અનુભવ્યો. દુઃખનાં વાદળ તેને વિખરાતાં લાગ્યાં. નિરાશાનો અંધકાર ભેદાતો લાગ્યો. તેણે શેઠને કીધું :

'શેઠજી ! આપના પ્રેરક વચનોથી મારા દિલને ઘણી શાતા મળી છે. પરંતુ એ શાતા કાયમ કેવી રીતે ટકે ? જે દુઃખ છે, તે તો આ ગરીબાઇનું છે, ભૂખમરા અને રઝળપાટનું છે. જીવનગુજારા જેટલું ય જો થોડું મળે, તોય સંતોષથી જીવી શકાય. આપ મને એવું કંઇ કામ ન આપો ? એટલો ઉપકાર તમે મારા ઉપર ન કરો ? આપનો ઉપકાર હું કદી નહિ ભૂલું. અને આપ જે બતાવશો તે તમામ કામ કરીશ.'

'ભાઇ ! મારી શક્તિ હોવા છતાં પણ જો હું તારા માટે કંઇ ન કરી શકું, તો મારું જીવ્યું ધૂળ જ થાય ને ? હું તને જરૂરથી કામ આપીશ. જો અમે પણ ધન કમાવવા જ નીકળ્યા છીએ. અહીંથી ઘણે દુર એક રોહણાચલ પર્વત છે. ત્યાં આગળ ઘણી બધી ખાણો છે. એ ખાણોમાં રાજાઓના મુકુટમાં શોભતાં રત્નો છે. સૌન્દર્યવતી નારીઓના ગળામાં શોભતા નવલખા હાર માટેના હીરાઓ છે. પન્ના છે. મોતી

છે. માણેક છે. અમારી સાથે તું પણ એ ખાણોમાંથી તે શોધી કાઢવા મહેનત કરજે. ખાજે-પીજે અને રહેજે અમારી સાથે જ. આપણું કામ સફળ થશે એટલે તને પણ હું, તું તારું કાયમ માટે દળદળ ફેડી શકે તેટલું મહેનતાણું આપીશ. માટે ભાઇ ! તું એ માટે ચિંતા ન કર. પ્રભુનું નામ લઇ અત્યારથી જ તું અમારી સાથે ચાલ.' શેઠે સક્રિય આશ્વાસન આપ્યું.

ભીમસેન એ રાતે શેઠના તંબુમાં જ સૂઈ ગયો. સરસ મજાના ખાટલા ઉપર સુંવાળું સુંવાળું અને પોચું પોચું ગાદલું પાથરેલું હતું. માથાને ટેકવવા એવા જ મજાના બે ઓશીકાં હતાં. ઓઢવા માટે રજાઇ હતી. અને તંબુના ઉપરના છિદ્રોમાંથી ચંદ્રના કિરણો અમૃતધારા રેલાવી રહ્યાં હતાં.

ઘણા બધા સમયે સૂવા માટે આ રીતની સગવડ ભીમસેનને મળી હતી. શરીર લંબાવતા જ તેને રાહત થઈ. દુઃખતાં હાડકાંઓને આરામ મળ્યો. અને ચંદ્રને નીરખતો એ વિચારે ચડી ગયો.

વિચારમાં તેને સુશીલા અને બાળકોની યાદ પણ આવી. એઓ શું આ રીતે સૂતાં હશે ? ના. ના. આવું સુખ ક્યાંથી મળે તેઓને ? મારી નજરે તો તેઓને મેં જોયાં છે. બિચારાં ! કેવી કંગાળ હાલતમાં જીવતાં હતાં. ! અંગો અર્ધા ભાગનાં બધાં ઉઘાડાં હતાં. અને ઠંડીથી ધ્રુજી રહ્યાં હતાં. તેઓ એવાં દુઃખમાં સબડતાં હોય અને મારાથી

આ રીતે સૂઇ જવાય ? ના... ના... હું તો જમીન ઉપર જ સૂઇ જઇશ.

આમ વિચારી તે જમીન ઉપર હાથનું ઓશીકું કરીને આડો પડયો. નવકાર મંત્ર ગણતાં ગણતાં જ સૂઈ ગયો તે સવાર વહેલી પડે.

પ્હો ફાટતા તો શેઠના ડેરા તંબુ છૂટવા લાગ્યા. બળદો ગાડે જોડવામાં આવ્યા. ગધેડાઓ ઉપર સામાન લાદવામાં આવ્યો. ઘોડાઓ ઉપર જીન નાંખ્યું. સવારો તૈયાર થઇ ગયા. ચાલવાવાળા ભોમિયા સાબદા થઇ ગયા. ભીમસેન પણ આ સૌ કામમાં મદદ કરવા લાગ્યો. સમાન ઊંચકી ઊંચકીને ગાડામાં ભરવા લાગ્યો. ઘોડાઓ ઉપર જીન સરખું નાંખ્યું. અને પોતે પણ સાબદો થઈ ગયો. અને સૌ ચાલવા લાગ્યા રોહણાચલ પર્વત તરફ.

સવારે સફર. બપોરના કોઇ શીતળ છાંય તળે આરામ. બપોર નમતાં ફરી પાછી દડમજલ અને રાતે ગામના પાદરે ડેરા તંબુમાં શયન. આમ સૌ કૂચ કરતા હતા. ભીમસેન કયારેક પગપાળા ચાલતો હતો. તો કયારેક ઘોડા ઉપર. તો કયારેક ગાડામાં. તેને આ સફર અને સાથીદારો સાથે આનંદ આવતો હતો. તે પોતાનું દુઃખ ધીમે ધીમે ભૂલતો જતો હતો. અને જીવનનો ઉલ્લાસ માણી રહ્યો હતો. વચમાં વચમાં કયારેક પોતાના પરિવારની દુઃખદ અને કરુણ યાદ આવી જતી. ત્યારે બળપૂર્વક એ યાદને ખંખેરી નાંખતો અને ભાવિની ઉજ્જવળ આશામાં પંથ કાપે જતો હતો.

ભીમસેનના વિનય વિવેકથી શેઠ પણ ખુશ હતા. તેની સાથે એ મમતા ને પ્રેમથી વાતો કરતા હતા. બને ત્યાં સુધી ભીમસેનને કોઇ કામ તે કરવા દેતા નહિ. પણ ભીમસેન જ જીદ કરીને પ્રેમથી બધાં કામ કરી નાંખતો. શેઠના મનમાં આથી ભીમસેન માટે સારી છાપ પડી હતી. એ તેમને મહેનતુ અને પ્રામાણિક લાગ્યો હતો. દિલનો સાફ અને સ્વચ્છ લાગ્યો હતો. આથી શેઠ ખૂદ તેની કાળજી લેતા હતા. ભીમસેને ખાધું કે નહિ, તેણે બપોરના આરામ કર્યો કે નહિ, રાતે એ નિરાંતે ઊંઘ્યો કે નહિ, ચાલતા ચાલતા એ થાકી તો નથી ગયો ને, ટાઢથી તે હેરાન તો થતો નથી ને. આવી આવી અનેક બાબતોનું શેઠ ધ્યાન રાખતા. થોડા દિવસમાં તો એ બે વચ્ચે સારી માયા બંધાઇ ગઈ.

એક સવારે સૌ પર્વત આગળ આવી ગયા. મંઝિલ મળી ગઇ. હવે કૂચ કરવાની નહોતી. સાધનાના દિવસો શરૂ થવાના હતા. કામનો પ્રારંભ હવે જ થવાનો હતો. રોહણાચલ પર્વતની એક તળેટીમાં સૌએ મુકામ કર્યો. તે દિવસે સૌએ માત્ર આરામ કર્યો. મુસાફરીનો થાક ઉતાર્યો.

બીજે દિવસથી સૌ કામે લાગી ગયા. ભીમસેન પણ કામે લાગી ગયો. કોદાળી, ત્રિકમ, પાવડો અને તગારું લઇ એ ઉપડી ગયો. જમીન માપવા અને માટી પારખવાનાં સાધન પણ તેણે પાસે રાખ્યાં.

પોતાના યુવાનકાળમાં ભૂમિપરીક્ષાનો તેણે અભ્યાસ કર્યો હતો. એ અભ્યાસ અહીં કામે લાગ્યો. પૂરા એક દિવસ

સુધી જાત જાતની જમીનની તેણે મોજણી કરી. જમીનના આડાં અવળાં માપ દોર્યાં. કરવા યોગ્ય નિશાન કર્યાં. મનમાં એક પ્લાન દોર્યો. અને બીજે દિવસથી એકલપંડે એક જમીન ઉપર ત્રિકમ લઇ મંડી પડયો.

કૂકડો બોલે તે અગાઉ જ ભીમસેન એ દિવસથી ઊઠવા લાગ્યો. ઊઠીને નવકાર મંત્રનું સ્મરણ કરતો કરતો જ એ ખીણમાં પહોંચી જતો. કમરે કછોટો મારી, ઉઘાડા પગે, ઉઘાડા બદને જમણા હાથમાં ત્રિકમ પકડી એ ખટાક્ ખટાક્ ખોદવા મંડી પડયો.

ભીમસેનનું શરીર સશક્ત અને તંદુરસ્ત હતું. રાજ-કાળમાં પૂરતો વ્યાયામ અને દેહનું પૂરતું પોષણ કર્યું હતું. આથી આ કામ કરતાં તેને ઝાઝો થાક નહોતો લાગતો. વળી ભૂમિપરીક્ષા તે જાણતો હતો. આથી ઓછી મહેનત તેને કરવી પડતી હતી.

ત્રણ ચાર દિવસ સવાર અને સાંજ એકધારું ખોદ્યા બાદ તેણે ચમકતા પથ્થર જોયા. રંગ વેરતા કકડા જોયા. તેના આનંદની અવધિ ન રહી. હવે તેનું કામ સરળ બની ગયું હતું. જોતજોતામાં તો તેણે એવા ઘણા બધા ચમકતા ને રંગબેરંગી પથરા જુદા તારવી કાઢયા.

એ દિવસથી એણે ખોદવાનું બંધ કર્યું. એ પથ્થરોની માવજતમાં પડયો. હથોડી ને છીણી લઇ એ બેસી ગયો. ને પથ્થર તેમજ માટીમાં જડાઇ ગયેલાં રત્નો અને હીરા અલગ કરવા લાગ્યો.

એ ચાર દિવસની મહેનત બાદ એ કામ પણ પૂર્ણ થઇ ગયું. શેઠ તો તેના આ કામ ને સફળતાથી ખુશ ખુશાલ થઇ ગયા. તેના કામને ધન્યવાદ આપ્યા. શાબાશી આપી. તેનો બરડો થાબડયો.

ભીમસેને ઘણી મહેનત બાદ અને સખ્ત પરિશ્રમ કરી તેણે આ રત્નો મેળવ્યાં હતાં. એ રત્નો પોતે જ રાખી લે તો પેઢીઓની પેઢીઓનું દરિદ્ર ફીટી જાય. પરંતુ એણે આવી કોઇ મેલી ભાવના સેવી ન હતી. તેને તો કામમાં જ આનંદ અને સંતોષ હતો. શેઠ તેને જરૂરથી યોગ્ય મહેનતાણું આપશે જ એવી તેની શ્રદ્ધા હતી. આથી એ લાલચુ બન્યા વિના અને કંઇપણ જાતની અપ્રમાણિકતા સેવ્યા વિના એ તમામ રત્નો તેણે શેઠને આપી દીધાં.

શેઠને ભીમસેન ઉપર પૂરેપૂરો વિશ્વાસ હતો. તેમજ તેમના અંતરની ભાવના પણ નિર્મળ હતી. લક્ષ્મીપતિ અને ધનસારના જેવા મનના તે મેલા ન હતા. તેમણે જ ભીમસેનને કીધું : ‘આ રત્નો લઇ તમે બાજુના ગામમાં જાવ. અને ઝવેરી બજારમાં જઇ તેને વેચી આવો.’

ભીમસેન સુંદર કપડાં પહેરી અને જતનથી રત્નોને લઈ ગામમાં ગયો. ઝવેરી બજારની દુકાનોમાં જઇ ઊભો રહ્યો. એક ઝવેરીને એ બધાં રત્નો બતાવ્યાં. બીજાને બતાવ્યાં. ત્રીજાને, ચોથાને એમ પાંચ છ જણ પાસે એ રત્નોની કિંમત અંકાવી જોઇ.

ઝવેરીઓએ પણ રત્નોની ઉલટ સુલટ તપાસ કરી

જોઇ. રત્નોની પરખ કરી. હીરાને નાણી જોયા અને તેની કીંમત પણ કાઢી જોઈ.

કોઇએ ત્રણ લાખ કહ્યા. કોઇએ ચાર લાખ કહ્યા. એક બે જણાએ પાંચ લાખ આપવા કહ્યું. ભીમસેનનું મન માનતું નહોતું. તેને હજી વધુ દામની ઇચ્છા હતી. કારણ તે જાણતો હતો કે આ રત્નો ને હીરા ઘણા જ મૂલ્યવાન છે. છેવટે એક ઝવેરીએ તેની આખર કીંમત આંકી.

'ભાઇ! આ રત્નો ને હીરાની કીંમત નવ લાખ રૂપિયા થશે. એથી વધુ હું તને આપી શકું તેમ નથી. તારી ઇચ્છા થતી હોય તો વેચી જા.'

ભીમસેનની ધારણા હતી કે ઓછામાં ઓછા દસેક લાખ તો આની કીંમત ઉપજશે જ. તેણે અત્યાર સુધી છ લાખથી વધુ કીંમત સાંભળી ન હતી. આ ઝવેરીએ જ માત્ર નવ લાખની કીંમત કરી. એ ઝવેરી સાથે તેણે થોડા વધુ આપવા રકઝક કરી છેવટે એ રત્નો ને હીરાનો સોદો પતી ગયો.

ભીમસેન નવ લાખ રૂપિયા લઇને શેઠ પાસે આવ્યો. અને વિનયપૂર્વક બધી હકીકત જણાવી.

શેઠ તો ભીમસેનની પ્રમાણિકતા ઉપર વારી ગયા. તેમને મનમાં થયું : 'આ કેટલો બધો પ્રમાણિક પુરુષ છે? નવ લાખને બદલે તેણે મને ચાર-પાંચ જ લાખ આપી દીધા હોત તો મને શી જાણ થાત? ખરેખર, આ ભીમ-સેનની મારે યોગ્ય કદર કરવી જોઇએ.'

'ભીમસેન! તેં તો ભારે કરી ભાઇ! તેં આજ ઘણું

સરસ કામ કર્યું છે, આ રત્નોની કીંમત તું તારી પાસે જ રાખ. અને તેમાંથી તને ઠીક લાગે તેમ ખર્ચજે. આટલું તને મારું મહેનતાણું. હવે જે રત્નો તું મને મેળવી આપે તેટલા મારાં આ ઉપર હવે તારો જ અધિકાર રહેશે.' શેઠે કીધું.

ભીમસેને ઉપકારવશ બની એ રકમ લઈ લીધી, અને બીજે દિવસથી ફરી કામે ચડી ગયો. અને શેઠને ખૂબ જ રત્નો અને હીરા મેળવી આપ્યા.

એક દિવસ ભીમસેને કીધું : 'શેઠ હવે આ ભૂમિમાં કયાંય રત્નો નથી. માટે તમે મને હવે જવાની અનુજ્ઞા આપો.'

શેઠે ભીમસેનને ભાવપૂર્વક વિદાય આપી. ભીમસેન પણ જતા સમયે ગળગળો બની ગયો. અને તેમનો વારંવાર ઉપકાર માનવા લાગ્યો. શેઠની શુભાશિષ મળતાં જ તે પોતાના બાળકો પાસે આવવા અધીરો બની ગયો.

☐

# ૨૧ વિધાતા ! આમ ક્યાં સુધી ?

છ માસનો વાયદો આપી ભીમસેન ચાલ્યો ગયો હતો. દેવસેન અને કેતુસેનની સઘળી જવાબદારી હવે સુશીલાના માથે પડી હતી. એક સમયની રાજરાણી આજ રસ્તાની ભિખારણ બની ગઈ હતી.

સુશીલાનાં દુઃખ અને યાતનાઓનો પાર ન હતો. પતિના વિરહમાં તે સુકાતી જતી હતી. તેનું મન ઘણીવાર ચંચળ બની જતું હતું. દેવસેન અને કેતુસેન તે સમયે તેને સારા સહાયરૂપ બની રહેતા હતા. તે એને જોઈ હિંમત ટકાવી રાખતી હતી અને અનેક દુઃખોને એ સમભાવે સહી લેતી હતી.

ભદ્રા શેઠાણીએ કાળો કકળાટ કરી તેમને ઘર બહાર ધકેલી મૂક્યા ત્યારથી સુશીલા ગામની બહાર એક ઘાસની ઝૂંપડીમાં રહેતી હતી. ત્યાં રહી આજુબાજુના પાડોશીઓ વગેરેનાં ઘરકામ કરતી. કોઈનાં વાસણ માંજતી, કોઈનાં પાણી ભરતી. કોઈનાં કપડાં ધોવા જતી. કુંભારના ઘરના માટલાં

વેચવા એ બજારમાં પણ જતી. અને ત્યાં ધોમ તડકામાં બેસી એ માટલાં ને બીજાં માટીઠામ વેચાય તેની રાહ જોતી.

આ બધા કામમાંથી, એ ત્રણેયનો જીવન ગુજારો માંડ માંડ થઈ રહેતો. ક્યારેક તો આખો ને આખો દિવસ ભૂખ્યા રહેવું પડતું. કામના માટે રખડવું પડતું હતું. પરંતુ કામ ન મળતાં નિરાશ થઈ, થાક્યા ને ભૂખ્યા સૌને સૂઈ રહેવું પડતું.

દેવસેન અને કેતુસેન પણ હવે તો આ બધાં દુઃખોથી ટેવાઈ ગયાં હતા. તે સુશીલાને ઝાઝી ફરિયાદ નહોતા કરતા. રડતા પણ નહિ તેઓ તો સુશીલાની દશા જોઈને જ રડી પડતા હતા. પોતાના રડવાથી માને વધુ દુઃખ થાય એમ સમજી તેઓ બંને સમભાવે દુઃખો સહન કરતા હતા અને સુખની આશામાં દિવસો વ્યતીત કરતા હતા.

પરંતુ તેમના નસીબમાં હજી સુખ લખ્યું ન હતું. એક સવારે ભદ્રા શેઠાણી સુશીલાની ઝૂંપડી આગળથી પસાર થઈ રહી હતી. બહાર ખુલ્લામાં દેવસેન અને કેતુસેન આનંદથી રમતા હતા. અંદર ઝૂંપડીમાં સુશીલા રસોઈ બનાવી રહી હતી.

ભદ્રા શેઠાણીનું લોહી ઊકળી ઊઠ્યું. તેનો ઇર્ષાળુ સ્વભાવ સળગી ઊઠ્યો. એ સીધી જ ઝૂંપડીમાં દાખલ થઈ અને સુશીલાનું કાંડુ પકડી ઊભી કરી દીધી અને પોતાની ગંદી સરસ્વતી ચાલુ કરી દીધી.

'અરે! કુલટા! હજી પણ તું અહીં જ મરી છું? તને તે કંઈ લાજ શરમ છે કે નહિ? મારા ઘરમાંથી તને કાઢી મૂકી, તો તું અહીં આવીને ટળી છું. તારી દાનત

હજી સુધરી નથી લાગતી. પણ તને ખબર નહિ હોય કે હું કોણ છું. તારી બધી જ દાનત ધૂળમાં રગદોળી નાંખીશ સમજી !

અને આ તારા બાપની ઝૂંપડી છે, તે અહીં આવીને રહી છું. નીકળ અહીંથી. તારા રહેવાથી તો હવે મારી આ ઝૂંપડી પણ અપવિત્ર બની ગઈ !'

સુશીલા તો ભદ્રાને આમ આવેલી જોઈ અને તેને આમ ભાંડતી જોઈ મૂઢ જ બની ગઈ. તેને કંઈ જ સમજણ ન પડી, કે પોતાનો શું વાંક છે ને આ કેમ આમ ઊકળી ઊકળીને બોલી રહી છે. તે તો ભદ્રાને સાંભળતી મૌન ઊભી રહી. દેવસેન અને કેતુસેન પણ સુશીલાને પકડીને, ભદ્રાથી ડરતા ધ્રૂજતા ઊભા રહ્યા.

આ જોઈ ભદ્રા વધુ તાડુકી ઊઠી : 'આમ ઠોયા જેવી ઊભી શું રહી છે. હું કહું છું તે સાંભળતી નથી ? ચલ, નીકળ મારી આ ઝૂંપડીમાંથી અને ખબરદાર ! જો ફરીથી આ બાજુ તેં પગ મૂક્યો છે, તો જીવતીને જીવતી તને સળગાવી મૂકીશ.'

આટલું બોલીને એણે ટપોટપ એક એક વાસણ ઝૂંપડીની બહાર ફેંકવા માંડયાં. સુશીલાને પણ ધક્કો મારીને ઝૂંપડી બહાર ધકેલી મૂકી. બાળકો પણ તેની સાથે બહાર ફેંકાઇ ગયા.

પણ ભદ્રાને એટલાથી સંતોષ ન થયો. ચુલામાંથી સળગતું લાકડું કાઢીને તેણે ઝૂંપડીને આગ ચાંપી. ઘાસને

આગની ઝાળ લાગતાં જ એ તો સળગી ઊઠયું. જોતજોતામાં એ ઝૂંપડી ભસ્મિભૂત થઈ ગઈ.

સુશીલા ફરી ઘરબાર વિનાની થઈ ગઈ. બાળકો ફરી ઠંડીમાં ધ્રુજવા લાગ્યાં.

આ બધું જોઈ અને અનુભવી સુશીલાનું હૈયું ચીરાઈ જતું હતું. તેનું અંતર આક્રંદ કરી રહ્યું હતું. તે વારંવાર પોતાના કર્મનો વિચાર કરતી હતી. અને આ સઘળું પોતાના પૂર્વકૃત કર્મોનું જ ફળ છે, તેમ સમજી હૈયાને શાંત રાખી, સ્વસ્થ ચિત્તે સમભાવપૂર્વક આ બધું સહન કરતી હતી.

ભદ્રાએ તો ઝૂંપડી બાળી નાંખી. થોડી ઘણી જે ઘર વખરી હતી, તે પણ તોડી ફોડી નાંખી અને જાણે કંઈ જ બન્યું નથી તેમ ઠસ્સાથી ચાલી ગઈ.

આ ઝૂંપડી વસ્તીથી ઘણી દૂર હતી. આથી તેને કોઈ બચાવનાર પણ ન હતું. ઝૂંપડી ખાખ થઈ ગઇ. ભદ્રા ચાલી ગઇ. સુશીલા બાળકોને લઇ, નવકાર મંત્રનું રટણ કરતી ત્યાં જ ઘણો સમય સુધી ઊભી રહી.

આમ નિષ્ક્રીય ઊભું રહે કયાં સુધી ચાલે? થોડી વારે અંતરની પૂરી સ્વસ્થતા મેળવી સુશીલા કામની શોધમાં જવા લાગી. રહેવા માટે પણ જગાની તપાસ કરવા લાગી.

શોધ કરતા ત્યાંથી થોડે દૂર કિલ્લાના એક જીર્ણ ભાગ આગળ થોડી જગા હતી તે તેણે જોઇ. અને ત્યાં જ તેણે રહેવાનું રાખ્યું. દેવસેનને અને કેતુસેનને ત્યાં બેસાડી એ કામની શોધમાં નીકળી.

બબ્બે દિવસ સુધી તે અનેક ઘરોમાં ફરી. કામ માટે પ્રાર્થના કરી. પણ ક્યાંય તેને કામ ન મળ્યું. સૌએ તેને તિરસ્કારથી જાકારો આપ્યો. એ બે દિવસો મા–દીકરાઓએ ભૂખ્યા પેટે કાઢયા. ત્રીજા દિવસે એક કુંભારને ત્યાં થોડુંક કામ મળ્યું. એ કુંભારે તેને માટીનાં વાસણો વેચવા બજારમાં મોકલી.

એક સમયની રાજરાણી આજ ભરબજારે માટીનાં ઠામ વેચવા બેસવા લાગી. થોડા દિવસ બાદ તેને બીજાં કામ મળવા લાગ્યાં. આ બધું જ કામ કરતાં પણ તે ત્રણેયનું માંડ માંડ પૂરું થતું હતું. લગભગ તો તે ત્રણેય અર્ધ-ભૂખ્યાં જ દિવસો પસાર કરતાં હતાં. તેમાંય સુશીલા તો અર્ધાયથી અર્ધી ભૂખી રહીને પોતાના જીવનને ટકાવી રહી હતી.

સુશીલાનો સંસાર આમ દુઃખમાં સબડી રહ્યો હતો. ત્યારે ભીમસેન હરખાતો હરખાતો રોહણાચલથી નીકળી ક્ષિતિપ્રતિષ્ઠિત નગર તરફ આવી રહ્યો હતો.

રાજગૃહી નગરી છોડયા બાદ પહેલી જ વાર ભીમ-સેનના હાથમાં અઢળક ધન આવ્યું હતું. રોહણાચલ પર્વતમાં પોતે કરેલી કાળી મજૂરી ઊગી નીકળી હતી. કામનો તેને પૂરેપૂરો બદલો મળ્યો હતો. શેઠે તેને લાખો રૂપિયાની કિંમતનાં રત્નો આપ્યાં હતાં.

હવે તો બસ સુખ, સુખ ને સુખ જ હતું. રત્નો હાથમાં આવવાથી ભીમસેનની તમામ ચિંતાઓ દૂર થઈ ગઈ

હતી. બધી જ નિરાશાઓનો અંત આવી ગયો હતો. રસ્તામાં જરા પણ ખોટી રીતે વિલંબ કર્યા વિના એ ચીલ ઝડપે આવી રહ્યો હતો.

ઘણા લાંબા સમયથી પત્ની અને પુત્રોને જોયાં ન હતાં. તેમને મળવા અને તેમને આ શુભ સમાચાર આપવા તેનું મન અધીરું બની ગયું હતું. અને એ અધીરાઈમાં ઘણી જ જલ્દીથી ક્ષિતિપ્રતિષ્ઠિત નગર આગળ આવીને ઊભો રહી ગયો.

ત્યાંથી વસ્તી ઘણી દૂર હતી અને બાજુમાં જ સુંદર સરોવર હતું. તેના નિર્મળ પાણીમાં ગુલાબી કમળો ખીલી રહ્યાં હતાં.

પ્રવાસના લીધે ભીમસેનનાં કપડાં ઘણાં જ જીર્ણ ને ગંદા બની ગયાં હતાં. શરીર પણ અસ્વચ્છ હતું. આવા વેશે શું પોતે પત્ની અને પુત્રોને મળશે? તો તો એ મારા માટે શું વિચારશે? આમ મનમાં ભીમસેન વિચાર કરતો થોડી પળ ઉભો રહ્યો અને પછી તેણે નક્કી કર્યું : 'ના, પોતે નાહી ધોઈને, સુંદર ને સ્વચ્છ કપડાં પહેરીને જ પોતાની પત્ની અને પુત્રોને મળશે.

આમ નક્કી કરી તરત જ તેણે નાહવાની તૈયારી કરી. પગથિયાની પાળ ઉપર ફાટલી કંથા મૂકી. એ કંથામાં તેણે કાળજીથી રત્નો બાંધ્યાં હતાં. એ કંથા ઉપર પોતાનાં કપડાં ઉતારીને મૂકયાં અને પછી ચારે બાજુ જોયું. ત્યાં કોઈ જ નહોતું ભીમસેન એકલો જ હતો.

અરિહંતનું નામ લઈ ઝટપટ તેણે સરોવરમાં ડૂબકી મારી. સરોવરના શીતળ જળના સ્પર્શથી તેનો થાક ઉતારવા લાગ્યો. એકાદ બે વધુ ડૂબકી મારી તે આનંદ અને ઉલ્લાસથી નાહવા લાગ્યો.

ત્યાં એક વાંદરો દોડતો દોડતો સરોવરના પગથિયે આવ્યો. પાણી પીધું અને કંથા ઉપાડીને દોડતો ઝાડ ઉપર ચડી ગયો.

આ બધું થોડીક જ ક્ષણોમાં બન્યું. ભીમસેને સરોવરમાં ઊંડી ડૂબકી મારી. આ બાજુ વાંદરો કંથા લઇ પલાયન થઈ ગયો. બે ક્ષણનો જ ખેલ ! વાંદરો રમત રમ્યો અને ભીમસેનનો પ્રાણ જવા લાગ્યો.

સરોવરમાંથી બહાર નીકળતાં જ ભીમસેનની નજર કંથા ઉપર ગઈ. પણ કંથા હોય તો દેખાય ને ? તેણે આંખ પટપટાવીને ફરી જોયું. પણ પગથિયાની પાળ સાવ કોરી ધકકોર હતી. તાપ પડતો હતો ને તડકો ત્યાં પથરાયેલો હતો, પણ કંથા ત્યાં ન હતી.

ભીમસેનની આંખે અંધારાં આવવા લાગ્યાં. તેનો જીવ ગૂંગળાવા લાગ્યો. તે ઝટપટ પાળ ઉપર આવ્યો ચારે બાજુ જોવા લાગ્યો. ધારી ધારીને જોયું જમીન ઉપર પણ તપાસ કરી. કોઈના ય પગલાં ત્યાં ન હતાં.

તો કંથા લઈ કોણ ગયું ? ભીમસેન કંઈ જ નક્કી ન કરી શક્યો. એ હતાશ હૈયે બેસી પડયો. તેનું તો

કિનારે આવેલું નાવ ડુબી ગયું હતું. તે ભાંગેલા પગે પાળ ઉપર મહામહેનતે બેઠો.

ત્યાં દૂર ઝાડ ઉપરથી વાંદરાએ હુપાહુપ અવાજ કર્યો. ભીમસેનની નજર તરત જ એ અવાજની દિશા તરફ ગઇ. અને જોયું તો એક વાંદરો તેના ભાવિને આમતેમ ઝુલાવી રહ્યો હતો. તેને દાંત મારી રહ્યો હતો. નખ ભરી રહ્યો હતો અને તેની સાથે આનંદથી રમી રહ્યો હતો.

ભીમસેન ઉતાવળે એ ઝાડ તરફ દોડયો. ઝાડ નીચે ઊભા રહી તેણે હાકોટા કર્યાં. એ સાંભળી વાંદરાએ જોરથી હુપાહુપ કરવા માંડયું. ભીમસેને પથ્થર ફેંકયો. વાંદરાએ તે ઘા ચૂકવી દીધો. અને છલાંગ મારતો જ બીજા ઝાડ ઉપર ચડી ગયો. ભીમસેન પણ તેની પાછળ દોડયો. આ સમયે તો તે આસ્તે રહીને ઝાડ ઉપર ચડ્યો. પણ જેવો એ વાંદરા પાસે પહોંચ્યો કે તરત જ વાંદરો બીજી ડાળે પહોંચી ગયો.

વાંદરાના હાથમાંથી કંથા છોડાવવા ભીમસેને ઘણી મહેનત કરી. પરંતુ વાંદરાના પવનવેગી કૂદકાઓને લીધે એ મહેનત સફળ ન થઈ શકી. વાંદરો એક ઝાડથી બીજે, ને બીજેથી ત્રીજા ઝાડે કૂદતો ભીમસેનની નજર બહાર થઈ ગયો.

હવે કંથા પાછી મળવાની કોઈ જ આશા ન રહી.

ભીમસેનનું હૈયું નંદવાઇ ગયું. ઘોર નિરાશાથી તેનું મન ભાંગી પડયું. તેના વદન ઉપર ભારે વિષાદ છવાઇ ગયો. કકળતા અંતરે એ વિચારવા લાગ્યો.

અરે ! ભગવાન ! આ તે મારી કેવી જિંદગી છે ? સુખનો શ્વાસ હજી તો મેં માંડ લીધો હતો, ત્યાં ઓ દૈવ ! તે આ દુઃખનો દીર્ઘ નિઃશ્વાસ મને ક્યાં આપ્યો ?'

કેવા ઉમંગ અને ઉલ્લાસથી હું સ્નાન કરી રહ્યો હતો ! કેટકેટલા અરમાનથી હું મારા હૈયાને ભરી રહ્યો હતો ! સુશીલાની સ્મૃતિમાં હું સ્ફુર્તિ અનુભવી રહ્યો હતો ! ઘણા સમયે પત્ની અને પુત્રોનું મિલન થશે. હાથમાં હવે દ્રવ્ય હોવાથી ગરીબાઇ અને ભૂખમરાનો અંત આવશે. સુખનો રોજ રોટલો હશે. શાંતિની રોજ નિંદર હશે. બાળકો પણ લાડ પ્યાર ને સુખ સગવડમાં ઉછરશે.

કેટલું રમ્ય સ્વપ્ન હું નીહાળી રહ્યો હતો ! પણ હાય ! મારા ભાગ્યને કંઈ જુદુ જ મંજૂર છે. હું સુખી થવાના પ્રયત્ન કરું છું. એ મને દુઃખ જ આપે છે.

અને હું પણ કેવો મૂર્ખ ! કંથા મૂકીને સ્નાન કરવા ગયો. એમ ન કર્યું હોત તો આજ આ દશા ન આવત ને ! આ કિનારે લાંગરેલું નાવ ફરી પાછું ડૂબી ન જાત ને ?

પણ ના, સ્નાન તો નિમિત્ત જ છે. મારું ભાગ્ય જ અવળું છે. મારા પૂર્વભવનાં અશુભ કર્મોનો ઉદય આજ સોળે કળાએ ખીલી ઊઠયો છે. એ કર્મોનો જ પરિપાક આજ હું લણી રહ્યો છું.

પણ આમ ક્યાં સુધી દુઃખોની ઝડીઓ વરસતી રહેશે ? ક્યાં સુધી ભાગ્ય મને છેતરતું રહેશે !

હવે તો આ યાતનાઓ નથી સહન થતી. સુશીલાનું

દુઃખ જોયું નથી જતું. બિચારાં બાળકો! ફૂલ જેવા કોમળ છે હજુ તો. અને એ પૂરા ખીલીને વિકાસ પામે તે પહેલાં તો તેમના ઉપર વેદનાઓનો કાળઝાળ તાપ પડવા માંડયો છે! એ માસુમ બાળકોની અસહાય નજર! તેમનું એ રુદન! તેમનાં આંસુ હે ભગવાન! મારું કાળજુ ચીરી નાંખે છે!

નથી સહન થતી એ સ્વજનોની વેદના! નથી જોયો જતો એ સૌનો પરિતાપ!

'હે વિધાતા! હવે તો મારી આ જિંદગીનો તું અંત જ આણ. મારે નથી જીવવું. મોત કરતાં પણ વધુ કષ્ટદાયક આજ મને મારું જીવન લાગે છે. એ જીવનનો તું હવે નાશ કર...નાશ કર...'

શોકથી વ્યાકુળ બનેલો ભીમસેન ફરી આત્મહત્યાના વિચારો કરવા લાગ્યો.

ભીમસેન સમજુ હતો. જૈનધર્મનું જ્ઞાન ને સંસ્કાર પામેલો હતો. આથી પોતાનાં આ દુઃખો માટે તેણે કોઈનો દોષ ન કાઢયો. હરિષેણનો તેણે જરાય વાંક ન કાઢયો.

દેખીતી હકીકત તો એવી જ હતી. હરિષેણે તેના ઉપર જો સંકટ ન ઉતાર્યું હોત તો આજ તેને આ દુઃખના દાવાનળમાં શેકાવું ન પડયું હોત. આ માટે તે હરિષેણ ઉપર ભારોભાર ક્રોધ કરી શકયો હોત. પરંતુ એવું તેણે કંઈ જ ન કર્યું. બધો જ દોષ તેણે પોતાના અશુભ કર્મોનો જ જોયો. વારંવાર તેણે પોતાનાં કર્મો માટે પસ્તાવો કર્યો.

ભીમસેનની હિંમત એટલી બધી છિન્ન ભિન્ન થઇ ગઇ હતી, કે એ હવે જીવવાની હામ ખોઈ બેઠો હતો. ઉપરાઉપરી મળેલી નિષ્ફળતાએ તેના મનને નબળું પાડી દીધું હતું. તેનામાં એ સમજ હતી જ કે મૃત્યુને હાથે કરીને ભેટવાથી કંઈ મૃત્યુ આવવાનું નથી. અને આવી પણ જાય તો તેથી કંઈ દુઃખોનો અંત પણ આવવાનો નથી. ઉલ્ટુ દુઃખમાં વધારો જ થવાનો છે.

આ સમજ તે ગુમાવી બેઠો હતો. અષાઢી અમાસની કાળી રાત જેવી હતાશાના આવરણ તળે તેની એ સમજ ઢંકાઇ ગઈ હતી. આથી એને બસ એક જ વિચાર સૂઝતો હતો—મરી જવું. આ જીવનનો અંત આણી દેવો.

શુભ વિચારોની અસર ઘણી ઓછી થાય છે. તે વિચારો ક્રિયામાં પલટાતા ઘણો સમય લે છે. જ્યારે અશુભ વિચારો ક્રિયા માટે જોર કરે છે. અનાદિ કાળથી નબળું પડેલું મન અશુભ વિચારોની જાળમાં જલ્દી ફસાઇ જાય છે.

ભીમસેને પણ તરત જ મરવાની તૈયારી કરી. વડના ઝાડ નીચે એ ગયો. જમીન સુધી પથરાયેલી વડવાઇઓ તેણે પોતાના ગળે બાંધી. અને હવામાં અદ્ધર ઝુલવા લાગ્યો. વડવાઈઓના કઠણ પાશથી તેનો શ્વાસ રુંધાવા લાગ્યો. આંખો ઊંચે ચડી ગઈ. નસો તણાઇને બહાર ઉપસી આવી. રોમ રોમ ખડું થઈ ગયું. લોહીનું ભ્રમણ અટકી જવા લાગ્યું. જીવન અને મૃત્યુને બે ઘડીનું જ છેટું હતું.

પાશને લઈ ભીમસેનને અસહ્ય વેદના થતી હતી. પરંતુ તેની તેણે પરવા ન કરી. ઉલ્ટુ વેદનાને વધુ વધારી મૂકી. તેણે શ્વાસ રોકી રાખ્યો. ને મૃત્યુની રાહ જોવા લાગ્યો.

પણ એ મૃત્યુ ય તેનું વ્હાલું ન બન્યું. જેટલા આવેગથી અને આવેશથી તેણે મૃત્યુની ઝંખના કરી તેના બમણા વેગથી મૃત્યુ દૂર ભાગતું ગયું.

થોડા સમય સુધી એ અદ્ધર ટીંગાઈ રહ્યો. મૃત્યુની વેદના અનુભવી રહ્યો. ત્યાં જ તો એ ધબ્બ દઈને જમીન ઉપર પડયો. પાશ તૂટી ગયો. પડતાંની સાથે જ તેના મોંમાંથી શબ્દો સરી પડયા. અ....રિ....હં....ત....

મોતનો એ પાશ કંઈ એકાએક તૂટી નહોતો પડયો. ભીમસેન જયારે જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો, ત્યારે ત્યાંથી થોડે દૂર એક જટાધારી સાધુ પસાર થઈ રહ્યો હતો.

ભીમસેનને મૃત્યુની રાહ જોતો જોઈ એ ઉતાવળે ત્યાં આવ્યો. પોતાની પાસે રહેલા તીક્ષ્ણ ત્રિશૂળથી તેણે વડવાઈઓ ઉપર ઘા કર્યો. અને પાશ તૂટી ગયો. ભીમસેન મૃત્યુની વાટ જોતો હતો. પણ તેને જીવન જ મળ્યું કે જેનાથી તે ભારોભાર ત્રાસ અનુભવી રહ્યો હતો.

સાધુએ ભીમસેનને ચત્તો સૂવાડયો. કમંડળમાંથી પાણી છાંટયું. તેના હાથ પગ દબાવ્યા. પ્રેમથી છાતી પંપાળી. તેના ભીના વદનને કૌપીનથી લૂછી નાંખ્યું. અને હેતાળ અવાજથી પૂછયું :

'મહાનુભાવ ! આંખો ખોલો. જુઓ તમને નવજીવન મળ્યું છે.'

ભીમસેને થોડીવારે આંખો ખોલી. તેણે જોયું તો તેની સામે એક જટાધારી સાધુ ખુલ્લા દેહે તેની માવજત કરી રહ્યો હતો. તેની છાતી અને બરડો પંપાળી રહ્યો હતો.

ભીમસેને નિરાશ સ્વરે પૂછયું : 'મહાત્મન્ ! મને શું કરવા ઉગારી લીધો ? મને મરવા જ દો.'

'મહાનુભાવ ! જીવન જેવું જીવન જીવવાનું મૂકીને તું મરવાનું પસંદ કરે છે ? લાગે છે તું ઘણો દુઃખી છે. અને દુઃખથી હારીને તું આત્મહત્યા કરી રહ્યો છે. પણ ભોળા ! એમ કરીને તો તું વધુ દુઃખોને નોંતરી રહ્યો છે. પૂર્વભવના પાપોનું ફળ તો તું ભોગવી રહ્યો છે. હવે આ એક વધુ નવું પાપ કરીને શા માટે તું તારા આવતા ભવોને પણ બગાડી રહ્યો છે ? મૂર્ખ ન બન. સ્વસ્થ થા. આત્મબળ કેળવ. તારા દુઃખની મને વાત કર. મારાથી બનતું તમામ હું એ દુઃખ દૂર કરવા પ્રયત્ન કરીશ.'

સાધુના માયાળુ આશ્વાસનથી ભીમસેને પોતાની સઘળી વિતક કથા કહી. એ કહેતાં તેની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યાં. સાધુની આંખે પણ કરુણાથી ભીની થઈ ગઈ.

'કંઇ નહિ વત્સ ! હિંમત ન હાર. બનવા કાળે બધું જ બને છે. તેનો શોક ન કર. સ્વસ્થ થા, ચાલ, મારી સાથે તું આવ. હું સુવર્ણ સિદ્ધિનો પ્રયોગ કરવા માટે જઉં છું.

મારા એ પ્રયોગમાં તું સાથ આપ, તને પણ હું એ સિદ્ધિ આપીશ. પછી તને કોઈ જ દુઃખ નહિ રહે.'

ઉપકારની લાગણીથી ભીમસેનનું હૈયું ગદ્‌ગદિત બની ગયું. તે સાધુના પગે પડયો. સાધુએ તેના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. ભીમસેનના આત્માએ તેથી શાતા અનુભવી. અને નિરાશા ખંખેરી એ સાધુ સાથે ચાલવા લાગ્યો.

સાધુએ જંગલની વાટ પકડી ઘનઘોર ને નિબિડ જંગલમાંથી બંને પસાર થવા લાગ્યા. રસ્તામાં કયાંકથી સાધુએ ચાર તુંબડાં લીધાં. પોતે પ્રયોગ કરવાનો છે એથી તેણે પ્રયોગ અનુસાર અમુક અમુક જગાએ પ્રયોગનેઅનુકૂળ ને જરૂરી એવી સાધન સામગ્રી તેણે અગાઉથી તૈયાર જ રાખી હતી. બે તુંબડાંમાં સાધુએ તેલ ભર્યું. બે ખાલી રાખ્યાં. ખાલી તુંબડાં પોતાની પાસે રાખ્યાં અને તેલથી ભરેલાં તુંબડાં ભીમસેનને આપ્યાં. બે હાથમાં એક એક તુંબડું ઝાલીને કર્મની વિચિત્રતા ઉપર વિચાર કરતો ભીમસેન નીચી નજરે ચાલતો હતો.

જંગલ વટાવી બંને એક પર્વત આગળ આવ્યા. પર્વત ઉપર થોડું ચઢાણ કરી એક ગુફામાં દાખલ થયા. ગુફા અંધારી હતી. સાધુએ ચકમકથી એક ડાળ સળગાવી. તેના પ્રકાશમાં બંને આગળ વધવા લાગ્યા. ગુફામાં ઝેરી જનાવરો ને પક્ષીઓના ચિત્કાર સંભળાતા હતા. પર્વતની કંદરાઓમાં સૂતેલા વાઘ સિંહની ત્રાડો પણ સંભળાતી હતી. કાચા-પોચાનું તો હૈયું જ બેસી જાય એવી ભયાનક એ ગુફા હતી.

આ બે તો ભડવીર હતા. તેમાંય સ્વાર્થ માટે સાહસ કરવા નીકળ્યા હતા. ડર રાખે તેમને કેમ પાલવે? જંગલી સાપ, નાગ, ચામાચિડિયા વગેરેથી બચતા ને તેનાથી સાવધ બની તેઓ એક કુંડ આગળ અટકયા.

કુંડમાં ચળકાટ મારતો રસ ઉકળી રહ્યો હતો. તે એટલો બધો ગરમ હતો કે દૂર સુધી તેની અગનઝાળ લાગતી હતી. સાધુએ દૂરથી જ કંઈક મંત્રનો જાપ કર્યો. ભીમસેનને આંખો બંધ કરવા કહ્યું. જાપ પૂરો કરીને સાધુએ કહ્યું. ૐ સ્વાહા, ૐ સ્વાહા. ભીમસેને પણ સૂચના મુજબ એ શબ્દોનું બે વાર પુનરાવર્તન કર્યું.

અગનઝાળ શીતળ લાગવા માંડી. સાધુએ બે ખાલી તુંબડાં કુડમાં બોળ્યાં. ગડડડ ગડગડ અવાજ થયો. એ સાથે જ ભીમસેને તેમાં તેલની ધાર ભેળવી. સાધુએ કંઈક મંત્રોચ્ચાર કર્યો. ફરી ૐ સ્વાહાનો સાત વાર બંનેએ નાદ કર્યો, અને ચારે તુંબડાં ભરીને બંને ગુફા બહાર આવ્યા.

'વીર ભીમસેન! આ તુંબડાંઓમાં સુવર્ણરસ છે. તેનું એક ટીપું લોખંડ પર પડતાં જ આખુંય લોખંડ સુવર્ણમાં બદલાઈ જશે. વરસોની મહેનત બાદ મેં આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તને હું સિદ્ધિ નહિ પણ આમાંથી એક તુંબડું આપું છું, તેનો તું સદુપયોગ કરજે. તેનાથી તારી નિર્ધનતાનો અંત આવશે.' સાધુએ ભીમસેન ઉપર કરુણા લાવીને કહ્યું.

'મહાત્મન્! આપની કરુણા અપરંપાર છે. આ

મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. આપ વિશ્વાસ રાખજો. આ રસના એકેએક બુંદનો હું સદુપયોગ જ કરીશ.' ભીમસેને ઉપકારવશ બનીને કહ્યું.

'તો ચાલ. હવે આપણે જલ્દીથી ક્ષિતિપ્રતિષ્ઠિત પહોંચી જઈએ.'

સાધુ અને ભીમસેન ઉતાવળા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના પાદરે આવી પહોંચ્યા. ઝડપથી એકધારો, કંટાળાજનક પગ પ્રવાસ કર્યો હતો, તેથી બંને થાકી ગયા હતા. પરંતુ સુવર્ણરસની પ્રાપ્તિ થઈ હોવાથી બંનેના આત્મા પ્રસન્ન હતા, હૈયુ ઉલ્લાસ અનુભવતું હતું.

બંને નગરની બહાર એક યક્ષમંદિરની પરસાળમાં બેઠા. પરસાળની બહાર વડલાની શિતળ છાયા હતી. થોડી વાર બાદ સાધુ બોલ્યા :

'ભીમસેન ! મારું પેટ તો ભૂખથી ભડકે બળે છે. તને પણ ભૂખ તો લાગી જ હશે. તું આ નગરમાં જા અને ભોજન વગેરે લઈ આવ. ત્યાં સુધી હું અહીં થાક ખાતો બેઠો છું.'

'જેવી આજ્ઞા મહાત્મન્ !' ભીમસેને કીધું. અને સાધુ પાસેથી થોડી સુવર્ણમુદ્રા લઈ એ નગર તરફ જવા રવાના થયો.

ભીમસેનની પીઠ દેખાતી બંધ થઇ કે તરત જ સાધુએ પોતાનો ખેલ ભજવ્યો. તેનું મન બગડયું હતું. તેના દિલમાં પાપ પેઠું હતું. રસ્તે ચાલતાં ચાલતાં જ તે વિચાર કરતો

હતો : શા માટે હું આ ભિખારી ભીમસેનને મારો આ મહામૂલો સુવર્ણ રસ આપી દઉ ? મહેનત બધી મેં કરી અને તેનું ફળ આ રંકને આપવાથી ફાયદો શું ? આવા રંક ને દીન તો આ જગતમાં ઘણા રઝળે છે. સૌ સૌના કર્મ ભોગવે છે. મારા પુણ્યથી આજ મને આ સુવર્ણ રસ મળ્યો છે. એ પુણ્યનો ભાગીદાર હું આ ભીમસેનને શા માટે બનાવું ?

નહિ, મારો તેને કોઈ પણ યુક્તિ કરીને દૂર કરવો જોઇએ. આમ વિચારીને સાધુએ એક આખી યોજના વિચારી નાંખી, તે અનુસાર ભીમસેનને તેણે નગરમાં ધકેલી દીધો. અને પોતે ત્યાંથી ઝડપથી પલાયન થઈ ગયો.

ભીમસેને નગરમાં જઇ સુંદર પકવાન લીધાં. ફરસાણ ખરીદ્યાં. ફળ પણ થોડા લીધાં. અને ઉતાવળથી એ યક્ષમંદિર આગળ પાછો ફર્યો.

મીઠાઇ, ફરસાણ ને ફળ વગેરેને એક જગાએ મૂકયાં. અને સાધુને જોવા માટે મંદિરમાં ગયો. ત્યાં સાધુ નહોતા. ગર્ભદ્વારમાં જોયું. ત્યાં પણ નહોતા. ફરી એકવાર આખું મંદિર જોઇ વળ્યો. બહાર આવી બૂમ મારી : 'મહાત્મન્ ! મહાત્મન્ !'

કોઇ જ અવાજ ન સંભળાયો. પોતાના જ શબ્દોનો પ્રતિઘોષ તેને સાંભળવા મળ્યો. ભીમસેન હાંફળો હાંફળો થઇ ગયો. તેને દુનિયા ફરતી લાગી. હૈયુ બેસતું લાગ્યું. આંખે અંધારાં આવવા લાગ્યાં. મહામુશીબતે તેણે સ્વસ્થતા જાળવી રાખી.

'મહાત્મન ! ક્યાં ગયાં હશે ? શું તેમની બુદ્ધિ ફરી ગઇ હશે ? તેમના દિલમાં પાપ પેઠું હશે ? શું અગાઉથી જ તેમણે નક્કી કરી રાખ્યું હશે કે મને નગરમાં ભોજનના બહાને મોકલવો ને પોતે અહીંથી પલાયન થઈ જવું ?

હાય વિધાતા ! તું કેવી ક્રૂર રમત મારી જિંદગી સાથે ખેલી રહી છે ? જીતની બાજી આજ મારી હારમાં પલટાઇ ગઇ છે. કેટકેટલાં કષ્ટ વેઠીને હું સાધુ સાથે ગયો હતો. મેં ભૂખ નહોતી જોઇ, તરસ નહોતી જોઈ. ટાઢ–તડકાની પરવા નહોતી કરી. ખૂબ જ એકાગ્ર મને અને પૂરેપૂરી વફાદારીથી મેં એ સિદ્ધાત્માને સાથ આપ્યો હતો.

તેનો વિધાતા ! શું આ જ બદલો ? મારા પ્રયત્ન ને પ્રમાણિકતાનું શું આ જ પરિણામ ?

હે કર્મરાજા ! તમે મારા કયા કર્મોની આજ મને શિક્ષા કરી રહ્યા છો ? આ ભવમાં તો મેં ખૂબ જ શુદ્ધ જીવન વીતાવ્યું છે. ન્યાય અને નીતિથી મેં રાજશાસન કર્યું છે. કોઈને પણ કષ્ટ ન પડે તે રીતે હું જીવ્યો છું. સ્વપત્નીમાં મેં સંતોષ માન્યો છે. પર સ્ત્રીને મેં મારી મા–બેન ગણ્યાં છે. વ્યસન અને ભભૂકતી વાસનાઓથી હું સદાય દૂર રહ્યો છું. યથાશક્તિ મેં તપ કર્યું છે. સુપાત્ર દાન દીધાં છે. વ્રત નિયમોનું પણ મેં યથાર્થ ને શુદ્ધપણે પાલન કર્યું છે. તોયે હે કર્મરાજા ! મારી આ અવદશા શા માટે ?

આ ભવના કોઇ કર્મનું તો પરિણામ આ નથી જ.

તો શું પૂર્વભવે મેં ઘણાં જ અશુભ કર્મો કર્યાં હશે ? શું મેં બાળકોના ધાવણ છોડાવ્યાં હશે ? લૂંટફાટ કરીને નિર્દોષ એવા વટેમાર્ગુઓને લૂંટયા હશે ? પશુ પક્ષીઓને મોજમાં માર્યાં હશે ? સાધુ-સંતો ને સ્ત્રીઓ ઉપર મેં અત્યાચાર ગુજાર્યા હશે ? કોઈનું ધન દગાથી લૂંટી લીધું હશે ? ન જાણે મેં ક્યાં ક્યાં પાપો કર્યાં હશે ?

જ્ઞાની ભગવંત સિવાય એ મને કોણ કહે ? એ પાપો તો જે હોય તે. પણ આ વર્તમાનની વેદના કેવી રીતે દૂર કરવી ?

ધન વિના મારા અને મારા કુટુંબનો જીવન નિર્વાહ કેવી રીતે ચલાવવો ? હવે તો આ શરીર પણ સાથ નથી આપતું. અનેક દિવસોના રઝળપાટ અને વારંવાર મળેલી નિષ્ફળતાઓથી તે પણ કંગાળ બની ગયું છે. ચેતન તો હવે સાવ જ ઓસરી ગયું છે. મારી આશા હવે મરી પરવારી છે. ભવિષ્યની કોઈ જ ઉજળી નિશાની જણાતી નથી.

થોડી ઘણી કંઈક હૈયામાં ગરમી આવી હતી, તે પણ સાધુના વિશ્વાસઘાતથી ઠરીને જામ થઈ ગઈ છે, ઓહ ! મારા જીવનને ધિક્કાર છે ! મારું જીવવું હવે વ્યર્થ છે ! ન તો હું મારા બાળકો ને પત્નીને ઉપયોગી બની શકયો, કે ન તો હું ખૂદ મારા પોતાના ઉપયોગમાં પણ રહી શકયો. મારા એકલા પંડનું પણ પૂરું કરવાની મારામાં હામ નથી રહી. આવા અસહાય, કંગાળ ને દીન જીવનને ટકાવીને શું કરવાનું ?

નહિ...નહિ....હવે ભલે મને કોઈ બચાવવા આવે. હું તેમની કોઈ વાત નહિ માનું, હું મારા પ્રાણ હવે તો છોડીને જ જંપીશ. જીવનના આ અનેક દુઃખો કરતાં તો મરણનું એકવારનું દુઃખ સારું.

'હવે મારે બસ બીજો કંઈ જ વિચાર નથી કરવો. આજ જિંદગીનો મારો છેલ્લો દિવસ બની રહેશે.'

ભીમસેને ફરીથી મોતને નિમંત્રણ દીધું. આ તેનો ત્રીજીવારનો પ્રયાસ હતો. પહેલાં સાર્થવાહ શેઠે બચાવ્યો હતો. ને તેને રત્નો આપ્યાં હતા. એ રત્નો ચાલ્યાં ગયાં. ફરી ગળે ફાંસો નાંખ્યો. સાધુએ બચાવ્યો. સુવર્ણ રસની લાલચ આપી. રસ મળ્યો. પણ ભીમસેનના ભાગે એ રસ નહોતો. સાધુએ દગો દીધો. ભીમસેન હવે ધીરજ ધરી શકે તેમ ન હતો. તેણે તરત જ વડની વડવાઈઓનો ગળા ફરતો પાશ બાંધ્યો. મૃત્યુએ તેના ગળા ફરતી મૂઠ પકડી. અને ભીમસેન જીવનને હવે છેલ્લા છેલ્લા રામ રામ કરવા લાગ્યો.

□

# ૨૨ આચાર્યશ્રીનો આત્મસ્પર્શ

ભીમસેન જિંદગીથી થાકી ગયો હતો. એ થાકે એ સહજ હતું. કારણ દુર્દૈવ તેની પાછળ હાથ ધોઈને પડ્યું હતું. રાજગૃહી છોડયા પછી તેના ઉપર દુઃખોનો મેરુ તૂટી પડયો હતો. ઉપરા ઉપરી મળેલી નિષ્ફળતાઓને લીધે તે મનોબળ ખોઈ બેઠો હતો.

બબ્બે વાર તેણે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો. બેય વાર તે ઉગરી ગયો. આથી આ વખતે તો તેણે સંકલ્પ જ કર્યો. ભલે કોઈ મને બચાવવા આવે. હું તેનો ઇન્કાર કરીશ. અને મૃત્યુને જ વરીશ.

ભીમસેન આમ હામ તો ગુમાવી જ બેઠો હતો. પરંતુ એણે સદ્‌બુદ્ધિ સાવ ગુમાવી દીધી નહોતી. દુઃખોના ભાર તળે જે કંઈ બુદ્ધિ બચી હતી, તે વડે અંત સમય સુધારી લેવાનો વિચાર કર્યો.

બુદ્ધિએ કહ્યું : 'ભીમસેન ! આયખું તો આખું તારું ધૂળમાં ગયું. હવે જ્યારે તેં આ જીવનનો અંત જ લાવવાનો સંકલ્પ કર્યો છે, તો પછી આ છેલ્લી ઘડીઓ તો સુધારી લે.

શા માટે આર્તધ્યાન ને રૌદ્રધ્યાન ધ્યાવી આવતા ભવોને પણ તું બગાડે છે? મૃત્યુને તારે ભેટવું છે તો હસતાં હસતાં ભેટ. રંજ ને રોષ રાખ્યા વિના તેને મળ. અંતરના ઉમળકાથી તેનું સ્વાગત કર. શુભ ધ્યાન ધર. પ્રભુનું નામ સ્મરણ કર. અને તારા અંતને ઉજળો બનાવ.'

બુદ્ધિની આ ટકોરે ભીમસેનનો આત્મા જાગી ઊઠયો. તેણે વડવાઈઓનો ફાંસો તૈયાર કર્યો. તેની ગાંઠ બરાબર ચકાસી જોઈ. પછી પૂર્વદિશા તરફ ઊભા રહી તેણે બે હાથ જોડયા. આંખોને બંધ કરી. એ બંધ આંખોએ તે વીતરાગ પરમાત્માને નીહાળવા પ્રયત્ન કરવા લાગ્યો. આત્માની ઉજ્જળ જ્યોતિકાનો પ્રકાશ ઢૂંઢવા તેણે પ્રયાસ કર્યો. તેમજ હોઠ ઉઘાડીને તે મહામંગલકારી નમસ્કાર મહામંત્રનું ભાવપૂર્વક રટણ કરવા લાગ્યો.

નમો અરિહંતાણં....નમો સિદ્ધાણં...નમો આયરિયાણં ....નમો ઉવજ્ઝાયાણં....નમો લોએ સવ્વસાહૂણં....

એક એક પદ એ બોલતો ગયો ને કલ્પનાથી બંધ આંખે એ સાક્ષાત્ અરિહંત પરમાત્મા, સિદ્ધ ભગવંત આદિને નીહાળી પોતાના આત્માને ખમાવતો ગયો.

નમો આયરિયાણં....પૂજય આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ. એમ બોલી તેણે મસ્તક નમાવ્યું. ત્યાં તેના જાગ્રત આત્માએ વધુ ઘેરો ને ઉત્કટ ભાવ અનુભવ્યો.

આ સમયે મને જો તેઓશ્રીનાં દર્શન થાય તો મારું જીવ્યું સફળ થઈ જાય! પણ એવું સૌભાગ્ય મને કયાંથી

મળે ? હું તો આ નિર્જનતામાં ઊભો છું. એવા યોગીની તો કોઈ શકયતા નથી.

તો શું મારો અવતાર એમના દર્શન વિના એળે જ જશે ? હે વિધાતા ! આજ સુધી મેં તારી પાસે સુખ ને સંપત્તિ માંગી છે. તેના બદલે તેં મને દુઃખ ને વેદના જ આપી છે. તો પણ મેં તેને હસતા હસતા સ્વીકાર્યા છે. આજ મરણ પણ એ જ રીતે સ્વીકારું છું.

મરતા માણસની એક અંતિમ અભિલાષા હે વિધાતા ! તું પૂરી ન કરે ? આ ઘડીએ મને બસ એક જ ઝંખના છે. જીવનની હવે એક જ કામના રહી છે.

'વિધાતા ! તું મને સંસારતારક આચાર્ય ભગવંતના દર્શનનું દાન દે !....'

આમ અંતરથી ભાવવિહ્વળ બની ભીમસેને પૂર્વદિશા ભણી માથું નમાવ્યું. ને બોલ્યો. 'પૂજ્ય આચાર્ય ભગવંતને મારા લાખ લાખ નમસ્કાર થાઓ !....' અને જાણે સાક્ષાત્ આચાર્ય ભગવંત જ તેની સામે હોય તેમ તેણે પંચાંગ પ્રણિપાત કર્યાં. બે ઘડી સુધી એ જ ભાવમાં તે જમીન ઉપર મસ્તક અડાડીને પડયો રહ્યો.

'ધર્મલાભ' એક શાંત ને શીતળ અવાજ હવામાં ગૂંજી ઊઠયો.

ભીમસેન એ સાંભળતાં જ આશ્ચર્ય ને આનંદથી એકદમ ઊભો થઈ ગયો. તેના સાશંક મને પૂછયું : 'અહીં આચાર્ય

ભગવંત કયાંથી ? નહિ...નહિ...ભ્રમણા છે.' પણ એ અવાજ સંભળાયો હતો એ નક્કી. જરાય વિલંબ કર્યા વિના, તે જમીન ઉપરથી ઊભો થઇ ગયો. અને જોવા લાગ્યો.

એ પવિત્ર ને શાંતિદાયક અવાજ કયાંથી આવ્યો એ શોધવા ભીમસેનને ઝાઝો શ્રમ ન પડયો. તેની સામે જ તેની અંતરની અભિલાષા મૂર્તિમંત બનીને તેને આશીર્વાદ આપી રહી હતી.

'ધર્મલાભ....' શબ્દ ફરી સંભળાયો.

ભીમસેનનો આત્મા હરખાઈ ઊઠયો. પોતાની સામે સાક્ષાત્ શ્રમણ ભગવંત ઊભેલા જોઇ તેનું હૈયું નાચી ઊઠયું. તેની આંખોમાં ઉમંગ ઉભરાઈ આવ્યો. રોમેરોમ તેનું હર્ષોલ્લસિત બની ગયું.

ઘણા જ ભાવપૂર્વક ભીમસેને વિધિપૂર્વક શ્રમણ ભગવંતને વંદના કરી. સુખશાતાદિ પૂછી અને તેમના ચરણનો સ્પર્શ કરી આનંદથી છલકાતી આંખોએ બે હાથ જોડી ઊભો રહ્યો.

આ શ્રમણ ભગવંત ધર્મઘોષસૂરિ હતા. આ જ તેમને સાઠ ઉપવાસના પારણાનો દિવસ હતો. ગોચરી માટે તે આકાશગમન કરીને કોઈ નગર તરફ જઈ રહ્યા હતા. ત્યાં તેમની કરુણાર્દ્ર નજર ભીમસેન ઉપર પડી. વડની નીચે લટકતો ફાંસો જોયો. બે હાથ જોડીને નવકાર મહામંત્રનું રટણ કરતાં ભીમસેનને સાંભળ્યો.

તરત જ તે નીચે ઉતર્યા અને ભીમસેનને આત્મહત્યાના મહાપાતકમાંથી ઉગારવા તેની સમીપ આવીને ઊભા રહ્યા. અને બોલ્યા : 'ધ....ર્મ....લા....ભ....'

પૂજ્ય આચાર્ય ભગવંત જ્ઞાની હતા. ભીમસેનને તે ઓળખી ગયા. બોલ્યા : 'ભીમસેન ! તું આ શું કરી રહ્યો છે? આત્મહત્યા કરીને અનન્તા ભવો બગાડવા બેઠો છે? રાજન્ ! તું તો સુજ્ઞ છે. તું જાણે છે કે દુઃખ અને સુખ તો બધા કર્માધીન છે. અશુભ કર્મોનાં ઉદયથી દુઃખ આવે છે. શુભ કર્મોના ઉદયથી સુખ આવે છે. જીવનનો અકાળે અંત આણીને જો કર્મોનો ક્ષય થઈ જતો હોય તો કયો જીવ જીવવાનું પસંદ કરે?

ભીમસેન ! તું તો ભવ્યાત્મા છે. પૂર્વના પુણ્યના બળે તને જૈન શાસન મળ્યું છે. વીતરાગ પ્રભુનો તને ધર્મ મળ્યો છે. એ ધર્મ પામીને પણ તું શું આ રીતે વર્તી રહ્યો છે?

આત્માને જાગ્રત કર રાજન ! આવી પડેલાં દુઃખોને સમભાવે સહન કર. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને દૂર કર, એ ધ્યાનથી તો દુઃખો ઘટવાને બદલે વધતાં જ જશે. કર્મોનાં આવરણ જાડાં બનતાં જશે અને તેમાં આત્મા તો ક્યાંય ઊંડો ઢબૂરાઈ જશે. માટે એવું અકૃત્ય તું ન કર !

શુભ ધ્યાન ધર. કર્મોને ભોગવતાં ભોગવતાં પણ કર્મની નિર્જરા કર. વિચાર કર. આ જે દુઃખો તને પડી રહ્યા છે, તે તને નહિ તારા દેહને પડી રહયાં છે.

તું દેહ નથી. તું આત્મા છે. દુઃખ તો દેહનાં હોય આત્માને દુઃખ ન હોય.

સાવધ બન રાજન્! સાવધ બન. મનની નિર્બળતા ખંખેરી નાખ. આત્મવીર્યને ફોરવ અને મળેલા આ માનવ જન્મને સુકૃત્યોથી સાર્થક કર....'

આચાર્ય ભગવંતની મંગળ અને મંજુલ વાણી સાંભળી ભીમસેનના સઘળાય પરિતાપ શાંત પડી ગયા. મનની તમામ દુર્બળતાઓ ને નિરાશાઓ ભસ્મીભૂત થઈ ગઇ. તેનો આત્મા ચૈતન્ય અનુભવવા લાગ્યો. દુઃખથી થાકેલી કાયામાં તાઝગીનો સંચાર થયો.

ગદગદ કંઠે તે બોલ્યો: 'ગુરુદેવ! આજ મારો જન્મ સફળ થઈ ગયો. આપના દર્શન માત્રથી આજ મારાં સઘળાં દુઃખો દૂર થઈ ગયા હોય એમ લાગે છે. આપનું કહેવું યથાર્થ છે. સુખ ને દુઃખ કર્માધીન છે, જીવનનો અકાળે અંત લાવી દેવાથી કર્મની સત્તામાંથી છટકી નથી શકાતું. મનની દુર્બળતાને લઈ હું ઘણું જ મહાપાતક કરવા તૈયાર થયો હતો. આપે મને સવેળાએ ઉગારી લીધો. ધન્યવાદ! ગુરૂદેવ! ધન્યવાદ! મારા આપને શત કોટિકોટિ પ્રણામ....' ભીમસેને ફરી પંચાંગ પ્રણિપાતપૂર્વક વંદના કરી.

'રાજન્! તારા આત્મધર્મને ભૂલીશ નહિ. તેનું યથાર્થ આરાધન કરજે.' એમ અંતિમ ઉપદેશ આપી આચાર્ય ભગવંતે ગૌચરી જવા માટે પગ ઉપાડયા.

'ગુરુદેવ! મારી એક નમ્ર વિનંતીનો આપ સ્વીકાર

કરશો, તો મહાઉપકાર થશે.' આચાર્યશ્રીને ગોચરી માટે જતાં જોઈ ભીમસેને પ્રાર્થના કરી.

'કહો રાજન્ ! શું પ્રાર્થના છે ?'

'ગુરુદેવ ! હું મારા ને સિદ્ધાત્મા માટે નિર્દોષ એવું ભોજન લઈ આવ્યો છું. નિરાશાને લઈ મેં એ ભોજનનો સ્પર્શ પણ કર્યો નથી. આપને ખપે એવી એ વાનગીઓ છે. ગોચરીનો લાભ મને આપશો તો મારો ભવ સાર્થક બની જશે.' અંતરની ઉભરાતી ભાવનાથી ભીમસેને આગ્રહ કર્યો.

આચાર્ય ભગવંતે ધર્મલાભ આપ્યા આત્મભાવના રેડીને ભીમસેને પૂજ્ય આચાર્યશ્રીને ગૌચરી વહોરાવી. તે વહોરાવતાં તેની આંખોમાં આનંદનાં આંસુ દદડી ઊઠયાં, તેનું હૈયું શુભ ભાવનાથી વિભોર બની ગયું.

આચાર્યશ્રીએ ગૌચરી વહોરી ને ધર્મલાભ આપ્યા.

એ જ સમયે નીલ ગગનમાં દેવદુદુંભિ ગૂંજી ઊઠી. દેવવિમાનોમાંથી દેવતાઓએ પારિજાતક પુષ્પોની વૃષ્ટિ કરી. સુગંધી જળની રીમઝીમ વર્ષા કરી. દિવ્ય વસ્ત્રોનો વરસાદ કર્યો. સુવર્ણ મહોરોની વૃષ્ટિ કરી અને બુલંદ સ્વરે 'અહો દાન ! અહો દાન !' ના ઘોષપૂર્વક ધર્મઘોષસૂરિ મહારાજનો જયનાદ કર્યો અને ધરતી ઉપર આવીને એ સૌ દેવ–દેવીઓએ વિધિપૂર્વક આચાર્ય ભગવંતને વંદના કરી. ભીમસેનની તેના સુપાત્ર દાન માટે પ્રશંસા કરી અને મૂલ્યવાન વસ્ત્રો તેમજ અલંકારોથી તેની ઉત્તમ ભક્તિ કરી.

'ખરેખર આ માનવભવ ઉત્તમ છે. મોક્ષમાં લઇ જનાર આ જ એક માત્ર જન્મ છે. મહામાનવ ભીમસેનને જય હો.' એમ જયનાદ કરી દેવતાઓ અદશ્ય થઈ ગયા.

દેવદુદુંભિનો કર્ણપ્રિય અવાજ સાંભળીને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના પ્રજાજનો કુતૂહલ અનુભવવા લાગ્યા. આ નાદ ઠેઠ રાજદરબારમાં પણ પહોંચ્યો. નગરનરેશ વિજયસેન તરત જ રાજકાજ છોડીને ઊભો થયો.

જૈન ધર્મનો શ્રદ્ધાળુ અને જ્ઞાતા હતો એ. તેણે માની લીધું, આ કોઈ માનવના વાજિંત્રનો અવાજ નથી. દેવો દુદુંભિ વગાડે છે. જરૂર કોઈ પુણ્યશાળી આત્માએ મહા પુણ્ય પ્રાપ્ત કર્યું લાગે છે.

કોણ હશે એ પુણ્યાત્મા ? કોણે તેના માનવભવને ઉજાળ્યો હશે ?

આવા કંઇ કંઇ વિચાર કરતો વિજયસેન તેના રાજાશાહી રસાલા સાથે દુદુંભિના અવાજની દિશા તરફ આવવા નીકળ્યો. દૂરથી શ્રમણ ભગવંતને જોતાં તે અશ્વ ઉપરથી નીચે ઉતર્યો મુગટ કાઢી નાખ્યો. શસ્ત્રાસ્ત્ર બાજુ પર મૂકયાં ને ઉઘાડા પગે શ્રમણ દર્શનની ઉત્કટતા અનુભવતો શ્રી ધર્મઘોષસૂરિ મહારાજ પાસે આવ્યો. સાથે સાથે નગરજનો પણ આવ્યા. જોતજોતામાં તો નગરના પાદરમાં સારી એવી મેદની જમા થઈ ગઈ.

વડલાની છાયા તળે પૂજ્ય આચાર્ય ભગવંતે ધર્મ-દેશનાનો પ્રારંભ કર્યો :

'ભવ્યાત્માઓ! આ અખિલ બ્રહ્માંડમાં અતિ દુર્લભ એવું કાંઈ જો હોય તો તે આ માનવભવ જ છે. પૂર્વભવના કોઈ પણ પુણ્યબળે આ ભવ પ્રાપ્ત થાય છે અને આ માનવ જન્મ કંઈ વારંવાર નથી મળતો. એ માટે તો આ ભવમા સતત જાગૃત રહેવું જોઈએ. આત્માને દરેક પળે સાવધ રાખવો જોઈએ.

આમ આ મનુષ્યજન્મ અતિ દુર્લભ છે. તેમાં ય જૈન કુળમાં જન્મ પામવો, જન્મ પામીને મોક્ષદાતા મુનિ ભગવંતોનો સત્સંગ પામવો, તેમની વાણી પામવી, એ વાણી ઉપર શ્રદ્ધા જન્મવી, એ શ્રદ્ધા જન્મ્યા બાદ તેનો અમલ કરવો, એ તો મહા મહા અત્યંત દુર્લભ છે. એવું સૌભાગ્ય જેઓને મળ્યું છે તેઓ ખરેખર પુણ્યાત્મા છે.

આવો ઉત્કૃષ્ટ માનવજન્મ પામીને જેઓ આત્મધર્મનું આરાધન કરતાં નથી, તેઓ આ ભવને એળે ગુમાવે છે. હાથમાં આવેલ ચિંતામણી રત્નને ફેંકી દે છે.

ભવ્યો! લક્ષ્મી ચંચળ છે. આયુષ્ય ચંચળ છે. સંસારનાં કહેવાતાં સુખ વીજળીના ચમકારા જેવાં ક્ષણિક છે. આવા નાશવંત પદાર્થોની પાછળ જીવનને બરબાદ કરવું એ અજ્ઞાનતા છે, મૂર્ખામી છે.

જ્ઞાની ભગવંતોએ ધર્મહીન પુરુષોને પશુની ઉપમા આપી છે. જેઓ ધર્મનું સેવન કરતાં નથી તેઓ માનવ-દેહમાં જીવતાં છતાં પણ પશુઓ જ છે.

ભવ્યો! તમે માનવ બનો. માનવને યોગ્ય એવા

કર્તવ્યો કરો. આત્મધર્મમાં સ્થિર બનો. ધર્મ જ સઘળાં સુખ-દુઃખનો અંત આણે છે. આત્મધર્મના આરાધનથી ભવ્યાત્માઓ આ સંસાર તરી જાય છે. જન્મમરણના દુઃખોનો તેથી કાયમ માટે અંત આવે છે. મોક્ષની પ્રાપ્તિ થાય છે. આત્મા આત્મામાં ભળી જાય છે.

મહાનુભાવો! આત્મા ઉપર અનાદિકાળથી કર્મનાં અનેક પડળો ચડેલાં છે. એ પડળોને તપના તાપથી બાળી નાખો.

વર્ધમાન તપ એ સર્વ તપોમાં ઉત્તમોત્તમ તપ છે. આ તપના આરાધનથી નિકાચીત કર્મો પણ ક્ષય પામે છે. ઉત્કટ આરાધનાથી ભવ્યજીવો આ તપ વડે તીર્થંકર નામકર્મ બાંધે છે, અને અનુક્રમે સકલ કર્મને ભસ્મીભૂત કરીને મુક્તિને વરે છે.

આ તપની વિધિ આ પ્રમાણે છે. પ્રથમ એક આયંબિલ અને એક ઉપવાસ; પછી બે આયંબિલ ને એક ઉપવાસ, ત્રણ આયંબિલ ને એક ઉપવાસ આમ વધીને પાંચ આયંબિલ ને એક ઉપવાસ કરીને પારણું કરી શકાય છે. ત્યાર પછી છ આયંબિલ ને એક ઉપવાસ એ પ્રમાણે એક એક આયંબિલની વૃદ્ધિ કરતાં ઠેઠ સો આયંબિલને એક ઉપવાસ સુધી તપ કરતાં આ વર્ધમાન તપ પૂર્ણ થાય છે.

આ તપના આરાધકોએ રોજ બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો જોઈએ, તેમ જ ૐ નમો અરિહંતાણં, ૐ નમો સિદ્ધાણં, ૐ નમો તવસ્સ, આ ત્રણમાંથી ગમે તે એક મંત્ર પદની ૨૦ નવકારવાળી ગણવી જોઈએ.

આ ઉપરાંત સવાર સાંજ પ્રતિક્રમણ, દેવદર્શન, દેવ પૂજા, દેવવંદન, જોગ હોય ત્યાં ગુરુવંદન, વ્યાખ્યાન શ્રવણ, સામાયિક, સ્વાધ્યાય આદિ કરવાં જોઇએ.

આ તપનું આરાધન કરીને દયાના સાગર શ્રી મુનીશ્વર મહાસેન, સાધુગુણા શ્રી કૃષ્ણા સાધ્વી તેમ જ શુદ્ધ ચારિત્રી શ્રી ચંદ્ર રાજર્ષિએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષપદને મેળવ્યું હતું.

ભવ્યાત્માઓ ! આ તપના આરાધનથી અનંતા ભવોના કરેલા કર્મોની નિર્જરા થાય છે. આ ભવ ને પરભવ બંને સુધરે છે અને કાળક્રમે સકલ કર્મનો ક્ષય થાય છે.

મહાનુભાવો ! આ તપનું યથાર્થ આરાધન કરો. અને મહાદુર્લભ એવા મહાજન્મને સાર્થક કરો. પૂજ્ય આચાર્યશ્રીએ તપ ઉપર ભાર મૂકયો અને વ્યાખ્યાનની સમાપ્તિ કરી.

ભીમસેન એકચિત્તે આચાર્ય ભગવંતની અમૃતવાણીનું પાન કરી રહ્યો હતો. આચાર્યશ્રીના એક એક શબ્દે તેનો આત્મા પુલકિત થતો હતો. તેના અંતરની બધી જ શુભ ને શુદ્ધ ભાવનાઓ સળવળી રહી હતી. ભગવંતે તપનું માહાત્મ્ય સંભળાવ્યું. એ સાંભળી તેણે મનોમન નક્કી કર્યું કે પોતે પણ આ તપનું ઉત્કૃષ્ટ અને યથાર્થ આરાધન કરશે.

વિજયસેન રાજાએ ઊભા થઈ આચાર્ય ભગવંતને પૂછયું : ‘ ગુરુદેવ ! મારા યોગ્ય કંઈ આજ્ઞા હોય તો ફરમાવો.’

‘ રાજન્ ! તમે તો પ્રજાના પાલક પિતા છો. પણ

પક્ષીઓ પણ તમારાં સંતાન જ ગણાય.તેઓનું રક્ષણ અને સંવર્ધન કરજો. નગરમાં ચાલતાં કસાઈખાનાં બંધ કરાવજો. અને જૈન શાસની વિજયપતાકા ફરફરતી રહે તેવાં ધર્મનાં કૃત્યો કરજો.' આચાર્યશ્રીએ આદેશ આપ્યો.

'આપની આજ્ઞા એ જ મારો ધર્મ છે.' વિજયસેને મસ્તક નમાવી વિનયથી કીધું.

અન્ય શ્રોતાગણે પણ પોતાની યથાશક્તિ વ્રત નિયમોના પચ્ચક્ખાણ લીધાં અને સભાજનો એક પછી એક વિખરાવા લાગ્યા.

આચાર્ય ભગવંતે પણ ગમનની તૈયારી કરી. પોતાની જંઘાને તેમણે હસ્તસ્પર્શ કર્યો અને આકાશપંથે ઊડી ગયા.

સૌએ બુલંદ અવાજે ધર્મઘોષસૂરિ મહારાજનો જયનાદ કર્યો.

□

૨૩

# ભાગ્ય પલટો

ત્રણ ત્રણ વાર સભાજનોએ આચાર્યશ્રીનો જયનાદ કર્યો. પણ ભીમસેન તો એ જયનાદથી પર બની ગયો હતો. એ બુલંદ જયઘોષણા તેના કર્ણપટ પર અથડાઈ પણ તેના હોઠ કશું જ ન બોલી શકયા. ભાવ સમાધિમાં એ લીન થઈ ગયો હતો.

ચારિત્ર્ય અને તપના તેજથી ઝળહળતી આચાર્યશ્રીની મુખમુદ્રા જોતાં એ સઘળું ભૌતિક ભાન વિસરી ગયો હતો. ઘણા લાંબા સમયે તેના આત્માએ આવી પરમ શાંતિ અનુભવી હતી. એ શાંતિને તે ખોવા માંગતો ન હતો.

આત્માની એ અપૂર્વ શાંતિ તેના વદન ઉપર પ્રભાવ પાથરી રહી હતી. આ શાંતિ, દેવોએ પરિધાન કરાવેલાં દિવ્ય વસ્ત્રોને લઈને ઔર પ્રભાવ પાડતી હતી. વ્યાખ્યાનમાં તે સૌથી આગળ બેઠો હતો. તેની બાજુમાં જ વિજયસેન રાજા અને અન્ય મંત્રી સમૂહ બેઠો હતો. ભીમસેન પોતે અનહદ ભાવ સમાધિમાં હોઇ તેને આ કશાયનો ખ્યાલ ન હતો. દેહથી તે અનુભવ કરી રહ્યો હતો કે પોતાની આસપાસ અનેક

માનવો ઉપસ્થિત છે. અંતરથી તેનો તે સ્પર્શ નહોતો થવા દેતો. જે દિવ્ય ને ગંગાસમ નિર્મળ જ્ઞાન સાગરમાં તેને સ્નાન કરવાનો લ્હાવો મળ્યો હતો, એ લ્હાવાના આનંદને બીજી વાતોમાં ધ્યાન દઈને ખંડિત કરવા નહોતો માંગતો.

વિજયસેનનું તેવું નહોતું. એ તો દુદુંભિનો નાદ સાંભળીને દોડી આવ્યો હતો. આવીને જોયું તો એક બાજુ રાજા હતા. બીજી બાજુ મહારાજા હતા. ભીમસેનને જોતાં જ તેમણે તેને ઓળખી કાઢયો. જો કે ઓળખવામાં થોડો શ્રમ તો પડયો જ. કારણ જે ભીમસેનને તેમણે રાજગૃહીમાં જોયો હતો, તેના કરતાં આ સમયનો ભીમસેન કંઈક જુદો જ હતો. દુઃખોના અનેક ઉઝરડા તેના તનબદન ઉપર દેખાતા હતા. કૃશ કાયા અને ચીમળાયેલા મોં ઉપરથી ભીમસેનને તરત જ ઓળખી કાઢવો મુશ્કેલ હતો. છતાંય વિજયસેને તેને ધારી ધારીને જોઈ ઓળખી કાઢયો.

ધાર્યું હોત તો વિજયસેન સૌ પ્રથમ તેને જ બોલાવત. પરંતુ એમ કરવું તેણે ઉચિત ન માન્યું. પોતે આચાર્ય ભગવંતના દર્શનાર્થે આવ્યો હતો. તેમની ઉપસ્થિતિમાં તેમ કરવું એ અવિનય ગણાય એવું તે સમજતો હતો. આથી વ્યાખ્યાન ઊઠવાની તેણે રાહ જોઈ.

વ્યાખ્યાન ઊઠતાં જ તેણે ભીમસેનને પ્રેમથી પોકાર્યો :

'રાજગૃહીના નરેશ ભીમસેન! અહીં મારા આંગણે પધાર્યા છે ?'

આ સાંભળતાં જ ભીમસેનની ભાવ સમાધિ તૂટી ગઈ.

ફરી તેનું મન સંસારમાં પાછું ફરી ગયું. સામે જ વિજયસેનને પોતાને ઉદ્દેશીને બોલતાં જોઈ તેની આંખોમાં આંસુ આવી ગયાં.

ઘણા વરસે સ્નેહીનાં દર્શન થયાં હતાં. તેનું અંતર ઉભરાઈ આવ્યું. તરત જ ભીમસેન વિજયસેનને ગળે વળગી પડયો.

ભીમસેન ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આવ્યો ત્યારે તેને ખબર જ હતી, કે આ નગરનો નરેશ વિજયસેન છે. અને પોતાનો સાઢુ ભાઈ છે. પોતે તેના આશરે ગયો હોત તો કોઈ વાતે દુઃખ નહોતું પડવાનું. પણ તેના સ્વમાની આત્માએ એવા આશરા માટે ઈન્કાર ભણ્યો. પોતાના પુરુષાર્થ ઉપર જ જીવવાનું તેણે પસંદ કર્યું. આથી ખૂબ જ અજ્ઞાતપણે તે આ નગરમાં રહ્યો. સુશીલા અને બાળકોને પણ રાખ્યા. સુશીલાએ પણ પતિનું મન જાણી કોઈને જાણ ન થવા દીધી, કે પોતે આ નગરનરેશની સાળી છે. પોતે એક દીન કંગાળ સામાન્ય સ્ત્રી છે તેમજ સમજીને આ નગરમાં રહી.

અનાયાસે આ ભેદ ખુલ્લો પડી ગયો. ભીમસેને સુપાત્ર દાન દીધું. દેવોએ દુદુંભિ વગાડી અને વિજયસેને ખૂદે તેને ઓળખી કાઢયો.

બંનેની આંખોમાંથી મિલનનાં હર્ષાશ્રુ વહી રહ્યાં હતાં. વિજયસેને જ અંતે મૌન તોડયું :

'રાજન્! આપ આજ સુધી કયાં હતા? મને એ સમાચાર તો મળ્યા હતા, કે ભાઈ હરિષેણની કંઈક ખટપટને

લઈ આપ રાજગૃહી છોડી ચાલ્યા ગયા હતા. ત્યાર પછીના કંઈ સમાચારની મને જાણ નથી.

અરે! તમે એકલા કેમ છો? બેન સુશીલા ને કુમારો કયાં છે?' એક સામટા વિજયસેને પ્રેમભીના પ્રશ્નો પૂછી નાંખ્યા.

'વિજયસેન! એ સૌ આ નગરમાં જ છે.' ભીમસેને દુભાતા હૈયે કીધું.

'આ જ નગરમાં? કયાં?' વિજયસેને આશ્ચર્યથી પૂછયું.

ભીમસેને માંડીને બધી વાત કરી. એ વાતના એક એક શબ્દે વિજયસેનનું રુંવાડું ઉકળી ઊઠયું. ગુસ્સાથી તેની આંખો લાલચોળ બની ગઈ. તે બોલી ઊઠયો :

'એ ભદ્રા ને લક્ષ્મીપતિની આ હિંમત?' પછી તેણે ત્યાં ઊભેલા સુભટોને ઉદ્દેશીને કહ્યું :

'સુભટો! હમણાં ને હમણાં જ તમે લક્ષ્મીપતિ શેઠને ત્યાં જાવ. તેમને અને તેમની પત્નીને મુશ્કેટાટ બાંધીને બંદીખાનામાં ધકેલી દો.

અને જુઓ! તેમને ત્યાં રાણી સુશીલા અને બે રાજકુમારો છે. તેઓ સૌને અત્યંત આદર સત્કાર કરીને દરબારમાં તેડી લાવો.'

રાજ આજ્ઞા મળતાં જ સુભટો તેનું પાલન કરવા ઘોડે ચડી ગયા અને દબડૂક ડબડૂક દોડતા લક્ષ્મીપતિ શેઠને ત્યાં આવી ઊભા રહ્યા.

સુભટોના ગયા બાદ વિજયસેને પ્રેમથી કહ્યું : રાજગૃહી નરેશ ભીમસેન ! જુઓ આપના આગમનના આનંદથી અશ્વો પણ હણહણાટ કરી રહ્યા છે. પધારો ! અશ્વારૂઢ બનો અને મારા રાજમહેલને પાવન કરો.'

'વિજયસેન ! જ્યાં મારો સંસાર દુઃખમાં સબડતો હોય, ત્યાં મને આવાં સુખ ન શોભે. મારા બાળકો ભોંય પથારી કરીને આળોટતાં હોય, ત્યારે મને મખમલની શય્યાનો આરામ ન શોભે. જ્યારે મારી પત્ની ઉઘાડા પગે લોકોના ઘરે મજુરી કરીને થાકીને લોથ બની જતી હોય, ત્યારે મને આ અશ્વોની સવારી ન શોભે. તમારા ઈજનનો હું સ્વીકાર કરું છું. પણ હું અશ્વારૂઢ નહિ બની શકું. એ માટે તમે મને ક્ષમા કરો.' ભીમસેને અંતરની વેદના ઠાલવતાં કહ્યું.

'આપની વાત યથાર્થ છે. પણ હવે આપનું દુઃખ ગયું સમજો. એ કાળ તમારો વીતી ગયો. હવે સુખનો દિવસ ઉગ્યો છે. સુભટો રાણી સુશીલાને લેવા ગયા છે. તેઓ તેમને લઈને સીધા જ રાજમહેલ જશે. માટે પધારો આપણે સૌ પગપાળા ત્યાં જલ્દી પહોંચી જઈએ.' વિજયસેને ભીમસેનની વાતનો સ્વીકાર કર્યો.

બંને રાજવીઓ ચાલવા લાગ્યા. ત્યાં આકાશમાં દેવવાણી થઈ: 'અહીં જે સુવર્ણમહોરો પડેલી છે, તે તમામ ભીમસેન મહારાજાની છે. કોઈએ ભૂલથી પણ તેને લઈ જવી નહિ. જેઓ એમ કરશે તેનું મસ્તક ધડથી અલગ થઈ જશે.'

વિજયસેને તરત જ એ સોનામહોરો ભેગી કરાવી.

અને અલગ રખાવી. થોડે સુધી તેઓ ગયા હશે ત્યાં જ સુભટો પાછા ફર્યા.

'તમે સૌ અહીં કેમ પાછા આવ્યા?' વિજયસેને પૂછયું.

'મહારાજાધિરાજ! રાણીમા અને કુમારોને તો ભદ્રા શેઠાણીએ માર મારીને હાંકી કાઢયા છે. તેઓ જે ઝૂંપડીમાં રહેતાં હતાં એ ઝુંપડીને પણ તેણે આગ ચાંપી દીધી છે. અત્યારે તેઓ કયાં છે તેની કોઈને ત્યાં ખબર નથી.' સુભટોના અગ્રેસરે કીધું.

આ સાંભળતાં જ ભીમસેનના હૈયા પર વીજળી તૂટી પડી. તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ: સુ....શી...લા.... અમંગળ સમાચારથી તેનું હૈયું બેસી ગયું. તેને મૂર્છા આવી ગઈ. ધબ્બ દઈએ ધરતી ઉપર ઢળી પડયો.

ભીમસેન ધરતી ઉપર પછડાય તે પહેલાં જ વિજયસેને ભીમસેનને પોતાના હાથમાં ઝીલી લીધો. અને પોતાના ખોળામાં સુવાડી તેને પોતે જ પવન નાંખવા લાગ્યો. આ જોઈ સુભટો પણ હાંફળા ફાંફળા થઈ ગયા. અને તરત જ જળ લાવી ભીમસેન ઉપર હળવે હળવે છાંટવા લાગ્યા.

શીતળ જળ ને ઠંડી હવાના સ્પર્શથી ભીમસેનની મૂર્છા થોડીવારે ઉતરી ગઈ. તેના શરીરમાં થોડા ચેતનનો સંચાર થયો. તેણે આંખ ખોલી.

'ભીમસેન! તમે સ્વસ્થ બનો. રાણીમા અને બાળકોને આપણે હમણાં જ શોધી કાઢીશું. મેં બધા જ સુભટોને

તેમની શોધ માટે મોકલી દીધા છે. તમે ધીરજ ધરો. થોડી જ વારમાં એ સૌનું આપણને મિલન થશે.'

'ના, વિજયસેન! ના. હું જરાય ધીરજ ધરી શકું તેમ નથી. મારું અંતર એ સૌને મળવા અધીરું બની ગયું છે. આહ! એ બિચારાઓ અત્યારે કયાં હશે? કેવી રીતે રહેતાં હશે? નહિ. હું પોતે જ તેમની શોધ માટે જઈશ.' એમ કહી ભીમસેન ઊભો થયો.

'હું પણ આપની સાથે આવું છું. ચાલો આપણે બંને સાથે મળીને તેમની તપાસ કરીએ.' વિજયસેને લાગણી ભર્યા અવાજે કીધું.

અનેક સુભટોના રસાલા સાથે આ બંને રાજવીઓ સુશીલાની શોધમાં ભમવા લાગ્યા. બીજા અને સુભટો નગરમાં ઘૂમી રહ્યા હતા. આથી આ બધા નગર બહાર શોધ કરવા લાગ્યા.

ભમતાં ભમતાં સૌ નગરના કિલ્લા આગળ આવ્યા. ભીમસેન અને વિજયસેન ઝીણી નજરે કિલ્લાની એક એક જગ્યા તપાસી રહ્યા હતા. ઘણીવાર સુધી કિલ્લાની આસપાસ સૌ રખડયા. કયાંય પત્તો ન લાગ્યો. ત્યાં ઈંટો ને ધૂળ સિવાય કોઈની વસ્તી ન હતી. છતાંય સૌએ શોધ જારી રાખી.

ત્યાં બાળકના રડવાનો અવાજ સંભળાયો. ભીમસેને એ અવાજ ઓળખી કાઢયો. તે હર્ષથી બોલી ઊઠયો :

'વિજયસેન! વિજયસેન! કુમારો મળી ગયા. જુઓ પેલો કેતુસેનના રડવાનો અવાજ સંભળાય છે.'

વિજયસેને કાન સરવા કર્યા. તેને પણ એ રુદન સંભળાયું. તરત જ બંનેએ એ તરફ દોટ મૂકી.

'કેતુસેન... દેવસેન.... કેતુસેન.... દેવસેન...' ભીમસેને દોડતાં દોડતાં સંતાનોને બૂમ મારી.

આ બૂમ દૂરથી સાંભળી, ભોંય ઉપર ઊંધે માથે રડતા કેતુસેનને જોઈ દેવસેને કહ્યું :

'કેતુ ! એય કેતુ! જો પિતાજી આપણને બોલાવી રહ્યા છે. ઊઠ, ઊભો થા !'

'ક્યાં છે પિતાજી ! તમે તો જુઠું બોલો છો.' કેતુસેને રડતાં રડતાં કીધું.

'ના કેતુ! તું જો સાંભળ. હું જરાયે અસત્ય નથી બોલતો.'

કેતુસેને ઉભા થઈ કાન સરવા કર્યા.

'કેતુસેન.... દેવસેન... કેતુસેન.... દેવસેન....' ભીમસેનનો સાદ નજીદીક આવતો ગયો.

કેતુસેન એકદમ ઊભો થઈ ગયો. દેવસેન તો ઊભો જ હતો. બંને એક ખૂણામાંથી દોડતા બહાર આવ્યા. અને બોલવા લાગ્યા.

'પિ....તા....જી...પિ....તા....જી....'

ભીમસેને સામો જવાબ આપ્યો : 'બે...ટા... કે....તુ........સે....ન...., બેટા દેવ....સેન....'

પોતાના પિતાનો જ સાદ છે આ તો, એમ બંનેને

નક્કી થઇ ગયું. ને બંનેય ઉતાવળા ભીમસેન પાસે પહોંચવા દોડી ગયા.

ભીમસેન પણ દોડતો હતો. સામેથી બંને કુમારો દોડી રહ્યા હતા. પિતા–પુત્રો સામ સામી દિશાઓમાંથી દોડતા એક થવા તડપી રહ્યા હતા.

ત્યાં 'ઓ....મા....રે!' ચીસ પાડતો કેતુસેન ગોઠીમડુ ખાઈને પડી ગયો. દેવસેન તરત જ અટકી ગયો. એ જ સમયે વિજયસેન અને ભીમસેન ત્યાં આવી પહોંચ્યા.

ભીમસેને કેતુસેનને ઉંચકી લીધો. તેના ગાલે કપાળે ચુમીઓનો વરસાદ વરસાવી દીધો. દેવસેનને પણ વ્હાલથી બાથમાં લીધો. તેનો બરડો પંપાળ્યો. તેના પણ ગાલે ને કપાળે ચુમીઓ ભરી.

પુત્રોને જોઈ ભીમસેનની આંખમાંથી ચોધાર આંસુ સરી પડયાં. તેના ગળે ડૂમો ભરાઈ આવ્યો. વિજયસેનની આંખો પણ સજળ બની. તેનું હૈયું પિતા–પુત્રનું મિલન જોઈ એક પળ આનંદ અનુભવતું હતું. તો બીજી જ પળે પુત્રોના દિદાર જોઈ તેનું અંતર કકળી ઊઠતું હતું.

શું આ રાજકુમારો છે! રાજગૃહીના આ રાજવંશો છે? કયાં છે, એ રાજ તેજ? કયાં છે એ રાજવી પ્રભા?

અહાહા! કેવા થઈ ગયા છે આ ફૂલ જેવા સંતાનો! આંખોમાં તેજ નથી. ગાલો ઉપર સુરખી નથી. હાથમાં કૌવત નથી. પગમાં ચેતન નથી. છાતીમાં હામ નથી. કપડાં તો

જાણે છે જ નહિ જેવા છે. લોહી નથી. માંસ નથી. હાડકાનો જીવતો માળો જાણે ઘૂમી રહ્યો છે.

અરરર ! ન જાણે આ બાળકો કેટલા દિવસના ભૂખ્યાં હશે ! કેટલા ય દિવસોથી આ સુકુમારોએ નિરાંતની ઊંઘ પણ નહિ લીધી હોય !

અરે વિધાતા ! કોઈ તને ન મળ્યું, તે તેં આ માસુમ ફૂલો ઉપર તાપ ત્રાટક્યો ?

ભીમસેન પણ એવા જ ભાવ અનુભવતો હતો. સાથે આવેલો પરિવાર પણ રાજકુમારોને જોઇ કરૂણાથી રડતો હતો.

'પિતાજી ! પિતાજી ! તમે ક્યાં હતા ? તમારા વિના અમારી કેવી દશા થઇ ગઈ છે ? બિચારી મા તો રોજ રડી રડીને અધીં થઇ ગઈ છે !' દેવસેને કીધું.

'પિતાજી ! હવે તો તમે અમને મૂકી નહિ જતા રહો ને ? પિતાજી ! હવે તો તમે અમને રોજ ખાવા આપશો ને ? અમને ભૂખે નહિ મારો ને ? અમારાથી હવે આ ભૂખ નથી સહન થતી પિતાજી !' કેતુસેને જોરથી ભીમસેનની છાતીએ દબાતાં કહ્યું.

'નહિ જઉ બેટા ! હોં. હવે તમને મૂકી કદી નહિ જઉ ! તમને રોજ સારું સારું ખાવાનું ખવડાવીશ. રમવા રમકડાં પણ લાવી આપીશ. ને ખૂબ આરામ ને આનંદથી તમને રાખીશ હોં....' ભીમસેને આંસુ લૂછતાં લૂછતાં કીધું.

'બેટા દેવસેન ! તમારા માતુશ્રી ક્યાં છે ?' વિજયસેને પૂછ્યું.

'કોણ મા? મા તો વહેલી સવારથી અમને ઊંઘતા મૂકીને કામે ગઈ છે. એ તો હવે સાંજના જ આવશે.' દેવસેને કીધું.

'ક્યાં કામ કરે છે એ બેટા?' વિજયસેને પૂછ્યું.

'કામ તો એ બે ચાર જણાનું કરે છે. અત્યારે તે નગરશેઠની હવેલીએ હશે. તેમને ત્યાં કંઈ મોટો ઉત્સવ થવાનો છે, એટલે હમણાં તેને ખૂબ જ કામ રહે છે. બિચારી! મારી મા તો અધમૂઆી થઈ ગઈ છે!' દેવસેને ભારે નિઃશ્વાસ નાંખીને કહ્યું.

'હવે બેટા! એમને કામ નહિ કરવું પડે હોં. તમને પણ હવે દુઃખ નહિ પડે. ચાલો, આપણે સૌએ રાજમહેલમાં જવાનું છે. ત્યાં તમે ખૂબ ખાજો. ખૂબ રમજો. સારાં સારાં કપડાં પહેરજો. અને ખૂબ ખૂબ ઊંઘજો. તાજા માજા થજો. ને લ્હેર કરજો.' વિજયસેને કુમારોને આશ્વાસન આપ્યું.

'હેં પિતાજી! હવે અમને ખુબ ખાવાનું મળશે?' કેતુસેને પૂછ્યું. ત્યાં દેવસેન બોલી ઊઠયો :

'પિતાજી! આ વડીલ કોણ છે? એ આપણને તેમને ત્યાં કેમ લઈ જાય છે?'

'બેટા! એ તારા માસા છે. આ નગરના રાજાધિરાજ છે. તેઓ આપણને તેડવા આવ્યા છે.' ભીમસેને ખુલાસો કર્યો.

કુમારો તો આ જાણી આનંદમાં આવી ગયા. ને હસતાં હસતાં વિજયસેનને ભેટી પડયા. વિજયસેને વ્હાલથી બંને કુમારોને પંપાળ્યા. કેતુસેનને પોતાના હાથમાં તેડી

લીધો અને ચાલવા માંડયું. દેવસેને ભીમસેનની આંગળી પકડી. સૌ હવે નગર તરફ જવા લાગ્યા.

જતાં જતાં વિજયસેને સુભટોને આજ્ઞા ફરમાવી.

'જાવ, મહારાણીને આ શુભ સમાચાર આપો કે તમારા બેન, બનેવી અને તેમનાં બાળકો આ નગરમાં પધાર્યાં છે. અને તેઓ રાજમહેલમાં આવી રહ્યાં છે.'

બીજા સુભટને બીજી આજ્ઞા કરી :

'તમે નગરશેઠની હવેલીએ જાવ. ત્યાં જઈને રાણી સુશીલા દેવીને આ શુભ સમાચાર આપો. ને તેઓને અત્યંત આદર ભાવથી રાજમહેલમાં તેડી લાવો.'

બંને સુભટો આ આજ્ઞાનું પાલન કરવા રવાના થઈ ગયા.

આવડો મોટો પ્રસંગ કંઇ છાનો થોડો રહે ? જોત જોતામાં તો આખા ય નગરમાં આ વાત પ્રસરી ગઈ.

'રાજગૃહીના નરેશ ભીમસેન પધારી રહ્યા છે. તેમનાં મહારાણી ને બાળકો પણ તેમની સાથે છે.'

સુલોચનાને આ સમાચારની તરત જ ખબર પડી. કોઈ સુભટે આવીને આ મંગળ સમાચારની વધાઈ ખાધી. તે તરત જ પોતાની મોટી બેનને મળવા માટે પાલખીમાં બેસીને નગરમાં આવી.

ત્યાં જ તેને વિજયસેનના સુભટો મળ્યા. તેમણે સુશીલાના બીજા જ સમાચાર આપ્યા. તરત જ પાલખીને નગરશેઠની હવેલીએ લેવડાવી.

મહારાણી સુલોચનાને પોતાની હવેલીએ આવેલી જોઈ

નગરશેઠ અને નગરશેઠાણી હાંફળાં ફાંફળા થઇ ગયાં. તેમના સત્કાર માટે તેઓ હાથ જોડીને ઊભાં રહ્યાં. અને અત્યંત આદર ભાવથી સુલોચનાને પોતાની હવેલીમાં લાવ્યા.

'રાણી મા! આજ આપ આ તરફ પધાર્યાં? મને સંદેશો મોકલ્યો હોત તો હું પોતે આપની સેવામાં હાજર થઈ જાત. આપે શા સારું આટલો શ્રમ વેઠયો?' નગરશેઠે વિનય કર્યો.

'નગરશેઠ! આપને ત્યાં સુશીલા નામે કોઈ સ્રી કામ કરે છે?' મહારાણીએ સીધો જ પ્રશ્ન કર્યો.

'હા. છેલ્લા એક માસથી એ સ્ત્રી મારી હવેલીની સાફ સુફીનું કામ કરે છે. વાસણ અને કપડાં પણ તે જ ધુએ છે. ઘણી જ ભલી બાઈ છે. કોઈ ઊંચા ખાનદાનની એ લાગે છે. પણ નસીબના વાંકે આજ આ દશા ભોગવતી હોય તેમ લાગે છે! નગરશેઠે વિગતથી ખુલાસો કર્યો.

સુલોચનાનું અંતર ચીરાઈ ગયું. પોતાની મોટી બેનની આ અવદશા? હું રાજરાણીનું સુખ ભોગવું ને એ ઘર ઘરનાં ઠામ માંજે? અરરર બિચારી! કેવાં દુઃખ ભોગવી રહી છે! આ વિચારમાં તેની આંખો આંસુથી છલકાઈ ઊઠી.

'અરે! આપની આંખમાં આંસુ? આપ રડી કેમ રહ્યાં છો? શું એ દાસીએ કંઈ આપનું ખરાબ કર્યું છે?' નગરશેઠને કંઇ ખબર ન હોવાથી પૂછયું.

'નગરશેઠ! તમે મને જલ્દી તેમની પાસે લઈ જાવ.' અધીરાઇથી સુલોચનાએ કીધું.

'મહારાણી એવી શી જરૂર છે? હમણાં જ તેને હું અહીં બોલાવી હાજર કરું છું.' નગરશેઠે કીધું.

'ના, નગરશેઠ! ના. પોતાની મોટીબેનને હુકમ ન કરાય. તેમની પાસે તો મારે જ જવું જોઈએ. તમે ઉતાવળ કરો. તેમના દર્શન વિના મારું હૈયું મુંઝાઈ રહ્યું છે?' સુલોચનાએ અધકચરી સ્પષ્ટતા કરી.

'સુશીલા તમારી મોટીબહેન! ના, હોય.' નગરશેઠે આશ્ચર્યથી કીધું.

'હા, નગરશેઠ! એ સત્ય છે. સુશીલાબેન કર્મની લીલાનો ભોગ બન્યાં છે. એ મારા મોટીબેન છે. મારા બનેવી પણ આ નગરમાં જ છે. ને તેમને લઈ તમારા મહારાજા રાજમહેલ તરફ જઈ રહ્યા છે. હું પણ મારી મોટીબેનને રાજમહેલે તેડી જવા આવી છું.'

નગરશેઠ તો આ સ્પષ્ટતા સાંભળી આશ્ચર્યચકિત બની ગયા. તરત જ ઉતાવળા મહારાણી સુલોચનાને લઈ જ્યાં સુશીલા કામ કરતાં હતાં, ત્યાં આવીને ઊભા રહ્યા.

સુશીલા ત્યારે વાસણ માંજી રહી હતી. તેના મસ્તક ઉપર લાજ ઢાંકેલી હતી. છતાંય પરસેવાથી નીતરતું તેનું કપાળ ને ગૌર મુખ સ્પષ્ટ દેખાતું હતું. સુશીલાને જોતાં જ સુલોચનાએ દોટ મૂકી ને બોલી :

'મો....ટી....બે...ન...'

આ સાંભળતાં જ સુશીલા એકદમ ઊભી થઈ ગઈ. તે

હજી કંઇ વિચારે તે પહેલાં જ સુલોચનાએ તેને છાતી સરસી ચાંપી દીધી અને ચોધાર આંસુએ રડવા લાગી. રડતાં રડતાં બબડતી ગઇ.

'મોટીબેન! તમારી આ દશા? મને તો મળવું હતું? શું તમે મને પણ પારકી ગણી? મો...ટી....બે....ન... મો....ટી...બે...ન'

'ના રડ, મારી બેન. ના રડ. સૌ કર્મના ખેલ છે. કર્મની સત્તા આગળ કોનું ચાલ્યું છે, તે મારું ચાલે? સૌએ પોતાનાં કરેલાં કર્મો ભોગવે જ છુટકો છે. માટે બેન! આંસુ લૂછી નાંખ. રડવાથી કંઇ મારાં કર્મ ઓછા કે હળવાં નથી થઈ જવાનાં. ચાલ જવા દે એ બધી દુઃખની વાતો. કહે, મારા બનેવીના શા સમાચાર છે! ક્ષેમકુશળ તો છે ને?'

'મોટીબેન! તમે કેટલાં બધાં સહિષ્ણુ છો? મારા સમાચાર પૂછો છો, પણ તમારી તો તમે કંઈ વાત જ નથી કરતાં?' સુલોચનાએ હૈયાનો ભાર હળવો બનાવતાં કહ્યું.

'મારી શું વાત કરૂં બેન? મારા જીવનમાં હવે રહ્યું છે પણ શું, કે હું તને કંઈ નવી વાત કરું?' નિશ્વાસ નાંખી સુશીલાએ કહ્યું.

'તો બેન! હું તમને તમારા જીવનની એક વાત કહું. જાણીને તમને જરૂર આનંદ થશે.'

'ખુશીથી કહે બેન! શુભ સમાચારથી બીજું રૂડું શું?'

'મોટીબેન! મારા બનેવી આ નગરમાં પધાર્યા છે.

અને તેઓ વાજતે ગાજતે બાળકો સાથે રાજમહેલમાં જઈ રહ્યા છે.' સુલોચનાએ ઉમળકાથી કીધું.

સુશીલાની જીવન સિતાર ઝણઝણી ઊઠી. ખુશીનું એક ગીત તેના સમસ્ત દેહમાં ગૂંજી ઊઠયું. વિરહની આગમાં શેકાઈ ગયેલું તેનું દિલ ફરી ખીલી ઊઠયું. તે આ સમાચાર સાચા ન માની શકી. છતાંય માનીને તેણે પૂછયું.

'કયાં છે એ? એ સીધા મારી પાસે તો કેમ ન આવ્યા?'

'મોટીબેન! તારા સમાચાર સાંભળ્યા કે તું લક્ષ્મીપતિ શેઠને ત્યાં નથી. તારી ઝુંપડીને ભદ્રાએ બાળી નાંખી હતી. અને ફરી તમે ઘરવિહોણાં થઈ ગયાં હતાં. તરત જ તે મૂર્છા ખાઈને જમીન ઉપર ઢળી પડયા. ભાનમાં આવ્યા ત્યારે બાવરાં બની એ તારી શોધમાં દોડવા લાગ્યા. તારા નામની બુમો પાડી તેમણે પોતાનું હૈયું ચીરી નાંખ્યું. તમારા બનેવી પણ તેમની સાથે હતા. બંનેએ સાથે મળીને તમારા આવાસની શોધ કરી. કુમારો મળ્યા પણ તમે ન મળ્યાં. એ પણ મારી જેમ તમને જ મળવા આવવા જીદ કરતાં હતા. પરંતુ સૌએ તેમ કરવા ના પાડી. આથી તમારા નામનું જ રટણ કરતાં એ રાજમહેલ તરફ પગપાળા જઈ રહ્યા છે. તમે પણ હવે ત્યાં પધારો.' સુલોચનાએ વિસ્તારથી બધી હકીકત જણાવી.

નગરશેઠ તો આ બધું સાંભળીને આશ્ચર્યથી દિગ્મૂઢ જ બની ગયા. સુશીલાએ તેમનો ચરણ સ્પર્શ કરીને કહ્યું

'શેઠ ! આપનો ઉપકાર હું કદી નહિ ભૂલું. આપે મને જો આ થોડો ઘણો સહારો ન આપ્યો હોત, તો મારા બાળકોનું શું થાત ? ખરેખર ! તમારી ઉદારતાને ધન્ય છે. હવે આપ રજા આપો તો હું મારી બેન સાથે જાઉં.' વિનયથી સુશીલાએ નગરશેઠની રજા માંગી.

'અરે, અરે ! આપ આ શું કરો છો ! વંદનના અધિકારી તો આપ છો, એમ કરીને મને વધુ શરમમાં ન નાંખો. મેં તો આપનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. મને ક્ષમા કરો મા ! ક્ષમા કરો.' નગરશેઠે પસ્તાવાથી કીધું.

'એવું ન બોલો નગરશેઠ ! એવું ન બોલો. અપરાધ તો મારો જ છે, કે મેં પૂર્વભવે કંઇ અશુભ પાપાચરણ કર્યું હશે એ પાપનો બદલો આજ હું વાળી રહી છું. તમે તો મારા દુઃખને હળવું કર્યું છે. અને હું તમારે ત્યાં રંક બનીને આવી હતી, રાણીના રૂપમાં નહોતી આવી. આથી તમારે પસ્તાવાની કોઈ જ જરૂર નથી. બસ, તમે મને સુખેથી રજા આપો. એટલે હું વિદાય લઉં.' સુશીલાએ નગરશેઠને સાંત્વન આપ્યું.

નગરશેઠે બંને રાજરાણીઓની ભક્તિ કરી. નજરાણું ધર્યું અને અત્યંત આદરથી બંનેને પાલખીમાં બેસાડી આવી વિદાય આપી.

પાલખી રાજમહેલ તરફ જવા રવાના થઈ. ભીમસેન અને વિજયસેન પણ કુમારો સાથે રાજમહેલ તરફ આવી રહ્યા હતા.

નગરનરેશ ખુદ પગપાળા રાજમહેલ તરફ જઈ રહ્યો છે, એ જાણી તેને જોવા ને તેનો સત્કાર કરવા નગરજનો ચોરે ને ચૌટે, ગોખે ઝરુખે ભીડ જમાવીને ઊભા હતા. જ્યાં જ્યાંથી તેઓ પસાર થયા, ત્યાં ત્યાં પ્રજાજનોએ તેમને ફુલડે વધાવ્યા, વિજયસેન અને ભીમસેનનો પણ જયનાદ કર્યો.

નગરચોકમાં આવતાં, રસ્તાના બાજુ ઉપરના ઝાડની ડાળ ઉપર બેઠેલા એક કપિરાજે ભીમસેનનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. તેણે હુપાહુપ કરી પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો. પોતાના બેડોળ હાથથી પુષ્પોની વૃષ્ટિ કરી. ક્યાંકથી ઉપાડી લાવેલી ફુલમાળાને એવી રીતે ફેંકી, કે એ સીધી જ ભીમસેનના ગળામાં પડી.

ભીમસેને ઉપર જોયું તો કપિરાજ તેના સામું જોઇ હુપાહુપ કરી હર્ષની ચીચીયારી કરી રહ્યો હતો. અને બે હાથ જોડી તેને નમન કરી રહ્યો હતો. વાંદરાની આ ભક્તિ જોઇ ભીમસેન ઘડીભર તેને જોતો ઊભો રહ્યો. વાંદરાએ તરત જ એક ગંદી ને જીર્ણ કંથા ડાળ ઉપરથી ફેંકી. કંથા સીધી ભીમસેનના પગ આગળ પડી.

ભીમસેને તરત જ તેને લઈ લીધી અને હર્ષથી તેને પોતાના હોઠે અડકાડી.

'અરે ભીમસેન ! આ શું કરો છો ? આવા ગંદા ને મલિન ગાભાને તમે સ્પર્શ કરો છો ? છિ ! છિ ! છિ ! ફેંકી દો તેને.' વિજયસેને જુગુપ્સાથી કીધું.

'વિજયસેન ! કાળી મજૂરીની મારી આ ભેટ છે. આ

કંથા જ માત્ર નથી. અમૂલ્ય રત્નોનો એ ખજાનો છે.' ભીમસેને વળતો જવાબ આપ્યો. ચાલતાં ચાલતાં પછી તેની સવિસ્તર કથા કહી. વિજયસેને તરત જ એ કંથા સંભાળથી રાખવા સુભટોને સૂચના કરી.

સૌ ચાલતાં ચાલતાં રાજમહેલની નજદીક આવી પહોંચ્યાં. થોડું જ અંતર હવે બાકી હતું. ત્યાં એક અંધ બાવો દોડતો એ સૌના માર્ગમાં આવીને બૂમો પાડવા લાગ્યો.

'અરેરેરે ! મને કોઇ બચાવો. મને ઘણી વેદના થાય છે. હું તો સાવ લૂંટાઈ ગયો રે...અરેરે !...મને આવી કુબુદ્ધિ કયાં સૂઝી ?'

ભીમસેને તરત જ એ બાવાને ઓળખી કાઢયો. 'એ સિદ્ધ પુરૂષને અહીં દોરી લાવો. મારે તેમની સાથે વાત કરવી છે.' ભીમસેને એક સુભટને આજ્ઞા કરી.

સુભટ સિદ્ધ પુરૂષને લઈ આવ્યો.

'નમસ્કાર, સિદ્ધ પુરૂષ ! કુશળ તો છો ને ? અરે ! તમારી આંખોને આ શું થયું ?' અંધ આંખો તરફ નજર જતાં જ ભીમસેને કરુણાથી પૂછયું.

'કોણ ભાઈ ? આ ભીમસેનનો તો અવાજ નથી ને ? સિદ્ધ પુરૂષે અવાજ ઓળખીને પૂછયું.

'હા મહાત્મન્ ! હું જ ભીમસેન છું. પણ આ અવદશા કેવી રીતે થઇ ?' ભીમસેને પૂછયું.

'કોણ ભીમસેન ? ભાઈ ! તું ? અરે ! હું તો સાવ

બરબાદ થઈ ગયો છું. અરેરે! તને કેટલું બધું દુઃખ આપ્યું! તારી સાથે હું દગો રમ્યો, તેનું હું આ ફળ ભોગવી રહ્યો છું.'

મહાનુભાવ! તું મને ક્ષમા કર. મને મારા એ પાપનો ખૂબ જ પસ્તાવો થાય છે. મારું અંતર રોજ રડે છે, સુજ્ઞ! મેં રસ લઇ લીધો, ને વિધાતાએ મારી આંખો લઈ લીધી. મારા પાપનો બદલો મને આજ ભવમાં મળી ગયો.

હું રોજ તારી પ્રતીક્ષા કરતો હતો. પણ મને અંધને તારા દર્શન ક્યાંથી થાય?

આજ તું મળી ગયો છે તો ભાઈ! મારા એ અપરાધને ક્ષમા કર. મેં સાધુ થઈને શેતાનનું કામ કર્યું છે. દ્રવ્યની લાલચમાં લલચાઈને તારા જેવા નિર્દોષની અનેક આશાઓનું મેં ખૂન કર્યું છે.

મહાભાગ! તું એ રસનો સ્વીકાર કર, ને મારા એ બોજને હળવો કર....' સિદ્ધ પુરૂષે રડતાં રડતાં પોતાનો પસ્તાવો કર્યો અને ભીમસેનના પગે પડયો.

ભીમસેનને દયા આવી ગઈ. સિદ્ધપુરુષની આંખો ચાલી ગઇ હોવાથી તેનું હૈયું કરૂણાથી છલકાઈ ગયું. તેણે પ્રેમથી સિદ્ધપુરૂષને ઊભા કર્યા. પોતાની છાતી સરસા ચાંપ્યા અને અનુકંપાથી કીધું:

'મહાત્મન્! એ સઘળું વિસરી જાવ. બનવાનું હતું ને બની ગયું. તમારું અંતર પાપના પસ્તાવાથી રડી રહ્યું

છે એ જ ઘણું છે. હૈયાનો ભડભડ બળતો પસ્તાવો જ તમારા જીવનને સુખી કરશે.કલંકિત બનેલા તમારા આત્માને વિશુદ્ધ કરશે. તમે તો સિદ્ધપુરૂષ છો, જ્ઞાની છો. તમને વિશેષ હું શું કહી શકું ? છતાં ય મારા લાયક કંઈ સેવા હોય તો ફરમાવો.'

'ભીમસેન ! તારી ઉદારતાને ધન્ય છે ! તું તો હૈયું વિશાળ રાખી છૂટી ગયો. પણ મારી શી ગતિ થશે ? તું તારો એ ભાગ સ્વીકારી લે. અને મને એ પાપમાંથી મુક્ત કર.' સિદ્ધપુરૂષે સુવર્ણરસથી ભરેલાં તુંબડાં આપવા માટે આગ્રહ કર્યો.

'જેવી મહાત્મન્ ! આપની ઇચ્છા.' ભીમસેને સિદ્ધ-પુરૂષના આગ્રહનો સ્વીકાર કર્યો.

એ જ પળે સિદ્ધપુરુષની આંખમાં અજવાળું થયું. નજર આગળ બંધાયેલાં આવરણો તૂટી ગયાં. અંધત્વ નાશ પામ્યું. સિદ્ધપુરુષે આંખ પટપટાવીને જોયું, તો સામે રાજ મુગટમાં શોભતાં વિજયસેન અને ભીમસેન તેમજ અન્ય સમુહ પોતાની સામે ઊભો હતો.

સિદ્ધપુરૂષના હર્ષની સીમા ન રહી. પોતાનું અંધત્વ ચાલી ગયું જોઈ તેનો આત્મા આનંદથી નૃત્ય કરવા લાગ્યો. તે ફરીથી ભીમસેનને પગે પડયો. તેના ચરણ પકડી વારંવાર ક્ષમા માંગી અને ઉપકાર માન્યો.

ભીમસેનને પણ નવાઇ લાગી. તેણે કહ્યું : 'મહાત્મન્ ! આ બધો જ કર્મનો પ્રતાપ છે. તમારા અશુભ કર્મના

બંધને લઈ તમને અંધત્વ મળ્યું. એ કર્મ પૂરું થયું. શુભ કર્મોદય પ્રગટયો ને તમને પ્રકાશ મળ્યો. હું તો તેમાં નિમિત્ત માત્ર છું! મારૂં તેમાં કંઈ જ નથી.'

સિદ્ધપુરૂષ આનંદ અને ઉપકારના ભાવમાં આંસુ સારી રહ્યો. 'રાજન્ ! તમે સૌ ચાલતા થાવ. હું અબઘડી એ સુવર્ણરસ લઈ આવું છું. હવે મારે કોઈ જ રસનો ખપ નથી. મને આત્મરસ લાધી ગયો છે. ચારે ચાર તુંબડાં લઈ હું હમણાં જ આવી પહોંચું છું.' એમ કહી સિદ્ધપુરૂષે દોટ મૂકી.

અને સૌ થોડીવારમાં રાજમહેલમાં આવ્યાં.

□

२३

# કુટુંબમેળો

ભીમસેન અને વિજયસેન વગેરે રાજમહેલમાં આવે તે અગાઉ જ સુશીલા અને સુલોચના ત્યાં આવી ગયાં હતાં. સુશીલાની અધીરાઈનો તો પાર ન હતો. વારંવાર તેનાં રોમાંચ ખડાં થઈ જતાં હતાં. ત્રણ ત્રણ વરસના કારમા ને દુઃસહ્ય વિયોગ બાદ તે આજ તેના પ્રાણવલ્લભના દર્શન કરવાની હતી. તેના ઉમંગની કોઇ અવધિ ન હતી. ચંચળ મને તે ભીમસેનની પ્રતીક્ષા કરી રહી હતી.

સુલોચનાએ રાજમહેલમાં આવી તરત જ સુશીલાને રાજરાણીને યોગ્ય એવાં વસ્ત્રો પરિધાન કરાવ્યાં. અલંકારોથી તેને સુશોભિત કરી. સુશીલાનો દેહ કૃશ થઈ ગયો હતો. પરંતુ સતીત્વના તેજથી તેનું વદન પ્રભા પાથરી રહ્યું હતું. તેની આંખની નિર્મળતા જોનાર સૌના અંતરને શાતા બક્ષતી હતી. રેશમી ને મુલાયમ વસ્ત્ર પરિધાનમાં તે સૌન્દર્યની તેજદીપીકા લાગતી હતી.

થોડે દૂરથી તેણે ભીમસેનનો જયનાદ સાંભળ્યો. તરત જ સ્વામીના સ્વાગત માટે એ બાવરી બની ગઈ. હાથમાં

સુવર્ણથાળમાં આરતીની પવિત્ર જ્યોતરેખાઓ ટમટમી રહી હતી. એ સુવાસ ને એ જ્યોત રેખાઓના પ્રકાશથી તેનું સુકુમાર ને નમણું સૌંદર્ય ઓર દીપી રહ્યું હતું.

ભીમસેને રાજઉંબરે પગ મૂક્યો કે તરત જ સુશીલાએ અક્ષત ને પુષ્પોથી વધાવ્યો. તેની આરતી ઉતારી અને પોતે પતિના ચરણમાં પડી ભાવથી નમસ્કાર કર્યા. નમસ્કાર કરતાં સુશીલાની આંખમાંથી આંસુ સરી પડ્યાં. ને ભીમસેનના પગ ભીંજાવા લાગ્યા.

ભીમસેન પણ ભાવવિહ્વળ બની ગયો હતો. સુશીલાનું આ રીતે મિલન થયેલું જોઈ તેની આંખમાંથી પણ પ્રેમાશ્રુ વહી રહ્યાં હતાં અને સુશીલાના કેશકલાપ ઉપર પડીને એ આંસુઓ ટપટપ તૂટી પડતાં હતાં.

'અખંડ સૌભાગ્યવતી હો.' આનંદથી રુંધાયેલા અવાજે, સુશીલાના માથા ઉપર હાથ મૂકી ભીમસેને આશીર્વાદ આપ્યા.

સુશીલા બાજુ ઉપર સરી ગઈ. ભીમસેન આગળ વધ્યો. દેવસેન અને કેતુસેન મા....મા....બોલતાં સુશીલાને વળગી પડ્યાં. અપૂર્વ વાત્સલ્યથી સુશીલાએ બંને બાળકોને પોતાની છાતી સરસાં ચાંપી દીધાં. બાળકો, માત પિતા બંનેને સાથે જોઈ આનંદમાં આવી ગયા. અને એ ત્રણેય ભીમસેનની પાછળ પાછળ રાજમહેલમાં આવ્યાં.

વિજયસેનના રાજમહેલમાં તો ઉત્સવ થઈ ગયો.

સ્નેહીઓના મિલનથી મહેલનો ખૂણેખૂણો ગૂંજી ઊઠયો. ચારે બાજુ આનંદનું વાતાવરણ છવાઇ ગયું.

ત્રણ વરસના સમયમાં તો ભીમસેન અને સુશીલાના ઉપર એટલી બધી વીતી હતી કે એ વાત કહેતાં તેનો પાર આવે તેમ ન હતો.

પૂરા ત્રણ દિવસ સુધી સૌ સાથે ને સાથે જ રહ્યાં.

વિજયસેને એ ત્રણેય દિવસ રાજકાજને બાજુ ઉપર રાખ્યું. અને સ્વજનોની સરભરામાં એ પોતે જ ખડે પગે ઊભો રહ્યો.

બંને બેનો એ ગળે વળગીને વાતો કરી. સુશીલાએ પોતાની તમામ આપવીતી નાનીબેનને કહી સંભળાવી. ભીમસેને પણ વિજયસેનને પોતાની કર્મની કઠણાઇઓની કથા કહી. ભીમસેન અને સુશીલાએ પણ એકબીજાના દુઃખોની આપ લે કરી.

સૌ જ્યારે ભેગા મળી વાત કરતાં ત્યારે તેમની એક આંખમાંથી આનંદનાં આંસુ છલકાતાં હતાં, તો બીજી આંખ માંથી દુઃખનાં આંસુ ટપકતાં હતાં. પુનર્મિલનના આનંદથી હૈયું ઘડી હરખાઈ ઊઠતું, તો બીજી જ પળે વિયોગના ગાળામાં પડેલી યાતનાઓની વાત સાંભળી હૈયું આક્રંદ કરી ઊઠતું.

દેવસેન અને કેતુસેનને તો રાજમહેલમાં મઝા પડી ગઇ. ઘણા વરસે તેમને સુખ અને સાહ્યબી મળ્યાં હતાં. પેટ ભરીને ખાવાનું મળ્યું હતું. રમવા માટે સોના ચાંદીનાં રમકડાં મળ્યાં હતાં. સૂવા માટે મખમલની શય્યા મળી હતી.

કોઇ તેમને રોકટોક કરનાર ન હતું. માતાની મમતા ને પિતાનું વાત્સલ્ય એક સાથે બંને ઉપર ઘણા વરસે ઢળી રહ્યું હતું. મોજમાં આવીને તેઓ રમતાં હતાં. રમતાં રમતાં થાકી જતાં ત્યારે ત્યાં ને ત્યાં જ તેઓ ઊંઘી જતાં.

ઘણા વરસે ભીમસેનના સંસારે આમ સુખનો શ્વાસ લીધો.

ત્રીજા દિવસની બપોરે સૌ ભીમસેનને વીંટળાઈને બેઠા હતા સુશીલા ને સુલોચના પણ ત્યાં હાજર હતાં. દેવસેન અને કેતુસેન પણ તેનાથી થોડે દૂર હાથી-ઘોડાની રાજરમત રમતાં હતાં.

'વિજયસેન ! જોયું ને અશુભ કર્મોનો ઉદય હોય છે, ત્યાં સુધી માનવી સુખનો શ્વાસ પણ લઇ શકતો નથી. દુઃખના ભારમાં એ દિન પ્રતિદિન કચડાતો જ જાય છે. અને એ જ અશુભ કર્મો જ્યારે પૂરાં થાય છે ને શુભ કર્મોનો ઉદય થાય છે, ત્યારે સુખ આવતાં પણ સમય નથી લાગતો. સુખ દુઃખનું ચક્ર આમ નિરંતર ગતિ કર્યા જ કરે છે. સુખ પણ સ્થાયી નથી ને દુઃખ પણ સ્થાયી નથી. બંને અસ્થિર પણે ઘૂમ્યા જ કરે છે. ન જાણે અમે પૂર્વ ભવે કેવાય નિકાચિત ને અશુભ કર્મો બાંધ્યાં હશે, તે આ ભવે આજ અમારી આ અવદશા થઈ !

અને અમારાં એ જ કર્મો પૂરાં થતાં અમને બધું જ પાછું મળવા લાગ્યું છે. નહિ તો કંથા ગઇ ત્યારે ને સુવર્ણરસ છીનવાઇ ગયો ત્યારે હું એટલો બધો હતાશ થઈ ગયો હતો, કે મૃત્યુ કરતાં પણ મને જીવન વધુ દુષ્કર ને

દુઃસહ્ય લાગ્યું હતું. અને મેં આ જીવનનો અંત લાવવા ગળે ફાંસો પણ બાંધ્યો હતો.

પરંતુ કર્મની લીલા જ વિચિત્ર છે. એ જ કંથા ને એ જ રસ આજ સામે ચડીને મારી પાસે આવી ગયાં.

આ વાત સાંભળતાં જ સુલોચનાને કંઈક યાદ આવ્યું. તે તરત જ ઊભી થઈ.

'કેમ બેન ! ઊભી થઈ ગઈ ? આ વાત તને પસંદ ન પડી ?' સુશીલાએ હસતાં હસતાં પૂછ્યું.

'ના મોટીબેન ! એવું નથી. આ કંથા ને રસની વાત નીકળી એટલે મને યાદ આવ્યું કે તમારાં ઘરેણાં પણ તમને આપી દઉં.' સુલોચના બોલી.

'મારાં ઘરેણાં ? તારી પાસે ક્યાંથી આવ્યાં ?' સુશીલાએ આશ્ચર્યથી પૂછ્યું.

'એની વાત હું તમને કહું,' વિજયસેન વચ્ચે બોલી ઊઠયો. સુલોચના તે દરમિયાન ઘરેણાંની પેટી લેવા દોડી ગઈ.

'અમારા નગરના ઝવેરીની દુકાને એક પરદેશી આવ્યો. ઝવેરીને તેણે એક પોટલી આપી. ઝવેરીએ પોટલી ઉઘાડીને જોયું. અંદરથી મહામૂલ્યવાન એવાં સ્ત્રી અને પુરુષોનાં ઘરેણાં નીકળ્યાં. ઝવેરીએ પૂછ્યું : 'મહાનુભાવ ! આ અલંકારનું તું શું કરવા માંગે છે ?'

પરદેશીએ જણાવ્યું : 'હું તે વેચવા આવ્યો છું. તેની કિંમત કરી મને તેના દામ આપો. અત્યારે હું ખૂબ જ ભીડમાં છું. અને આજ મારું જીવન છે.'

ઝવેરીએ ફેરવી ફેરવીને એક એક અલંકાર જોયો. તેનું મન શંકામાં પડી ગયું. આ અંલકાર આ પરદેશીના નથી. સામાન્ય કે અસામાન્ય પ્રજાજનનું ગજું નથી કે આવા અલંકાર પોતા માટે એ ઘડાવે. આવા અલંકારો તો રાજા ને તેના પરિવારના જ હોય. અને અલંકાર ઉપરની રાજમુદ્રા જોઇ તેની આ શંકા દૃઢ થઈ.

તેણે પરદેશીને કહ્યું !, ' તમે અહીં થોડીવાર બેસો. ત્યાં સુધીમાં હું એના કિંમતના દામ લઈને આવું છું.'

પરદેશીને બેસાડી ઝવેરી ઉતાવળે મારી પાસે આવ્યો. બધી વિગત જણાવી. મેં સુભટો મોકલીને તેને કેદ કરાવ્યો. ને મારી પાસે હાજર કરાવી તેને બધી વિગત પૂછી.

પ્રથમ તો કંઈવાર સુધી તેણે એક જ વાત ગોખ્યા કરી. આ અલંકાર મારા જ છે. મેં એ અલંકાર જાતે જોયાં. સુલોચનાએ પણ તે જોયાં. તેના ઉપર રાજગૃહીની મુદ્રા હતી. વળી સુલોચનાના જેવા અલંકારો હતા, તેવા જ અલંકાર એ હતાં. અમે અનુમાનથી પછી નક્કી કર્યું, કે આ અલંકાર તમારાં જ છે. ને તમારી પાસેથી એ પરદેશીએ ગમે તેમ ચોરી લીધા છે. બસ એ પછી મેં તેને બંદીખાનામાં નંખાવ્યો. અને એ તમામ અલંકારો સુલોચનાને સાચવવા આપી દીધાં.'

' મોટીબેન ! લો તમારા આ અલંકારો. છે જ ને એ તમારાં ?' વિજયસેન વાત પૂરી કરે ત્યાં જ સુલોચના અલંકારો લઈને આવી પહોંચી.

ભીમસેન અને સુશીલાએ એ બધા જ અલંકારો તપાસી જોયા. એક પણ વસ્તુ ગૂમ નહોતી થઈ.

'જોયું ને ? આનું નામ જ કર્મ. અશુભ કર્મોનું આવરણ જ્યાં સુધી હતું, ત્યાં સુધી એ આપણાથી દૂર રહ્યાં. એ આવરણ દૂર થતાં જ આપોઆપ અલંકાર આવીને મળી ગયાં.

વાહ કર્મરાજા ! વાહ ! શું તારી લીલા છે!' ભીમસેને અનાશક્ત ભાવે કીધું.

એ જ દિવસથી ધર્મમાં વધુ શ્રદ્ધાવાન બની ભીમસેને વર્ધ્ધમાન તપનો પ્રારંભ કર્યો.

□

## ૨૪ મહાસતી સુશીલા

ભીમસેને સારો દિવસ જોઈ વિધિપૂર્વક વર્ધમાન તપનો પ્રારંભ કરી દીધો. વિજયસેન અને સુલોચનાએ તપ માટે ઉતાવળ ન કરવા ભીમસેનને સમજાવ્યું. તેમનું એમ માનવું હતું કે ઘણા સમયથી ભીમસેને ભૂખ અને તરસ, થાક અને અનિદ્રા સહન કર્યાં છે, રઝળપાટ પણ સખ્ત કર્યો છે. આ બધાને લઈ તેનું શરીર સૂકાઇ ગયું છે. એવા શરીરે જો આવું ઉગ્ર તપ એ આદરે તો શરીર સાવ તૂટી જાય. શરીર તો ધર્મ અને કર્મનું સાધન છે. તેને જો આમ બગાડી નાખવામાં આવે તો બંનેય બગડે. આથી જ વિજયસેને ભીમસેનને તપના પ્રારંભની ઉતાવળ કરવા ના પાડી.

'વિજયસેન ! આજે જે કંઈ તમારા સૌનો મને પ્રેમ અને આદર મળ્યા છે, રહેવાને સુંદર આવાસ, ખાવા માટે મિષ્ટ પકવાન અને પહેરવા સુંદર વસ્ત્ર વગેરે મળ્યાં છે, એ સૌ ધર્મનો જ પ્રતાપ છે. પૂજ્ય શ્રી ધર્મઘોષસૂરિ મહારાજને દીધેલા સુપાત્ર દાનનું જ એ ફળ છે. અને તપથી તો કાયા અને આત્મા બન્ને નિર્મળ થાય. તમારી મારા માટેની ચિંતા

હું સમજું છું, પણ એ ચિંતા વ્યર્થ છે. તપના પ્રભાવથી બધું જ સારું થઈ જશે.' ભીમસેને વિજયસેનનું કહેવું ન માન્યું. તેમ કરવું એ તેના આત્માને રુચ્યું નહિ. વિજયસેને પણ એ પછી કંઈ આગ્રહ કર્યો નહિ.

તપના પહેલા જ દિવસે ભીમસેને જીવનમાં કદીય શાંતિ નહોતી અનુભવી તેવી શાંતિ અનુભવી. તેની તમામ માનસિક વેદનાઓ શાંત પડી ગઈ. બળતા જીગરે ટાઢક અનુભવી. આયંબિલનાં લુખ્ખાં ને શુષ્ક ભોજનમાં પણ અપૂર્વ મીઠાશ આવી. પ્રભુ-પૂજા અને પ્રતિક્રમણ વગેરે કરતાં તેનો આત્મા આનંદી ઊઠયો.

સુશીલા, દેવસેન અને કેતુસેનની વિજયસેને ખૂબ જ માવજત કરાવવા માંડી. રાજવૈદો પાસે તેમના આરોગ્યનું નિદાન કરાવ્યું, રાજવૈદોએ ખરલમાં જડીબુટ્ટીઓ અને વનસ્પતિ વગેરે ઘૂંટીને તેઓની સારવાર કરી.

આ ત્રણેયને હવે કોઈ જ ચિંતા ન હતી. સંપૂર્ણ આરામ હતો. સુખની નિંદ હતી. પેટ ભરપૂર ખાવાનું હતું. અને નચિંત મન હતું. સુશીલાને બેન બનેવીનો પ્રેમ પણ ભરપુર હતો. ભીમસેન હવે તેની સાથે જ હતો. વિયોગનું કોઈ દુઃખ ન હતું. બાળકો પણ પોતા સાથે રહેતાં હતાં. ને તેમની બાળ રાજ રમતોમાં મશગુલ હતાં. પતિ અને પુત્રોને સુખી ને સ્વસ્થ જોઈ તે પણ આનંદમાં રહેવા લાગી.

દેવસેન અને કેતુસેન પણ માસાના રાજમહેલમાં ભળી ગયાં હતાં. હવે તેમને કોઈ બીક રહી ન હતી. સૌ તેમને

વ્હાલથી રમાડતા હતા. જે જોઈએ તે તેમને મળી રહેતું હતું. માત પિતા પણ તેમની પાસે હતાં. તેમના માટે હવે તેમને કોઈ ફરિયાદ ન હતી.

થોડા સમયમાં આરામ, આનંદ અને ઔષધિઓએ ભીમસેનના પરિવાર પર અસર કરવા માંડી. તેમના દેહનો રંગ બદલાવા માંડયો. કૃશ કાયામાં લોહી ભરાવા લાગ્યું. તૂટતાં હાડકાઓમાં બળ પૂરાવા લાગ્યું. આંખોમાં ચમક આવી. ગાલ પર સુરખી આવી. ફિક્કી અને નિસ્તેજ ચામડીમાં સૌન્દર્ય ઉભરાવા લાગ્યું. સૌનાં શરીર ચેતનથી થનગનવા લાગ્યાં.

વિજયસેને એ અરસામાં રાજકાજ શરૂ કરી દીધું. એક દિવસે તેણે રાજ દરબાર ભર્યો. એ દિવસે તેણે ભીમસેનને અમાનુષી રીતે ત્રાસ આપનાર ભદ્રા શેઠાણી, લક્ષ્મીપતિ શેઠ તેમજ ભીમસેનના અલંકારો ચોરી જનાર ચોરને શિક્ષા કરવાનું નક્કી કર્યું હતું.

રાજદરબાર એ દિવસે હકડેઠઠ ભરાયો હતો. સમય થતાં વિજયસેન અને ભીમસેન રાજદરબારમાં આવ્યા. પ્રતિહારીએ બંનેની છડી પોકારી. પ્રજાજનોએ બંનેનો જયનાદ કર્યો. અને બંને સાઢુ ભાઈઓ પોત પોતાના સિંહાસન ઉપર બેઠા.

રાજદરબારનું કામકાજ શરૂ થયું. વિજયસેને લક્ષ્મીપતિ અને ભદ્રા શેઠાણીને દરબારમાં હાજર કરવા હુકમ કર્યો.

સુભટો બંનેને લઈને દરબારમાં હાજર થયા. બંનેને

દોરડાથી બાંધેલા હતા. અને તેમની શેઠાઈ છીનવી લીધી હતી. ઘણા સમય સુધી બંદીવાસમાં રહેવાથી બંનેનાં નૂર તેજ ઉડી ગયાં હતાં.

શેઠ–શેઠાણીને જોતાં જ વિજયસેને તેઓને પૂછયું :

'તમે તમારો અપરાધ કબૂલ કરો છો ને ? ભીમસેન અને સુશીલા તેમજ તેમનાં બાળકોને વિના અપરાધ હેરાન કરવા માટે અને રાણી સુશીલા ઉપર ખોટો આક્ષેપ મૂકવા માટે તમને કેદ કરવામાં આવ્યા છે. તમારે આ અંગે કંઈ કહેવું છે ?'

'રાજન્! અમારો અપરાધ ક્ષમા કરો. અમારા એ કૃત્ય માટે અમે ખૂબ જ શરમ અનુભવીએ છીએ.' લક્ષ્મીપતિ શેઠે દીન મુખે કહ્યું.

'નહિ, તમે ક્ષમાના જરાય અધિકારી નથી. તમે તો માનવતાને ન શોભે એવું કામ કર્યું છે. આપણા નગરને તમે કલંકિત કર્યું છે. તમે તમારા આત્માને પણ ડાઘ લગાડયો છે. માનવ સાથેના માનવના યોગ્ય વ્યવહારને તમે ચૂકી ગયા છો. તમારો અપરાધ અક્ષમ્ય છે. રાજ્ય તમને ક્ષમા કરી શકે તેમ નથી. આ માટે તમને મૃત્યુ દંડની શિક્ષા કરવામાં આવે છે.' વિજયસેને હુકમ સંભળાવ્યો.

શેઠ અને શેઠાણી મૃત્યુના ભયથી થરથરી ગયા. ત્યાં હાજર રહેલો ભીમસેન પણ થથરી ગયો. તે બોલ્યો :

'વિજયસેન ! આ અંગે મને કંઇક કહેવા દેશો ?'

'જરૂર. એ માટે તમારે મારી આજ્ઞા લેવાની હોય જ નહિ. ખુશીથી તમે તમારે જે કહેવું હોય તે કહો.' વિજયસેને સંમતિ આપી.

'વિજયસેન ! આ નગરમાં હું જ્યારે આવ્યો ત્યારે પરદેશી હતો. તે સમયે આ શેઠે જ મને આશરો આપ્યો હતો. શેઠે તો માનવતાનું કામ કર્યું હતું. તેમનાથી બને તે તમામ રીતે મને તેમણે સુખ અને સગવડ આપ્યાં હતાં. મારા ઉપર તેમનો ઘણો ઉપકાર છે. અલબત્ત, શેઠાણીએ ન કરવાનું ઘણું કર્યું છે, ન બોલાય તેવું એ બોલ્યાં છે. એ તેમના સ્વભાવનો દોષ છે.

મૃત્યુ દંડ કરવાથી તેમનું જ મૃત્યુ થશે. જરૂર તો તેમના ખરાબ સ્વભાવનો નાશ કરવાની છે. આપણે રાજમાંથી અપરાધ અને પાપને નિર્મૂળ કરવા છે. માણસોને દેહાંત દંડની સજા કરવાથી તો માણસો જ ઓછા થશે.

મને લાગે છે અને હું જોઇ રહ્યો છું કે હવે તેમનો આત્મા ઘણો જ હળવો બન્યો છે. પાપના પસ્તાવાથી તેમનું જિગર હરહંમેશ બળી રહ્યું છે. કરેલા અપકૃત્યોનો તેમને બળાપો થઈ રહ્યો છે.

વળી આ કંઇ રીઢા ગુનેગાર નથી. અપરાધ કરવો એ તેમના સ્વભાવમાં નથી. ખાનદાન માણસો છે. તેમને કેદ કરવાથી જ તેમને બધી શિક્ષા મળી ગઈ છે. કારણ ખાનદાન માણસ માટે પ્રતિષ્ઠા ચાલી જવી, એ મોત કરતાં વધુ ભયંકર છે. આવા માણસો પ્રતિષ્ઠાથી જ જીવતાં હોય છે.

આથી મારી તમને નમ્ર અને આગ્રહભરી વિનંતી છે કે તેમને તમે મુક્ત કરી દો.

વિજયસેને ભીમસેનનું વચન માન્ય રાખ્યું. શેઠ અને શેઠાણી કૃતજ્ઞભાવે ભીમસેનને નમી પડયાં. અને તેનો ઉપકાર માનવા લાગ્યાં.

આ રીતે ચોરને પણ ભીમસેને મુક્તિ અપાવી. અને તેને ચોરી નહિ કરવા માટે સમજાવ્યું. ચોર પણ સરલ આત્મા હતો. તેણે તેમ નહિ કરવા પ્રતિજ્ઞા લીધી. અને ભીમસેનને તે પગે પડયો. આંસુ ભીની આંખે તેની ઉદારતાનો ઉપકાર માનવા લાગ્યો.

દરબારમાં ઉપસ્થિત પ્રજાજનોએ પણ ભીમસેનની દયા અને ઉદારતાનો જયઘોષ કર્યો. રાજપુરોહિતોએ પ્રશંસાની સ્તુતિ ગાઈ. ભાટ ચારણોએ કવિત કર્યા.

ભીમસેને એ સૌને સોનામહોરો આપીને ખુશ કર્યા. એ દિવસે આટલું કામ કરીને રાજ દરબાર બરખાસ્ત થયો.

એ પછી થોડા દિવસો બાદ ભીમસેને એક ધર્મ કાર્યનો પ્રારંભ કર્યો. સુપાત્ર દાનના મહિમાથી ભીમસેનને અઢળક દ્રવ્ય મળ્યું હતું. એ દ્રવ્યને તેણે ભૌતિક આનંદમાં ખર્ચવાને બદલે ધર્મના પ્રતાપથી મળેલા દ્રવ્યને ધર્મના કાર્યમાં જ ખર્ચવાનું નક્કી કર્યું.

વિજયસેન પાસેથી તેણે એક વિશાળ જગા ખરીદી. એ જગામાં ભવ્ય જિનાલય બંધાવવાનું નક્કી કર્યું. સારા મુહૂર્તે તેની શરૂઆત કરી.

જિનાલય એટલે પૃથ્વી ઉપરનું મોક્ષ ભવન. તેમાં પ્રવેશ કરનાર તેની રચના જોતાં જ મુક્તિનો આનંદ અનુભવે, એવી રચના કરાવવાનો ભીમસેને વિચાર કર્યો. આ માટે દેશ વિદેશમાંથી શિલ્પ શાસ્ત્રીઓને તેડાવ્યા અને આ દેરાસર ઉત્તમોત્તમ બને તે માટે હુકમ કર્યો. આ અંગે જેટલું દ્રવ્ય ખર્ચાય તેટલું દ્રવ્ય ખર્ચવાની ભીમસેને તૈયારી બતાવી.

શિલ્પ શાસ્ત્રીઓએ થોડા જ દિવસમાં જિનાલયનો નકશો બનાવી ભીમસેનને બતાવ્યો. એ જોઈ ભીમસેન ખુશ થઈ ગયો. અને તેના બીજા જ દિવસથી નકશા પ્રમાણે કારીગરો કામ કરવા લાગી ગયા. રાત દિવસ કામ ચાલુ કરવામાં આવ્યું. આ કામની દેખરેખ ભીમસેને જાતે રાખી. વર્ધમાન તપની ઓળી ચાલુ હોવા છતાંય પણ જરાય પ્રમાદ સેવ્યા સિવાય તેણે જાત દેખરેખ રાખી.

જોત જોતામાં તો જિનાલય આકાર પામતું ગયું. જ્યાં એક સમય ઉજ્જડ જમીન હતી ત્યાં વિશાળ અને ભવ્ય જિનમંદિર દેખાવા લાગ્યું. બહારના ગવાક્ષો અને સ્તંભોમાં શિલ્પીઓએ બારીક કોતરકામ કર્યું હતું. તેમાં તેઓએ જિન ભગવંતોના જીવન પ્રસંગોનું અંકન કર્યું હતું. જોનાર સૌ કોઈ તે મુગ્ધભાવે જોઈ રહેતાં હતાં. અંદરના ભાગમાં પણ એવી જ કલા કારીગીરી ચારેગમ નજરમાં આવતી હતી. રંગ મંડપ, તેની છતો, તેના સ્તંભો વગેરે તમામમાં આબેહૂબ વીતરાગત્વનાં દર્શન થતાં હતાં.

રંગ મંડપ બરાબર મધ્યમાં હતો. ને તેની ચાર બાજુ ભમતીની રચના કરી હતી. આ રચના એવી કુશળતાપૂર્વક કરી હતી કે ચારે બાજુની પ્રતિમાઓનું દર્શન એક જ સ્થળે ઊભા રહીને થઈ શકતું. આ માટે વચલા કોઈ પણ સ્તંભનો અંતરાય નડતો નહિ. આમ તો લગભગ બધું જ તૈયાર થઇ ગયું હતું. માત્ર મુખ્ય શિખરના કળશનું કામ બાકી હતું.

આ કળશ શુદ્ધ સુવર્ણનો મૂકવાનો હતો. સુવર્ણકારો એ કામમાં લાગી ગયા હતા. એ કળશ પણ તૈયાર થઈ ગયો. મંગલ ચોઘડિયે કળશ શિખર ઉપર ચડાવવામાં આવ્યો.

પણ આશ્ચર્ય ! બીજે દિવસે ભીમસેને જોયું તો એ કળશ નીચે પડયો હતો. શિખર ધડ વિનાના માથા જેવું કળશહીન હતું.

આમ કેમ ? તેણે શિલ્પીઓને પૂછ્યું. શિલ્પીઓએ આ અંગે તપાસ કરી. મંદિરની રચનામાં તો કંઇ ભૂલ નથી ને ? નકશા સાથે બધી જ રચના તપાસી જોઈ. તેમાં કંઈ જ ભૂલ ન હતી.

તો શું મુહૂર્તમાં કંઇ ફેર પડયો હશે ? જ્યોતિષીઓને બોલાવી પૂછ્યું. તેમણે આવી ગ્રહ-નક્ષત્રો–સૂર્ય–ચંદ્ર–અંશ અક્ષાંશ વગેરેનું ગણિત ગણ્યું.

તે ય બરાબર અને ચોક્કસ હતું. તો પછી કળશ પડી કેમ ગયો ?

શું કોઇ દુષ્ટ દેવનું એ કાવત્રું હશે? કંઇક પ્રશ્નો વિચારી જોયા. કશાયથી સમાધાન ન થયું.

બીજે દિવસે ફરી ચોકસાઇથી કળશ ચડાવવામાં આવ્યો. એ આખી રાત ભીમસેને કળશ સામું જોઈને કાઢી. મટકું માર્યા વિના એ રાત તેણે પસાર કરી.

પણ આશ્ચર્ય ! સવારે શિખર ઉપર કળશ ન હતો. ભીમસેન ઊંડા વિચારમાં પડી ગયો. શિલ્પીઓ અને જ્યોતિષ વિશારદો પણ મુંઝવણ અનુભવવા લાગ્યા. આમ કેમ બનતું હશે તેનો કોઇ ઉકેલ કાઢી શકતું નહતું.

એ ઉકેલ કાઢવો અનિવાર્ય હતો. કળશ ચડયા વિના મંદિર અધૂરું જ ગણાય. તે કામ પડતું મૂકવું એ પાલવે તેમ ન હતું.

ભીમસેનની ચિંતા વધી ગઈ. વિજયસેન પણ ચિંતા કરવા લાગ્યો. બંનેએ રાજ હુકમ કાઢયો.

'આ કળશ નહિ ચડવાનું જે કોઈ કારણ શોધી આપશે અને તે કારણ દૂર કરી કળશ ચડાવી આપશે તેને રાજ તરફથી મોં માંગ્યું ઈનામ આપવામાં આવશે.'

દિવસો સુધી તેનું કોઇ જ કારણ ન જડયું. એક સવારે ભીમસેનને કોઇએ ખબર આપ્યા કે વિદેશનો કોઇ મહા નૈમિત્તિક આપને મળવા માંગે છે.

નૈમિત્તિક ભીમસેનને મળ્યો. તેણે જણાવ્યું કે જે દિવસે એ જિનમંદિરના પ્રવેશદ્વારમાં શુદ્ધ શીલવંતી નાર

તેના પુત્ર સાથે પ્રવેશ કરશે તે જ દિવસે એ કળશ ત્યાં શિખર ઉપર સ્થિર થઈ જશે.

આ સાંભળી ભીમસેને એ નૈમિત્તિકને યોગ્ય પારિતોષિક આપ્યું. અને નગરની તમામ પુત્રવતી સ્ત્રીઓને એ જિનાલયમાં પ્રવેશ કરવા માટે નિમંત્રણ આપ્યું. આ માટે સારાય નગરમાં તેણે ઘોષણા કરાવી.

આ ઘોષણા સાંભળીને તો આડે દિવસે પણ જે સ્ત્રીઓ આ નૂતન જિનમંદિર જોવા આવતી ને રંગ મંડપમાં જતી તે પણ બંધ થઇ ગઇ. શુધ્ધ શીલની શરતથી નગરની સૌ સ્ત્રીઓ ભય પામતી હતી.

વિશુદ્ધ શીલ એટલે મન–વચન અને કાયાથી કોઇપણ પર પુરુષનો જાતિય સંબંધે વિચાર ન કર્યો હોય તેવું શીલ. તેવું ઉત્કટ ચારિત્ર્ય મન છે. તેની ચંચળતાના લીધે ક્યારેક પરપુરુષ સાથે એ રીતે અછડતો વિચાર આવી પણ જાય. અને ન કરે નારાયણ ને પોતાના પ્રવેશથી કળશ સ્થિર ન થાય તો? પોતે તો અસતીમાં જ ખપી જાય ને? ના, ભાઈ, ના. આપણે એવાં ઝેરનાં પારખાં નથી કરાવવાં. આવું વિચારી નગરની કોઇ પુત્રવતી સ્ત્રી જિનાલયમાં આવવા તૈયાર થતી ન હતી.

બળપૂર્વક તો કોઈને પ્રવેશ કરાવી શકાય તેમ ન હતો. જ્યારે શરત પ્રમાણેની કોઈ સ્ત્રી ત્યાં આવતી ન હતી. દિવસો વીતતા જતા હતા. અને ભીમસેનની ચિંતા ઘેરી બનતી જતી હતી.

પોતાના સ્વામીને ખૂબ જ વ્યગ્ર ને વ્યથિત જોઇ સુશીલાએ જ પૂછયું :

'આજ કાલ આપ આમ આટલા ઉદાસ કેમ જણાઓ છો ? શું તપને લીધે કંઇ આપને અશાતા તો નથી જણાતી ને ?'

'ના, દેવી ! તપના પ્રભાવથી તો મારા તમામ પરિતાપો ઉપશમ પામ્યા છે. મારી ઉદાસી તો આ કળશને લઇને છે. શું આ નગરમાં કોઇ વિશુદ્ધ શીલવતી નારી જ નથી ?' ભીમસેને ચિંતા વ્યક્ત કરી.

'ના. એવું તો ન જ બને. પણ એવાં ઝેરનાં પારખાં કોણ કરે ?' સુશીલા સ્ત્રી હતી. સ્ત્રીની શરમ ને સ્ત્રીના ભયને એ જાણતી હતી. આથી જ તેણે કહ્યું : 'પણ કંઇ વાંધો નહિ. હું દેવસેન અને કેતુસેનને લઇ કાલે મંદિર પ્રવેશ કરીશ. જગત પણ ભલે જાણી લે કે રાજગૃહી નરેશની પત્ની સતી છે કે અસતી.'

'ના દેવી ! ના. એવું ન બોલો. તમે તો સતી જ છો. મને પૂરેપૂરી શ્રદ્ધા છે. તમારા પ્રવેશથી જરૂર એ કળશ સ્થિર થઇ જશે.' ભીમસેને શ્રદ્ધાથી કીધું.

'મારું એ અહોભાગ્ય છે કે આપને મારા પર એવી શ્રદ્ધા છે. પરંતુ એ શ્રદ્ધાને મારે આ કસોટીએ ચડાવવી જ રહી.' સુશીલાએ દૃઢતાથી કીધું.

બીજે દિવસે તો સારા ય નગરમાં આ વાત પ્રસરી ગઈ. જિનાલય આગળ તો માનવ મહેરામણ ઉમટયો હતો.

મોટા ભાગે તેમાં સ્ત્રીઓ હતી. અને સૌના હાથમાં અક્ષત ને ફૂલ થાળ હતાં. સતીને વધાવવા માટે સૌ અગાઉથી જ તૈયાર બનીને આવ્યાં હતાં.

સમય થતાં જ રથમાં બેસી સુશીલા દેવસેન અને કેતુસેનને લઈને આવી. દૂરથી તેણે ભાવથી વીતરાગ પ્રભુને મનોમન પ્રણામ કર્યા. અને પોતાના આત્માને ઉદ્દેશી બોલી :

'હે શાસન દેવતા ! આજ સુધી મેં મનથી, વચનથી કે કાયાથી કોઈપણ પરપુરુષને સેવ્યો નથી. આ અંગે મારી સ્હેજ પણ સ્ખલના થઈ હોય તો જરૂર તમે મને શિક્ષા કરજો. પરંતુ તેમાં હું જો અણિશુદ્ધ હોઉં તો આ કળશને તમે સ્થિર કરજો.'

પ્રાર્થના કરી સુશીલાએ બાળકો સાથે પ્રવેશ કર્યો. એ જ સમયે શિલ્પીઓએ શિખર ઉપર કળશ ચડાવ્યો. થોડા જ પ્રયત્નોમાં શિખર ઉપર કળશ સ્થિર થઈ ગયો.

એ આખી રાત સુશીલા અને બાળકોએ તેમજ અન્ય પરિવારે એ મંદિરમાં ધર્મ જાગરણ કર્યું. પ્રજાજનોમાંથી પણ કેટલાક એ રાતે ત્યાં રોકાયા. અને વહેલી સવારમાં તો લોકોની હકડે ઠઠ જામવા લાગી. લોકો ટોળાબંધ ત્યાં આવવા લાગ્યા.

સવારના સૂર્યે પોતાનું પ્રથમ કિરણ એ સુવર્ણ કળશ ઉપર ફેંક્યું. કળશ ઝગમગી ઊઠ્યો. ઘણા દિવસો બાદ કળશ ઉપર સૂર્ય કિરણો વિસ્તરી રહ્યાં હતાં. જિનાલય બંધાયા

બાદ આજ પ્રથમ દિવસ હતો કે શિખર ઉપર સુવર્ણ કળશ તેના તેજ પાથરી રહ્યો હતો.

સુશીલાએ સવારમાં ભીમસેનને ભાવપૂર્વક પ્રણામ કર્યા. ભીમસેને તેને આશીર્વાદ ને ધન્યવાદ આપ્યા. નગરજનોએ ભારે હર્ષપૂર્વક જયઘોષણા કરી.

'મહાસતી સુશીલા રાણીનો જય હો.'

રાણીએ રાજમહેલ તરફ પ્રયાણ કર્યું ત્યારે સૌ નગરવાસીઓએ તેના ઉપર ફુલોનો વરસાદ વરસાવ્યો. નગરની સ્ત્રીઓએ સુશીલાના સતીત્વનાં ગીતો ગાયાં.

એ પછીના એક શુભ દિવસે ભારે દબદબાપૂર્વક એ જિનાલયમાં શ્રી શાંતિનાથ ભગવાનની વિશાળ ને ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. ભમતીમાં પણ અન્ય તીર્થંકર પરમાત્માઓની પ્રતિમાનું પ્રતિષ્ઠાપન કર્યું.

ભીમસેને અનર્ગળ દ્રવ્ય આ પ્રસંગે ખર્ચ્યું. શાંતિસ્નાત્ર મહોત્સવ કર્યો. અઠ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો. સ્વામિવાત્સલ્ય કર્યું. મુનિ ભગવંતોને સુપાત્રદાન દીધું. અનેક જીવોને અભયદાન આપ્યું.

દેવોએ આપેલા દ્રવ્યમાંથી જે કંઈ થોડું બચ્યું હતું તેમાંથી બીજા પણ ઘણા શુભ કામ કરાવ્યાં. ઉપાશ્રય બંધાવ્યો. પરબો બંધાવી. પ્રભાવના કરાવી. અને તેની પાઈએ પાઈ શુભ કામોમાં ખર્ચી નાખી.

એ જ અરસામાં ભીમસેનનો તપ નિર્વિઘ્ને પૂર્ણ થયો. પારણાના દિવસે નૂતન જિનાલયમાં શ્રી શાંતિનાથ ભગવંતની

પૂજા કરી; પરમ સંસારતારક એવા શ્રમણ ભગવંતને ભક્તિભર્યા હૈયે ગોચરી વહોરાવી તેમજ અન્ય દીન ગરીબોને દાન કરી પોતે પારણું કર્યું.

આ પ્રસંગે પણ પોતે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. ભીમસેને આ બધો તપનો જ પ્રભાવ માન્યો. તપના પ્રભાવથી જ પોતાના દુઃખોનો અંત આવી ગયો હતો એવી તેને પાકી શ્રદ્ધા બેસી ગઈ.

તપને લીધે તેનો આત્મા વિશુદ્ધ બની ગયો. કાયામાં પણ તપના તેજ ચમકારા દેખાતા હતા. એ પછી વિજયસેને ભીમસેનને શરીરની યોગ્ય કાળજી લેવા આગ્રહ કર્યો. ભીમસેને આ સમયે આનાકાની ના કરી અને શરીરનું સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવવા તેણે યોગ્ય ઔષધ ને અનુપાન લેવા માંડયા. થોડા જ સમયમાં તેનું આરોગ્ય પાછું હતું તેવું ને તેવું થઇ ગયું.

હવે તેના શરીરમાં રાજતેજ વર્તાતું હતું. તેની મુખમુદ્રા પ્રતાપી ને પ્રભાવી લાગતી હતી. તેણે હવે નિર્ણય કર્યો કે પોતાની રાજગૃહી પાછી મેળવવી. અને આ માટે વિજયસેનના સાથ સહકારથી તેણે પ્રયત્નો શરૂ કરી દીધાં.

□

૨૫

## સજો શસ્ત્ર શણગાર

પ્રતિષ્ઠાનપુરના નરેશ અરિંજયને સમાચાર મળ્યા કે પોતાનો ભાણેજ ભીમસેન તેના પરિવાર સાથે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આવીને રહ્યો છે. ત્યાં એ ભાણેજે દિવ્ય અને ભવ્ય જિનાલય બંધાવ્યું છે. કળશની વાતની પણ તેને ખબર પડી. મનોમન જ તેણે પોતાની સતી ભાણેજ વહુ સુશીલાને પ્રણામ કર્યાં.

મામા ભાણેજનાં નગરો કંઇ બહુ દૂર ન હતાં. એક સમયે પોતાના કાર્યક્રમ મુજબ અરિંજયે પ્રવાસ શરૂ કર્યો. વિજયસેનનો તે મહેમાન બન્યો.

પોતાના સાઢુને ત્યાં મામા આવ્યા છે, એ ખબર મળતાં જ ભીમસેન તરત જ તેમને મળવા રાજમહેલમાં ગયો.

'પ્રણામ, મામા! પ્રણામ.'

'અરે! ભીમસેન તું? કેમ કુશળ તો છે ને?' મામાએ ભાણેજને પોતાની બાથમાં લેતાં કહ્યું.

'આપના આશીર્વાદથી મામા બધું જ ક્ષેમકુશળ છે.'

આ અવાજનો રણકો, તે બોલવાની ભીમસેનની ઢબ અરિંજય ઘડી જોઈ જ રહ્યો. તેના આંતરમનમાં કંઈક ખળભળાટ થયો. તેને થયું 'આ ભીમસેનને મેં ક્યાંક જોયો છે. પણ ક્યાં જોયો હશે ?'

અરિંજયે પોતાની યાદદાસ્તને સંકોરી જોઇ અને થોડું થોડું યાદ તો આવવા લાગ્યું. કૃશકાય, દીન અને મ્લાન ભીમસેનની તેને ઝાંખી તો થઈ. પણ એ જ ભીમસેન હશે કે કેમ ? તે અરિંજય નક્કી ન કરી શક્યો.

મામાને વિચારમાં પડેલા જોઇ ભીમસેને પૂછયું : 'મામા ! શું ઊંડા વિચારમાં પડી ગયા ? કુશળ તો છો ને ?'

'ભીમસેન ! મેં તને ક્યાંક પ્રથમ જોયો હોય તેવું લાગે છે. પણ ક્યાં તે યાદ આવતું નથી.' અરિંજયે પોતાની મુંઝવણ કહી.

'તેમાં શું યાદ કરવાનું હતું, મામા ? રાજગૃહીમાં મને જોયો હશે.' ભીમસેને અસલ વાત છુપાવી મજાક ભર્યા સ્વરે કહ્યું.

'રાજગૃહી છોડયા પછી તને ક્યાંક જોયો છે. એ તું જ હશે કે બીજો કોઈ એ નક્કી નથી કરી શકતો. પણ બરાબર તારા જેવું જ મોં હતું. બોલવાની ઢબ પણ તારા જેવી જ હતી. ફરક હોય તો એટલો જ માત્ર હતો. એ માણસ સાવ નિસ્તેજ અને કંગાલ હતો. શરીરે સાવ કૃશ હતો અને તેના કપડાના પણ કંઈ ઠેકાણા ન હતા.'

આ સાંભળી ભીમસેનની આંખમાં આંસુ આવી ગયાં.

એ દિવસો જ એટલા બધા ખરાબ ને કઢંગા પસાર થયા હતા કે તેની સ્મૃતિ થતાં જ હૈયું ગળગળું બની જાય. ભીમસેનનું હૈયું પણ એ પુરાણી સ્મૃતિથી વલોવાઇ રહ્યું હતું.

'ભીમસેન ! તારી આંખમાં આંસુ કેમ ?' અરિંજયે આશ્ચર્યથી પૂછયું.

'મામા ! એ કમનશીબ કંગાળ માણસ બીજો કોઇ નહિ પણ હું જ હતો. હું જ તમારી પાસે નોકરી કરવા માટે આવ્યો હતો.'

'અરરર ! અને મેં જ તને ના પાડી દીધી ! હે ભગવાન ! મારા હાથે તેં આ કેવું કામ કરાવ્યું ? ભીમસેન ! મને માફ કર. મેં તને એથી ઘણું જ દુઃખ આપ્યું છે. હું તને ત્યારે ઓળખી પણ ન શકયો, કે તું મારો ભાણેજ છે. માફ કર. ભીમસેન ! મને માફ કર...' અરિંજયને પોતાની ભૂલ સમજાઈ. તે શરમ અનુભવવા લાગ્યો.

'મામા ! એ અપરાધ તો મારો જ હતો. પૂર્વભવે મેં કંઇ અશુભ કર્મો બાંધ્યાં હશે. નહિ તો રાજના ધણીને નોકરી માટે રઝળવું પડે ખરું ? કર્મની સૌ કઠપૂતળીઓ છીએ આપણે તો. એ નચાવે તેમ નાચવાનું' ભીમસેને સ્વસ્થતાથી કીધું.

'પણ ભીમસેન ! તારે તો તારી ઓળખ આપવી હતી ? એમ કર્યું હોત તો શું હું તને દુઃખમાં ધકેલત અરો ?'

'મામા ! બનવાનું હતું તે બની ગયું. હવે તેનો રંજ

શો ? મારા ઉપર તમારો આટલો ભાવ છે એ જ મારે મન ઘણું.' ભીમસેને માધ્યસ્થતા બતાવી.

'ખરી વાત છે તારી. પણ ભીમસેન! તું એ તો કહે, ત્યાં તેં એક વરસ કર્યું શું ?'

ન છૂટકે મામાના આગ્રહથી ભીમસેને એ બધી વાત કહી. અરિંજય એ વાતના એક એક શબ્દે આંસુ સારી રહ્યો હતો. છેવટે જ્યારે ભીમસેને શસ્ત્ર ગુમાવ્યાની વાત કરી, ત્યારે તેનાં આંસુ અટકી પડ્યાં. તેની આંખોમાં ગુસ્સો સળગવા લાગ્યો.

'એ શેઠની આ હિંમત ? મારે તેને શિક્ષા કરવી પડશે. અજાણ્યા પરદેશીઓને આ રીતે લૂટનાર દેશવાસીઓને તો સખ્ત શિક્ષા કરવી જોઇએ.' અરિંજય બોલી ઊઠયો.

'નહિ મામા ! એ શેઠ તો પારિતોષકને પાત્ર છે. મારા ઉપર તેમનો અનહદ ઉપકાર છે. તેમણે મને એ એક વરસ આશરો ન આપ્યો હોત તો ન જાણે તમારા નગરમાં મારું શું થાત ?' ભીમસેને કરુણા બતાવી.

એ જ સમયે દ્વારપાળે આવીને સમાચાર આપ્યા : 'પ્રતિષ્ઠાનપુરથી એક શ્રેષ્ઠિ આવ્યા છે અને તે રાજગૃહી નરેશ શ્રી ભીમસેનને મળવા માંગે છે.'

'આદરથી તેમને અહીં લઈ આવ.' ભીમસેને આજ્ઞા કરી.

આવનાર શેઠને દૂરથી જોતા જ ભીમસેન સિંહાસન ઉપરથી નીચે ઉતર્યો. એ શેઠને સામે જઈ તેનું સ્વાગત કર્યું.

'પધારો પધારો શેઠ! આપ કંઈ આ બાજુ પધાર્યા?'

ભીમસેનનો આ ભાવ જોઈ શેઠ તો તૂટી પડયા. ને તેના પગમાં પડી રડવા લાગ્યા.

'ક્ષમા કરો નરેશ! ક્ષમા કરો. મેં આપને ઓળખ્યા નહિ. મારા એ અપરાધને તમે માફ કરો. હું તો આપનો દાસ છું. એ શસ્ત્રોનો આપ સ્વીકાર કરો ને મને પાપથી મુક્ત કરો.'

'ભીમસેન! શું આ એ જ શેઠ છે કે જેણે તારા શસ્ત્રો પડાવી લીધા હતા?' વાતને પામી જતાં અરિંજયે પૂછયું.

'હા, મામા! શેઠ તો એ જ છે. પણ તે શેઠ અને આ શેઠમાં ઘણો જ ફરક પડી ગયો છે. આ શેઠ પાપના ભારથી કચડાયેલા છે. પસ્તાવાથી રડતા આ શેઠ છે. એ શેઠ તો બદલાઈ ગયા.'

'ધન્ય ભીમસેન! ધન્ય છે તારી ઉદારતાને, ધન્ય છે તારી કરુણાને.' અરિંજયે પ્રશંસા કરી.

ભીમસેને એ શેઠને ઊભા કર્યા. તેના અપરાધ માફ કર્યો. શસ્ત્રો સંભાળી પાછા લઈ લીધા અને કહ્યું.

'શેઠ! માનવી માત્ર ભૂલને પાત્ર છે. પણ એકવાર ભૂલ ભૂલ ગણાય. એ જ ભૂલ બેવડાય તો તે ગુનો બની જાય છે. ફરી એવી ભૂલ ન કરશો. થોડાક લાભને માટે આત્માને કલંકિત ન કરશો. કારણ દેહ ઉપર ડાઘ પડશે તો સ્નાન વિલેપનથી તરત દૂર કરી શકાશે. આત્માના ઉપર લાગેલા

ડાઘને ધોવા માટે તો ન જાણે કેટલાય ભવો કરવા પડશે. માટે શેઠ ! આત્માને ઉજળો રાખજો.' વિદાય આપતાં ભીમસેને શેઠને કહ્યું.

શેઠે ભીમસેનની સલાહને શીરોમાન્ય કરી અને લળી લળીને પ્રણામ કરી ત્યાંથી વિદાય લીધી.

અરિંજય તો ભીમસેનની આ માનવતા ને કરુણા જોઈ આભો જ બની ગયો.પોતાના ભાણેજમાં આવા ઉત્તમ ગુણોનો વાસ છે, તે જોઈ તેની છાતી હર્ષથી ફુલાવા લાગી.

છ એક દિવસ મામા–ભાણેજ સાથે રહ્યા.એ દિવસોમાં બંનેએ ખૂબ ખૂબ વિચારોની આપ–લે કરી. અરિંજયે ભીમસેનના બાળકોને પેટ ભરીને રમાડયા અને તેમને અનેક પ્રકારનાં સોનાનાં રમકડાં વગેરે અપાવ્યાં. ભાણેજ વહુને પણ યોગ્ય ભેટો આપી.

વિદાય વેળાએ કહ્યું 'ભીમસેન ! જયારે પણ તને કંઈ જરૂર પડે તો મને સંદેશો મોકલજે. તરત જ તેનો અમલ કરીશ. તું હવે જરાય મુંઝાઇશ નહિ. અને જયારે તું રાજગૃહ જવા નીકળે ત્યારે મને જરૂરથી ખબર કરજે.'

ભીમસેને વિદાય થતાં મામાને પ્રણામ કર્યા. મામાએ તેના મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા : 'સુખી થા. તારું કલ્યાણ થાય.'

ભીમસેને એ પછી પોતાનું સઘળું ચિત્ત દેવસેન અને કેતુસેનની કેળવણીમાં લગાડયું. બંનેની ઉંમર હવે જીવન

ઘડતરને યોગ્ય થઇ હતી. ભીમસેને બને ત્યાં સુધી જાતે તે ઘડતર કરવા માડયું.

રાજકુમારો માટે શસ્ત્રોની તાલિમ અનિવાર્ય ગણાય. ભીમસેને એ તાલિમ પોતે આપવા માંડી. અન્ય વિષયો માટે તજજ્ઞોને રાજમહેલમાં તેડયા. બંનેએ ભેગા મળી રાજગૃહીના ભાવી રાજવીઓનું ઘડતર કરવા માંડયું.

દેવસેન અને કેતુસેન બંને ચપળ અને હોંશીયાર હતા. ધ્યાન રાખીને પોતાને જે પાઠ ને દાવ બતાવવામાં આવતો તે તૈયાર કરતા. ખૂબ જ મન લગાવીને તેઓ પોતાના જીવનનું શાસ્ત્રીય ઘડતર કરી રહ્યા હતા.

સંતાનોના વિકાસને જોઈ ભીમસેન અને સુશીલા બંને હર્ષ પામી રહ્યાં હતાં. અને આ સઘળો ધર્મનો પ્રભાવ છે તેમ સમજી યથાશક્તિ ધર્મધ્યાન પણ કરતાં હતાં.

જોત જોતામાં તો બંને કુમારો બોંતેર કળામાં પ્રવીણ બની ગયા. વ્યાયામ અને શસ્ત્રની તાલિમથી તેમનાં શરીર પોલાદી બની ગયાં. તેઓ ચાલતા ત્યારે તેમના પડછંદ શરીરના પડછાયા પણ ઘડીભર જોઇ રહે તેમ મન થતું હતું. અને પૂર્ણ બ્રહ્મચર્યના પાલનથી તેમના મુખારવિંદ ઉપર એક આત્મા પ્રગટતી હતી. જે જોનારને પોતા તરફ ખેંચી રાખતી હતી.

તાલીમના અરસામાં દેવસેન અને કેતુસેને જાણી લીધુ હતું, કે તેઓ રાજગૃહીના ભાવી વારસદારો છે. પોતાના કાકાએ કાકીની ચડવણીથી પોતાના પિતાને રાતોરાત રાજથી

દૂર ભગાડયા હતા. જેમ જેમ તેઓ તાલીમ પામતા ગયા તેમ તેમ તેમનો વિચાર દૃઢ થતો ગયો, કે પોતે રાજગૃહી પાછી મેળવીને જ જંપશે. અન્યાયનો પોતે પ્રતિકાર કરશે ને ન્યાયનું શાસન ત્યાં સ્થાપશે.

હવે તાલીમ પૂરી થઈ ગઇ હતી. કંઇ શીખવાનું બાકી નહોતું રહેતું. દેહ અને મનનું ઘડતર પૂરું થયું હતું. તેમનું મન હવે રાજગૃહી પાછી મેળવવા તલપાપડ બની રહ્યું હતું.

'પિતાજી! આપ અનુજ્ઞા આપો તો અમે રાજગૃહ ઉપર ચડાઇ કરીએ.' દેવસેને એક સમયે કહ્યું.

'દેવસેન! તારી મહત્ત્વાકાંક્ષા હું સમજું છું. પણ આપણે ઉતાવળ નથી કરવી. પહેલાં આપણે ત્યાંના ખબર મેળવી લઈએ. એ પછી જે કરવું હશે તે કરીશું.'

'તો આપ આજે જ આપણા ગુપ્તચરોને ત્યાં મોકલો. અમારાથી હવે ધીરજ ધરાતી નથી. ઘણો સમય કાકાનો અન્યાય સહન કર્યો. અમારે ન્યાય જોઈએ છે ને એ ન્યાય કરાવીને જ અમે જંપીશું. કેમ કેતુસેન! તારું શું કહેવું છે?' દેવસેનની સાથે જ કેતુસેન પોતાની વાત કહેવા આવ્યા હતા. આથી તેનો વિચાર દેવસેને પૂછયો.

'મારું પણ એ જ કહેવું છે પિતાજી! અન્યાય કરનાર તો ગુનેગાર છે જ. પણ તેને દીનભાવે સહન કરનાર પણ તેટલો જ ગુનેગાર છે.' કેતુસેને દેવસેનની વાતને ટેકો આપ્યો.

'એમ જ થશે દીકરાઓ! એમ જ થશે. આપણે

જરૂરથી અન્યાયનો સામનો કરીશું. પણ આ માટે તમારે થોડી રાહ જોવી પડશે. ગુપ્તચરને ત્યાંના સમાચાર લઇ આવવા દો. એ આવેથી જ આપણે અહીંથી પ્રયાણ કરીશું.' ભીમસેને કુમારોને પ્રોત્સાહન આપ્યું.

બીજે જ દિવસે વિજયસેનના બાહોશ ગુપ્તચરો રાજગૃહ તરફ જવા ઉપડી ગયા.

થોડા માસ બાદ એ ગુપ્તચરો પાછા ફર્યા. અને રાજગૃહ નરેશ શ્રી હરિષેણની પૂરેપૂરી વિગતથી ભીમસેન અને વિજયસેનને વાકેફ કર્યા.

તેમણે જણાવ્યું : રાજગૃહી આજ નધણીયાત જેવી બની ગઈ છે. ત્યાંનું તમામ કામકાજ વિશ્વાસુ મંત્રીઓ જ ચલાવે છે.

હરિષેણનું મન રાજકાજમાંથી સાવ ઊઠી ગયું છે. ભીમસેનને ભગાડયા બાદ હરિષેણને પસ્તાવો થવા લાગ્યો. પોતાથી એક મહાપાપ થઇ ગયું છે એવી બળતી ભાવના તેમના દિલમાં સતત સળગવા લાગી.

અરેરે! હું કયાં સ્ત્રીના ફંદામાં ફસાઇ ગયો ? હે ભગવાન! હવે મારું શું થશે ? પિતાતુલ્ય એવા મોટાભાઇને રાતોરાત ભગાડીને મેં શું મેળવ્યું ?

હાય ! આજ તેઓ કયાં હશે ? સદાય સુખ ને આનંદમાં રહેતા એવા મારા પૂજ્ય ભાભીની આજ શું દશા હશે ? અને બિચારાં માસુમ બાળકો !

ઓહ ! તેમનો વિચાર આવતાં જ મારું હૈયું કકળી ઊઠે છે!

નહિ, નહિ, મારે નથી જોઈતું આ રાજ. નથી ખપતા મને આ વૈભવ ને વિલાસ!

અરે ! મને કોઈ બચાવો ! મારા અંગે અંગમાં દાહ બળે છે. હે ભગવાન ! મારા ભાઈ અને ભાભીને જ્યાં હોય ત્યાં સુખી રાખજો !

આવી બળતરામાં હરિષેણનું મન અસ્વસ્થ બની ગયું. બુદ્ધિ ઉપરનો કાબૂ તે ગુમાવી બેઠા. મંત્રીઓએ રાજવૈદોને તેડાવ્યા. સારવાર કરાવી. ઘણા દિવસો બાદ ફરી તેમણે સ્વસ્થતા પ્રાપ્ત કરી.

પરંતુ અસલ જેનો તરવરાટ જોવા મળતો નથી. ખૂબ જ ઉદાસ રહે છે. રાજકાજની પ્રવૃત્તિ પણ જાણે ન છુટકે કરતા હોય તેમ કરે છે.

અને પોતાની પત્ની અને જેના નિમિત્તે આ બધું બન્યું તે વિમલા દાસીને તેમણે કાઢી મૂકી છે. અને હવે એ નરેશ ! આપના જ આગમનની રાહ જુવે છે.

ખરેખર! રાજગૃહી આજ નધણીયાતી બની ગઈ છે. ત્યાંની પ્રજા હવે તેનો અસલ રાજવી માંગે છે.

અમારું તો માનવું છે, નરેશ ! કે આપ અબઘડી પ્રયાણ કરો. આપને જરાય લોહી નહિ રેડવું પડે. વિના યુદ્ધ જ રાજગૃહી આપના ચરણે નમશે. ગુપ્તચરે પોતાની વાત પૂરી કરી.

આ સાંભળતાં ભીમસેનની આંખમાં પાણી આવી ગયાં. તેનું કરુણાર્દ્ર હૈયું બોલી ઊઠયું : 'અરેરે ! મારા નાના ભાઈની આ દશા ? કેવો પ્રતાપી ને પરાક્રમી હતો ! હાય ! આજ તેની કેવી અવદશા થઈ ગઈ છે ! હાય, ગુસ્સામાં એ ભૂલ કરી બેઠો. પણ એમાં તેનો શું વાંક ? એ તો બિચારો નિમિત્ત જ છે. મારા જ નશીબમાં જયાં ભોગવવાનું લખ્યું હોય ત્યાં કોણ મિથ્યા કરી શકે ? નહિ....નહિ....હું તેને માફ કરીશ. તેને ગળે લગાડીને તેને ભરપૂર પ્રેમ કરીશ અને કહીશ. ભૂલી જા, ભાઈ ! ભૂલી જા બધું. એ એક કુસ્વપ્ન હતું ઊડી ગયું. હવે સવાર થઈ. તેનો આનંદ માણ....'

'પિતાજી ! શું વિચારમાં પડી ગયા ?' ભીમસેનને આમ શૂન્યમનસ્ક થયેલો જોઇ દેવસેને પૂછયું.

'કંઈ નહિ, બેટા !' પોતાની વેદના છુપાવતા ભીમસેને કહ્યું.

'તો હવે આપ શી આજ્ઞા કરો છો ?' કેતુસેને પૂછયું. એ પણ આ વાતમાં હાજર હતો.

'મારો આત્મા તો મને તીર્થયાત્રા કરવા કહે છે.'

'પિતાજી ! આ અવસર વિજયયાત્રા માટેનો છે. તીર્થયાત્રા પણ કરીશું. પહેલું કર્તવ્ય અત્યારે આપણા માટે રાજગૃહીને સંભાળવાનું છે. દેવસેને દલીલ કરી.

'બેટા ! તારી વાત બરાબર છે.' પરંતુ મારો આત્મા યુદ્ધથી ડરી રહ્યો છે. નિર્દોષોના લોહી રેડવાથી એ કંપી રહ્યો છે, અને કોની સામે યુદ્ધ કરવાનું ? મારા જ નાના

ભાઈ સામે ? ના....ના ....મારાથી એ નહિ બને! પાપભીરૂ ભીમસેને પોતાની આંતરવ્યથા કહી.

'ભીમસેન ! આ કંઈ યુદ્ધ નથી કરવાનું. અન્યાય સામે પડકાર કરવાનો છે. નાના ભાઈના માથે કંઈ તલવાર વીંઝવાની નથી. અન્યાયીના સામે તલવાર ઉપાડવાની છે. ક્ષત્રિયોનો એ ધર્મ છે. અન્યાયનો સામનો કરવો, આતતાયીને જેર કરવો.' વિજયસેન બોલી ઊઠ્યો.

'અને પિતાજી ! આપણે યુદ્ધ કરવું જ નહિ પડે. ગુપ્તચરો જે બાતમી લાવ્યા છે, તે ઉપરથી તો એમ જ લાગે છે કે પૂજ્ય કાકા ખૂદ, સામે આવીને આપણને રાજગૃહીનો મુગટ સોંપી જશે.' દેવસેને કહ્યું.

'જેવી તમારા સૌની ઇચ્છા. તો કરો પ્રયાણ અને સજો શસ્ત્ર શણગાર. મારા તમને આશીર્વાદ છે.' ભીમસેને સંમતિ આપી.

નજદીકના જ શુભ મુહૂર્તે ભીમસેને, વિજયસેનના સૈન્ય સાથે પ્રયાણ આરંભી.

□

૨૬

# દેવનો પરાભવ

દેવોની પણ એક દુનિયા છે. આ ધરતીથી તે દુનિયા તદ્દન જુદી છે. ત્યાંની દુનિયાને સ્વર્ગ કહેવામાં આવે છે. એ સ્વર્ગમાં દેવો વસે છે. માનવથી વિશેષ શક્તિ તેઓ ધરાવે છે. પોતાના જ્ઞાન બળથી એ ઘણું બધું જોઈ શકે છે. માત્ર ઇચ્છા શક્તિથી જ તેઓ ઘણી ઉથલપાથલ કરી શકે છે.

આ દેવતાઓનું પણ એક વ્યવસ્થિત શાસન હોય છે. ત્યાં પણ આપણી લોકસભાઓ જેવો દરબાર ભરાય છે.

એવા એક દરબારમાં સૌ દેવતાઓ બેઠા હતા. અલક મલકની વાતો ચાલી રહી હતી. ઇન્દ્ર મહારાજા સભાને કહી રહ્યા હતા.

'ખરેખર આપણા કરતાં તો માનવભવ ઘણો ઉત્તમ છે. ત્યાં જે સાધના અને સિદ્ધિ મેળવી શકાય છે, એવી સાધના અને સિદ્ધિ આપણા લોકમાં મેળવવી ઘણી દુષ્કર છે. તેમાંય મુક્તિની સાધના તો દુષ્કરથી ય દુષ્કર છે. એ માટે તો માનવ જન્મ જ લેવો પડે. એ બાબતોમાં માનવ આપણાથી શ્રેષ્ઠ છે.

પણ આજ મને સર્વશ્રેષ્ઠ એવા ભીમસેનનું સ્મરણ થાય છે. તેની સ્મૃતિ થતાં જ મારું મન એ ભવ્ય પુરુષને આપોઆપ નમી પડે છે.

આહ ! કેવાં કેવાં કષ્ટોમાંથી એ પસાર થયો ? રાજ ગુમાવ્યું. નાના બાળકોને લઈ પત્ની સાથે રાતોરાત જંગલની વાટ પકડવી પડી. પેટ ગુજારા માટે પત્ની અને પુત્રોથી દૂર થવું પડયું, ભૂખમરો વેઠયો. અપમાન અને આક્ષેપો સહન કર્યાં. અનેક વિટંબણાઓ અનુભવી.

છતાંય તેણે વીતરાગમાંથી શ્રદ્ધા ન ખોઈ. અટલ વિશ્વાસથી એ અપરંપાર દુઃખોને સહન કરતો રહ્યો.

ધરતી ઉપર અનેક માનવો છે. પરંતુ તેણે જે રીતે સ્વપત્ની વ્રતને જાળવ્યું છે, તેવું કોઈએ જાળવ્યું નથી.

શું તેનો સંયમ ! શું તેની નિષ્ઠા ! શું તેની આસ્થા ! ખરેખર ભીમસેન તે ભીમસેન જ છે ! મારા તેને વારંવાર નમસ્કાર !...'

'એક પામર માનવીની આટલી બધી પ્રશંસા ? છિ !' એક દેવ તિરસ્કારથી બોલી ઊઠયો.

'જેને તમે એક પામર ગણો છો, તે પામર નથી. ભડવીર છે એ તો ભડવીર.' ઇન્દ્ર મહારાજાએ ભીમસેનની તરફેણ કરતાં કહ્યું.

'દેવો આગળ એવા ભડવીર શી વિસાતમાં ? કયાં અનંત શક્તિ ધરાવતા દેવો ને કયાં અશક્તિથી ખદબદતા માનવો !' પેલા દેવતાએ ઘમંડથી કીધું.

'તમે ભીંત ભૂલો છો દેવ ! માનવને જ્યારે આત્મા જાગે છે, ત્યારે દેવો પણ એની તાકાત આગળ મસ્તક નમાવે છે.'

'માનવને માથું નમાવે એ દેવ બીજા, હું નહિ.' હુંકારથી પેલો દેવ બોલી ઊઠયો.

'તો તમે કસોટી કરી જોજો. ભીમસેનને તેના બ્રહ્મચર્ય વ્રતમાંથી ચલાવી શકો તો હું પણ જાણું કે ના, દેવો પણ મહાન છે.'

'ભલે, હું પણ આપને બતાવી આપીશ, કે દેવોની તાકાત આગળ માનવો કેટલા ક્ષુદ્ર છે !'

એ દિવસે દેવોના દરબારમાં ગરમી આવી ગઈ. ઇન્દ્ર મહારાજા ને દેવ વચ્ચેની ચકમકમાં સૌને મઝા આવી ગઈ.

ઇર્ષ્યા અને ઘમંડમાં દેવો પણ માનવો જેવાં જ છે. બલ્કે વધુ હીન છે. ઇર્ષ્યાની આગમાં ને ઘમંડના તોરમાં એ શું ન કરે એ જ સવાલ !

પેલા ઘમંડી દેવે ઇન્દ્ર મહારાજાને પોતાની તાકાતનો પરિચય બતાવી આપવાનું નક્કી કર્યું. અને ભીમસેનને તેના વ્રતમાંથી કેમ ચલિત કરવો તેની યોજના ઘડવા લાગ્યો.

થોડી જ પળોમાં તેણે સઘળો ઘાટ ઘડી કાઢયો અને દેવલોક છોડી, ધરતી ઉપર આવ્યો.

દેવોના દરબારમાં ભીમસેનની પ્રશંસા થઈ રહી હતી, ત્યારે ભીમસેન તેની પ્રચંડ સેના સાથે રાજગૃહી તરફ દડમજલ કરી રહ્યો હતો.

યુદ્ધ તેને કરવું ન હતું અને કોની સામે યુદ્ધ ? પોતાના જ નાના ભાઈ સાથે ? જમીનના થોડા ટુકડા માટે શું નિર્દોષોનાં માથાં વધેરવાનાં ! અનેક સોહાગણોનાં કંગન તોડવાનાં ? નાના બાલુડાંઓને તેમના બાપથી વિખુટાં પાડવાનાં ? નહિ, નહિ. એવી હિંસાથી મળતું રાજ નકામું છે અને– કોની હાયથી મળેલો એ વિજય ગોઝારો છે.

ભીમસેનનું આંતર મન તો અહિંસાનો જ વિચાર કરી રહ્યું હતું. તે તો પ્રેમ યુદ્ધમાં જ મશગુલ હતું. પ્રેમથી જો ભગવાન મહાવીરે ચંડકૌશિકને વશ કર્યો, તો શું પોતે પ્રેમથી પોતાના જ સગા ભાઇને વશ નહિ કરે ? ન કરી શકે તો પોતાનો પ્રેમ એટલો અધૂરો, બાકી પ્રેમની તાકાત અમાપ છે, અપૂર્વ છે. ભલભલા કટ્ટર દુશ્મનો પણ તેની નજર પડતાં ગળે વળગી આનંદ માણે છે.

ભીમસેનનું મન આમ પ્રેમ અને વૈરમાં અટવાયેલું હતું. તેનું અંતર વધુ પ્રેમ તરફ જ ઢળેલું હતું. કારણ તે તેના ભાઈને દુશ્મન નહોતો માનતો. પોતાના અશુભ કર્મનું એ તો નિમિત્ત હતો. આથી જ પોતે પ્રચંડ સેનાની આગેવાની લીધી હોવા છતાં પણ સેનાની આંખમાં જે યુદ્ધની આગ ભડકતી દેખાય છે, તેવી આગ તેની આંખમાં જણાતી ન હતી. ત્યાં તો નરી કરુણા જ છલકાતી હતી.

સેનાને પણ તેથી તેણે સ્પષ્ટ સૂચના આપી દીધી હતી. કોઇને પણ રંજાડશો નહિ, ઘાસના તણખલાને પણ ઉખેડશો નહિ. તમારો કોઈ સામનો કરે તો જ તમે તમારા રક્ષણ

માટે તલવાર ઉપાડજો. એ ઉપાડતા સમયે પણ તમે એમ જ માનજો કે તમે તમારું રક્ષણ કરવા એ લડાઈ લડી રહ્યા છો. યુદ્ધ એ આપણો મંત્ર નથી. વિજય આપણે જરૂર મેળવવો છે. પરંતુ આપણે પ્રેમનો વિજય જોઈએ છે. એ જ વિજય સાચો ને અંતિમ છે.'

દેવસેન અને કેતુસેનને પણ ભીમસેન પ્રેમના પાઠ ભણાવતો હતો, તેમના દિલમાંથી એ હિંસાના સંસ્કાર ભૂંસવા માંગતો હતો.

'દેવસેન! તું એક રાજાનું સંતાન જરૂર છે. પણ એ પહેલાં તું માનવ બાળ છે. તારું કુળ રાજવી ખરું, પણ સૌ પ્રથમ તો તું માનવ છે. એ માનવનું કર્તવ્ય તું ભૂલીશ નહિ. તું રાજગૃહીનો રાજા બને પણ જો તારામાં માણસાઈ નહિ હોય, માનવતા નહિ હોય તો રાજાશાહી તારી કોઈ જ કામની નથી. માટે પ્રથમ માનવધર્મને સમજજે. એ ધર્મ સમજ્યા પછી તને રાજધર્મ સમજવો અઘરો નહિ પડે.'

બંને કુમારો પોતાના પિતાની વાત ધ્યાનથી સાંભળતા હતા અને તેમના આત્માને જરા પણ દુઃખ ન પહોંચે એ રીતે વર્તી રહ્યા હતા.

સવાર સાંજ એકધારી દડમજલ કરતાં સૈન્યને, ગંગા નદી આવતાં થોડા દિવસ માટે પડાવ નાંખવા ભીમસેને હુકમ કર્યો.

સુભટોએ જોતજોતામાં તંબૂઓ બાંધી દીધા. ઘોડાઓ

ઉપરથી જિન ઉતારી નાંખ્યા. ખભા ઉપર બાંધેલા ધનુષ્ય બાણ સુભટોએ કાઢી નાંખ્યા. કેડ ઉપર લટકાવેલી તલવારો ને કટારો પણ બાજુ ઉપર મૂકી દીધાં. અને સૌ મુક્ત મને ત્યાં પ્રવાસનો થાક ઉતારવા આનંદથી વિહરવા લાગ્યા.

ભીમસેનનો તંબૂ સૌથી અલગ બાંધવામાં આવ્યો હતો. તેના તંબૂથી થોડે જ દૂર એક ઉપવન હતું. એ ઉપવનમાં કોયલ ટહૂકા કરી રહી હતી ને પપૈયો પિયુ પિયુ બોલી રહ્યો હતો. જારુવંતી અને જાસુદના ફુલોની સુવાસથી હવા મઘમઘી રહી હતી. યૌવનને હિલોળે ચડાવે એવી રમ્ય સૃષ્ટિ ત્યાં વિસ્તરેલી હતી.

ભીમસેન માટે આ સૃષ્ટિ આત્માના આનંદ માટે પોષક હતી. તે માનતો હતો વાસના અને વિકાર તો માનવીના મનમાં છે, પદાર્થ તો જડ છે. મન તેમાં વાસનાની કલ્પના કરે તો જ એ પદાર્થ દેહને ઝણઝણાવે. બાકી જડની તે શી તાકાત છે કે તે ચૈતન્યને ચંચળ કરે?

ભીમસેનના આ આંતર–સૃષ્ટિની પેલા દેવને શી ખબર? એને તો આ તક ઉત્તમોત્તમ લાગી.

બપોરનો સમય હતો. તાપથી ધરતી શેકાઈ રહી હતી. સૌ કોઈને શીતળ છાંયમાં સૂઈ જવાનું મન થાય એવી બહાર અગનઝાળ વરસતી હતી. પાસે જ નદી–કિનારો હતો અને પાસે જ વનનિકુંજો હતી. સૌ મનફાવે ત્યાં જઈને આરામ લઈ રહ્યા હતા.

ભીમસેન પણ સૈન્યની વસ્તીથી થોડે દૂર એક એકાંત

સ્થળે ઘેઘૂર આમ્રઘટાની તળે આરામથી પડયો હતો. ઘણા લાંબા સમયે તેને આવી નિરાંત ને શાંતિ મળ્યાં હતાં. પ્રવાસનો થાક તો તેને પણ લાગ્યો હતો. પરંતુ તેના વદન ઉપર જરાય કંટાળો કે વ્યગ્રતા જણાતી ન હતી. સ્વસ્થ ચિત્તે ને પ્રફુલ્લ મને એ મંજરીને નિહાળી રહ્યો હતો. લીલી લીલી હરિયાળી જોતાં તેના તન અને મન બંનેને ટાઢક વળતી હતી.

એ જ સમયે પેલા દેવતાએ પોતાની માયાજાળ ઊભી કરી દીધી.

વાતાવરણને તેણે એકદમ સુગંધમય કરી નાખ્યું. મન ભરાઈ જાય એવી સોડમ હવામાં પ્રસરી ઊઠી, શીતલ હવા, સુગંધી હવા. ભીમસેનનો મનમયૂર હરખાઈ ઊઠયો. બળતા બળતા બપોરમાં આ હવા તેને ભાવી ગઈ.

ત્યાં તો ભીમસેને હવામાં કયાંક સંગીતનો સૂર ઘૂંટાતો જોયો. વીણાના તારનો ઝીણો રવ કયાંક ગૂંજી રહ્યો. સંગીત ધીમે ધીમે મત્ત ને મદીલું બનતું ગયું. હવામાં ઊડતા તેના તરંગો અસર કરવા લાગ્યા. કયાંકથી દોડતા દોડતા ઢેલને મોર આવી પહોંચ્યાં. મોરે નૃત્ય શરૂ કર્યું. પોતાની કળાનો વિસ્તાર કર્યો અને ઢેલને જોઈ આનંદથી કૂદવા લાગ્યો. ભીમસેન જે આમ્રવૃક્ષ નીચે સૂતો હતો, તેની ડાળ ઉપર શુક અને શુકી આવીને બેસી ગયાં. એકમેકની ચાંચ મોંમાં લેવા ગયાં. શરીર સ્પર્શના કરવા લાગ્યા. આ તો દૈવી માયા ! નશીલું સંગીત ને મદીલી હવા ! પંખી-જગત

ભાન ભૂલવા લાગ્યું. કેલીની રમણતામાં એ જગત રમમાણ બની ગયું.

ઉઘાડી આંખે સૂતેલા ભીમસેને આંખો મીંચી દીધી. રતિ પ્રસંગો કોઈના પણ ન જોવાય. પશુ હોય કે પક્ષી હોય, માનવ હોય કે દેવ હોય. તેમના એવા પ્રસંગો અજાણતા પણ જોવાઈ જાય તો પોતાના વ્રતનું સ્ખલન થાય.

ભીમસેન તો એ વ્રતનો કડક આગ્રહી હતો. સુશીલામાં જ તેણે પોતાની મર્યાદા બાંધી હતી. તેના સિવાય બીજી કોઈ પણ સ્ત્રીનો જાતિય સંબંધ, જાતિય વિચાર વર્જ્ય હતો. સ્વદારા સંતોષ એ જ તેનું સુખ હતું.

હવા ને સંગીત તો દેહને ઝણઝણાવી રહ્યાં હતાં. લોહીને ધીમે ધીમે એ ગરમ કરી રહ્યાં હતાં. ભીમસેન સાવધ બની ગયો. એક ક્ષણ પણ જો આ અંગે બેદરકારી સેવાશે, તો પોતાની વરસોની સાધના ધૂળમાં મળી જશે. તેણે નવકાર મંત્રનું રટણ શરૂ કરી દીધું. માનસપટ ઉપર વીતરાગની છબી ખડી કરી દીધી.

હવા અને સંગીત નાકામિયાબ નીવડયાં. ભીમસેન ઉપર તેની કોઈ ઝાઝી અસર થઈ નહિ, ઉલટું એ સજાગ બની ગયો. આવનારા આંધીના ઓળાને એ પારખી ગયો. મન વિફરે ને વકરે તે અગાઉ જ તેણે મનને શુભ ધ્યાનમાં લગાડી દીધું.

દેવતાએ તરત જ જીવંત સૃષ્ટિ ખડી કરી દીધી. ત્યારે ભીમસેન પલાંઠી વાળી, આંખો મીંચીને આત્મધ્યાન ધરી

રહ્યો હતો. તેની ખૂબ જ નજદીક આવીને એક અપ્સરાએ પોતાનો પાલવ ભીમસેનના મુખારવિંદ ઉપર ફેરવ્યો.

ભીમસેનની આંખ ખૂલી ગઈ. સામે જોયું તો સાક્ષાત્ રંભા તેને આહ્‌વાહન કરતી ઊભી હતી. તેના હાથમાં સૂરા પાત્ર હતું અને એ પાત્ર ધરીને ઊભી રહી હતી.

'ભીમસેને સ્વસ્થતાથી પૂછ્યું: 'કોણ છો તમે?'

'તમારી જનમજનમની પૂજારણ છું.' સ્વર ટહૂકી ઊઠયો. બોલતી વેળાએ અપ્સરાએ મૃગનયનોનો એક માદક ઈશારો કર્યો.

'પૂજા વીતરાગની કરો. હું તો પામર છું.'

'મારે મન તો તમે જ મારા વીતરાગ છો. આવો, ઊભા થાવ. મારો અર્ધ્ય સ્વીકારો.' પોતાના અંગનો મરોડ લેતાં અપ્સરાએ કીધું.

ભીમસેન મૌન રહ્યો. તેને આ સ્ત્રી વાચાળ લાગી. તે ઝાઝી ચર્ચામાં ઉતરવા માંગતો ન હતો. તેણી તેને ઉપેક્ષા કરી અને ઉદાસીનભાવે બેસી રહ્યો.

અપ્સરાએ ઝાંઝરનો ઝણકાર કર્યો. પોતાના કેશકલાપને અજબ રીતે ઉછાળ્યો. કમળની કુમાશથી પણ ચડે એવી પાનીને ધરતી ઉપર તાલબદ્ધ રીતે પછાડી. યૌવનનું નૃત્ય આરંભ્યું. વાસનાનો ઉત્કટ નાચ કર્યો. કમનીય દેહલતાના અંગેઅંગને હચમચાવી નાખ્યું. આંખોના ઈશારા કરી જોયા. હોઠોના વળાંક વાળી જોયા, કટી પ્રદેશને મરોડ લઈ જોયો.

નિતંબને હલાવી જોયા. વક્ષઃસ્થળને નચાવી જોયા. ધીરે ધીરે વસ્ત્રો ઓછા કરી નાખ્યાં અને મુક્ત મને અપ્સરા નાચી. ખૂબ નાચી. અંગેઅંગ શિથિલ થઈ જાય ત્યાં સુધી નાચી.

નૃત્ય સાથે સુરીલુ સંગીત તો ચાલુ જ હતું. હવામાંથી માદકતા તો વહેતી જ હતી, અને નૃત્ય પણ ગતિમાં વેગ પકડતું જતું હતું.

યૌવન હતું, એકાંત હતું, તન અને મનને તરબતર કરી મૂકે એવું વાતાવરણ હતું, ભોગ ને વિલાસનું ઈજન હતું.

ભીમસેન ઉદાસભાવે બેઠો હતો અને સામે અપ્સરા નૃત્ય કરી રહી હતી.

પતન માટેની સઘળી સામગ્રી સજ્જ હતી. કોઈ રોકનાર ન હતું. કોઈ જોનાર ન હતું. મન ભરીને ભોગવાય એવી અનુકૂળતા હતી.

પુરુષ હતો. સ્ત્રી હતી. યૌવન હતું. સૌન્દર્ય હતું. વિકાર હતો. વિહ્વળતા હતી.

ખામી માત્ર ભીમસેનની હતી. તે તૈયાર ન હતો. તેનું મન સ્વસ્થ હતું. તેનું યૌવન શાંત હતું.

લડાઈ એક પક્ષની હતી. સામાને ભીમસેનને હરાવવો હતો, પરંતુ ભીમસેન લડવા જ તૈયાર ન હતો. એ પામી ગયો હતો. આ માયા છે, કોઈ દેવની કપટજાળ છે. પોતાની પરીક્ષા લેવા આ બધું તે કરી રહ્યો છે.

નબળો તો ઘડીના છઠ્ઠા ભાગમાં ભાન ભૂલી ગબડી

પડે એવું વાતાવરણ હતું. પણ ભીમસેન વીર હતો અને આ વીરતા માત્ર હૃષ્ટપૃષ્ટ શરીરની જ ન હતી. સંસ્કારથી પણ તે વીર હતો.

તેની આંખો ખુલ્લી હતી, પરંતુ એ આંખોમાં વિકાર ન હતો. વાસના ન હતી. એક ઘેરી ઉદાસી ત્યાં સળવળતી હતી. એક તટસ્થ પ્રેક્ષક બની એ અપ્સરાનું નૃત્ય નિહાળી રહ્યો હતો.

અપ્સરા આખર થાકી અને ઢગલો થઈને એ ધરતી ઉપર ઢળી પડી. ભીમસેન ઊભો થયો. તેણે પોતાની શાલ તેને ઓઢાડી અને ત્યાંથી ચાલી પોતાની શિબિકા–તંબૂમાં આવ્યો.

સૌ પ્રથમ તેણે ઠંડા પાણીએ સ્નાન કર્યું. શીતળ જલની છાલકો વડે આંખોને બહારથી બરાબર સાફ કરી નાંખી. જે ખુલ્લી આંખે તેણે અપ્સરાનું વિલાસી નૃત્ય જોયું હતું એ આંખમાંથી તે દૃશ્ય તે ભૂંસી નાખવા માંગતો હતો. આથી તેણે બરાબર આંખોને સાફ ને સ્વચ્છ કરી.

દેહશુદ્ધિ કરી તેણે આત્મશુદ્ધિ કરવા માંડી. શુદ્ધ ને સ્વચ્છ કપડાં પહેરી તે સામાયિક લઈને બેઠો. મન છે, જાણે અજાણે પણ તે અશુભ સંસ્કાર ઝીલી લે. નૃત્ય વખતે પોતે મન ઉપર સખ્ત ચોકી પહેરો મૂકયો હતો. તેને જરાય આડું અવળું કે ઊંચુંનીચું થવા દીધું ન હતું, છતાંય કયાંક કરતાં કયાંક પણ તેની ઝીણી અસર રહી ગઈ હોય તો ? દુશ્મનનો તો ઉગતા જ નાશ કરવો સારો અને આ તો વળી આંતરિક દુશ્મન. પ્રેમથી પેટમાં પેસે ને પછી પગ

પહોળા કરે. તેના તરફ જો કડક નજર રાખવામાં ન આવે, તો તો એ ભવોભવનું નિકંદન કાઢી નાંખે. આથી ભીમસેને આત્મધ્યાનમાં મનને પરોવ્યું. દેહ અને આત્માનું એ ચિંતવન કરવા લાગ્યો. એમ કરી તેણે મનની તમામ અશુદ્ધિને વાળી ઝુડીને સાફ કરી નાંખી. ભીમસેને એ ધ્યાનથી અપૂર્વ શાંતિ અનુભવી.

જયારે પેલો દેવ પોતાની આ એક સદ્ધર બાજી વિફળ ગઈ તેથી અશાંત બની ગયો. કોઈએ કહ્યું હોત, કે સઘળી અનુકૂળતા હોવા છતાં, સ્ત્રીનું સામે ચડીને ભોગ માટેનું આમંત્રણ મળ્યું હોવા છતાં પુરુષ ચલિત ન થયો, તો તો એ માનત જ નહિ. પણ આ તો તેણે પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. જાતકસોટી કરી હતી અને તેમાં તે ધરાર નિષ્ફળ ગયો હતો. અરે ! મનને તે સહેજ પણ ઉશ્કેરી શકયો ન હતો, ત્યાં બીજી તો વાત જ શી કરવાની ?

ખેર ! કંઈ નહિ. બીજો દાવ લગાડીશું. એમ દેવે મન મનાવ્યું. અને એ જ રાતે તેણે બીજી યુક્તિ લડાવી. પ્રથમ કરતાં આ યુક્તિ સીધી અસર કરે તેવી હતી. કારણ પ્રથમમાં કસોટી સ્પષ્ટ વર્તાતી હતી. બીજી યુક્તિમાં એ ગર્ભિત હતી. પ્રથમમાં મન સામે આહ્વાહન હતું. બીજામાં આત્મા સામે.

ભીમસેનનો આત્મા કરુણાળુ હતો. કોઈનું દુઃખ એ જોઈ શકતો ન હતો. એટલું જ નહિ સામાનું દુઃખ દૂર કરવા માટે બધું જ કરી છૂટવા એ તત્પર બનતો હતો.

દેવ સમજતો હતો, માનવી જ્યારે ધર્મસંકટમાં મુકાય છે, ત્યારે તેના માટે કયું શ્રેષ્ઠ એ પસંદ કરવું અઘરું બને છે. કારણ બંનેમાં ધર્મ હોય છે. એકમાં આત્મધર્મ જોવાનો હોય છે, જ્યારે બીજામાં દયાધર્મ. કોને વહાલો કરવો ? દયા ધર્મને કે આત્મધર્મને ?

દેવે ભીમસેનને ધર્મ સંકટમાં ઉતારવાનો ઘાટ ઘડયો.

ભીમસેન સુખની ઊંઘ લઈ રહ્યો હતો. મધ્યરાત્રિ તેની સત્તા જમાવી રહી હતી. સૌ જંપીને ગાઢ નિંદ્રા લઈ રહ્યા હતા. સઘળું જગત શાંત હતું. ઉપાધિ ને ઉપદ્રવો નિદ્રાના આંચલમાં ઢબુરાઈ ગયા હતા.

એ સમયે ઝીણો ને કરુણ સ્વર હવામાં ગૂંજી ઊઠયો. સ્વરમાં ભારોભાર લાચારી હતી. ઝીણો ને તીણો સ્વર હતો. એથી એમ લાગતું હતું કે કોઈ દુઃખી ને સંતપ્ત નારી અંધારી રાતે પોતાનું દુઃખ રડી રહી છે.

એ સ્વર ધીમે ધીમે ઘેરો બનતો ગયો. શોકનો અવાજ તેમાં ભળતો ગયો. સાંભળનારનું હૈયું દ્રવી જાય તેવો ભારોભર તેમાં વિલાપ હતો.

હૈયાને ચીરતો એ કરુણ સ્વર ભીમસેનના કાને અથડાયો. તેની આંખ ખુલી ગઈ. તેણે કાન સરવા કર્યા. અવાજ વધુ ને વધુ સંભળાવા લાગ્યો.

'અરે ! આ મધરાતે કોણ રડી રહ્યું હશે ? કયા દુઃખે એ આક્રંદ કરી રહ્યું હશે ? અવાજ પરથી તો લાગે છે કે કોઈ સ્ત્રી રડી રહી છે. કોણ હશે એ ? કયાં હશે એ ?

કઈ વેદના તેને આમ આંસુ પડાવતી હશે ?' ભીમસેનના દયાળુ મને એક પછી એક પ્રશ્નો ઊભા કર્યા.

પથારીમાંથી ઊભા થઈ તરત જ તેણે અવાજની દિશા તરફ કાન માંડયા. અવાજની કરુણા તેના અંતરને સ્પર્શી ગઈ. તાબડતોબ કશો ય વિચાર કર્યા વિના એણે એ દિશા તરફ ચાલવા માંડયું. જેમ જેમ એ સ્વરની દિશા તરફ આગળ વધતો ગયો, તેમ તેમ એ સ્વરમાં શોકની ઘેરાશ વધુ ને વધુ તીવ્ર બનતી ગઇ. ભીમસેને ઝડપ કરી. ઉતાવળથી એ અવાજ જ્યાંથી આવતો હતો, ત્યાં આવી ઊભો રહ્યો.

ભીમસેને ત્યાં આવીને જોયું તો એક સુંદર ને સ્વરૂપવાન યુવતી છાતીફાટ રડી રહી હતી. તેની આંખોમાંથી ચોધાર આંસુ દદડી રહ્યાં હતાં. તેના દેહનું સૌન્દર્ય તો એટલું બધું ઝગારા મારતું હતું, કે એ અંધારી રાતે પણ તેનો દેહ સૌન્દર્ય દીપિકા જેવો લાગતો હતો. માથાના વાળ છુટા કરી ને છાતી પર હાથ પછાડી પછાડી તે રડી રહી હતી.

દશ્ય તો ખરેખર દિલને અનુકંપા જગાડે એવું હતું. ભીમસેનનું હૃદય આર્દ્ર બન્યું. યુવતીથી થોડે દૂર ઊભા રહી મમતાભર્યા અવાજે પૂછ્યું :

હે બેન ! તું આમ મધરાતે શા માટે વિલાપ કરી રહી છે ? અને તું કોણ છે ?'

ભીમસેનને જવાબ આપવાને બદલે તો એ યુવતી

વધુ જોરથી રડવા લાગી. ને વધુ જોરથી છાતી કૂટવા લાગી. જમીન સાથે માથું પણ પછાડવા લાગી.

'ના રડ બેન! ના રડ. તું મને તારું દુઃખ કહે. શા માટે તું આમ શોક કરી રહી છે તેનું કારણ કહે. હું તને મારાથી બનતી તમામ મદદ કરીશ. તું મને તારો શુભ હિતચિંતક માન. અને તારી સઘળી વાત મને જણાવ.'

'અરેરે! હું તો લુંટાઈ ગઈ રે! હવે મારું શું થશે રે!...હું ક્યાં જઈશ રે!...મારો તો ભવ બગડી ગયો રે!.... હે ભગવાન! તને આ શું સૂઝ્યું રે!...' યુવતીએ ભીમસેનને કંઈ જવાબ આપવાને બદલે રડવાનું ચાલુ જ રાખ્યું.

'કોણે તને લૂંટી લીધી? કોણે તારો ભવ બગાડ્યો? બેન! જે હોય તે મને સ્પષ્ટ કહે. મારાથી તારું આ રુદન સહન નથી થતું. તું હવે રડવાનું બંધ કર. સ્વસ્થ બન. અને મારા પર શ્રદ્ધા રાખી તું તારી વિતકકથા મને કહે.' ભીમસેને ખૂબ જ લાગણીભર્યા સ્વરે કહ્યું.

'તમને હું મારું દુઃખ કેવી રીતે કહું? તમને હું ઓળખતી પણ નથી. અજાણ્યાને મારી વેદના કહેવાથી શું વળે? અરેરે! હવે મારું શું થશે?' યુવતીએ પોતાની વેદના કહેતાં કહેતાં ફરી રડવા માંડ્યું.

'બેન! હું રાજગૃહીનો નરેશ ભીમસેન છું. મારા પર વિશ્વાસ રાખ. અને તારા દુઃખની વાત મને કર. મારાથી બનતી તમામ મદદ કરી હું તારું દુઃખ દૂર કરીશ.'

પોતાની સામે રાજગૃહીનો નરેશ ભીમસેન ઊભો છે, એ સાંભળતાં જ યુવતિએ રડવાનું બંધ કરી દીધું. પોતાના છૂટા મૂકેલા વાળને એક જ ઝાટકે પોતાની પીઠ ઉપર નાંખી દીધા. આંસુ લૂછી નાંખ્યા. અને ગદ્દગદ કંઠે ભીમસેનને કહેવા લાગી :

'હે નરેશ! મારા દુઃખનો પાર નથી. હું તો ભર-યૌવને લૂંટાઈ ગઈ છું. ક્રૂર વિધાતાએ મારી સાથે ખૂબ જ ક્રૂર રમત ખેલી છે. અને તેમાં હું મારી બાજી સાવ જ હારી ગઈ છું.

હવે તો હે કૃપાળુ! તમે જ મારો ઉદ્ધાર કરો! તમે જ મારી જિંદગી અને જવાનીને બચાવી લો! તમારો ઉપકાર હું જનમોજનમ નહિ વિસરું.'

'પણ બેન! તું તારા દુઃખની કંઈ ખુલાસાથી તો વાત કર. તારી આ વાતથી મને શી ખબર પડે કે તને શું દુઃખ છે? માટે બેન! મને તું તારી પૂરેપૂરી હકીકતની જાણ કર.' ભીમસેને કીધું.

'હે કરૂણાસિંધુ! હું વિદ્યાધર કન્યા છું. વૈતાઢ્ય પર્વત ઉપર વિજય નામનું નગર છે. ત્યાં મારા પિતા મણિચૂડ રાજ્ય કરે છે. મારી માનું નામ વિમલા છે. અને તેમની હું ગુણસુંદરી પુત્રી છું.

મારી યૌવન અવસ્થા થતા મારા પિતાએ મારું પાણિ-ગ્રહણ કુસુમપુર નગરમાં આવેલા ચિત્રવેગ વિદ્યાધર સાથે કર્યું. આ પાણિગ્રહણ સ્વયંવરથી મેં કર્યું હતું.

સ્વયંવરમાં અનેક વિદ્યાધરો આવ્યા હતા. પરંતુ મારૂં મન ચિત્રવેગ ઉપર મોહ પામ્યું અને મેં મારી વરમાળા તેમના ગળામાં આરોપણ કરી.

ત્યારે મને શી ખબર કે મારું લગ્ન માત્ર લગ્ન જ રહેશે ?

એ સ્વયંવરમાં ભાનુવેગ નામનો વિદ્યાધર પણ આવ્યો હતો. મને જોઈને તે મારા પ્રેમમાં લુબ્ધ બન્યો હતો. તેને એમ કે હું તેના ગળામાં વરમાળા આરોપીશ. ભર્યા સ્વયંવર વચ્ચે તેણે એ પ્રમાણેની ચેષ્ટાઓ પણ કરી જોઈ. પરંતુ મારું મન તો ચિત્રવેગ ઉપર ઢળી પડયું હતું. આથી મેં તેને છોડી ચિત્રવેગને વરમાળા પહેરાવી.

ભાનુવેગથી આ સહન ન થયું. તેણે તરત જ મારૂં અપહરણ કર્યું. અને મને લઈ ભાગવા માંડયો. મારા સ્વામીનાથ પણ તેની પાછળ દોડયા. ખૂબ અંતર કાપ્યા બાદ ચિત્રવેગે અમને બંનેને પકડી પાડયા.

ભાનુવેગે મને પડતી મૂકી ચિત્રવેગ સાથે હાથોહાથની લડાઈ આરંભી દીધી. હું તો ભયથી નખશીખ ધ્રુજી રહી હતી. ધરતી ઉપર પડેલી હું ઊંચે ગગનમાં બંનેને લડતા જોઈ રહી. બંને વચ્ચે ભયાનક લડાઈ જામી. બંનેએ મંત્ર વિદ્યાથી શસ્ત્રોની લડાઇ પુરજોસમાં આરંભી દીધી. મારાથી ચીસ નંખાઈ ગઈ. પણ મારૂં સાંભળે કોણ ?

બંને ખૂબ જ ખુન્નસથી એકબીજાને પરાસ્ત કરવા મથી રહ્યા હતા. શસ્ત્રોના તીક્ષ્ણ ઘાથી તેમનું રૂધિર ધરતી ઉપર ઢળી રહ્યું હતું. મારી તો કોઈ બુદ્ધિ કામ નહોતી કરતી.

ત્યાં જ મેં એ મર્મભેદન ચીસ સાંભળી. મેં ડરતાં ડરતાં ઉપર નજર કરી તો બંનેનાં માથાં ધડથી જુદાં થઈ ગયાં હતાં. અને લોહીનો ફુવારો હવામાં ઊડી રહ્યો હતો. મારા ગળામાંથી ચીસ નીકળી ગઈ. હું બેશુદ્ધ બની ગઈ.

થોડીવારે ભાનમાં આવીને જોયું તો ઉપર ગગનમાં કોઈ નહોતું. હું બેબાકળી બની ગઈ. જ્યાં તેમનું લોહી છંટાયું હતું ત્યાં દોડી ગઈ. પરંતુ ત્યાં તો કોઈનીય લાશ દેખાતી ન હતી.

હું પાગલ બનીને ગંગા નદીના કિનારા આગળ દોડી ગઈ. દૂરથી જોયું તો એ ધડ ને એ અલગ માથાં ગંગાના તરંગો ઉપર તરી રહ્યાં હતાં. હું ત્યાં પહોંચું તે પહેલાં તો એ મારી નજર બહાર જતાં રહ્યાં.

બસ, ત્યારથી મારું હૈયું હાથમાં નથી. મારા શોકનો કોઈ પાર નથી.

મારૂં દુઃખ હોય તો હવે એક જ છે. મારી ભરજવાની હું એકલા એકલા કેવી રીતે જીરવી શકીશ?

મેં લગ્ન જરૂર કર્યાં છે, પણ મેં હજી મારા પતિનો સ્પર્શ સુદ્ધા પણ નથી કર્યો, હજી હું અક્ષત યૌવના જ છું.

શું મારું યૌવન આમ અકાળે જ મુરઝાઇ જશે? જિંદગી અને જવાનીના આનંદ હું હવે જરાય માણી નહિ શકું?

નહિ....નહિ મારાથી એ દુઃખ જરાય સહન થાય

તેમ નથી. હું તો બીજા લગ્ન જરૂર કરીશ. મારી જવાનીને આમ ચીમળાઈ નહિ જવા દઉં.

હે કૃપાળુ નરેશ! આ મારું દુઃખ છે. તમે મારો હાથ ઝાલો. તમારી મને પત્ની બનાવો. તમારા હૃદય સિંહાસન ઉપર સ્થાપો. મારી આ કાયા ને આત્માના તમે ભરથાર બનો. અને મારું દુઃખ દૂર કરો.

તમારા જેવા સ્વામી મેળવી હું મારાં તમામ દુઃખ ભૂલી જઇશ.

હે કરુણાળુ ભીમસેન! મુજ રંક ઉપર દયા કરો. મને બસ આટલી ભીક્ષા આપો. તમારી મને અર્ધાંગના બનાવો, હું તમારી દાસાનુદાસી બની જિંદગી પસાર કરી નાંખીશ....' યુવતીએ પોતાની વિતક કથા કહી.

'બેન! તને આમ બોલવું શોભતું નથી. તારું દુઃખ જરૂર અસહ્ય છે. પણ બેન! કર્મની આગળ કોનું ચાલ્યું છે. કે તારું કે મારું ચાલે? તું સ્વસ્થ બન. મનમાંથી આવા પાપી વિચાર કાઢી નાંખ. સતીત્વ એ જ સ્ત્રીનો ધર્મ છે. એ ધર્મથી ભ્રષ્ટ ન બન. યાદ રાખ. પૂર્વના કોઈ અશુભ કર્મ તેં કર્યાં હશે તે તારો ભરથાર આજ ચાલ્યો ગયો. એથી તું બોધ પામ, અને નવીન કર્મ બાંધી તારા ભવાંતરને ન બગાડ.

અને મેં તો એક પત્નીનું વ્રત લીધું છે. મારે સુશીલ ને સદ્‌ગુણા પત્ની પણ છે. તેને બે બાળકો પણ છે.

વળી મેં તો તને મારી બેન માની છે. બેન કહીને

જ તને બોલાવી છે. બેન સાથે એવો કોઈ વિચાર કરવો તે પણ મહાપાપ છે.

તું સુખેથી મારા રાજમહેલમાં રહેજે. એક ભાઈની જેમ હું તારું સન્માન કરીશ. તને કોઇ પણ વાતે દુઃખ નહિ પડવા દઉં.

ઊઠ, ઊભી થા! જે બન્યું તેને ભૂલી જા. ધર્મનું સેવન કર. આત્માને તારો ગણ. દેહની મમતા છોડી દે, અને આ ભવમાં એવી ઉત્કટ સાધના કરી લે કે ભવાંતરમાં ય કદી આવો પ્રસંગ તને ન સાંપડે.'

યુવતીના કોચલામાં બેઠેલો દેવ તો આ સાંભળીને ઠરી જ ગયો. તેને મનોમન પસ્તાવો થવા લાગ્યો. તેણે પોતાની માયા સંકેલી લીધી. અને અસલ દેવ સ્વરૂપે હાથ જોડીને ભીમસેનની સામે ઊભો રહ્યો.

'ધન્ય ભીમસેન! ધન્ય! તારા સત્યવ્રત ઉપર ને તારા સ્વદારા વ્રત ઉપર હું ખુશ થયો છું. તારી મેં ઘણી કસોટી કરી. પણ તું જરાય ચલિત ન થયો. માગ, માગ જે માગે તે તને આપું.' દેવે ખૂશ થઇ કહ્યું.

'મારા ધનભાગ્ય કે મને આજ દેવના દર્શન થયા. તમે માંગવાનું કહો છો તો બસ આટલું જ માગું છું, વીતરાગના ધર્મ ઉપર મારી બુદ્ધિ સદાય માટે સ્થિર રહો.' બીજા કંઈપણ પ્રલોભનમાં તણાયા વિના ભીમસેને કહ્યું.

દેવે છેવટે તેને દિવ્ય વસ્ત્રો ને હાર ભેટ આપ્યા, ને અદૃશ્ય થઈ ગયો. ભીમસેન પણ કર્મની લીલાનો વિચાર કરતો પોતાના તંબૂમાં આવ્યો ને સૂઇ ગયો.

## ૨૭ એ જ જંગલ એ જ રાત

ભીમસેને ગંગા નદીના કિનારે ઘણો સમય પસાર કર્યો, પ્રવાસનો થાક હવે ઊતરી ગયો હતો, ચાલી ચાલીને થાકી ગયેલા સુભટોના પગ હવે નવચેતન અનુભવતા હતા, લાંબી મજલ સુધી અશ્વો ઉપર બેસીને સુભટોની કમર જકડાઈ ગઈ હતી તે હવે સ્ફૂર્તિમાં જણાતી હતી, પ્રવાસના ઉજાગરાઓથી લાલ બનેલી આંખો શાંત બની હતી, અશ્વો, ગજરાજો, બળદો વગેરે સૌને પૂરતો આરામ મળી ગયો હતો, સૌના તનબદન ઉપર તાઝગી અને તરવરાટ જણાતા હતા,

ભીમસેને સેનાને આગળ વધવાનો હુકમ કર્યો. સુભટોએ તાબડતોબ તૈયારીઓ આરંભી દીધી. તંબૂઓ ઉપાડી લેવામાં આવ્યા. અશ્વો ઉપર જીન નાંખી દેવામાં આવ્યું, બળદોને ઘૂઘરમાળ બાંધી દીધી.

દેવસેન અને કેતુસેને વજ્રકવચ પહેરી લીધું. માથે શિરસ્રાણ બાંધ્યું, કેડે તલવાર બાંધી. કમરપટ્ટામાં જમતમાચો ખોસ્યો. ખભાની પાછળ તીક્ષ્ણ ધારવાળા તીરોનું ભાથું બાંધ્યું અને જમણા ખભાની અંદર ધનુષ્યબાણ લટકાવ્યું.

શસ્ત્ર સજ્જ બનેલા આ યુવાનોને કોઈ જુએ તો એ માની પણ ન શકે કે એક દિવસ આ જ યુવાનો જંગલની મધરાતે ભૂખથી રડતા હતા. પૂરેપૂરું યૌવન બંનેની દેહયષ્ટી ઉપર ઝગારા મારતું હતું. વદન ઉપર વીરશ્રી ચમકતી હતી. બીડાયેલા હોઠ સત્તાનું સૂચન કરતા હતા.

બંને પૂરી તૈયારી કરી ભીમસેન પાસે આવ્યા. પિતાજીને પ્રણામ કર્યા, તેમનો ચરણ સ્પર્શ કર્યો, આશીર્વાદ લીધા. પિતાને પ્રણમી મા સુશીલાને પણ વંદન કર્યા. તેના અંતરની આશિષ લીધી અને એ વિધિ પતાવી બંને સફેદ અશ્વો ઉપર સવાર થયા.

ભીમસેન પણ આગળ પ્રયાણ માટે ઝડપથી તૈયાર થઈ ગયો. તે પણ અશ્વ ઉપર બેઠો. સૌથી આગળ તેણે પોતાનો અશ્વ ઊભો રાખ્યો, તેની પાછળ બંને રાજકુમારોના અશ્વો ગોઠવાયા. અને એ સૌની પાછળ આખી સેના ચાલવા લાગી.

ભીમસેને પોતાના અશ્વને ડચકારો કર્યો. અશ્વે સ્વામીની આજ્ઞાનો સ્વીકાર કર્યો. અને ધીમે ધીમે ચાલવા માડ્યું.

સેનાએ બુલંદ અવાજે ઘોષણા કરી : 'મહારાજાધિરાજ રાજગૃહી નરેશ ભીમસેનનો જય.

'મહાપ્રતાપી દેવસેન કુંવરનો જય હો.'

'નર બંકા કેતુસેન કુંવરનો જય હો.'

ભીમસેને એ સમયે નવકાર મંત્રનું સ્મરણ કર્યું. મનોમન ભાવથી તેણે પંચ પરમેષ્ઠિને નમસ્કાર કર્યાં અને કૂચનો પ્રારંભ કર્યો.

આ સેનામાં કંઈ હજારો સુભટો જોડાયા હતા. પરિચારકો પણ હતા. પાકશાસ્ત્રીઓ હતા. બાંધકામના જાણકાર કુશળ કારીગરો પણ હતા. આમ અનેક માણસોના સથવારા સાથે ભીમસેન રાજગૃહી તરફ જઈ રહ્યો હતો.

હાથી, ઘોડા, બળદો, રથ, ગાડા વગેરેની પ્રચંડ સામગ્રી હતી. જયાં જયાંથી એ સૌ પસાર થયા, ત્યાં ત્યાંના રસ્તા ધૂળના ગોટથી ઉભરાઈ જવા લાગ્યા. અનેક ગામ, નગર, પુર અને પાટણમાં થઈ આ સૈન્ય પસાર થવા લાગ્યું.

ગામોગામના નગરજનોએ ભીમસેનનું સ્વાગત કર્યું. નગરશ્રેષ્ઠીઓએ પણ તેને અનેક ઉપહાર ભેટ ધર્યા. કુમારીકાઓએ ભીમસેન, દેવસેન અને કેતુસેનને કુંકુમ તિલક કર્યાં. સુહાગણોએ વિજયનાં ગીત ગાયાં, ગ્રામજનોએ ગગન ચીરતા અવાજે ભીમસેનના ઠેર ઠેર જયનાદ કર્યા.

દડમજલ ચાલુ જ રાખી. ન છૂટકે કયાંક કયાંક સેનાએ પડાવ નાંખ્યો. તે પણ એક બે દિવસ પૂરતો જ. કૂચ વણથંભી ચાલુ જ રહી.

રાજગૃહી હવે કંઈ બહુ દૂર ન હતી, જ્યાંથી સેના પસાર થઈ રહી હતી, ત્યાંથી તે રાજગૃહી વચ્ચે માત્ર એક ગાઢ જંગલ જ આડે હતું. એ જંગલ વટાવ્યું કે સીધા રાજગૃહીના પાદરે.

'દેવસેન ! આ જંગલને ઓળખે છે તું ?' ભીમસેને પૂછ્યું.

'ના કેમ ઓળખું પિતાજી ! અહીં જ તો આપણે

સૌએ પર્ણકુટિરમાં એક રાત કાઢી હતી!' દેવસેને જૂની સ્મૃતિને તાજી કરી.

'દેવસેન! જોયોને કાળનો પ્રભાવ! એક સમય એવો હતો કે ટાઢથી થરથરતા ને ભયાનક જાનવરોનીબીકથી ધ્રૂજતા અહીં આપણે રાત વીતાવી હતી. થાકથી ત્યારે ગાત્રો શિથિલ બની ગયાં હતાં. ભૂખથી પેટ ચીમળાઈ ગયાં હતાં. નીચે રૂક્ષ ધરતી અને ઉપર ભૂખરું ગગન માત્ર હતું. ન કંઈ ઓઢવાનું. ટૂંટીયું વાળી આપણે સૌએ અહીં રાત પસાર કરી હતી.

અને આજ એ જ જંગલમાં આપણે રાત પસાર કરી રહ્યા છીએ. આજે આપણી પાસે શું નથી? કોઈ વાતની કમીના નથી. આપણો બોલ ઝીલવા ખડે પગે માણસો ઊભા છે. આપણી રખેવાળી કરવા માણસો અખંડ ઉજાગરો કરે છે. આપણને જરાય અસુવિધા ન થાય તે માટે જો આપણા સેવકોએ આ કેવી સરસ શિબિર બાંધી છે!' જંગલમાં શિબિરમાં બેઠેલો ભીમસેન પોતાના પરિવાર સાથે એ ભૂતકાળના કડવા ને કપરા સંસ્મરણો ઊખેળી રહ્યો હતો.

'કર્મની જ આ બધી રમત છે.માનવી તો કર્મરાજાની કઠપૂતળી છે. માનવીનો તમામ દોર તેના હાથમાં છે. એ જેમ નચાવે તેમ નાચવાનું.

અને એ કર્મો પણ આપણા પોતાનાં જ કરેલાં ને? પૂર્વભવોમાં આપણે જરૂર કંઈક પાપાચરણ કર્યું હશે. નહિ તો આ એ જ જંગલ છે. એ જ રાત છે. એ જ ધરતી

ને એ જ ગગન છે. આપણે પણ તેના તે જ છીએ. પણ છતાંય એ બે સમયનો કેટલો મોટો તફાવત છે !

એ રાત આપણા અશુભ કર્મની ઉપાર્જનાની હતી. આ રાત શુભ કર્મની ! ત્યારે પાપોદય હતો. આજે પુણ્યોદય છે !

બંને કર્મનાં ફળ આપણે ભોગવ્યાં. આમાંથી દીકરાઓ ! એટલો જ સાર લેજો કે કોઈ સુખ સ્થિર નથી, કોઈ દુઃખ સ્થિર નથી. બધું જ પોતાના કર્માધીન છે.

જેવું પામશો તેવું લણશો. જેવા બીજ વેરશો, તેની જેવી માવજત કરશો, તેવો પાક પામશો. શુભ આચાર-વિચાર રાખશો તો શુભ પરિણામ મેળવશો.

કર્મનું ફળ તો તમને મળશે જ અને એ તમારે ભોગવવું જ પડશે, માટે મારા લાડલાઓ ! જીવનને શુદ્ધ ને શુભ આચાર–વિચારવાળું રાખજો. સુશીલાએ અનુભવનું તારતમ્ય કાઢ્યું. તેને પણ આ જંગલની હવાનો સ્પર્શ થતાં દુઃખના એ દિવસોની યાદ આવી ગઈ. એ યાદથી તે દુઃખી ન થઈ, તેમજ બદલાયેલા દિવસથી તેણે ઘમંડ પણ ન સેવ્યો. બધું જ તેણે કર્મના ચરણે ધરી દીધું.

એ જ સમયે દ્વારપાળે અંદર આવી જણાવ્યું, કે આ જંગલનો પલ્લીપતિ સુભદ્ર આપના દર્શનાર્થે આવવા માંગે છે. આપ નરેશની આજ્ઞા હોય તો તેને અંદર લઈ આવું.

ભીમસેને તેને અંદર આવવાની સંમતિ આપી.

પડછંદ અને ભયાનક મુખાકૃતિવાળો સભદ્ર શિબિરમાં

આવ્યો. આવીને તેણે સૌ પ્રથમ ભીમસેનને પ્રણામ કર્યા: 'મહાપ્રતાપી રાજગૃહીના રાજાધિરાજ ભીમસેન નરેશને મારા પ્રણામ હો.'

'સુખી થાવ. કહો કેમ આવવું થયું છે?' ભીમસેને આશીર્વાદ આપતાં કહ્યું.

'થોડું ભેટણું આપના ચરણે ધરવા આવ્યો છું અને આપના દર્શન કરી જીવનને ધન્ય કરવા આવ્યો છું.'

એમ કહી સુભદ્રે સુવર્ણનો થાળ ભીમસેનના ચરણ આગળ મૂકયો. એ થાળમાં મૂલ્યવાન રત્નો, હીરા ને સુવર્ણ અલંકારો હતાં.

'અરે! આ તો મારો જ બાજુબંધ છે! અને આ રત્નહાર પણ મારો જ લાગે છે!' અલંકાર તરફ નજર જતાં જ મહારાણી સુશીલા બોલી ઊઠી.

'એ સત્ય પણ હશે મહારાણીજી!' સુભદ્રે સત્યનો સ્વીકાર કર્યો.

સુશીલાએ એ અલંકાર હાથમાં લઈ તપાસી જોયા. ભીમસેને પણ હાથ ફેરવી જોયો. બંનેને યાદ આવી ગયું. આ એ જ અલંકારો છે. જે આ જ જંગલમાં ચોરાઈ ગયા હતા.

કર્મનો કેવો પ્રભાવ! ગયું ત્યારે બધું જ એક સામટું ગયું. રડી રડીને આંખો લાલ કરી નાખી, એ મેળવવા કાયાને ઘસી નાંખી પણ ત્યારે કંઇ પાછું ન મળ્યું. તે ન જ મળ્યું!

અને આજે ?

વાદળ વિખરાતાં હતાં. વાદળ આડે ઢંકાયેલો સૂર્ય તેનો પ્રકાશ વેરતો હતો. ધુમ્મસ ઓછું થતું હતું. તેજસ્વી કિરણો અજવાળુ પાથરતાં હતાં.

અનાયાસે બધું, આપોઆપ પાછું આવી રહ્યું હતું. કંથા પાછી મળી, અલંકારો પાછા આવ્યા. શસ્ત્રો મળી ગયા, સુવર્ણરસ પણ પ્રાપ્ત થયો. અને આ અલંકારો પણ આજ પાછા મળી રહ્યા હતા !

'વાહ રે કર્મરાજા ! વાહ ! તારી લીલા અકળ છે ! તારો ન્યાય અચળ છે ! તું નથી અધીકુ દેતો, નથી ઓછું દેતો !' ભીમસેન મનોમન બોલી ઊઠયો.

'પણ આ અલંકારો આપની પાસે આવ્યા કયાંથી ? દેવસેને કુતુહલતાથી પૂછ્યું.

'નાના નરેશ ! એ કહેતાં મારું મસ્તક શરમથી નમી પડે છે. પરંતુ આપ સૌની સમક્ષ અસત્ય નહિ બોલું.

મારો વ્યવસાય ચોરી ને લૂંટનો છે. મારા તાબામાં અનેક માણસો આ કાર્ય કરે છે.

ઘણા સમય પહેલાં તમે આ જંગલમાં સૂતા હતા. ત્યારે મારા માણસોએ તમારા અલંકારો ચોરી લીધા હતા. એ જોતાં જ મેં તેને સાચવી રાખ્યા.

નિર્દોષો ને ગરીબોને અમે લુંટતા નથી.' એ ચોરને ખબર નહિ કે તમે રાજગૃહીના નરેશ છો. ધનની લાલચથી તેણે એ કામ કર્યું.

મને પાછળથી બધી વિગતની ખબર પડી કે તમારે રાજગૃહી છોડી ભાગવું પડયું હતું. ત્યાર પછી મેં તમારી તપાસ કરાવી. પણ તમારો કયાંય પત્તો લાગ્યો નહિ. આથી મેં નક્કી કર્યું, કે જ્યારે ત્યારે હું જ એ ઘરેણાં તમને પાછા આપીશ.

આથી હું રોજ તમારી રાહ જોતો હતો અને રોજે રોજ તમારા સમાચાર મેળવવા પ્રયત્ન કરતો હતો. ત્યાં મને સમાચાર મળ્યા, કે આપ સ્વયં અહીં પધારી રહ્યા છો અને રાતવાસો આ જંગલમાં કરી રહ્યા છો. આ ખુશખબર સાંભળતા જ હું આપની પાસે દોડી આવ્યો છું.

'રાજન્ ! એ મારો મહાન અપરાધ છે. મને ક્ષમા કરો.' સુભદ્રે નિખાલસતાથી પોતાની બધી વાત જણાવી.

'સુભદ્ર ! તારી સત્ય પ્રિયતા અને મારા માટેની તારી લાગણી અને માનથી મને અનહદ આનંદ થયો છે. સાથે સાથે દુઃખ પણ તેટલું જ ભારોભાર થયું છે.

તારું સ્વચ્છ હૃદય જોતાં તો મને લાગે છે કે તું ઘણો જ કામનો માણસ છે, પરંતુ તું જે વ્યવસાય આજ કરી રહ્યો છે તે ઘણો જ નીચ છે.

પેટ ગુજારા માટે આવો હલકો ધંધો કરવો એ તને શોભતો નથી.

અને તને ખબર છે, ધન એ તો મહાપ્રાણ છે. તેના ચાલ્યા જવાથી માણસ નથી તો જીવી શકતો કે નથી તો મરી શકતો. તેના વિના રીબાઇ રીબાઈને મરે છે. તેથી

તું માણસનું માત્ર ધન જ લૂંટી નથી લેતો, પરંતુ તેઓની ઊંઘ અને ચેન પણ છીનવી લે છે અને તેઓને અકાળે મોત તરફ ધકેલી દે છે.

શાસ્ત્રકારોએ પણ ચોરીને વર્જ્ય ગણી છે. તેને મહા પાપ માન્યું છે. ચોરી કરનારનો આ ભવ તો બગડે જ છે પણ તેનાથી તેના ભવાંતરોય બગડે છે.

સુભદ્ર ! તું ચોરીનો ત્યાગ કર. પ્રમાણિક જીવન જીવ. પરિશ્રમ કર. પરસેવો પાડ. તારી મહેનતથી તને જે કંઈ મળે તેમાં સંતોષ માન. અને નિર્દોષ જીવન ગાળ.

મારા પ્રત્યે તને જો સાચી ભક્તિ હોય, તું મને ખરા અંતઃકરણથી સ્વામી તરીકે ભજતો હોય તો મારું આ વચન તું માન્ય રાખ.

'તું ચોર મટી જા અને માનવ બન. અસત્યને છોડ અને સત્યનો સાથ કર....'

'રાજન્ ! આપની આજ્ઞા મને શીરોમાન્ય છે. આપ કહો તે કરવા હું તૈયાર છું, હુકમ કરો. પ્રાણાંતે પણ તમારી આજ્ઞાનું પાલન કરીશ.' સુભદ્રે પસ્તાવાથી વિનમ્ર ભાવે કીધું.

'તો ચાલ મારી સાથે. હું તને રાજગૃહીમાં તારા યોગ્ય કામ આપીશ.' ભીમસેને સુભદ્રને સાથે લઈ લીધો.

સુભદ્રે ફરી પ્રણામ કરી ભીમસેનનો ચરણસ્પર્શ કરીને કહ્યું : 'આપ સૌની સાક્ષીએ પ્રતિજ્ઞા લઉં છું કે આજથી હું ચોરી કરીશ નહિ તેમજ કોઈ પાસે ચોરી કરાવીશ નહિ....'

'શાબાશ ! સુભદ્ર ! શાબાશ !' ભીમસેને સુભદ્રનો વાંસો થાબડયો અને તેને રાજગૃહી આવવા કહ્યું.

સુભદ્રે એ આજ્ઞાનો સ્વીકાર કર્યો અને ભીમસેનની સેના સાથે જ એ ભળી ગયો.

બીજી સવારે સેનાએ ફરી કૂચનો પ્રારંભ કર્યો.

મંઝીલ હવે નજદીક હતી. બે ત્રણ દિવસમાં તો સૌ રાજગૃહી પહોંચી જવાના હતા. સૌના ઉત્સાહનો પાર નહોતો.

યુદ્ધ થશે કે નહિ તે કોઈને ખબર ન હતી. છતાંય યુદ્ધ થાય તો પણ ન્યાય માટે લડી લેવાની સૌની તૈયારી હતી. એ માટેની સઘળી તૈયારી સાથે જ સૌ આગળ વધી રહ્યા હતા.

ભીમસેન આ અંગે તટસ્થ હતો. તેને શ્રદ્ધા હતી. લડાઈ નહિ કરવી પડે. યુદ્ધની નોબત વાગશે જ નહિ. પોતા સામે તલવાર નહિ ઉપાડે. એ તો સામે આવીને ગળે જ ભેટશે.

ઘણા સમયે પોતાનો ભાઈ જોવા મળશે. એ વિચારથી તેનું હૈયું આનંદ અનુભવતું હતું. અને એ આનંદ ને ઉલ્લાસમાં, પ્રેમ અને મમતાના વિચારમાં જ એ રાજગૃહી તરફ જઈ રહ્યો હતો.

□

૨૮

# બાંધવ બેલડી

રાજગૃહીના દરબારમાં હરિષેણ શૂન્યચિત્તે બેઠો હતો. રાજસભામાં અન્ય મંત્રીગણ અને મહાજન પણ બેઠું હતું. એક પછી એક કામની ચર્ચા ચાલી રહી હતી. સભાનું કામ-કાજ બધું લગભગ મંત્રીઓ જ કરી રહ્યા હતા. હરિષેણ ન છુટકે જ એ કામકાજમાં કંઈ ભાગ લેતો હતો.

રાજશાસનમાંથી એની રૂચિ ઓછી થઈ ગઈ હતી. પ્રતિભા તેની હજી તેવી ને તેવી જ રહી હતી. પરંતુ તેમાં એક મહત્ત્વનો ફેરફાર વર્તાઈ આવતો હતો. એ પ્રતિ-ભામાં સત્તાનો રૂવાબ ચાલ્યો ગયો હતો. ત્યાં સ્નેહનું સૌન્દર્ય ચમકતું હતું.

પોતાના વડીલ બંધુને પોતાના કાચા કાનને લઈને રાતોરાત ભાગવું પડયું હતું, એ યાદથી તેનું હૈયું ભરાઈ રહ્યું હતું. પસ્તાવાની આગથી તેનું જિગર બળી રહ્યું હતું.

એક વખત તેને સત્તાનો મોહ હતો. એ મોહ આજ નષ્ટ બની ગયો હતો. રાજા બનવાની, રાજધુરા પોતાના

હાથમાં લેવાની એક સમયે તેને ધૂન હતી. એ ધૂન ચાલી ગઈ હતી. તેના બદલે આજ તે કર્તવ્ય બજાવી રહ્યો હતો.

રાજસભામાં આવી એ બેસતો ખરો, પરંતુ એ રાજ-સિંહાસન ઉપર બેસતો નહિ. પોતાના પિતાએ તેમજ વડીલ બંધુએ તેને જે સિંહાસન ઉપર બેસાડયો હતો એ યુવરાજ પદના સિંહાસન ઉપર બેસતો હતો.

રાજસભામાં આવી સૌ પ્રથમ એ ભીમસેનના સિંહાસનને પ્રણામ કરતો. થોડીવાર ત્યાં ઉભા રહી. આંખ બંધ કરી મનોમન પોતાના અપરાધની ક્ષમા યાચતો અને પછી જ પોતાના સિંહાસન ઉપર એ બેસતો.

આજ સવારથી જ તેની જમણી આંખ ફરકી રહી હતી. તેને લાગતું હતું જરૂર આજ કંઈ શુભ સમાચાર મળશે. નકકી કોઈ પ્રિયજનનું દર્શન કે તેના સમાચાર સાંભળવા મળશે.

સભાના ચાલુ કામકાજમાં પણ એ તેનો જ વિચાર કરી રહ્યો હતો. શું આજ મને વડીલ બંધુના સમાચાર મળશે ? શું તેમના જ દર્શન મને થશે ? તો તો કેવું સારું ?

વચમાં સંદેશાવાહક ખબર લાવ્યો હતો કે વડીલ બંધુ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં છે. પણ ત્યાર પછી કંઈ સમાચાર મળ્યા નથી.

એ કુશળ તો હશે ને ? ભાભી ને બાળકો સાજા-નરવાં તો હશે ને ? મારા માટે એ શું વિચારતા હશે ? મારા ઉપર ગુસ્સે ભરાયેલા હશે ? મને શ્રાપ તો નહિ દેતા હોય ને ?

નહિ...નહિ...મારા વડીલ બંધુ એવા નીચ વિચારના નથી, તે મારો તિરસ્કાર કરે જ નહિ. અને ભાભી તો ખૂબ જ વિશાળ મનનાં છે. તે તો શ્રાપ દે જ નહિ.

જે હોય તે. તેમને મળતાં જ હું તેમના પગે પડીશ. આંસુથી તેમના ચરણ ધોઇ નાંખીશ. અને મારા તમામ અપરાધોની શિક્ષા માંગીશ. તેઓ મને જે શિક્ષા કરશે તે ચરણે મૂકી દઈશ.'

હરિષેણ જેમ જેમ પોતાના વડીલ બંધુ ભીમસેનનો વિચાર કરતો ગયો તેમ તેમ હૈયું વધુ આર્દ્ર બનતું ગયું. તેની આંખના ખૂણા ભીના બની ગયા. ભાઈની યાદ આંસુ બનીને ટપકી પડી.

એ જ સમયે દ્વારપાળે આવીને વધાઈ આપી : ' રાજગૃહીના યુવરાજ શ્રી હરિષેણનો જય હો. રાજન્ ! આપની આજ્ઞા હોય તો એક શુભ સમાચાર આપને આપું.'

' મારે મન હવે માત્ર એક જ શુભ સમાચાર છે. અને તે મારા વડીલ બંધુ ભીમસેનના. તેમના કંઇ પણ સમાચાર લાવ્યો હોય તો જલ્દી કહે. બાકી બીજા કોઈ સમાચાર મારે સાંભળવા નથી. એવા સમાચાર તું રાજમંત્રીને કહે.'

હરિષેણ ભાઈની યાદમાં એટલો બધો ડૂબેલો રહેતો હતો કે હરહંમેશ તે તેનો જ વિચાર કરતો હતો. એ એટલે સુધી કે તેમના સમાચારને જ એ સમાચાર માનતો હતો.

'રાજન્ ! આપ જલ્દી તૈયાર થાવ. આપના વડીલ બંધુ ભીમસેન રાજગૃહી આવી રહ્યા છે.'

'બંધુ ભીમસેન આવી રહ્યા છે ? ક્યાં છે ? ક્યાં છે ? જલ્દી બોલ ઓ સંદેશવાહક ! ઉતાવળ કર !' હરિષેણ આનંદથી ચિત્કાર કરી ઊઠ્યો.

'તેઓ અહીંથી બાર યોજન દૂર એક જંગલ છે. તે જંગલ વીંધીને પ્રચંડ સેના સાથે આવી રહ્યા છે.'

'મંત્રીરાજ ! મારા અશ્વને તૈયાર કરાવો. આજનું કામકાજ બંધ કરો. તમે પણ આવવું હોય તો સાથે ચાલો. હું અબઘડી જ વડીલ બંધુ પાસે જવા માંગુ છું.'

અને લે ઓ સંદેશાવાહક ! લે. આ રત્નહાર. તારી શુભ વધાઈનો મારા તરફથી તને આ ઉપહાર.

અને હા, સારા ય નગરમાં ડિંડિમ્, નાદે જાહેર કરો. રાજગૃહી નરેશ શ્રી ભીમસેન પધારી રહ્યા છે. તેમના સ્વાગતની સૌ તૈયારીઓ કરે.

નગરચોકો સાફ કરાવો. રસ્તાઓ ઉપર સુગંધી જળનો છંટકાવ કરાવો. આંગણે આંગણે રંગોળી પુરાવો. ધ્વજાઓ બંધાવો. સારા ય નગરને ભવ્ય રીતે શણગારી દો.

નગરજનોને જણાવી દો કે તેઓ એવું દબાદબાપૂર્વક ને શાનદાર સ્વાગત કરે કે વડીલ બંધુ પણ ભૂલી જાય કે પોતે રાજગૃહીમાં પ્રવેશ કરી રહ્યા છે !' હરિષેણે ઉત્સાહથી એક પછી એક સુચનાઓ આપવા માંડી.

સુચનાઓ આપી એ સિંહાસન ઉપરથી ઉભો થઈ ગયો. અને રાજસભા છોડી પોતાના મહેલમાં આવ્યો.

મહેલમાં આવી રાજપોષાક ઉતારી સામાન્ય પોષાક પહેરી લીધો. અને ઉમંગથી ઉછળતા હૈયે દોડતા આવીને, તૈયાર રાખેલા અશ્વ ઉપર એક જ કૂદકે સવાર થઈ ગયો. એડી મારીને અશ્વને દોડવાનો સંકેત કર્યો. અશ્વ પણ સ્વામીની ઉતાવળ સમજી ગયો. તેણે પોતાની તમામ તાકાત વાપરીને એકી શ્વાસે દોડવા માંડ્યું.

હરિષેણ ભીમસેન પાસે પહોંચે તે અગાઉ જ તેના મંત્રીઓ, મહાજનના શેઠિયાઓ, અન્ય સેનાનાયકો આદિ ભીમસેન પાસે પહોંચી ગયા હતા.

ભીમસેનની પાસે પહોંચી સૌએ યોગ્ય નજરાણું ધર્યું. સૌના ક્ષેમકુશળ પૂછ્યા. તેમના ગયા બાદ હરિષેણ કેવી રીતે બેશુદ્ધ બની ગયો, રાજકાજમાંથી તેનું મન કેવી રીતે ઉદાસ થઇ ગયું, સુરસુંદરી અને વિમલાને કેવી રીતે કાઢી મૂકયા, રાજમાં હાલ શી પ્રવૃત્તિ ચાલે છે, વગેરે અથથી ઈતિ સુધીની તમામ હકીકતોથી ભીમસેનને જાણ કરવામાં આવી.

પોતાના અનુજબંધુની દશાનું વર્ણન સાંભળી ભીમસેનની આંખમાં આંસુ આવી ગયાં. સુશીલાની આંખના ખૂણા પણ ભીના બન્યા. દેવસેન અને કેતુસેન પણ કાકાની દશા સાંભળી રડી પડયા.

'તેઓ પણ હમણાં આવી જ પહોંચ્યા સમજો.' મંત્રીએ છેવટે કહ્યું.

ભીમસેને સેનાને થંભી જવા કહ્યું. ને ત્યાં જ સૌ ઝાડ નીચે પડાવ નાંખીને હરિષેણની રાહ જોવા લાગ્યા.

ત્યાં જ હરિષેણનો અશ્વ દોડતો દોડતો આવી પહોંચ્યો. સુભટોને જોતા જ પૂછ્યું : 'અરે ભાઈ! રાજગૃહી નરેશ ભીમસેન ! કયાં છે?'

'અહીંથી સીધા ચાલ્યા જાવ. ત્યાં દૂર આમ્રવૃક્ષ તળે આરામ લઈ રહ્યા છે.' પેલા સુભટે આંગળી ચીંધી જવાબ આપ્યો.

હરિષેણે ફરી અશ્વને તેજ કર્યો. અશ્વે પણ વેગથી દોડવા માડયું હરિષેણે અશ્વ ઉપરથી જ સાદ કરવા માંડયા : 'બંધુ ! બંધુ !...'

હરિષેણની બૂમ સાંભળતા જ ભીમસેન તરત ઊભો થઇ ગયો. તેણે સામો પ્રત્યુત્તર વાળ્યો : 'હ....રિ...ષે....ણ હ....રિ....ષે....ણ'

સામેથી પણ એવો જ જવાબ મળ્યો : બં....ધુ.... બં...ધુ...

બંને અવાજ ઘણા નજદીક થઈ ગયા. ભીમસેનને જોતા જ હરિષેણે અશ્વ ઉપરથી કૂદકો માર્યો, અને દોડતો જઈ વહાલથી ભીમસેનને વળગી પડયો. ભીમસેને પણ તેને તરત જ પોતાની છાતી સરસો ચાંપી દીધો.

બે ભાઇઓનું એ અપૂર્વ મિલન હતું ! બંને ગળે વળગી એકબીજાનો સ્નેહ પ્રદર્શિત કરી રહ્યા હતા.

ભીમસેને વહાલથી હરિષેણના માથા ઉપર હાથ ફેરવ્યો. તેનો વાંસો પંપાળ્યો, તેના કપાળે પ્રેમભર્યું ચુંબન કર્યું.

'કેટલો સૂકાઇ ગયો છે તું હરિષેણ ! જરા જો તો ખરો. તારા ગાલનાં હાડકાં પણ બહાર દેખાય છે. અરેરે ! તારી આ અવદશા ?' ભીમસેને વાત્સલ્યથી આંસુ નીતરતી આંખે કીધું.

ત્યારે હરિષેણની તો દશા જ કંઇ જુદી હતી. ભીમસેનને વળગીને તેના ખભા ઉપર એ ધ્રૂસકે ને ધ્રૂસકે ચોધાર આંસુએ રડી રહ્યો હતો. તેનું આક્રંદ પાષાણ હૈયાને પીગળાવી નાંખે એવું હતું.

'ના, રડ ભાઈ ! ના રડ, આંસુ લૂછી નાંખ. તારા જેવા યુવાનને આમ રડવું શોભે છે ખરું ? ચાલ સ્વસ્થ બની જા....' ભીમસેને અનુજને આશ્વાસન ને હિંમત આપતાં કહ્યું.

'કેમ કરી આંસુ લૂછી નાંખું બંધુ ! કેમ કરી તેને અટકાવી શકું ? અને કેવી રીતે સ્વસ્થ બનું ? નહિ બંધુ ! નહિ. મને આજ પેટભરીને રડી લેવા દો. મારા આંસુથી તમારા ચરણને ધોઈ લેવા દો.

મેં આપને ઘણાં જ કષ્ટ આપ્યાં છે. મૂર્ખ, એવા મેં આપનો ઘણો અન્યાય કર્યો છે, બંધુ ! ઘણો અન્યાય કર્યો છે.

મારો અપરાધ અક્ષમ્ય છે. બંધુ ! અક્ષમ્ય છે ! હું તો હવે મૃત્યુદંડને જ યોગ્ય છું. તમે મને મારી નાંખો. તલવારથી મારી ગરદન જુદી કરી નાંખો. હું મહાપાપી છું. બંધુ ! હું મહાપાપી છું. પિતાતુલ્ય એવા તમારા ઉપર

મેં નિરર્થક ત્રાસ વર્તાવ્યો છે !

મારા લીધે જ તમારે જંગલ જંગલ ભટકવું પડયું છે. બાળકો ભૂખથી તડપતા જોવા પડયા છે. ભાભીને ભોંય પથારી કરીને સૂવું પડયું છે.

આ બધું જ મેં કર્યું છે ! બધું ! મેં જ કર્યું છે. ઓહ ! મારો ગુનો ઘણો ભયાનક છે. ઘોર અપરાધ મેં કર્યો છે. બંધુ ! મને સખ્તમાં સખ્ત સજા કરો. અને મારા પાપ મને ભોગવવા દો.' હરિષેણે કારમું કરુણ કલ્પાંત કરતાં પોતાની વેદના રડવા માંડી.

'ભૂલી જા એ બધું હરિષેણ ! ભૂલી જા. એ યાદ કરીને હવે વધુ શોક ન કર. આનંદ માન કે તારા વડીલ બંધુ હેમખેમ પાછા આવ્યા છે.' ભીમસેને હરિષેણને સમજાવવા માંડયો.

'કેમ કરી ભૂલું ભાઇ ! કેમ કરી એ બધું ભૂલી શકું ? એ યાદ આવતાં જ મારું હૈયું આક્રંદ કરી ઊઠે છે. અરેરે ! મને હતભાગીને એ પળે એવું કયાંથી સૂઝયું ? હું પણ કેવો મહામૂર્ખ કે પત્નીની વાતમાં ફસાઇ ગયો ! નહિ....નહિ....બંધુ ! હું એ કશું જ ભૂલી શકું તેમ નથી. કશું જ ભૂલી શકું તેમ નથી. એ પ્રસંગ જ મેં બનવા દીધો ન હોત તો ?'

'બનવા કાળ બધું જ બને છે ભાઈ ! તું તો તેમાં

નિમિત્ત માત્ર છે. અમારા જ કોઈ અશુભ કર્મોનું એ પરિણામ હતું. નહિ તો એવું બને જ ક્યાંથી ?

અને આજ તને તારા દુષ્કૃત્યનો પસ્તાવો થઇ રહ્યો છે, એ જ શું બસ નથી ?

પાપ તો ઘણા કરે છે. પણ પાપથી પસ્તાનારા આ જગતમાં ઘણાં જ ઓછા છે.

જે દિવસે તને તારા પાપનું ભાન થયું, એ જ દિવસથી તારું પાપ તો ધોવાતું ચાલ્યું છે. રોજ રોજ તેના માટે આત્મ સાક્ષીએ માફી માંગી એ પાપને તો તેં ક્યારનું ય હળવું કરી નાંખ્યું છે.

તારી બધી જ વિગત મને મંત્રીઓએ જણાવી છે, તું હવે સ્વસ્થ બન. તું નિરપરાધી છે. નિર્દોષ છે.

ગઈ ગુજરી હવે વિસરી જા. નવા પ્રભાતનું નવી તાકાતથી સ્વાગત કર.

મારા પડખોપડખ ઊભો રહે. રાજની આબાદી કર. જૈન શાસનની પ્રભાવના કરવામાં મને સાથ દે. તારા ભત્રીજાઓને રાજધુરાની તાલીમ આપ.

જા, તેમને વહાલથી બોલાવ. તારા ભાભીને પણ પ્રેમથી પગે લાગ; જા, તને મળવા એ અધીરાં બની રહ્યાં છે. ભીમસેન બોલ્યો.

‘ ભાભી ! ભાભી ! મને માફ કરો ! માફ કરો ! સુશીલાના પગમાં પડતાં હરિષેણ રડતાં રડતાં બોલી ઊઠયો.

'ઊઠો, હરિષેણ ! ઊઠો. તમારો આત્મા રડી રહ્યો છે એ જ ઘણું છે. બહારના આંસુને લૂછી નાંખો અને એ કડવી યાદને ખંખેરી નાંખો. કારણ આપણે સૌ સ્વકર્માધીન છીએ. કર્મને એ મંજુર હશે કે તમને અમારા દુઃખના નિમિત્ત બનાવ્યા. પણ તેથી શું ? અમારે અમારા કર્મ ભોગવે જ છુટકો થાત. જે થયું તે સારું થયું એમ સમજો. અમને અનેક પ્રકારના, અનુભવો મળ્યા. જાતજાતના માણસો, વિવિધ દેશોનો તેથી અમને પ્રત્યક્ષ અનુભવ થયો. કર્મની લીલાનો અમે પરચો જોયો. તમારા અશુભ ઈરાદાથી અમને તો શુભ જ થયું છે. સુખ, દુઃખ તો જીવનમાં આવ્યા જ કરે તેમાં તમારો શો વાંક ?

ઊઠો ! સ્વસ્થ બનો અને તમારા વડીલ બંધુના કામમાં મદદ કરો. સુશીલાએ દીયરને ભૂતકાળ ભૂલી જવા સમજાવ્યો.

દેવસેન અને કેતુસેને પણ કાકાને પ્રેમથી બોલાવ્યા. બંને કાકાને પગે લાગ્યા.

'પૂજ્ય કાકા ! આપ તો સુજ્ઞ છો, વિદ્વાન છો, શૂરવીર છો, તમારા જેવા ભડવીર જો આમ રડશો તો પછી અમારા જેવા નાના બાળકનું શું થશે ? હવે તો તમે જ અમારા જીવન ઘડવૈયા છો. અમને રાજની તાલીમ આપો. રાજધુરાને યોગ્ય એવા સંસ્કારનું અમારામાં સિંચન કરો.'

સૌનો વાત્સલ્યભાવ અને સ્નેહ જોઈ હરિષેણનું સંતપ્ત અને પાપના ભારથી પીડાતું હૈયું શાંતી અનુભવવા લાગ્યું.

તેની શરમ જતી રહી, ક્ષોભ ઓછો થઇ ગયો અને હળવા હૈયે પોતાના સ્વજનો સાથે તે ભળી ગયો.

મંત્રીઓ અને નગરશ્રેષ્ઠીઓ તો ભીમસેનની આ ઉદારતા જોઇ મુગ્ધ બની ગયા. તેઓએ તેમનો જયનાદ કર્યો.

થોડીવારે સૌએ પ્રયાણ કર્યું; અહીંથી ભીમસેન અને હરિષેણના અશ્વો સાથે સાથે ચાલવા લાગ્યા.

રાજગૃહી હવે કંઈ બહુ દૂર ન હતી. થોડાજ સમયમાં સૌ રાજગૃહીના પાદરે આવી ઊભા રહ્યા.

ભીમસેને દૂરથી દેખાતા જિનચૈત્યોના ઉન્નત શિખરો જોઇને ભાવથી પ્રણામ કર્યાં : નમો જિણાણં.

રાજગૃહીના નગરજનો તો તેમના નરેશના આગમનની રાહ જોઇને જ ઊભા હતા. જેવા તેઓના દર્શન થયાં કે તરત જ મંગલ વાજિંત્રો ગૂંજી ઊઠયાં. હવામાં ભીમસેનનાં નામના જયનાદનો પ્રચંડ ઘોષ ઊઠવા લાગ્યો.

ધ્વજાઓથી બજાર બધા શણગારેલા હતા. અને ઊંચે ઝરુખા અને અટારીઓ ઉપર અનેક જનોની ભીડ જામી હતી. રસ્તા ઉપર પણ માનવ મેદનીનો પાર ન હતો. ઠેર ઠેર રંગોળી પૂરેલી હતી. આસોપાલવના, સાચા મોતીઓના તોરણ બાંધેલા હતા. નગરની કુમારિકાઓ, યુવતીઓ અને સોહાગણો હાથમાં અક્ષત અને ફૂલહાર લઈને ઊભી હતી.

જયાં જયાંથી ભીમસેન પસાર થયો, ત્યાં ત્યાં સૌએ તેને ફુલડે વધાવ્યો. અનેકોએ તેને ફુલહાર પહેરાવ્યા.

દેવસેન અને કેતુસેનને પણ સૌએ વધાવ્યા અને બુલંદ સ્વરે સૌએ ભીમસેનના નામની ઠેરઠેર જયઘોષણા કરી. સુહાગણોએ વધાઇના ગીત ગાયાં. ભાટ ચારણોએ સ્તુતિ કરી. પુરોહિતોએ અને બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા. આમ વાજતે ગાજતે સૌ રાજમહેલમાં આવ્યા.

બીજે દિવસે રાજસભામાં ભીમસેન મુખ્ય સિંહાસન ઉપર આરૂઢ થયો. એ દિવસે તેણે અનેક બંદીજનોને મુક્ત કર્યા. ઘણા બધા અનુચરોને તેમને યોગ્ય પારિતોષિકો આપ્યા. અનેકોના કર અને મહેસુલ માફ કર્યા.

નગરના તમામ જિનચૈત્યોમાં પૂજા ભણાવી. મુખ્ય દેરાસરે અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યો. કસાઈખાના બંધ કરાવ્યા. દીન અને ગરીબોને ભોજન આપવાનો પ્રબંધ કર્યો. તેમજ સારા ય નગરમાં ચોરી, દારૂ, માંસ, જુગાર, શિકાર, વેશ્યાગમન અને પરસ્ત્રીગમનની કડક બંધી કરવાનું ફરમાન કર્યું. આ ઉપરાંત અન્ય સ્થળોએ ઉપાશ્રયો, જિનચૈત્યો, સરોવરો, ધર્મશાળાઓ બંધાવવાનો પ્રબંધ કર્યો. આ શુભ કામોની જાહેરાત કરી ભીમસેને તે દિવસની રાજસભા બરખાસ્ત કરી. સભાજનોએ ભારે હર્ષનાદ પૂર્વક ભીમસેનનો જયનાદ કર્યો.

□

# ૨૯ ગુરુની ગરવી વાણી

દિવસોને જતાં કંઈ વાર લાગે છે? થોડા દિવસોમાં તો હરિષેણની ઉદાસીનતાથી કથળેલા રાજવહીવટને ભીમસેને સ્થિર કરી દીધો. હરિષેણ પોતાએ પણ રાજ વહીવટમાં મનપૂર્વક રસ લેવા માંડયો. દેવસેન અને કેતુસેન પણ તે કામમાં સાથ આપતા હતા.

રાજગૃહી છોડયા બાદ ભીમસેન અનેક દુઃખોમાંથી પસાર થયો હતો. ભૂખથી પેટ કેવી ચીસો પાડે છે તેનો અનુભવ કર્યો હતો. ધન વિના માનવી કેવી હાલાકી ને કેવા કેવા અપમાન ને અગવડ અનુભવે છે, તેનો તેને બરાબર પરચો થયો હતો. જાત અનુભવથી તે ઘણું શીખ્યો હતો.

દુઃખથી રીઢા બનવાને બદલે કે દુઃખથી ત્રાસી જઈ નાસ્તિક બનવાને બદલે, તે વધુ ધર્મ ઉપર શ્રદ્ધાળુ બન્યો હતો. તેનું હૈયુ વધુ નાજુક બન્યું હતું. કુમાશથી તે પાતળું બન્યું હતું.

આથી પોતાના નગરમાં કોઈ ભૂખ્યું ન રહે તે માટે

તેણે પાકો પ્રબંધ કરાવ્યો. કોઈ સશક્ત કામધંધા વિનાનો ન રહે, તે માટે પણ તેણે યોગ્ય વ્યવસ્થા કરી. બાળકોને નાની વયથી જ યોગ્ય ને ઉત્તમ સંસ્કાર મળે તે માટે પણ ખાસ ધ્યાન આપ્યું. પોતાના નગરજનો કેમ વધુ સુશીલ, સંસ્કારી ને ધર્મિષ્ઠ બને તે માટે તેણે સતત કાળજી રાખવા માંડી.

પોતે રાજગૃહીનો નરેશ હતો, છતાં પણ તેણે કદી રાજાશાહી ભોગવવાની ઇચ્છા ન કરી. એક પિતાની જેમ તેણે પ્રજાને પુત્ર રૂપ માની તેનું રક્ષણ અને સંવર્ધન કરવા માંડયું.

નગરજનો તેના શાસન તળે સુખી અને સમૃદ્ધ હતાં. કોઇને ય તેના માટે કંઈ ફરિયાદ ન હતી. સૌ ભીમસેનની ઉદારતા, ન્યાયપ્રિયતા ને વધુ તો તેના માનવતાલક્ષી ગુણોની પ્રશંસા કરતું હતું. પરદેશીઓ તો તેના મુક્ત કંઠે ગીતો ગાતા હતા.

એક સવારે ઉદ્યાનપાલે ભીમસેનના રાજમહેલમાં આવી વધાઈ ખાધી :

'રાજગૃહી નરેશ શ્રી ભીમસેનનો જય હો !'

'કહો, શું ખબર લાવ્યા છો ? આજ કંઈ શુભ સમાચાર છે ? હોય તો જણાવો.' ભીમસેને ઉદ્યાનપાલના પ્રણામ સ્વીકારતાં કહ્યું.

'રાજન્ ! સમાચાર તો આપના માટે ઘણા જ શુભ અને મંગલ છે. રાજગૃહીની ધરતી આજ પાવન થઇ રહી છે ! સંતોના ચરણ સ્પર્શથી તેની ધૂળ પવિત્ર બની રહી છે ! શ્રમણ ભગવંતોના આગમનથી રાજગૃહીની દશે ય દિશાઓ

સુવાસિત બની રહી છે ! કુસુમશ્રી ઉદ્યાનમાં પ્રાતઃસ્મરણીય, સંસારતારક, પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજા તેમના શિષ્ય પરિવાર સાથે પધાર્યા છે !

આચાર્ય ભગવંતની નજરમાં શું દિવ્ય તેજ છે ! શું તેમની પ્રભાવી ને પ્રતાપી દેહયષ્ટિ છે ! અંગેઅંગમાંથી જ્ઞાન અને ચારિત્ર્યનાં તેજ કિરણો જાણે ચમકે છે ! શું તેમનો ગંભીર સ્વર છે !

તેમના મુખમાંથી સરેલા એ શબ્દ ' ધર્મ લાભ ' હજીય મારા કાનમાં ગૂંજે છે ? મારા તો તેમના દર્શન માત્રથી સઘળા તાપ શમી ગયાં છે !

રાજન્ ! આપ પણ ભગવંતના દર્શનાર્થે પધારો. સંસાર આખો આપનો સુવાસિત બની જશે.'

' ઉદ્યાનપાલ ! તારા આ શુભ સમાચારથી મારું રોમે રોમ હર્ષિત થઇ ઊઠ્યું છે. મારો મન મયૂર નાચી ઊઠ્યો છે. લે, આ રત્નહાર ! તારી વધાઇનો તને ઉપહાર ! હું અબઘડી ત્યાં આવી પહોંચું છું. અને જો, આચાર્યશ્રીની પૂરેપૂરી આગતા સ્વાગતા કરજે. તેઓશ્રીને વિના પૂછે જ તેમને જોઇતી ને તેમને ખપે એવી તમામ ચીજ વસ્તુઓની સગવડ કરી દેજે. સંતોની તારી સેવાનો લાભ મિથ્યા નહિ જાય.'

જેવી આપની આજ્ઞા.' ઉદ્યાનપાલે રત્નહાર લઇ વિદાય લીધી.

ભીમસેન પણ આચાર્ય ભગવંતને વંદના કરવા જવા

માટે ઉતાવળ કરવા લાગ્યો. અને ત્યાં ઊભેલા દ્વારપાળને મંત્રીને બોલાવી લાવવાની આજ્ઞા કરી. તેમજ હરિષેણ, દેવસેન, કેતુસેન, સુશીલા સૌને આ શુભ સમાચાર પહોંચાડવા જણાવ્યું.

રાજ આજ્ઞા મળતાં જ મંત્રી ભીમસેનને પ્રણામ કરીને ઊભો રહ્યો.

'આપણી સેનાને તૈયાર કરાવો. હમણાં જ આપણે કુસુમશ્રી ઉદ્યાનમાં જવું છે.. ત્યાં આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરિ મહારાજ પધાર્યા છે. તેમના દર્શન કરવા જવું છે.'

'જેવી આપની આજ્ઞા.' મંત્રી રાજ આજ્ઞાનું પાલન કરવા ચાલ્યો ગયો.

એટલીવારમાં તો હરિષેણ, દેવસેન, કેતુસેન અને મહારાણી સુશીલા પણ સુંદર વસ્ત્રોમાં સજ્જ થઇને આવી પહોંચ્યા. ભીમસેન પણ થોડીવારમાં સ્નાન વગેરે નિત્ય કર્મ પતાવી રાજપોષાક પહેરીને તૈયાર થઈ ગયો.

અને સેના સાથે ભીમસેન ગજારૂઢ થઈને કુસુમશ્રી ઉદ્યાન તરફ જવા લાગ્યો. ઉદ્યાનથી થોડે દૂર પહોંચતાં જ પોતે ગજરાજ ઉપરથી નીચે ઉતરી ગયો. પોતાનો રાજમુગુટ પણ ઉતારી કાઢયો. ઉપાનહ પણ કાઢી નાખ્યા અને ઉઘાડા પગે આત્માનો ઉલ્લાસ અનુભવતો આચાર્યશ્રી પાસે સપરિવાર આવીને ઊભો રહ્યો.

સૌ પ્રથમ તેણે ભાવપૂર્વક આચાર્યશ્રીને પંચાંગ પ્રણિપાત પૂર્વક વંદના કરી. તેમની સુખશાતાદિ પૂછી. ત્યાર

પછી અન્ય મુનિ ભગવંતોને ભાવપૂર્વક વંદના કરી. સૌને વંદના કર્યા બાદ બે હાથ જોડી વિનયથી આચાર્ય શ્રીને વિનંતી કરવા લાગ્યા :

'ગુરુ ભગવંત ! આપના દર્શનથી મારો આજનો દિવસ ધન્ય બની ગયો છે ! આપ તો વિદ્વાન છો. ગીતાર્થ છો. શાસ્ત્રજ્ઞ છો. આપની અમૃતવાણીનું અમને પાન કરાવો. શ્રી વીર પરમાત્માનો અમને સંદેશ સુણાવો. સંસારના તાપથી સળગતા એવા અમને તમારી વાણી જળથી શાંત કરો.'

આચાર્યશ્રીને ભીમસેન ઋજુ આત્મા લાગ્યો. ધર્મ પમાડવાનું તો તેમનું કર્તવ્ય હતું. તેમણે રાજાની વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો. અને નિર્દોષ આસન ઉપર બેસી, મુખ આડે મુહપત્તી રાખી તેમણે દેશનાનો પ્રારંભ કર્યો : પ્રથમ પંચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કર્યું. તીર્થંકર ભગવંતોની સ્તુતિ કરી. ગુરુ ભગવંતની સ્તવના કરી અને વ્યાખ્યાનની શરૂઆત કરી :

'ભવ્યાત્માઓ ! ધર્મ અને અધર્મના વિવેકને જાણો. ધર્મથી રાજ્ય પ્રાપ્ત થાય છે. ધર્મથી ઉત્તમ ને ખાનદાન કુળમાં જન્મ થાય છે. ધર્મથી જ સુખ અને સાહ્યબી મળે છે. આરોગ્ય ધર્મથી જળવાઈ રહે છે. મનની શાંતિ અને આરામ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. એ ધર્મનું અહોર્નિશ તમે આરાધન કરો.'

ભવ્યો ! યાદ રાખો કે એ ધર્મના પ્રભાવથી જ તમને આજ માનવ જન્મ મળ્યો છે. આ માનવ જન્મ મેળવ્યા

પહેલાં જીવને ચોર્યાશી લાખ યોનીમાં ભટકવું પડ્યું છે. દરેક ભવે તેને જન્મ અને મરણનું દુઃખ સહન કરવું પડ્યું છે. ત્યારે કો'ક ભવના પુણ્ય બળે આજ તમને પાંચ ઈન્દ્રિયોથી યુક્ત એવું માનવ શરીર પ્રાપ્ત થયું છે.

શાસ્ત્રકાર મહારાજાએ આ માનવ જન્મને સમજાવતાં એક સુંદર દૃષ્ટાંત કહ્યું છે.

આ ભરતક્ષેત્રમાં વસંતપુર નામે એક નગર છે. ત્યાં એક સમયે શતાયુધ રાજા રાજ્ય કરતો હતો. આ રાજાને ચંદ્રાવતી નામે એક રાણી હતી. નામ પ્રમાણે જ તે શરદ પૂનમના ચંદ્ર જેવી સૌન્દર્યવતી હતી.

એક દિવસ આ ચંદ્રાવતી પોતાના મહેલના ઝરુખામાં ઊભી ઊભી રસ્તા ઉપર જતા આવતા માણસો, વાહનો વગેરેને જોતી હતી. ત્યાં તેની નજર દૂરથી આવતા એક યુવાન ઉપર પડી.

યુવાન સોહામણો ને સુંદર હતો. તેના કાળા ભમ્મર ને વાંકા ઝુલ્ફા જોનારના ચિત્તને ખેંચી રાખે તેવાં હતાં. પડછંદ કાયા હતી. ભવ્ય લલાટ હતું. વિશાળ નેત્રો હતાં. આજાન બાહુ હાથ હતા. અને વિશાળ છાતી હતી. તેની ચાલમાં એક છટા હતી. રૂવાબ હતો. સિંહ ગતીની જેમ તે ધીરે પણ મક્કમ પગલે રસ્તા ઉપર ચાલી રહ્યો હતો.

ચંદ્રાવતી આ યુવાનને જોઇ જ રહી. તેની આંખો તેના ઉપર સ્થિર બની ગઈ. જેમ જેમ એ નજદીક આવતો ગયો, તેમ તેમ તેની છબી સ્પષ્ટ થતી ગઈ. જ્યારે એ

બરાબર નજદીક આવ્યો, ત્યારે તો તેનું એ રૂપ, તેનો એ બાંધો, તેનું ગુલાબી વદન જોઈ ચંદ્રાવતી ભાન ભૂલી ગઈ.

તેના અંગેઅંગમાં કામ સળગી ઊઠયો. તેની આગ તેને બાળવા લાગી. તેનું મન ચંચળ બની ગયું. તે એ યુવાનને ઝંખવા લાગી. મનોમન જ તેણે નક્કી કર્યું. આ યુવાનને હું મારો બનાવીને જ જંપીશ.

ચંદ્રાવતી યુવાનના વિચારમાં એટલી બધી ઊંડી ઊતરી ગઇ હતી, કે તેને એ પણ ખબર ન પડી કે તેની બાજુમાં આવીને તેની દાસી કયારની ય ઊભી રહી છે.

પણ દાસીએ રાણીની સમાધીમાં ભંગ ન પાડયો. તે ચૂપચાપ ઊભી રહી અને રાણીના મનોભાવ વાંચવા લાગી.

રાણીને જયારે ખબર પડી કે દાસી તેના હુકમની રાહ જોતી શાંત ઊભી છે ત્યારે તે બોલી: 'અરે! તું કયારે આવી?'

'રાણીજી! ઘણા સમયથી હું તો અહીં ઊભી છું. તમને ઊંડા વિચારમાં ઊભેલાં જોઈ હું કંઇ બોલી નહિ.' દાસીએ કહ્યું.

'મારું એક કામ ન કરે તું?' રાણીએ ધીમા સ્વરે કીધું.

'એક શું? તમે કહો તેટલાં કામ કરી દઉં.? કહો તો પેલા યુવાનને મેળવી આપું.' દાસીએ રાણીના કાન પાસે જઈને કહ્યું.

'તને કેવી રીતે ખબર પડી કે હું એ યુવાનના વિચારમાં છું ? ખેર, કંઈ નહિ. તું એ યુવાનનો પત્તો મેળવી લાવ. અને હું તને એક પત્ર લખી આપું છું, તે તું તેને આપી દેજે.' રાણીએ સુચના કરી. અને જતાં જતાં કહ્યું : જોજે. આ વાતની કોઈને જાણ ન થાય. ખૂબ જ સાવધાની અને ખબરદારીથી આ કામ કરજે.'

સજ્જનો ! વિચાર કરજો. આ રાણી પરિણીતા છે. રાજરાણી છે. છતાં પણ પોતાના પતિ સિવાય બીજા પુરુષને ભોગવવા કામાંધ બની છે. દાસીને એ આ વાત તે ખાનગી રાખવા જણાવે છે. કારણ જો આ કર્મની રાજાને ખબર પડી જાય તો તો પોતાનું આવી જ બને.

ભવ્યો ! આ સંસારમાં ઘણા મોટા ભાગના માણસો આ રાણી જેવાં જ છે. પાપનો તેમને ડર નથી હોતો. પાપથી પકડાઈ જવાનો જ તેમને ડર હોય છે, ખરું જોતાં તો માણસે પાપથી જ ડરવું જોઇએ. પાપકર્મનો વિચાર કરતાં જ ભય લાગવો જોઇએ. પરન્તુ આવું ભાગ્યે જ બને છે. માણસ પાપ જરૂર કરે છે, પણ એ પાપની કોઈને જાણ ન થાય, તે માટેની જ એ સાવધાની રાખે છે. પરંતુ આવું પાપ કયાં સુધી છૂપું રહી શકે ? કદાચ જગતથી તે છાનું રહી શકે પણ કર્મરાજાની આંખમાંથી એ અછતું રહે ખરું ?

દાસી પણ આવા કામ કરવામાં કુશળ હતી. રાણીનો પત્ર લઈ એ યુવાનના મહેલે ગઈ, યુવાનને મળી. તેનો પરિચય કેળવ્યો અને તેને વિશ્વાસમાં લઈ દાસીએ રાણીનો પત્ર આપ્યો.

યુવાન તો વિચારમાં પડી ગયો. શું કરવું ? રાણીએ પત્રમાં સ્પષ્ટ લખ્યું હતું. તમે જો મારા દિલની આગ શાંત નહિ કરો તો તમારી યાદમાં ને તમારા વિરહમાં હું મારા પ્રાણનો પણ ત્યાગ કરી બેસીશ. મારા મૃત્યુનું કારણ તમે જ બનશો. તમને સ્રીહત્યાનું મહાપાપ લાગશે. માટે મારા હૃદયના ચોર ! તમે જરૂરથી મારી આશા અને કામનાને પૂરી કરવા સત્વરે આવી પહોંચજો.

આ પત્ર વાંચી યુવાનને પોતે કયાંક સાંભળેલું યાદ આવ્યું. તેણે કયાંક સાંભળ્યું હતું, કે કામીજનોની દશ દશાઓ હોય છે. શરીરમાં વિકાર ઉત્પન્ન થયા પછી ધીમે ધીમે એ દશ દશામાંથી પસાર થાય છે.

પહેલાં તેના મનમાં ચિંતા થાય છે. મનમાં એ વ્યગ્ર બને છે. આમ પત્રના વિચારમાં જ એ નિશદિન ડૂબેલો રહે છે. એ પછી અનુક્રમે બીજી દશામાં સંગની ઈચ્છા થાય છે. ત્રીજી દશામાં તે ગરમ ગરમ શ્વાસ લે છે ને કાઢે છે. ચોથી દશામાં તેને ઝીણો તાવ આવે છે. શરીર ગરમ રહે છે. પાંચમી દશામાં આખા શરીરે તેને બળતરા થાય છે. અંગેઅંગ તેનું વિહ્વળ બને છે. કયાંય તેને ચેન પડતું નથી. આમ થવાથી છઠ્ઠી દશામાં ભોજન પ્રત્યે તેને અરુચિ થાય છે. ખાવાનું ભાવતું નથી. ખાવા બેસે છે તો પૂરતુ ખવાતું નથી. સાતમી દશામાં તેથી તેને મૂર્ચ્છા આવે છે. એ શૂન્યચિત્ત બની જાય છે. તેનું મન કશાયમાં ગોઠતું નથી, અને આવીને આવી દશા વધુ રહેતાં તે આઠમી

દશામાં ગાંડો બને છે. પાગલ બની એ ભટકે છે અને વ્યર્થ પ્રલાપો કરે છે. આ ગાંડપણમાં તે નવમી દશાએ પહોંચતા મરવા તૈયાર થાય છે. આપઘાત કરવા એ પ્રયત્ન કરે છે. અને આખરે આ વિકાર ઉગ્ર ને ઉત્કટ બનતાં ને તેની શાંતિ ન થતાં તે છેલ્લે આત્મહત્યા કરે છે.

યુવાનને થયું આ રાણી તો છેલ્લી દશા સુધી આવી પહોંચી છે. પોતે જો તેના દિલને શાતા નહિ આપે તો એ જરૂરથી આત્મહત્યા કરશે.

પણ રાણી પાસે પહોંચવું શી રીતે? તે વિચારમાં એ ઊંડો ઊતરી ગયો.

'શું વિચાર કરો છો?' દાસીએ પૂછ્યું.

'પણ આ બને કેવી રીતે? મને અંતઃપુરમાં આવવા કોણ દે? અને ત્યાં આવી મને કોઈ જોઈ જાય તો તો હું જાનથી જ માર્યો જાઉંને?'

'તેની ચિંતા તમે ન કરશો. એ બધું જ હું સંભાળી લઈશ. કૌમુદી મહોત્સવની રાતે તમે અંતઃપુરના પાછળના ભાગમાં આવજો. તે રાત્રિએ રાજા શતાયુધ વગેરે તમામજનો બહાર ગયા હશે. એ સમયે રાણીને ત્યાં રોકી રાખીશ. ત્યારે તમને ભરપૂર એકાન્ત મળશે. રાણી પણ મળશે. ચેનથી તમે આનંદ કરજો.'

આમ યુવાનને વિશ્વાસ ને હિંમત આપી દાસી રાણી પાસે આવી.

'શું કરી આવી? કોણ છે એ યુવાન?' દાસીને

જોતાં જ તેને એકદમ પોતાની નજદીક બેસાડી ઘણા બધા પ્રશ્નો રાણીએ પૂછી નાંખ્યા.

દાસીએ કહ્યું : 'શ્રીધર નામના સાર્થવાહનો એ પુત્ર છે. લલિતાંગ તેનું નામ છે.' આટલો પરિચય આપી પછી પોતે જે યોજના કરી હતી તે બધી સવિસ્તર કહી.

રાણી દાસીની બુદ્ધિ ઉપર ખુશ થઈ ગઈ અને તેને પોતાની વીંટી ભેટ આપી દીધી.

કૌમુદી મહોત્સવની રાતે દાસીની યોજના મુજબ લલિતાંગ રાણીના અંતઃપુરમાં આવ્યો. આવીને એ રાણીની સામે બેઠો. રાણીએ તેને વાસનાને ઉત્તેજે તેવાં મિષ્ટાન્ન ખવડાવ્યાં. તેવું પીણું આપ્યું ને વાતો પણ તેવી જ કરવા લાગી.

લલિતાંગ પણ રાણીને જોઈ ભાન ભૂલી ગયો. તેના રૂપમાં એ લુબ્ધ બન્યો.

કહ્યું છે કે, વિષયોના વિચારથી સંગની ઇચ્છા થાય છે. સંગ થવાથી કામ ઉત્પન્ન થાય છે. કામથી ક્રોધ પ્રગટે છે. ક્રોધથી સંમોહ જન્મે છે. સંમોહથી સ્મૃતિ ભ્રમ થાય છે. સ્મૃતિ ભ્રમથી બુદ્ધિનો ક્ષય થાય છે. અને બુદ્ધિ ક્ષય થવાથી સર્વનાશ થાય છે.

લલિતાંગની પણ દશા એવી જ થઇ રહી હતી. બુદ્ધિને ગીરવે મૂકી એ રાણી સાથે આનંદથી વિલાસને માણી રહ્યો હતો. રાણી પણ તેમાં તલ્લીન બની ગઈ હતી. બેયમાંથી કોઇને કશાયનું ભાન રહ્યું ન હતું. આ દુનિયામાં જાણે

પોતે બે જ જીવ જીવે છે ને બીજા કોઈનું અસ્તિત્વ નથી તેમ વિલાસમાં ડૂબી રહ્યાં હતાં.

ત્યાં કોણ જાણે ક્યાંથી શતાયુધ ત્યાં આવી પહોંચ્યો, બંધ બારણાને તેણે ખખડાવ્યું.

આમ તો શતાયુધ મહોત્સવમાં ગયો હતો. રાણીને પણ સાથે આવવા આગ્રહ કર્યો હતો. પરંતુ પોતાનું આજ માથું દુઃખે છે તેથી પોતે આવી શકે એમ નથી, તેવું બહાનું કાઢી એ ઘેર રહી અને રાજા એકલો ગયો. ત્યાં અંતઃપુરની વૃદ્ધ કોઈ દાસીએ જઇને શતાયુધને ખબર કરી રાણીનું માથું દુઃખતું નથી. પણ એવું અસત્ય બોલી તે કોઈ પરપુરૂષ સાથે ભોગ વિલાસ માણી રહી છે. આ જાણ થતાં તે સીધો અંતઃપુરમાં આવ્યો ને રાણીના ખંડનાં બારણાં ખખડાવ્યાં.

બારણે અવાજ સાંભળી રાણી અને લલિતાંગ બંને ગભરાઈ ગયાં. હવે શું કરવું ? રાજાની નજરથી કેવી રીતે બચવું ? રાણી તરત જ કપડાં વગેરે વ્યવસ્થિત કરીને ઊભી થઈ ગઈ. લલિતાંગ પણ નાસવાની તૈયારી કરવા લાગ્યો.

રાણીએ તરત જ તેને પાછળના ભાગમાં જ્યાં સંડાસ વગેરે હતા એ ખાડામાં સંતાઈ જવા કહ્યું.

ડરનો માર્યો લલિતાંગ તરત જ એ ખાડામાં કૂદી પડયો. ખાડામાં પડતાં જ વિષ્ટા વગેરેથી તેનાં કપડાં અને શરીર ગંદાં બની ગયાં. દુર્ગંધથી તેનું મગજ ફાટ ફાટ થવા લાગ્યું.

પણ થાય શું ? રાજાના ક્રૂર મોતે મરવું તેના કરતાં આ ગંદકી સહન કરવી સારી. એમ વિચારી એ આખી રાત તેમાં પડયો રહ્યો. ને ત્યાં પડયો પડયો વિચારવા લાગ્યો.

અરર ! આજ મેં મારી કેવી દશા કરી મૂકી ! કયાં મારી બુદ્ધિ ! કયાં મારું રૂપ ! ને મેં કયાં આ સાહસ કર્યું ! મેં વળી કયાં આ કુબુદ્ધિ કરી ?

રાણીના રૂપમાં હું લુબ્ધ ન બન્યો હોત, તેની સાથે ભોગવિલાસમાં હું રત ન બન્યો હોત, તો આજ મારી આવી દશા થાત ખરી ?

હે પ્રભો ! હું ફરીથી હવે આવી ભૂલ કદી નહિ કરું. કયારેય કોઈ પરસ્ત્રી સામે કુદષ્ટિથી જોઈશ નહિ. તેના વિષે વિચાર કરીશ નહિ.

આખી રાત તે આમ પડયો રહ્યો, બીજો દિવસ ઉગ્યો. પણ રાણી તો સાવ ભૂલી જ ગઈ હતી, કે તેના દિલનો ચોર સંડાસના ખાડામાં પડયો છે. એ તો તેના જીવનમાં મસ્ત બની ગઈ.

લલિતાંગથી તો બહાર નીકળાય તેમ ન હતું. કારણ બહાર નીકળવાનો કોઈ રસ્તો જ તેને દેખાતો ન હતો. અને અંદર રહેવાનું પણ સહન થાય તેમ ન હતું. અધૂરામાં પૂરું સવાર પડતાં જ એ ખાડામાં વિષ્ટા ને એઠાં ધાન વગેરે પડવા લાગ્યાં. લલિતાંગ તો આ વેદનાથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ગયો.

કેટલોક સમય ગયા બાદ એ ખાડાનો માર્ગ કોઈએ

ખોલ્યો. ભંગીઓ એ ખાડો સાફ કરવા આવ્યા હતા. લલિતાંગ મળમૂત્ર ને વિષ્ટાથી ખરડાઈ ગયો હતો. તે જીવતો હતો. પરંતુ તેને ભાન ન હતું. બેશુદ્ધ અવસ્થામાં પાણીના ઘસારા સાથે એ બહાર ફેંકાઈ ગયો.

તેના ભાગ્યોદયે એ સમયે ત્યાંથી તેની ધાત્રી ત્યાંથી પસાર થઇ. લલિતાંગને જોતાં જ તેણે પ્રેમથી સાફ કર્યો. સુંદર કપડાં પહેરાવ્યાં અને તેના ઘરે તેને મોકલી દીધો.

લલિતાંગને એટલો બધો કડવો અનુભવ થયો હતો, કે તે હવે એવા પાપ કરવાની ખો ભૂલી ગયો. અને એ પછી ધર્મકર્મમાં વધુ તત્પર બન્યો.

ફરી એકવાર લલિતાંગ ઘોડે ચઢી રાણીના મહેલ તરફથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે રાણીએ તેને બોલાવ્યો. દાસી સાથે નિમંત્રણ મોકલ્યું.

પરંતુ લલિતાંગ હવે ફસાવા નહોતો માંગતો. રાણીના રૂપમાં લુબ્ધ બની નરકની યાતના ભોગવવા નહોતો ઇચ્છતો. રાણીના ઇજનનો તેણે સ્પષ્ટ ઈન્કાર કર્યો અને દુઃખથી ઊગરી ગયો.

જ્ઞાની ગીતાર્થ ભગવંતો આ દૃષ્ટાંતનો ઉપનય સમજાવતાં જણાવે છે કે, હે મહાનુભાવો ! આ લલિતાંગ કુમારને તમે જીવ જાણો. માનવ ભવ એ રાણી ચંદ્રાવતી જેવો છે. ઘણાં બધાં આકર્ષણો ને પ્રલોભનોથી એ જીવને પોતા તરફ આકર્ષે છે, ખેંચે છે. પોતાની પાસે એ જીવને જકડી રાખે છે. અને જે દાસી છે તેને ભોગેચ્છા સમજો. એ ઇચ્છા જીવને

વધુ વિહ્વળ બનાવે છે. પાપમાં દોરી જાય છે, પાપ કરાવે છે. ને અંતે નરકના ખાડામાં જીવને પડવું પડે છે. રાજાને સાક્ષાત્ મૃત્યુ જાણો. તેનાથી જીવ ડરે છે અને તેનાથી ગભરાયેલો જીવ ગમે ત્યાં કૂદી પડે છે.

જે વિષ્ટાનો ખાડો હતો તે ગર્ભવાસ છે. જીવ ત્યાં નવ નવ માસ સુધી ઊંધા માથે રહે છે. વીર્ય ને પરસેવા વગેરેથી એ ગોંધાયેલો રહે છે.

લલિતાંગના ખાડામાંથી બહાર નીકળવાના પ્રસંગને પ્રસવ જાણો. જીવ અનેક યાતના વેઠી માતાના ગર્ભમાંથી બહાર આવે છે.

ધાત્રીને તમે પુણ્ય માનો. પુણ્ય હોય તો એવો સંયોગ મળે છે. સુખ ને સાહ્યબી મળે છે.

ભવ્યાત્માઓ ! ગર્ભાવાસનું દુઃખ ખરેખર અસહ્ય ને અકથ્ય છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે, કેળના ગર્ભ જેવું સુકોમળ શરીર હોય, એ શરીર ઉપર અગ્નિથી તપાવેલી લાલચોળ અનેક સોંયો એકી સાથે ભોંકવામાં આવે ને તેનાથી શરીરને જે વેદના થાય, રોમેરોમમાં જે લાય બળે, અંગે અંગમાં જે બળતરા, કષ્ટ થાય તેના કરતાં આઠ ઘણું વિશેષ દુઃખ ગર્ભમાં રહેલા જીવને થાય છે. અને પ્રસવ સમયના જીવને થતાં દુઃખની તો કોઈ ગણત્રી જ નથી. અનંત દુઃખ તે સમયે જીવ અનુભવે છે.

ભવ્યજનો ! ગર્ભાવાસના આ દુઃખને સાંભળીને તમે

સૌ એવો પુરૂષાર્થ કરો કે જેથી ભવાંતરમાં કયારેય પણ તમારે એ દુઃખ સહન ન કરવું પડે.

આ દુઃખ નિવારવાનો એક માત્ર ઉપાય ધર્મ જ છે. જે જીવો શુભ ને શુદ્ધ મને આત્મધર્મની એકાગ્રતાપૂર્વક ઉત્કટપણે આરાધના કરે છે, તે જીવોને ફરી ફરી જનમવું પડતું નથી.

બાકી આ ચૌદ રાજલોકમાં એવું એક પણ સ્થાન ખાલી નથી રહ્યું, કે જ્યાં કર્મતંત્રથી પરાધિન એવા જીવે ત્યાં જન્મ ન લીધો હોય! અને આ જનમ–મરણના ફેરા જીવે કેટલીકવાર કર્યા, કયાં કર્યા તેનો કોઇ હિસાબ નીકળી શકે તેમ નથી.

આવા અનંતા જન્મોમાં ભમી ભમી આજ જીવને માનવજન્મ પ્રાપ્ત થયો છે, ત્યારે આ ભવ કેટલો દુર્લભ હશે? આ હિસાબે આ માનવ જન્મનું કેટલું બધું મૂલ્ય હશે?

દેવભવ, તિર્યંચભવ વગેરે ભવો તો વારંવાર મળે છે. પરંતુ આ માનવભવ વારંવાર મળતો નથી. આથી જ તો શાસ્ત્રકાર મહારાજાઓએ આ માનવભવને દશ દૃષ્ટાંતો વડે દુર્લભ કહ્યો છે.

આ દશ દૃષ્ટાંતો અનુક્રમે આ પ્રમાણે કહ્યાં છે: (૧) બ્રાહ્મણનું ભોજન, (૨) પાશક, (૩) ધાન્યનો ઢગલો, (૪) જુગાર, (૫) મણી, (૬) ચંદ્રના પાનનું સ્વપ્ન, (૭) ચક્ર, (૮) કાચબો, (૯) યુગ અને (૧૦) પરમાણું.

આ દૃષ્ટાંતો માનવભવની દુર્લભતા સમજાવનારા છે. આપણે તે વિગતથી જોઈએ.

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ એક બ્રાહ્મણને ખુશ થઈ વરદાન આપ્યું કે 'જાવ, ભૂદેવ! આ સમસ્ત ભરતક્ષેત્રમાં જેટલાં ઘર છે, તે દરેક ઘેરથી તમને રોજેરોજ ભોજન મળશે.

ભરતક્ષેત્રમાં ઘર કેટલાં? અને બ્રાહ્મણનું આયુષ્ય કેટલું? એ આયુષ્યના દિવસો કેટલા? એ દિવસોના ટંક કેટલા?

હવે જે ઘરેથી તે બ્રાહ્મણને એક ટંક ભોજન મળ્યું હોય, તે ઘરનો ફરીથી બ્રાહ્મણને જમાડવાનો સમય આવે ખરો? એ શક્ય છે ખરું?

એ જ રીતે માનવભવનું છે. એ એકવાર મળ્યો તે મળ્યો. વારંવાર તે મળતો નથી.

+ + +

જુગારમાં ખેલાડી ચાણક્યે તમામ શ્રીમંતોને જુગારમાં હરાવી દીધા. ને તેનાથી જે ધન મળ્યું તેનાથી તેણે ચંદ્રગુપ્તનો રાજભંડાર ભરી દીધો.

આ શ્રીમંતોમાંથી કોઈ કદાચ ચાણક્યને ફરી જુગારમાં હરાવી પોતાનું ધન મેળવી શકે એ કદાચ બને. પરંતુ જે જીવ માનવ જન્મને એકવાર હારી જાય છે, તે જીવ ફરીથી માનવજન્મને મેળવી શકતો નથી.

* * *

કંઇ કરોડો મણના હિસાબે એક શ્રીમંતે ધાન્યનો ઢગલો કર્યો. તેમાં પાશેર જેટલા જ સરસવ ભેળવી દીધા. અને પછી એક ડોશીને એ જુદા કરવા કહ્યું.

શું આ શકય છે ખરું? કદાચ શકય બને. પણ એકવાર જો માનવભવથી ભ્રષ્ટ બની ગયો, તો તે કોઈ કાળે પછી પાછો મેળવી શકાતો નથી.

\+ \+ \+

એક રાજાએ પોતાના પુત્રને કહ્યું : હે સુત ! તું જો મારી શરત પ્રમાણે મને જીતે તો હું તારો રાજ્યાભિષેક કરું. શરત આ પ્રમાણે છે :

આપણી રાજસભામાં એક હજાર ને આઠ સ્તંભ છે. હરેક સ્તંભને એકસો ને આઠ ખૂણા છે.

જુગારના ક્રમ વડે એક એક ખૂણાને જીતતા, એકસોને આઠ ખૂણા જીતે ત્યારે એક સ્તંભ જીતાયો કહેવાય. આમ જીતતાં જો તું એકવાર પણ હારે તો તારે ફરીથી દાવ રમવો પડે. આમ તું દરેક બાજીએ જીતતા ઠેઠ ૧૦૦૮ સ્થંભ જીતી લે તો તને રાજ આપું.'

દેવની સહાયથી કદાચ એ પુત્ર બધી બાજી જીતી પણ લે. પરંતુ સુકૃત્ય વિનાનો હારી ગયેલો માનવભવ ફરીને મેળવવો દુર્ઘટ છે. જુગારમાં ફરીથી દાવ ખેલી શકાય છે. માનવભવની શરૂઆત એમ ફરી ફરી થતી નથી. એ તો એકવાર હાર્યા તે હાર્યા જ.

\+ \+ \+

ઝવેરીના પુત્રોએ દેશવિદેશથી આવેલા ઘણા બધા પરદેશીઓને કિંમતી રત્નો વેચ્યા.

પિતા તે સમયે બહારગામ હતા. બહારગામથી પાછા આવી તેમણે પૂછયું : 'રત્નો કયાં ગયાં ?'

પુત્રોએ કીધું : 'એ રત્નો તો અમે સારા મૂલ્યે વિદેશીઓને વેચી નાંખ્યા છે.'

આ વિદેશીઓ પણ કોઈ એક દેશના ન હતા. એક એક વિદેશી અલગ અલગ દેશનો હતો અને વિદેશી તો ઘરાક હતા. વધુ પરિચય તો પુત્રોને હતો નહિ.

એ રત્નો પાછા મેળવી લાવવા પુત્રોને પિતા કહે તો શું એ રત્નો પાછાં મેળવી શકાય ખરાં ?

માનવભવ પણ એક વખત ગયો તે ગયો જ સમજવો.

* * *

મુળદેવ અને એક બાવાના શિષ્યને એક જ રાતે એક સરખું સ્વપ્નું આવ્યું.

સ્વપ્નમાં બંનેએ ચંદ્રનું પાન કર્યું.

મુળદેવને એ સ્વપ્નના પ્રતાપે રાજ્ય મળ્યું. બાવાના શિષ્યે ગુરુને સ્વપ્ન ફળ પૂછયું, તો ગુરુએ કહ્યું આજ તને ભિક્ષામાં ઘી અને ગોળવાળો સુંદર માલપુઓ મળશે.

સ્વપ્ન બાદ જે વિધિ કરવી જોઇએ તે શિષ્યે કરી નહિ ને તે ઉત્તમ ફળ ગુમાવી બેઠો.

માનવભવ પામી જો સુકૃત કર્મ કરવામાં ન આવે તો તે ભવનું ફળ પણ ગુમાવી જ દેવાય છે.

* * *

તેલનો ભરેલો મોટો કુંડ છે. એ કુંડની વચમાં એક સ્થંભ છે. એ સ્થંભ ઉપર રાધા પૂતળી છે. એ પૂતળીની નીચે ઉલટ સુલટ ક્રમે ફરતા એવા ચાર ચક્રો સતત ફર્યા કરે છે. આ ઉપરાંત આ સ્થંભ ઉપર એક મોટું ત્રાજવું લટકાવેલું છે.

આ ત્રાજવામાં ઊભા રહી જે કોઈ નીચી નજરે એટલે કે તેલમાં પડતા રાધાપૂતળીના પડછાયાને જોઈ તેની ડાબી આંખને તીરથી વીંધી શકે, તેણે રાધાવેધ સિદ્ધ કર્યો કહેવાય.

આ રાધાવેધ અત્યંત દુર્ઘટ છે. તેમ સુકૃત વિનાનો હારી ગયેલો માનવભવ ફરીથી પ્રાપ્ત થવો અશક્ય છે.

* * *

પૂર્ણિમાની એક રાતે સરોવરના કાંઠા ઉપર રહેલા કાચબાએ, પવનના ઝપાટાથી સેવાલ દૂર થતા ચંદ્રનો પ્રકાશ જોયો.

આ પ્રકાશ જોવા માટે તે પોતાના કુટુંબને બોલાવવા દોડયો. કુટુંબને લઇ એ પાછો ફર્યો ત્યારે બધું જ પૂર્વવત્ હતું. સેવાલને લઈ ચંદ્રનું દર્શન થતું ન હતું.

આ કાચબો કદાચ ફરી ચંદ્ર દર્શન કરવા ભાગ્યશાળી બને, પરંતુ મનુષ્યભવને ગુમાવનારો જીવ ફરીથી તે જન્મ પામી શકતો નથી.

* * *

અસંખ્ય યોજનના વિસ્તારવાળો અને હજાર યોજન ઊંડો એવો સ્વયંભૂરમણ સમુદ્ર છે.

કોઈ દેવ કૌતુકથી આ સમુદ્રમાં પૂર્વ દિશામાં ગાડાની ધુંસરી નાંખે અને પશ્ચિમ દિશાએ તેની ખીલી નાંખે.

આવડા મોટા સમુદ્રના જલતરંગો વચ્ચે એ ખીલી શું ધુંસરીમાં પેસે ખરી ?

કદાચ દૈવયોગે તે ખીલી પોતાની મેળે પ્રવેશ કરે પણ ખરી.

પરંતુ પુણ્યહીન માણસ એકવાર આ માનવભવ ગુમાવી બેસે છે, તો તે કદી પાછો મેળવી શકતો નથી.

* * *

એક દેવે માણિકના બનાવેલ એક સ્થંભનું તેણે બારીક ચૂર્ણ કર્યું, એ ચૂર્ણને તેણે એક નળીમાં ભર્યું.

એ નળી લઈ તે મેરૂ પર્વતના ઊંચામાં ઊંચા શિખર ઉપર ગયો. ત્યાં જઈ તેણે નળીને જોરથી ફુંક મારી અને બધું જ ચૂર્ણ ઉડાડી મૂક્યું.

માણિકના પરમાણે પરમાણુ ચારેય દિશામાં વેરાઈ ગયા.

હવે તેના તે જ પરમાણુને ભેગા કરી, ફરીથી હતો તેવો ને તેવો માણિકનો સ્થંભ બનાવવાનું તેને કહેવામાં આવે તો શું ફરીથી એવો સ્થંભ તે બનાવી શકે ખરો ? શું એ શક્ય છે ખરું ?

તે જ રીતે એકવાર મળેલા માનવભવને ગમે તેમ વેડફી દેવાથી ફરી પાછો મેળવી શકાતો નથી.

આ પ્રમાણે માનવભવ અતિ દુર્લભ છે. એકવાર જો

તેનો યથાર્થ ઉપયોગ કરી લેવામાં ન આવે, આ ભવમાં પુણ્યનો સંચય કરી તેને સાર્થક કરવામાં ન આવે, તો આ માનવભવ ક્યારેય પાછો મળતો નથી.

માટે હે પુણ્યશાળી આત્માઓ ! ધર્મનું આરાધન કરી, ધર્મમાં રાતદિવસ રત બનીને તમે તમારા માનવજન્મને સાર્થક કરો.

કારણ જ્યાં સુધી આ શરીર સ્વસ્થ અને રોગરહિત છે. વૃદ્ધાવસ્થા આવી નથી, પાંચે ઇન્દ્રિયો હજી બરાબર કામ આપે છે, અને આયુષ્યનો અંત થયો નથી ત્યાં સુધી સુજ્ઞજનોએ આત્મકલ્યાણ કરી લેવું જોઈએ.

ઘર બળવા લાગ્યું હોય અને કૂવો ખોદી તેને હોલવવા જવું, એ તો મૂર્ખાઈ જ ગણાય ને ? કયો ડાહ્યો પુરુષ તેમ કરે ?

તેમ જ્યારે શરીર રોગથી ઘેરાઈ ગયું હોય, આંખે ઓછું દેખાતું હોય, કાને સંભળાતું ન હોય, પગ અને હાથ ધ્રૂજતા હોય, સ્થિરપણે ન ઊભા રહેવાતું હોય, કે ન બેસાતું હોય અને મૃત્યુ નજદીકમાં જ જણાતું હોય ત્યારે શું આત્મકલ્યાણ તમારાથી થઈ શકવાનું છે ખરું ?

માટે ભવ્યો ! અત્યારથી જ જાગ્રત બનો. પ્રમાદનો ત્યાગ કરો. આત્મધર્મનું આરાધન કરો.

આયુષ્ય તો પાણીના બૂંદ જેવું અસ્થિર છે. પરપોટા જેવું તે ક્ષણિક છે. અને રાજ્યાદિક વૈભવો તો વીજળીના ચમકારા જેવાં છે. આમ જે સમજતો નથી અને પ્રમાદને

સેવે છે, તે મૂર્ખ માણસ આ માનવભવને હારી જાય છે. અને જે મૂર્ખ માણસ સ્વર્ગના દ્વાર ઉઘાડનાર એવા ધર્મનું સેવન કરતો નથી, તે વૃદ્ધાવસ્થાથી પીડાતો પસ્તાવો કરતો શોકાગ્નિથી બળે છે.

ભવ્યો ! ગુરુ વચનમાં દૃઢ શ્રદ્ધા રાખો. ગર્ભાવાસના દુઃસહ્ય દુઃખોને યાદ કરો. એવાં દુઃખો વારંવાર સહન ન કરવાં પડે, તે માટે પ્રમાદનો ત્યાગ કરો.

કારણ મૂર્ખાઓનો સમય પ્રમાદમાં જ જાય છે. તેઓ વ્યસન અને વાસનામાં જ જીવન બરબાદ કરી નાંખે છે. જ્યારે તત્ત્વજ્ઞાનીઓ, સુજ્ઞ જનો અને વિચારશીલ આત્માઓ પોતાનો સમય આત્મ વિચારણામાં, શુભ કાર્યોમાં પસાર કરે છે. મૂર્ખાઓનું જીવન ઘોરવામાં ને ઝઘડવામાં જાય છે, જ્યારે ધર્મને સમજેલા આત્માઓનું જીવન આત્મકલ્યાણમાં જ વ્યતીત થાય છે.

આ લોકમાં જે જે માણસો જન્મ્યા, તે તે મૃત્યુને વશ થયા છે. કોઇ આ પૃથ્વી ઉપર અમર નથી રહ્યું. પરંતુ જેઓ ધર્મમાર્ગમાં હમેશાં આસક્ત છે, તેઓનો જન્મ જ સફળ થયો છે. તેઓનું જીવન જ પ્રશંસનીય છે.

ભવ્યો ! યાદ રાખો. જેઓની સમ્યક્ત્વ ગુણથી શોભતી બુદ્ધિ જિન ભાષિત શાસ્ત્રોમાં સ્થિર રહે છે, તેઓ જ આ ભવ સમુદ્રને પાર કરી શકે છે. તેમાં જરાય સંશય નથી.

પરંતુ જેઓ બુદ્ધિનો ઉપયોગ માત્ર વાગ્છટામાં, વાતોના તડાકા મારવામાં કે બીજી રીતે ફોગટ ઉપયોગ કરે છે, તેઓ

સ્વયં લક્ષ્યથી ભ્રષ્ટ થયેલા બાણની જેમ જન્મ, જરા અને મૃત્યુથી દુઃખીત થયેલા કયારે પણ આ ભવસાગરને પાર કરી શકતા નથી.

માણસોને મોહમાં નાખનારા કેટલાક ગુરૂઓ પથ્થર જેવા છે. તેઓ પોતે તો આ સંસાર સમુદ્રમાં ડૂબે છે, પણ સાથે સાંસારિક સુખની ઇચ્છાથી બીજાઓને પણ તેમાં ડૂબાડી દે છે.

કેટલાક ગુરૂઓ વાંદરા જેવા હોય છે. જ્યાં સુધી પ્રયોજન સિધ્ધ ન થાય ત્યાં સુધી તેઓ બોધ પમાડે છે, પણ ત્યાર પછી તેઓનો ત્યાગ કરી લુબ્ધ થયેલા તેઓ બીજે સ્થળે ચાલ્યા જાય છે.

આથી વિચક્ષણ પુરુષોએ માણસોમાં એક રત્ન સમાન અને સજ્જનોએ ઉપાસના કરવા યોગ્ય એવા ગુરુ ઉપર જ શ્રધ્ધા કરવી. તેઓને જ પોતાના ગુરૂ સમજવા, માનવા ને પૂજવા.

માંસ અને મજ્જાથી યુક્ત તથા વિષ્ટા અને મળમૂત્રના ઉત્પત્તિ સ્થાન રૂપ આ માનવ શરીર છે. એ શરીર ઉપર જેઓ જરાપણ આસક્ત બનતા નથી, મોહ રાખતા નથી, તેઓ જ સાચા તત્ત્વજ્ઞાની છે એમ જાણો.

ક્રોધ હંમેશાં ત્યાજ્ય છે. શત્રુઓને પેદા કરનાર ક્રોધ છે. ક્રોધ કરવાથી ઘણું બધું નુકસાન થાય છે. સાંસારિક વ્યવહારો તો તેનાથી બગડે જ છે. એટલું નહિ આત્માને પણ તે દુષિત કરે છે. માટે ભવ્યો ! કદી ક્રોધ કરશો નહિ.

ક્રોધની પળ આવે ત્યારે મન ઉપર સંયમ રાખજો. સહિષ્ણુ બનજો. ક્ષમાવાન થજો.

આ કુટુંબ સ્વજન વગેરે સૌ સ્વપ્ન સમાન છે. મૃત્યુ બાદ કોઈ સાથે આવનાર નથી. આંખ મીંચાતા જ એ સૌ સાથેના તમારા સંબંધ તૂટી જવાના છે.

આ દેખાતા વૈભવ વિલાસો ઝાંઝવાના જળ જેવા છે. તેમાં તમે મોહ ન પામો.

અધ્રૂવ, અશાશ્વત અને અનિત્ય એવા આ શરીર પ્રત્યે આસક્ત ન બનો. તેની મમતાનો ત્યાગ કરો. દેહ તો બળીને ખાખ થઈ જવાનો છે. આત્મા જ અમર છે. એ આત્માનું ધ્યાન ધરી લો.

જેઓ આવી આત્મ સંપત્તિમાં મગ્ન બને છે, તેઓ દુનિયાની ભૌતિક સમૃધ્ધિને તો તૃણવત્ જ સમજે છે.

ધર્મના બે પ્રકાર છે. શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ. આગમ સૂત્રોનું શ્રવણ કરો, તેના ઉપર શ્રધ્ધા રાખો અને તે પ્રમાણે જીવન વ્યતીત કરો.

ચારિત્રધર્મના બે પ્રકાર છે. આગારી ધર્મ અને અનગારી ધર્મ.

આલોક અને પરલોકના ભયનો નાશ કરનાર પહેલાં આગારી ધર્મમાં શ્રાવકના બાર વ્રતનો સમાવેશ થાય છે. જ્યારે બીજા અનગારી ધર્મમાં પાંચ મહાવ્રતનો સમાવેશ થાય છે. શુભ ભાવથી બંને ધર્મનું આરાધન કરવાથી ભવાંતરે મોક્ષ સુખ મળે છે.

ભવ્યાત્માઓ ! સુખ અને સંપત્તિ જોઈતા હોય, સૌન્દર્ય અને સ્વાસ્થ્ય જોઇતું હોય, શાંતિ અને આરામ જોઇતા હોય તો શુભ ભાવથી ધર્મનું સેવન કરો.

જે ભવ્યાત્માઓ શ્રી જિનેશ્વર ભગવંતના વચનનો આદર કરે છે, તે તે પ્રમાણે તેનું પરિપાલન કરે છે, તેઓ આલોક ને પરલોકમાં અવશ્ય સુખી થાય છે.

માનવભવની મહત્તા સમજાવી આચાર્ય ભગવંતે વ્યાખ્યાનની સમાપ્તિ કરી. અને સર્વ મંગલ માંગલ્યમ્ સંભળાવ્યું.

આચાર્યશ્રીની વાણી પ્રભાવક હતી. તેમનું ચારિત્ર્ય એટલું બધું ઉત્કટ અને અણિશુદ્ધ હતું, કે તેમના શબ્દોમાં એક જાદુ ટપકતો હતો. તેઓ જે કંઈ બોલતા તેની શ્રોતા ઉપર ધારી અસર થતી. તેમની વાણી શ્રોતાના હૈયા ઉપર જઈને અથડાતી અને શુભ ભાવનાને તે જગાડતી.

ભીમસેન અને તેનો પરિવાર તો આચાર્યશ્રીની વાણી સુધાનું પાન કરી હર્ષોલ્લષિત બની રહ્યા હતા. પળે પળે તેમના મુખારવિંદ ઉપર શુભ ભાવનાઓની ઝલક વર્તાતી હતી. આચાર્યશ્રીની મંગળ વાણીથી તેમના અનેક પરિતાપ ઉપશમ પામ્યા હતા.

આચાર્યશ્રીના પ્રવચનની વધુ ઘેરી અસર તો હરિષેણ ઉપર થઈ. તેનો ઋજુ આત્મા સંસારની અસારતા અનુભવવા લાગ્યો. દેહની નશ્વરતાથી તેનો આત્મા અસ્વસ્થ બની રહ્યો.

તે વિચારી રહ્યો : હવે શા માટે મારે આ સંસારમાં પડી રહેવું ? કોના માટે આ બધો પાપ ભાર વેઠવાનો ? અને

એ વેઠીને મને શું મળવાનું ? તેમાં મારું શું સાધ્યથવાનું ? મારો તો જન્મ વિફળ જ જવાનો ?

પણ નહિ, હજી કંઈ બગડી નથી ગયું. હજી મારામાં યૌવનની તાઝગી છે. તરવરાટ છે. મારી બધી ઇન્દ્રિયો હજી પણ સ્વસ્થ ને નિરોગી છે.

જે આયુષ્ય વીતી ગયું તે ભલે વીતી ગયું. બાકીના મારા આયુષ્યની પળેપળ હું આત્મકલ્યાણમાં ખર્ચી નાંખીશ.

સંસારમાં રહીને તો એ કંઈ જ બની શકે તેમ નથી. આથી હું હવે દીક્ષા જ અંગીકાર કરીશ. પૂજ્ય આચાર્ય ભગવંતે ભાખેલો એવો પવિત્ર અનાગારી ધર્મ જ પાળીશ.

આમ સૌ ધર્મભાવના અનુભવી રહ્યા હતા. વ્યાખ્યાન પૂરું થયા બાદ સૌ કોઇએ પોતાની યથાશક્તિ પ્રમાણે વ્રતના પચ્ચક્ખાણ લીધા. નિયમોની પ્રતિજ્ઞા લીધી. અને સ્વ સ્વ સ્થાનકે ગયા.

પણ હરિષેણ તો આચાર્ય ભગવંત પાસે જ બેસી રહ્યો. વડીલ બંધુ આદિને તેણે જવા દીધા. અને એકલો ત્યાં સંતના સાનિધ્યમાં ઊભો રહ્યો.

'મહાનુભાવ ! તમે હજી કેમ અહીં ઊભા છો ? આપને કંઈ પૂછવું છે ?' વાત્સલ્ય નીતરતા સ્વરે સૂરિજીએ કહ્યું.

'ગુરુદેવ ! આપની વાણીની મારા ઉપર એટલી બધી ઘેરી અસર થઈ છે, કે આપની પાસેથી મને દૂર થવાનું મન જ થતું નથી.

આપે એટલી સચોટતાથી માનવ ભવની દુર્લભતાનું

જ્ઞાન અમને આપ્યું છે, કે એ ભવ હું હવે હારી જવા નથી માંગતો.

મારો આત્મા તો હવે આપે બતાવેલો એવો અનાગારી ધર્મનું આરાધન કરવા જ કહે છે.' હરિષેણે વિનમ્રભાવે કીધું.

'મહાનુભાવ ! તો વિલંબ શા માટે ? ગયેલી પળ કદી પાછી નથી આવતી. સુખેથી દીક્ષા અંગીકાર કરો અને આત્મ કલ્યાણ કરો.'

'ગુરુદેવ ! હું આજે જ મારા વડીલ બંધુની આજ્ઞા મેળવી લઈશ. તેમની અનુમતિ મળતાં જ હું આપની પાસે ચાલ્યો આવીશ. હવે તો એક પળ પણ આ અસાર સંસારમાં રહેવું અકારું લાગે છે.' હરિષેણે પોતાની આત્મભાવના જણાવી.

'વડીલોની આજ્ઞા જરૂર મેળવો તેમના આશીર્વાદ લો. અને પછી ચાલ્યા આવો. વીરપ્રભુનો આ ધર્મ તો સૌ માટે સદાય ખૂલ્લો છે.'

હરિષેણ તરત જ રાજમહેલમાં આવ્યો. આવીને ભીમસેનને મળ્યો. હાથ જોડીને વિનમ્રભાવે તેણે પોતાની આત્મભાવના જણાવી.

'હરિષેણ ! તારી શુભ ભાવનાનું હું અનુમોદના કરું છું. આવી ભાવના અંતરમાં જન્મવી એ જ ઘણું ભાગ્ય છે. તું ખરેખર ભાગ્યશાળી છે.

પણ ભાઇ ! હજી તો તું મારાથી ઉંમરમાં નાનો છે. વળી સંસારનાં સુખો પણ તેં તો હજી પૂરાં ભોગવ્યાં નથી.

અને દીક્ષા એ કંઈ બાળકના ખેલ નથી. ઘણી બધી

સહન શક્તિ એ માટે જોઇએ છે. બાવીશ બાવીશ પરિષહોનો સામનો કરવો પડે છે.

ભાઇ ! એ સહન કરવાને તું હજી નાનો છે. ઉંમર થયે હું જાતે જ તને દીક્ષા માટે અનુમતિ આપીશ.' ભીમસેને હરિષેણને સમજાવવા માંડ્યો.

'વડીલ બંધુ ! મારો અવિનય ક્ષમા કરજો. હું ઉંમરમાં નાનો છું તેની ના નહિ. પરંતુ આ આયુષ્યનો શો ભરોસો કરવો ? અને કોને ખબર કોનું મૃત્યુ કઈ ઘડીએ થવાનું છે ?

અને નાની ઉંમરમાં જે કંઈ ધર્મારાધન થઈ શકે, એ કંઇ વૃદ્ધ ઉંમરે થોડું થઈ શકવાનું છે ?

વળી સંસારનાં સુખ એ તો આભાસ છે. તે શાશ્વત સુખ નથી. ક્ષણિક છે. ચંચળ છે. તેમાં શું આનંદ માણવો ?

અને સંસારમાં પણ દુઃખોનો ક્યાં પાર નથી ? એ માટે પણ સહન શક્તિ તો જોઇએ જ છે ને ? એ દુઃખો સહન કરી આપણે શું મેળવીએ છીએ ? એ કરતાં તો શુભ ધ્યેય માટે સહન કરવું શું ખોટું ?

માટે પૂજ્ય ભાઈ ! મને દીક્ષાની અનુમતિ આપો. તમારા મંગળ આશીર્વાદ આપો.

ભીમસેને એ પછી હરિષેણને સંસારમાં રહેવા ઘણું સમજાવ્યો. પરંતુ હરિષેણનો આત્મા જાગી ગયો હતો. તેની ભાવના બળવત્તર બની ચૂકી હતી. તેણે જ બધી વાતોનો રદિયો આપ્યો.

ભીમસેને જોયું, કે હરિષેણની ભાવના પાછી ન વળાય તેવી છે. આથી શુભ કામમાં વિરાધક ન બનતાં તેણે હરિષેણને સહર્ષ અનુમતિ આપી.

# ૩૦ આચાર્યશ્રી હરિષેણ સૂરિજી

ભીમસેને આત્માના ઉલ્લાસપૂર્વક હરિષેણને દીક્ષા લેવાની અનુમતિ આપી. હરિષેણને તેથી ઘણો જ આનંદ થયો. ભીમસેનની આ અનુમતિમાં સુશીલાએ પણ સાથ આપ્યો તેણે પણ પોતાના દિયરને અંતરના ઉમળકાંથી ખરા અંતઃકરણથી આશીર્વાદ આપ્યા.

હરિષેણ વડીલ બંધુની અનુમતિ મળતાં જ સીધો આચાર્ય ભગવંત પાસે આવ્યો. સૂરીશ્વરે દીક્ષાનું શુભ મુહુર્ત કાઢી આપ્યું.

ભીમસેને એ દરમિયાન સારી ય રાજગૃહી નગરીમાં ભારે ધામપૂર્વક દીક્ષા મહોત્સવ ઉજવ્યો. નગરના તમામ જિનાલયોમાં પૂજા ભણાવી. ભારે આંગી રચાવી. અષ્ટાહ્નિકા મહોત્સવ મનાવ્યો. ઠેર ઠેર સ્વામીવાત્સલ્ય કરાવ્યું. ગરીબોને ભોજન અને વસ્રોનું દાન કરાવ્યું. અમારિ પડહ વગડાવ્યો. કસાઈખાના બંધ કરાવ્યા. અને હરિષેણના પાસે મુક્ત હાથે સાંવત્સરિક દાન કરાવ્યું.

દીક્ષાના મંગલદિને ભારે દબદબાપૂર્વક વરઘોડો કાઢયો. હરિષેણને સુંદર રીતે શણગારેલા ગજરાજ ઉપર સુવર્ણ અંબાડીમાં બેસાડયો. વાજતે ગાજતે તેને નગરના મુખ્ય રસ્તે ફેરવ્યો. પ્રજાજનોએ તેને ફુલ, અક્ષત ને મોતીઓથી વધાવ્યો. મંગલ ધર્મ ગીતો ગાયાં.

કુસુમશ્રી ઉદ્યાન આવતાં વરઘોડો ઉતરી ગયો. સૌ પગે ચાલીને ઉદ્યાનમાં આવ્યા. આચાર્ય ભગવંતને સૌએ વંદના કરી.

દીક્ષાનો અવસર થતાં જ આચાર્યશ્રીએ દીક્ષા વિધિની શરૂઆત કરી. હરિષેણને આજીવન સામાયિક લેવરાવ્યું. સમય થતાં હરિષેણે પંચમુષ્ટિ લોચ કર્યો. સંસારી વસ્ત્રો ઉતારી નાખ્યાં. અને ગુરૂ ભગવંતે આપેલ શ્રમણનાં સફેદ અને નિર્દોષ વસ્ત્ર પહેરી લીધાં.

આચાર્ય ભગવંતે હરિષેણને ઓઘો આપ્યો. ને તેમના નામકરણની વિધિ કરી. સભાજનોએ નવ દીક્ષિત સાધુની જય બોલાવી.

દીક્ષાનો અવસર પતી ગયો. ભીમસેન અને બીજાઓએ નવદીક્ષિત હરિષેણ મુનિને વંદના કરી અને મુનિપુંગવે સૌને ધર્મલાભ આપ્યા.

અને બીજે જ દિવસે સૌ શ્રમણ ભગવંતોએ વિહાર કર્યો. ભીમસેન અને સુશીલાએ, દેવસેન અને કેતુસેને તેમજ અન્ય સ્નેહી અને પરિવાર જનોએ અશ્રુ ભીની આંખે હરિષેણ મુનિને વિદાય આપી.

ભીમસેન હવે એકલો પડયો. ભાઈના વિરહથી તેનું મન વ્યાકુળ બન્યું. ભાઈની યાદથી તેની આંખમાં આંસુ આવી ગયાં. પોતાનો નાનો ભાઈ નાની ઉંમરમાં સંસાર છોડીને નીકળી ગયો, પણ પોતે નથી નીકળી શકતો એ વિચારથી પણ તેને પસ્તાવો થવા લાગ્યો. અને પોતાની અશકિતને નીંદવા લાગ્યો.

નાના ભાઈના ચાલ્યા જવાથી રાજવહીવટની જવાબદારી વધી. એ બધું જ કામ કરતાં તેને હરિષેણની યાદ સતત સતાવ્યા કરતી હતી. એ સમયે એ વિચારતો :

'સાધુ તો ચલતા ભલા. આજે આ ગામ તો કાલે બીજા ગામ. ન જાણે હવે તેમના દર્શન મને કયારે થશે ?'

ભીમસેને દીક્ષા તો ન લીધી. પરંતુ પોતાનું જીવન વિશુદ્ધપણે વ્યતીત કરવા લાગ્યો. ધર્મક્રિયા તે વધુ ને વધુ કરવા લાગ્યો.

આ બાજુ હરિષેણ મુનિએ પણ પોતાનું જીવન બદલી નાંખ્યું. પોતે એક સમય રાજવી સંતાન હતો તે એ વિસરી ગયા. અને ખૂબ જ એકાગ્ર બની આત્મ સાધના કરવા લાગ્યા.

આચાર્યશ્રીની નિશ્રામાં તેમણે શાસ્ત્રોનો અભ્યાસ સરૂ કર્યો. વ્યાકરણ, ન્યાય વગેરેનું અધ્યયન કરવા લાગ્યા. જપ અને તપથી આત્માને વિશુદ્ધ બનાવવા લાગ્યા. ખૂબ જ સાવધાનીથી અપ્રમત્તભાવે જીવનના દિવસો વ્યતીત કરવાલાગ્યા.

દિવસો વીતતા ગયા તેમ તેમનું જ્ઞાન વધતું

ગયું. તપ વધતો ચાલ્યો. નિત્યની ક્રિયાઓ તો થતી જ હતી. ગુરુગમથી યોગ પણ કર્યો.

પોતાના શિષ્યને આમ ઝડપથી વિકાસ સાધતો જોઈ ગુરુ આનંદ અનુભવતાં હતા. અને તેને વધુ ને વધુ યોગ્ય બનાવતા હતા.

કાળક્રમે અનેક સ્થળે વિહાર કરતાં સૌ શ્રમણ ભગવંતો શ્રી સિદ્ધાચલ તીર્થ આવ્યા. આ સમયે આ શિષ્ય યોગ્ય અને સ્થવીર બન્યો હતો.

આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિએ પોતાના શિષ્યને યોગ્ય જાણી પોતાના પદ ઉપર વિભૂષિત કર્યો.

હવે હરિષેણ મુનિ આચાર્ય બન્યા. પોતાના ગુરુને તેમણે ભાવથી વંદના કરી અને આ પદને પોતે યશસ્વી રીતે સાર્થક કરે તેવા આશીર્વાદ માંગ્યા.

આચાર્ય ભગવંતે પોતાનો અંતકાળ નજદીક જોયો. આથી તેમણે વિમલાચલ તીર્થમાં અનશન કર્યું. સમસ્ત જીવ રાશીને ખમાવી શુક્લ ધ્યાન ધર્યું. અને સમાધિ યોગને પ્રાપ્ત થયેલા અને નિર્મળ ધ્યાન યોગથી નિવૃત્ત થયેલા સૂરીશ્વર સિદ્ધ સ્થાનને વર્યા.

આચાર્ય શ્રી હરિષેણ સૂરિજીએ ગુરૂની સ્મૃતિમાં અટ્ઠમ તપ કર્યો. અને તેનું પારણું કરી ગામોગામ વિહાર કરતાં રાજગૃહી આવ્યા.

ભીમસેનને ખબર પડતાં જ તે સપરિવાર દોડી આવ્યો.

ભાવપૂર્વક વિધિસહ વંદના કરી. અને ધર્મોપદેશ સંભળાવવા વિનંતી કરી.

આચાર્યશ્રીએ એ વિનંતીનો સ્વીકાર કર્યો અને મેઘસમ ગંભીર નાદે ધર્મદેશનાની શરૂઆત કરી :

'આ સંસાર સમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓ માટે સમ્યક્ત્વ ધર્મ નૌકા સમાન છે. આ સંસારથી ભય પામતાં એવા પાપભીરૂ આત્માઓએ હંમેશા શુભ અને શુદ્ધ મનથી સમ્યક્ત્વ ધર્મની આરાધના કરવી જોઈએ.

ભવ્યો ! આત્માની વિશુદ્ધિ માટે શ્રી જિનેશ્વર ભગવંતે બાર ભાવના બતાવી છે. આ બારે ભાવનાઓ નિત્યપણે ભાવવાથી દુરંત એવા સંસાર સમુદ્રને તરી જવાય છે.

હે મૂર્ખ ! તું સંસારના સુખોની ચાહના કેમ કરે છે ? એ સુખો તો વિનશ્વર છે. બીજના ઝબકારા જેવા ક્ષણિક અને ચંચળ છે. સંસારના ભોગ વિલાસો સમુદ્રના જળ તરંગો સરીખા છે. તેનો કોઈ અંત જ નથી. તેમાં ય ક્યારેય તૃપ્તિ મળતી જ નથી.

આથી હે જીવ ! સંસારની જડ રૂપ એવા મોહનો ત્યાગ કર. માયાને ભયાનક વિષ સમાન જાણ. અને વિલાસોને વિપત્તિનું મૂળ જાણ.

આ રીતે હે ભવ્યાત્માઓ ! તમે અનિત્ય ભાવનાને ભાવો.

મહાનુભાવો ! આ સંસારમાં પ્રાણીઓને મોક્ષ સુખ આપનાર શ્રી જિનેશ્વર ભગવંત સિવાય અન્ય કોઈ શરણ નથી.

જે નિન્દિત આત્મા પરિવાર સહિત દુઃખથી પીડાય છે, તે શું અન્ય નિઃસહાય દુઃખી જીવનનું રક્ષણ કરવા કયારે ય સમર્થ થઈ શકે ખરો ?

અરે ! યમરાજાના સુભટો જ્યારે તને લેવા આવશે. ત્યારે સ્વાર્થી એવા માતા, પિતા, પુત્ર, પત્ની મિત્ર, ભાઈ, નોકર વગેરે તારું કોઈ જ રક્ષણ નહિ કરી શકે.

આ જગત સ્વપ્ન સમાન છે. ક્ષણ વિનશ્વર છે. પાણીના પરપોટા જેવું આ જીવન છે. આ સઘળું મિથ્યા છે. ભ્રમણા ઉત્પન્ન કરનારું છે. આ બધું તો અલ્પ જ્ઞાનવાળાને સમજાવવા માટે છે.

પરંતુ વિષયોમાંથી વિમુખ થયેલા સત્ય વૈભવવાળા મહાત્માઓ તો આ વિષય જન્ય ભોગની ક્ષણને ભયંકર કાળા ઝેરી સર્પ સમાન જુવે છે.

આમ અશરણ ભાવનાથી તજવા લાયક સંસારત્વને વિચારીને, ભવનો અંત કરનારા શરણ્ય એવા શ્રી જિનેશ્વરને હે ભવ્યો ! તમે ભજો.

આ સંસારમાં સર્વ જીવો કર્માધીન છે. પોતપોતાના કર્મ અનુસારે સુખ દુઃખ અનુભવે છે. આ સંસારમાં કોઈ જીવ સ્વર્ગથી ચ્યવે છે, જ્યારે કોઈ દુઃખી જીવ સ્વર્ગમાં જાય છે. કોઈ રંક જીવ રાજા બને છે. અને કોઈ રાજા રંક પણ બને છે.

ભવ્યો ! સત્ય સ્વરૂપવાળી આ સંસાર ભાવનાને ભાવો અને આગમ તત્ત્વો ઉપર શ્રદ્ધા રાખો.

પુત્ર, પૌત્ર, પૌત્રી વગેરે પ્રજા જન્મ મરણના ભયને દૂર કરવા સમર્થ નથી. નરકરૂપ નગરના માર્ગને કુટુંબનું કોઈપણ સભ્ય રોકી શકતું નથી. તેમજ અગણિત આવતાં દુઃખોને પણ કોઈ અટકાવી શકતું નથી. આ બધાને અટકાવી શકવા કોઈપણ સમર્થ હોય તો તે એક માત્ર ધર્મ જ છે.

વિપત્તિરૂપ અગ્નિથી બળેલો આ જીવ પોતે કરેલા અતિ ઘોર કર્મો કોઇની પણ સહાય વિના એકલો જ ભોગવે છે. તમે કદાચ એમ માનતા હશો, કે એવા દુઃખના કે પાપના ઉદય સામે તમારું કોઈ રક્ષણ કરશે, પણ એવું રક્ષણ કરવા કોઈ શક્તિમાન થતું નથી. દરેક જીવને પોતાના કરેલા કર્મો પોતે જ ભોગવવાં પડે છે.

વિપુલ ભયને આપનાર આ સંસારમાં પરિભ્રમણ કરતો આ જીવ કોઈ પણ સ્થાનમાં પરવશપણાને નથી પામ્યો એમ બન્યું જ નથી. માટે સંસારના પરિભ્રમણનો અંત લાવનાર એક ધર્મની તમે આરાધના કરો.

હે આત્મન્! એકત્વ ભાવના ભાવવાથી પ્રાર્થના વિના જ તને શાંતિ મળશે. નરક વગેરેના ભયંકર દુઃખોનું શમન થશે. સ્વાર્થ, અંધ, દુષ્ટ અને મૂર્ખ માણસનું મમત્વ ભાવથી પતન થાય છે. માટે જ સુગુરુના મુખથી ધર્મ તત્ત્વને જાણી તે માટે ઉદ્યમ કર.

'હે ભવ્ય! જડ સ્વભાવરૂપ શરીરથી ચૈતન્ય સ્વરૂપી આત્મા ભિન્ન છે. માટે મોહબુદ્ધિનો ત્યાગ કરીને શુદ્ધાત્મતત્ત્વનો અનુભવ કર.

વિશ્વમાં જે જે પદાર્થો જેઓએ ભોગવ્યા, તે તે જડ પદાર્થો ખરેખર સ્વ સ્વભાવથી ક્ષણે ક્ષણે વિલક્ષણપણાને પામે છે.

હે ભવ્યો! પુત્ર, પત્ની, મિત્ર, બંધુ વર્ગ તથા સર્વ વસ્તુ ધન વગેરે પણ ક્ષણે ક્ષણે પર સ્વભાવને પામે છે. એમ તમે બુદ્ધિથી ભાવના ભાવો.

આ પ્રમાણે અન્યત્વ ભાવનાની જડ અને ચેતનની ભિન્નતાને જાણીને હે સજ્જન પુરુષો! સંસાર સમુદ્રમાં નાવ સમાન ભવ્ય આત્મરમણતા કરો.

આ શરીર રૂધિર, આંતરડાં, માંસ, મજ્જાના પીંડરૂપ અનેક નાડીઓના જાળાથી ગુંથાયેલ છે. આ શરીરમાં અંશ માત્ર પણ પવિત્રપણું જણાતું નથી. છતાં પણ જુઓ તો ખરા, મૂર્ખ માણસો તેમાં મોહ પામે છે.

આ માનવ શરીર દુર્ગંધની ખાણરૂપ છે, તેના પોષણ માટે અનેક દુઃખો સહન કરવાં પડે છે. આ જ શરીરની જો ચામડી ઉતારી લેવામાં આવે, તો તેને જોઈ તેના ઉપર કાગડા અને કૂતરા તૂટી પડે એવું તેનું બંધારણ છે. વળી આ શરીર ક્ષણે ક્ષણે નાશ પામવાના સ્વભાવવાળું છે. આથી હે બુદ્ધિમાન પુરુષ! તું શરીરના મોહનો ત્યાગ કર તેની મમતાનો નાશ કર.

કારણ આ શરીર કૃમિ, કીડા વગેરેથી મલિન છે. હાડકાનો માળો છે. અગણ્ય દુઃખોનું કારણ છે. રોગોનું ધામ છે. હંમેશાં અનંત ક્ષોભનું કારણ છે. સતત અરૂચિ

કરનારું છે. મૃત્યુના પરિણામવાળું છે અને અંતે ભસ્મશાત્ થનારું છે. આવું આ શરીર શું કોઈને સ્વાધિન થાય ખરું?

ભવ્યાત્માઓ! હંમેશાં આવી અશુચિ ભાવના ભાવો. આ ભાવનાનું નિરંતર સેવન કરવાથી આત્મા શીઘ્રપણે વિકાસ પામે છે.

તત્ત્વજ્ઞ પુરૂષો મન, વચન અને કાયાની ક્રિયાને યોગ કહે છે. કર્મના વિવિધ પ્રકારના ભેદોથી ભિન્ન એવા તેના બે પ્રકાર કહ્યા છે.

એક શુભ આસ્રવ અને બીજો અશુભ આસ્રવ. જીવ આ બંને ક્રિયાયોગથી ઉચ્ચતા અને નીચતા પ્રાપ્ત કરે છે.

યમ, નિયમ, વિરાગથી રંગાયેલું, તત્ત્વચિંતન અને પ્રશમરસમાં નિમગ્ન થયેલું તેમજ શુદ્ધ લેશ્યામાં નિત્ય અનુગત રહેલું શુભ ને શુદ્ધ મન, ભાવનાઓ વડે શુભ આસ્રવની શ્રેષ્ટ મિત્રતા કરે છે.

કષાયરૂપ દાવાનલના તાપથી અભિતપ્ત થયેલ, ભોગ વિગેરેથી વ્યાકુલ બનેલ અને સદાય વિષયોમાં રંગાયેલું મન, સંસારમાં રખડાવનાર એવા અશુભ કર્મ બાંધે છે.

જે ભવ્યાત્મા, સંસારના સમસ્ત વ્યાપારોને તૃણ સમાન ગણીને શ્રુત જ્ઞાનમાં આસકત બને છે, તે શુભ કર્મ બાંધે છે.

પ્રભુના વચનો સત્ય અને કલ્યાણપ્રદ છે તેમજ અસત્ય વચન નિંદ્ય તેમજ અન્યાય–અનીતિ માર્ગે લઈ જનારું પાપમય છે. એમ માને છે અને જે પોતાની કાયાના વ્યાપારને

કાબૂમાં રાખે છે, દેહના મમત્વનો ત્યાગ કરે છે અને પવિત્ર કાય યોગથી નીતિ માર્ગે સંયમી જીવન જીવે છે, તે આત્મા શુભ કર્મ બાંધે છે.

જ્યારે બીજા આત્માઓ, કે જે સતત પાપની જ પ્રવૃત્તિ કરે છે. પોતાની કાયાને પાપકર્મમાં જ ડૂબાડી રાખે છે, તેઓ અશુભ કર્મોને બાંધે છે.

ભવ્યાત્માઓ ! આ પ્રકારની આશ્રવ ભાવના ભાવવાથી આત્મા શાશ્વત સુખને પામે છે.

સર્વ આસ્રવોનો સર્વ પ્રકારે નિરોધ, તે સંવર. આ સંવર દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.

તપસ્વીઓ ધ્યાન ધરીને પાપનો અવરોધ કરે છે. તે સર્વ મતમાં પ્રધાન અને પ્રથમ દ્રવ્ય સંવર છે અને સંસારના ભયનો નાશ કરનાર તેમજ સંસારના મૂળ કારણરૂપ ક્રિયાની વિરતિ, તે ભાવ સંવર છે.

આ સંવર એક મહાવૃક્ષ જેવું છે. શુદ્ધ આચાર અને વિવેક તેનાં મૂળીયાં છે. ચારિત્ર તેનું થડ છે. સુવિશુદ્ધ પ્રશમ તેની ડાળીયો છે. સદ્ધર્મ પુષ્પો છે, ભાવના તેનાં ફળ છે.

આ સંવર ભાવનાથી આત્મા ઘણા પાપ કર્મથી બચી જાય છે.

ભવ્યો ! જેનાથી અન્ય જન્મના બીજ સ્વરૂપ કર્મો નાશ થાય છે, તેને જ્ઞાની ભગવંતો નિર્જરા કહે છે. સકામ નિર્જરા અને અકામ નિર્જરા એમ તેના બે પ્રકાર છે. સંયમી

આત્માઓને સકામ નિર્જરા હોય છે, જ્યારે અકામ નિર્જરા સર્વ પ્રાણીઓને હોય છે.

વૃક્ષ ઉપર રહેલાં ફળો બે રીતે પકવાય છે. એક ફળ આપોઆપ વૃક્ષ ઉપર પાકે છે ને બીજાં ફળ બાહ્ય ઉપાયોથી પકવવામાં આવે છે. તે જ પ્રમાણે આત્માને લાગેલા કર્મો યથાયોગ્ય કાળે સ્વતઃ ઉદયમાં આવે છે અને ભોગવાય છે. તેમજ તપ, અનુષ્ઠાન, ધ્યાન વગેરેથી એ કર્મોનો ક્ષય થાય છે.

જેમ પ્રયત્ન વડે સોનામાં ભળેલી માટી વગેરે અશુદ્ધિ અગ્નિથી દૂર થાય છે, તે જ પ્રમાણે આત્માને વળગેલી કર્મની અશુદ્ધિ તપરૂપી અગ્નિથી દૂર થાય છે.

સંસારિક દુઃખોથી ભય પામેલા, ધીર સ્વભાવવાળા અને શ્રુત જ્ઞાનના પારંગત મહર્ષિઓ સુખપૂર્વક વિવિધ પ્રકારના બાહ્ય તપનું આરાધન કરે છે.

આ બાહ્ય તપ છ પ્રકારે છે. આ તપથી ઉત્કૃષ્ટપણે દેહ શુદ્ધિ થાય છે અને આંતર તપથી આત્માની શુદ્ધિ થાય છે, આ તપ પણ છ પ્રકારે છે.

ભવ્યાત્માઓ! આવી નિર્જરા ભાવના ભાવી તમે તમારા દેહ અને આત્માને વિશુદ્ધ કરો.

જેના વડે આ ત્રૈલોકયની હંમેશાં વિશુદ્ધિ થાય છે, જેના વડે આ લોકનો ઉદ્ધાર થાય છે, એવા પવિત્ર ચિરંતન ધર્મરૂપી કલ્પવૃક્ષને નમસ્કાર હો !

શ્રી જિનેશ્વર ભગવંતોએ જે ધર્મની પ્રરૂપણા કરી

છે. તેની વિશુદ્ધ મને અંશમાત્ર પણ સેવના કરવાથી શિવ સુખ મળે છે.

શુભ લક્ષણવાળા આ ધર્મના દશ પ્રકાર શાસ્ત્રકારોએ બતાવ્યા છે.

(૧) ક્ષમા ધર્મ (૨) માર્દવ ધર્મ (૩) આર્જવ ધર્મ (૪) શૌચ ધર્મ (૫) સત્ય ધર્મ (૬) તપ ધર્મ (૭) સંયમ ધર્મ (૮) ત્યાગ ધર્મ (૯) અકિંચન ધર્મ અને (૧૦) બ્રહ્મચર્ય ધર્મ.

હિંસા, અસત્ય તેમજ વિષયોમાં રત બનેલા મિથ્યાત્વી આત્માઓ આ આત્મકલ્યાણકારીધર્મને પ્રાપ્ત કરી શકતાનથી.

ચિંતામણિ રત્ન, દિવ્યનિધિ, સિદ્ધિ, કલ્પવૃક્ષ તેમજ પ્રસન્ન કામધેનું વગેરે બધા આ ધર્મરૂપ રાજરાજેશ્વરના ધનાઢય સેવકો છે. ધર્મની આરાધના કરવાથી આ સેવકો ઇચ્છિત એવી લક્ષ્મીને આપે છે.

ત્રણ જગતમાં ધર્મ સમાન અન્ય કોઈ પણ મુક્તિનું કારણ નથી. સર્વ પ્રકારના અભ્યુદયને આપનાર, આનંદ અને ઉલ્લાસ દાતા, હિતકારક, પૂજ્યોમાં શ્રેષ્ઠ તેમજ શિવ સુખદાતા માત્ર એક ધર્મ જ છે. તેની બરાબરી બીજું કોઈ પણ કરી શકે એમ નથી.

આપણા આત્માને મન, વચન અને કાયાથી જે કાર્ય અનિષ્ઠ છે, તે કાર્ય માણસો સ્વપ્નમાં પણ અન્ય પ્રત્યે આચરતા નથી. એ જ ધર્મનું મુખ્ય ચિહ્ન છે.

ધર્મના પ્રતાપથી માનવો દેવ, દેવેન્દ્ર, તેમજ નાગેન્દ્ર

જેવાં શ્રેષ્ઠ સુખો પામે છે. ધર્મમાં એટલી બધી અનહદ તાકાત છે, કે તે એક ક્ષણમાત્રમાં અમરાવતીનાં સુખો આપે છે.

આ વિશ્વમાં જે જડ અને ચૈતન્યરૂપ પદાર્થો દેખાય છે, તેને ગીતાર્થજનોએ જીવલોક કહ્યો છે. અને તેનાથી અન્ય આકાશ છે, એમ કહ્યું છે.

આ લોક તાલવૃક્ષના આકારવાળો છે. ઘનવાત, તનવાત, ઘનોદધિ અને તનોદધિ વડે વ્યાપ્ત છે. અને ત્રણેય લોકમાં વિસ્તરેલો છે.

આ લોકનો નીચેનો ભાગ વેત્રાસન જેવો છે. મધ્યભાગ ઝલ્લરીના સરખો છે. અને ઉપરનો અગ્રભાગ મુરજના જેવો છે.

આ લોક અનાદિકાળથી છે અને અનંતા કાળ સુધી રહેવાનો છે. તે સ્વયંસિદ્ધ છે. કોઈ જ તેનો સર્જક કે સ્રષ્ટા નથી. આ લોકનો કદી નાશ થનાર નથી. અનીશ્વર હોવા છતાં પણ તે વિસ્તૃત પ્રભાવવાળો છે. અને જીવાદિ પદાર્થોથી તે ભરપૂર છે.

આ લોકમાં ચિત્ર વિચિત્ર પ્રકારની યોનિમાં સ્થિતિને ધારણ કરતા અને પૂર્વકૃત કર્મરૂપ પાશથી પરવશ બનેલા સમસ્ત જીવો જન્મ–મરણ વગેરેના સતત દુઃખો પ્રાપ્ત કરે છે.

આ લોક ઉત્પત્તિ અને નાશ વગરનો છે. વિનાશાત્મક પદાર્થોથી પૂર્ણ ભરેલો છે. અનાદિકાળથી સિદ્ધ છે. વાયુચક્રની મધ્યમાં અનાદિકાળથી તે સ્વયંમેવ સ્થિત છે. તેમજ તે નિરાધાર છે અને અવકાશમાં અવસ્થિત છે.

દુરંત દુઃખરૂપ શત્રુથી પીડાયેલો અને પ્રતિક્ષણે મૂર્છિત અને ભારે કષ્ટમાં પડેલો આ જીવ કોઈપણ વડે નરકની અસહ્ય વેદનાથી મુકાવવા માટે શક્તિમાન નથી.

નરકમાંથી નીકળીને આ જીવ, પૃથ્વી વગેરે સ્થાવર-પણામાં જાય છે. ત્યાંથી કોઈ અશુભ કર્મના ઉદયે તે નિતાંત દુઃસહ એવા ત્રસપણાને પામે છે. આ સ્થાનમાંથી નીકળેલો પર્યાપ્ત સંજ્ઞી જીવ પુણ્યના બળથી કદાચિત્ પ્રશસ્ત શરીર અવયવોથી પરિપૂર્ણ એવા તિર્યંચ પંચેન્દ્રિયપણાને પામે છે. ત્યાંથી નીકળેલો મનુષ્યપણું પામીને પણ પાંચે ઇન્દ્રિયોની સંપૂર્ણતા, સૂક્ષ્મબુદ્ધિ, પ્રશાંત પણું, આરોગ્યતા, ઉદાર ભાવના વગેરે પ્રાપ્ત થવું તે કાકતાલીય ન્યાય સરખું દેખાય છે. ત્યારબાદ કદાચિત્ પુણ્યયોગથી વિષયાભિલાષાથી વિરક્ત અને વિશુદ્ધ ભાવવાળું મન થાય. પરંતુ તેના માટે તત્ત્વની શ્રદ્ધા થવી એ તો અત્યંત દુર્લભ છે.

દુર્લભમાં દુર્લભ એવું આ બધું સંપૂર્ણ મેળવ્યા છતાં પણ કયારેક કેટલાક અર્થમાં આસક્ત અને કામાભિલાષી મનુષ્યો પ્રમાદ વશથી સ્વહિતથી ભ્રષ્ટ થાય છે.

કેટલાક મુમુક્ષુઓ સમ્યક્ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરીને પણ પ્રચંડ મિથ્યાત્વરૂપ હલાહલ ઝેરના પાનથી ત્યાગ કરે છે.

કેટલાક સ્વયં મૂર્ખ જીવો પાખંડીઓના કુટ ઉપદેશથી નાશ પામે છે. કેટલાક પોતે ઉન્માર્ગે જતા બીજાઓને પણ

સાથે દોરી જાય છે અને બંનેનો નાશ નોંતરે છે. આવા મૂઢ જનો સંસારનો પાર પામી શકતા નથી.

કેટલાક સદ્‌ગુરુ હીન ભક્તિહીન મૂર્ખ આત્માઓ અપ્રમેય સ્વાર્થ સિદ્ધિને આપનાર વિવેકરૂપ માણિક્યનો ત્યાગ કરીને બાહ્યાડંબરવાળા મતોમાં જોડાય છે. મૂઢ મનવાળા માનવો આમ અનેક દુષ્ટ મતોને ભજે છે.

જેમ અગાધ સમુદ્રમાં પડી ગયેલા મહા મૂલ્યવાન કિંમતી રત્નને ફરીથી પ્રાપ્ત કરવું કઠીન છે, તેમ મનુષ્યોને આ સંસાર સમુદ્રમાં બોધી રત્નને પુનઃ પ્રાપ્ત કરવું દુર્લભ છે.

માનવોને આ જગતમાં સુર, અસુર અને રાજાઓનું અધિપત્યપણું તેમજ ઈન્દ્રપદ પામવું સુલભ છે. સૌભાગ્ય, ઉત્તમકુળ, શૂરવીરતા, કળાઓ, રૂપલાવણ્યમયી અંગનાઓ, ત્રણલોકમાં સર્વપ્રિય એવી વસ્તુઓ સહેલાઈથી મળે છે, પરંતુ સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ એવા સદ્‌બોધિ રત્નને પ્રાપ્ત કરવું અત્યંત દુર્લભ છે.

જેના હૃદયમાં હમેશાં સુબોધરૂપ દીપક પ્રકાશે છે એવો જ્ઞાની, આ દિવ્ય ભાવનાઓ વડે હમેશાં અતીન્દ્રિય એવા અક્ષયસુખને પ્રાપ્ત કરે છે.

આ બારે ભાવનાઓ મુક્તિરૂપી લક્ષ્મીની સખીઓ છે. સુજ્ઞ જનોએ તેની સાથે સખ્યપણું સાધવું જોઈએ.

હે ભીમસેન નરેશ! તમે આ બારે ભાવનાનું નિત્ય સેવન કરો અને મુક્તિ સુખને વરો."

આચાર્યશ્રી હરિષેણ સૂરીશ્વરજીની આ મંગળ વાણી સાંભળી ભીમસેન પ્રભાવિત થયો. બાર ભાવનાઓનું સુંદર અને સમ્યક્ સ્વરૂપ જાણી તેની શુભ ભાવના સળવળી ઊઠી.

આચાર્યશ્રી પાસે ઊભા થઈ તેણે શ્રાવકના બાર વ્રતોના પચ્ચક્ખાણ લીધા. સુશીલાએ પણ સાથે હાથ જોડયા. અન્ય શ્રોતાગણે પણ પોતાની યથાશક્તિ વ્રત ગ્રહણ કર્યાં.

આચાર્યશ્રીની અમૃતવાણીનું સ્મરણ કરતાં ભીમસેન સપરિવાર રાજમહેલમાં પાછો ફર્યો.

થોડા દિવસો સુધી આચાર્યશ્રીએ રાજગૃહીમાં સ્થિરતા કરી. અને ભવ્યજીવોને રોજ ધર્મદેશના સંભળાવી.

ત્યારબાદ તેઓ અન્ય સ્થળે વિહાર કરી ગયા.

□

# ૩૧ પાપ આડે આવ્યાં

આચાર્યશ્રી હરિષેણસૂરિ ગામોગામ વિહાર કરતાં, ત્યાંના પ્રજાજનોને પ્રતિબોધ પમાડતાં પમાડતાં એક દિવસ પોતાના શિષ્ય સમુદાય સાથે વૈભારગિરિ આવી પહોંચ્યા.

આચાર્યશ્રીએ અત્યાર સુધીમાં સંયમની ઉત્કૃષ્ટપણે સાધના કરી હતી. ચૌદ પૂર્વોનો અભ્યાસ કર્યો હતો. અનેક પ્રકારની ઉગ્ર તપશ્ચર્યાઓ કરી હતી. દેહનું દમન કરીને દેહની અનેક અશુદ્ધિઓને ભસ્મીભૂત કરી નાંખી હતી. જ્ઞાન અને કર્મયોગથી તેમજ સહજ સમાધિથી આત્માને પણ કંચનવર્ણો કર્યો હતો. આ સર્વને લઇ તેમને આપોઆપ જ અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. પરંતુ આ લબ્ધિઓનો તેમણે કદી ઉપયોગ કર્યો નહિ. તે સ્વમાં ગોપનીય જ રાખી.

ગિરિરાજ ઉપર આચાર્યશ્રી ક્ષપકશ્રેણી ઉપર ચડયા. અને અશેષઘાતી કર્મનો ક્ષય કર્યો. કર્મના બંધન તૂટતાં જ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ભૂત, વર્તમાન અને ભવિષ્ય હસ્તામલકવત્ જણાવા લાગ્યું. અતીન્દ્રિય એવા પદાર્થોનું

દર્શન પણ તેમને સહજ બન્યું. શંકા કુશંકાઓનો નાશ થયો. સઘળું સ્પષ્ટ ને સુરેખ જણાયું.

આચાર્યશ્રીના કેવળજ્ઞાનથી ઈન્દ્ર મહારાજાનું સિંહાસન કંપાયમાન થયું. ઈન્દ્ર મહારાજાએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો. જ્ઞાનથી કેવળજ્ઞાનની જાણ થઈ. તરત જ દેવોના સમુહ સાથે કેવળીને વંદન કરવા તેમજ કેવળજ્ઞાનનો ભવ્ય મહોત્સવ ઉજવવા તે સૌ આવી પહોંચ્યા.

દેવોએ કેવળજ્ઞાનના આ સમાચાર ચારેય દિશામાં પ્રસારિત કર્યા. દિવ્ય દુદુંભિ નાદ કર્યો. પુષ્પવર્ષા કરી અને સુવર્ણકમળની રચના કરી.

અનેક માનવ સમૂહ કેવળી ભગવંતના દર્શનાર્થે આવ્યો. દેવો, દાનવો, માનવો અને તિર્યંચો પણ પર્ષદામાં આવ્યા. સૌએ ભક્તિભર્યા હૈયે કેવળી ભગવંતની પ્રથમ ધર્મદેશના સાંભળી. અને નૂતન કેવળી ભગવંતનો પ્રચંડ ઘોષણાથી જય જયકાર કર્યો.

કેવળી ભગવંતે વૈભારગિરિ થોડા દિવસ સ્થિરતા કરી ત્યાંથી વિહાર કર્યો. ગામાનુગામ અનેક ભવ્ય જીવોને સંયમ માર્ગે વાળતાં, અનેકોને સમ્યક્ત્વ ધર્મ પમાડતાં પમાડતાં રાજગૃહી આવી પહોંચ્યા.

પોતાના નગર આંગણે કેવળી ભગવંત પધારી રહ્યાં છે, એ શુભ સમાચાર મળતાં જ ભીમસેન પોતાની ચતુરંગી સેના લઈ તેમનું સામૈયુ કરવા ગયો અને વાજતે ગાજતે તેમને પોતાના નગરમાં તેડી લાવ્યો.

કેવળી ભગવંત અને તેમનો શિષ્ય સમુદાય સુંદર ઉપવનમાં બિરાજમાન થયા. અને એ ઉદ્યાનમાં જ તેઓશ્રીએ ધર્મદેશના આપવી શરૂ કરી.

'મહાનુભાવો! આ જગત સઘળું કર્માધીન છે. દરેક જીવ પોતાના જ શુભ અશુભ કર્મનું ફળ ભોગવે છે. શુભ કર્મનો જ્યારે ઉદય હોય છે, ત્યારે જીવ સુખ ભોગવે છે. અને અશુભ કર્મો જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે એ જ જીવ દુઃખમાં સબડે છે.

કર્મ વિના કશું જ બનતું નથી. કર્મથી જ જીવ ભવોભવ ભટકે છે. અનેક પ્રકારના દેહો ધારણ કરે છે. અને અનેક રીતે સુખ દુઃખને તે ભોગવે છે.

એ તમામ કર્મોનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે જ જીવ અમરત્વને પામે છે. પછી નથી તેને મરવાનું રહેતું. નથી તેને જનમવાનું રહેતું."

કેવળી ભગવંતે કર્મનું મહાત્મ્ય સમજાવતાં હતાં, ત્યાં જ ભીમસેને ઊભા થઈ વિનયભાવથી બે હાથ જોડી કહ્યું :

'હે પ્રભો! આ જન્મ પામીને મેં ઘણાં જ દુઃખો સહન કર્યાં છે. સુખ પણ તેટલું જ ભોગવ્યું છે. રાજકુળમાં જન્મ્યો હોવા છતાં પણ મારે જંગલ જંગલ ભટકવું પડયું છે. ભૂખે રીબાવું પડયું છે. ટાઢે થથરવું પડયું છે. અપમાન અને અવહેલના સહન કરવી પડી છે.

પ્રભો! આમ શાથી બન્યું હશે? આ ભવે તો મેં એવાં કોઈ જ અશુભ કર્મનું આચરણ નથી કર્યું. તો હે

ભગવંત ! પૂર્વભવમાં મેં એવાં તે શા પાપ કર્યાં હશે, કે આ ભવમાં મારે આટલી બધી વિટંબણા સહન કરવી પડી ?

આપ તો કેવળી છો. આપનાથી શું અજ્ઞાત હોય ? તો આપ મને મારો પૂર્વભવ કહેવા ઉપકાર કરો.'

'ભીમસેન ! કર્મની સત્તા અમાપ છે. આ ભવમાં કરેલા કર્મનું ફળ આ ભવમાં જ મળે એવો કોઈ અટલ નિયમ નથી. પૂર્વ ભવોમાં કરેલા કર્મનો વિપાક આ ભવમાં વેઠવો પડે છે. અને આ ભવમાં કરેલા શુભ–અશુભ કર્મોનો હિસાબ ભવાંતરમાં ચૂકવવો પડશે. આ ભવમાં તને જે સુખ દુઃખ પ્રાપ્ત થયાં, તે તારા પૂર્વભવના શુભાશુભ કર્મનું પરિણામ છે. તારો એ પૂર્વભવ તું હવે એકચિત્તે સાંભળ.' એમ કહી કેવળી ભગવંત શ્રી હરિષેણ મહારાજાએ ભીમસેનનો પૂર્વભવનો વૃત્તાંત કહેવા માંડયો :

"જંબુદ્વીપ નામના દ્વીપમાં પ્રભાવશાળી એવું ભરત ક્ષેત્ર છે. તેના મધ્ય ભાગમાં વૈતાઢય પર્વત તેનું શાસન જમાવીને ઊભો છે. આ પર્વત ઉપર અનેક જિનાલયો છે. અને નિતાંત સુંદર એવા મનોહર સરોવરો છે. તેમજ આ પર્વત ઉપરથી ત્રણ જગતના તાપને દૂર કરતી એવી ગંગા અને સિંધુ નદી વહે છે.

આ ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ભરતમાં મધ્ય ભાગે વારાણસી નગર છે.

આ નગરીમાં એક સમયે સિંહગુપ્ત નામે રાજા રાજ્ય

કરતો હતો. આ રાજા ઘણો જ પ્રતાપી, પરાક્રમી, તેજસ્વી, વિચક્ષણ અને ધર્મપરાયણ હતો.

આ રાજાને વેગવતી નામે રાણી હતી. રૂપ અને સૌન્દર્યમાં તે સમયે તેની કોઈ જોડ નહોતી. તે સુશીલ અને પતિવત્સલા હતી.

આ સિંહગુપ્તને એક માનીતો મંત્રી હતો. વિદ્યાસાગર તેનું નામ હતું. નામ પ્રમાણે જ તે ખરેખર વિદ્યાઓનો મહાસાગર હતો.

રાજા-રાણી બંનેને અપાર સુખ હતું. ખૂબ જ ઐશ્વર્ય ને વૈભવ તેમને મળ્યાં હતાં. યૌવન પણ બંનેનું થનગનતું હતું અને બંને સદાય નિરોગી રહેતાં હતાં.

લગ્ન કર્યાને ઘણો સમય થઈ ગયો હોવા છતાં વેગવતીને કોઈ સંતાન પ્રાપ્ત થયું નહોતું. આથી તે ચિંતાતુર રહેતી હતી અને આ ચિંતામાં તેનું લાવણ્ય મુરઝાતું જતું હતું.

પત્નીને આ રીતે સદાય ઉદાસ રહેતી જોઈ સિંહગુપ્તે તેનું કારણ પૂછયું.

'રાજન! આપના શાસનમાં દુઃખ તો કોઈ વાતે નથી. પરંતુ આ આપણા રાજવૈભવને આપણા પછી ભોગવશે કોણ? સંસાર માંડયાને આપણને ઘણો સમય વ્યતીત થઈ ગયો, છતાંય હજી તેનો કોઈ વારસદાર જન્મ્યો નથી, એ વિચારથી જ મારું મન હંમેશ ઉદાસ રહે છે.' રાણીએ નિખાલસભાવે કહ્યું.

આ કારણ જાણી રાજાને પણ ચિંતા થઈ. પણ તે શું કરી શકે ? તેણે રાણીને આશ્વાસન આપ્યું, પણ પોતે આશ્વાસ્ત ન બની શક્યો.

રાજાને આમ વ્યગ્ર બનેલો જોઈ મંત્રીએ તેમની ચિંતાનું કારણ પૂછ્યું. રાજાએ પોતાની ચિંતા જણાવી.

મંત્રી બોલ્યો : રાજન ! આ સઘળું જગત દૈવને આધીન છે. આ જગતમાં કશું જ ઈચ્છા માત્રથી નથી મળતું. એ મેળવવા પુણ્ય ઉપાર્જન કરવું પડે છે.

પુણ્યથી લક્ષ્મી મેળવાય છે, પુણ્યથી જ શુભ ફળ પ્રાપ્ત થાય છે. પુણ્ય હોય તો જ સુંદર સંતતિ મળે છે અને પુણ્યના બળથી જ સુખ અને સાહ્યબી મળે છે.

આથી હે નરેશ ! આપ વિશેષ પ્રકારે ધર્મારાધન કરો. ધર્મના પ્રભાવથી આપની ચિંતા જરૂર નાશ પામશે.'

મંત્રીની આ સુંદર અને રોચક સલાહ સાંભળી તે દિવસથી સિંહગુપ્ત અને વેગવતી બંને વિશેષ પ્રકારે ધર્મ કરવા લાગ્યાં. પોતાના ધનભંડાર તેમણે ખુલ્લા મૂકી દીધા. છૂટે હાથે તેમણે દાન દેવા માંડયું. સાધુ–સંતોની સેવા કરવા માંડી. દીન અને ગરીબોનાં દુઃખમાં ભાગ લેવા માંડયો, તેમને અન્ન અને વસ્ત્ર પૂરાં પાડયાં. રોગીઓને ઔષધો કરાવ્યાં. પ્રભુ–પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, પર્વતિથિએ પૌષધ, ઉપવાસ આદિ ધર્મક્રિયા પણ બંનેએ કરવા માંડી.

એક દિવસ રાજા અને મંત્રી ઘોડે ચડી નગરથી ઘણે

દૂર ઉપવન વિહાર કરવા ગયા. વનશ્રીના સૌન્દર્યનું પાન કરતાં કરતાં તેઓ નગરથી ઘણે દૂર ને દૂર નીકળી ગયા. સમયનું પણ તેઓને ભાન ન રહ્યું.

ફરતાં ફરતાં બંને એક વિશાળ વાવ આગળ આવ્યા. ત્યાં તેઓ થોભ્યા. વાવનું નિર્મળ જળ પીધું અને તેના ઓટલે આરામ કરવા બેઠા.

આ વાવથી થોડે દૂર એક જિનાલય હતું. તેનું ઉન્નત શિખર ગગન સાથે વાતો કરતું હતું. તેની ધ્વજા હવામાં મસ્ત બનીને મુક્તપણે લહેરાતી હતી.

રાજાની નજર જતાં જ તે બોલી ઊઠયો : 'નમો જિણાણં.'

આ સાંભળી મંત્રીએ પૂછયું : 'રાજન્ ! શું મનમાં પંચપરમેષ્ઠિનું સ્મરણ કરી રહ્યા છો કે શું ?'

'મંત્રીવર્ય ! પ્રભુનું સ્મરણ તો સતત ચાલુ જ છે. પરંતુ આ દુર જિનાલયનું શિખર જોયું, તેથી શ્રી વીતરાગ પ્રભુને મનોમન અહીં બેઠા વંદના કરી.

મંત્રીએ તરત જ એ દિશામાં જોયું, તો ઝાડની ઘટાઓમાં ઘેરાયેલું એક જિનચૈત્ય ત્યાં હતું. અને તેનો સુવર્ણ કળશ સહસ્રરશ્મિના તેજથી ઝગકી રહ્યો હતો.

'તો રાજન્ ! મનોમન જ શા માટે વંદના કરવી ? ચાલોને ત્યાં જઇ સાક્ષાત્ પ્રભુના દર્શન કરી આવીએ ?' મંત્રીએ ઉત્સાહ બતાવ્યો.

રાજાની પણ ભાવના તો એવી જ હતી, ત્યાં મંત્રીએ ઉત્સાહ બતાવ્યો, આથી તરત જ એ ઊભો થઈ ગયો અને મંત્રીને લઈ થોડીવારમાં એ પૃથ્વી ઉપરના મોક્ષભવનમાં આવ્યો.

જિનાલયમાં પ્રવેશતાં જ ત્યાંનું પવિત્ર ને નિર્મળ વાતાવરણ બંનેને અસર કરવા લાગ્યું. હૈયામાં ભક્તિના ભાવ ઉભરાવા લાગ્યા.

રાજા અને મંત્રી બંનેએ ગદ્‌ગદ્‌ કંઠે, આત્માના ઉલ્લાસથી શ્રી જિનેશ્વર પરમાત્માની સ્તુતિ કરી, ત્રણ પ્રદક્ષિણા ફરી ચૈત્યવંદન કર્યું અને ફરી એક છેલ્લી નજરે પ્રભુની પ્રતિમાને પોતાના હૈયામાં સમાવી બંને દેરાસરમાંથી બહાર આવ્યા.

પ્રભુદર્શનથી બંનેનું હૈયું પ્રફુલ્લિત બની ગયું હતું. આનંદના અનેરા ઉત્સાહ સાથે બંને તેટલામાં જ ફરવા લાગ્યા. ત્યાં તેમણે એક ધ્યાનસ્થ શ્રમણ ભગવાનને જોયા.

'વિદ્યાસાગર ! આજ પુણ્યનો સૂરજ ઊગ્યો લાગ્યો છે. જો તો ખરો, સામે જ ભવસાગરના તારક એવા શ્રમણ ભગવંત ઊભા છે. ચાલ, તેઓશ્રીને વંદના કરીએ અને તેમની અમૃતવાણીનું પાન કરીએ.' મુનિને જોઈ હરખાઈ ઊઠતા સિંહગુપ્તે કહ્યું.

બન્ને જણા મુનીશ્વર પાસે આવ્યા. ભાવપૂર્વક વિધિસહ બન્નેએ ગુરુવંદના કરી, સુખશાતાદિ પૂછી અને મુનિશ્રીની પાસે હાથ જોડી વિનયથી બેસી ગયા.

મુનીશ્વરે ધર્મલાભ આપ્યો અને ઉપદેશ આપ્યો : 'ભવ્યો ! મહા દુર્લભ એવા માનવભવને પામીને, ભવ્ય આત્માઓએ એક ક્ષણનો પણ ખરાબ રીતે વ્યય ન કરતાં ધર્મનું આરાધન કરવું જોઇએ. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહનો સર્વાંશે ત્યાગ કરો. સર્વસ્વનો ત્યાગ ન બની શકે તો તેનાથી જેટલું બચાય તેટલું બચો. તેનો ત્યાગ કરવામાં જ ધર્મ છે. જેઓ આવા ધર્મનું નિરંતર સેવન કરે છે, તેઓને જરૂરથી સ્વર્ગના સુખની પ્રાપ્તિ થાય છે. જેઓ ધર્મ નહિ કરતાં પાપમય જીવન ગુજારે છે, તેઓ મરીને અંતે નરક આદિ નીચ ગતિમાં જાય છે અને અસહ્ય દુઃખોને ભોગવે છે; આથી મહાનુભાવો ! ધર્મ કરો. ધર્મ કરો.

મુનીશ્વરની ધર્મદેશના સાંભળી બન્નેના આત્માને અત્યંત આનંદ થયો અને ધર્મ ઉપર તેઓ બન્ને વધુ શ્રદ્ધા સેવવા લાગ્યા.

ત્યાંથી તેઓ ફરી વાવને કાંઠે આવ્યા, ત્યારે સૂર્ય અસ્તાચળ તરફ જઈ રહ્યો હતો. નગર તરફ પાછા ફરવામાં આવે તો માર્ગમાં જ અંધારું થઈ જાય. આથી બન્નેએ રાતવાસો ત્યાં જ કરવાનું નક્કી કર્યું. અને મનમાં નવકાર મંત્રનું રટણ કરતાં તેઓ એ વાવ ઉપર જ નિદ્રાધીન બન્યા.

મોડી રાતે રાજા જાગી ગયો. તેણે કયાંક કોઈ સ્ત્રીનો રડવાનો અવાજ સાંભળ્યો. એ અવાજ કોનો હશે એ વિચારથી તે જાગી ગયો. પોતે સ્વપ્નમાં તો રુદનનો અવાજ સાંભળ્યો નથી ને ? એ ખાત્રી કરવા તેણે કાન સરવા કર્યા. એમ

કરતાં જ તેણે એક ધીમો પણ કરુણ અને કોમળ રુદનનો સ્વર સાંભળ્યો.

રાજાએ મંત્રીને જગાડયો. 'મંત્રીશ્રી ! તમને કોઈનો રડવાનો અવાજ સંભળાય છે ?'

મંત્રીએ અવાજની દિશામાં કાન ધર્યા. તેણે પણ એ અવાજ સાંભળ્યો.

'મને લાગે છે કે કોઈ સ્ત્રી દુઃખમાં છે. તેના ઉપર કોઈ આપત્તિ આવી પડી લાગે છે, આથી તે રડી રહી છે. ચાલો, તેની તપાસ કરીએ અને બને તે તેને મદદ કરીએ.' મંત્રી સહાય માટે ઉતાવળો બન્યો.

પોતાના શસ્ત્રોને સાવધ કરી બંને રુદનની દિશા તરફ આગળ વધ્યા. રાત જામી ચૂકી હતી. અંધારું ઘનઘોર હતું. વળી વૃક્ષોની ગાઢી ઘટા હતી. રસ્તો મહામુશીબતે પસાર થતો હતો. ચકમકથી અજવાળું કરતાં બંને આગળ વધી રહ્યા હતા.

રુદનનો અવાજ હવે સ્પષ્ટ સંભળાતો હતો. એ અવાજ એક દેવીના મંદિરમાંથી આવતો હતો. બંને હળવે પગલે દેવીના મંદિરમાં દાખલ થયા અને ગુપચુપ શ્વાસ થંભાવી ઊભા રહ્યા.

મંદિરના રંગમંડપમાં એક પરિવ્રાજક બેઠો હતો. યજ્ઞની વેદી સળગાવી હતી. હાડકાં બળવાની તીવ્ર ગંધ આવી રહી હતી. યજ્ઞની આસપાસ માણસોની ખોપરીઓનો

ઢગ પડયો હતો અને પેલો પરિવ્રાજક મોટા મોટા અવાજે યજ્ઞમાં કંઈક દાણા નાખતો ૐ સ્વાહા ૐ સ્વાહા બોલી રહ્યો હતો.

એ યજ્ઞવેદીની સામેના એક થાંભલે એક સુકુમાર યુવતીને દોરડાથી બાંધી હતી. એ યુવતી આ દૃશ્યથી ભય ભીત બનીને રડી રહી હતી.

આ જ યુવતી રડતી હોવી જોઇએ, એમ રાજા તેમજ મંત્રીને મનમાં બેસી ગયું. એ સાથે તેઓ એ પણ સમજી ગયા, કે આ પિશાચ પરિવ્રાજક કંઈ મેલી સાધના કરી રહ્યો છે ને તે માટે આ યુવતીને કયાંકથી ઉપાડી લાવ્યો છે. યુવતીના ભોગે એ પોતાની સિદ્ધિ મેળવવા માંગે છે.

આ યુવતીને બચાવવી જ જોઈએ. તે માટે પ્રાણનો પણ ત્યાગ કરવો પડે તો ભલે, એમ નક્કી કરી રાજાએ ભેટમાંથી એક જ ઝાટકે ચકચકતી તલવાર કાઢી અને મોટા અવાજે બોલી ઊઠયો :

'સાવધાન ! ઓ પિશાચ ! સાવધાન !'

અચાનક રીતે આ અવાજ આવેલો સાંભળી પરિવ્રાજક ચોંકી ઊઠયો. તેણે પીઠ ફેરવી પાછું જોયું, ત્યાં રાજા અને મંત્રી બંને તલવાર લઈ તેનો સામનો કરવા ઊભા હતા.

પરિવ્રાજક સાવધ થઇ ગયો. તેણે રાજા સામે મંત્ર બળથી તલવાર લઇ લડવા માંડયું. રાજા વીરતાથી એ પરિ-વ્રાજક સામે લડી રહ્યો અને પોતાના પરાક્રમથી તેણે એ માંત્રિક પારિવ્રાજકને ભગાડી મૂકયો.

રાજાએ તરત જ પેલી યુવતિને મુક્ત કરી. તેને બાંધેલા દોરડાના બંધનો તોડી નાંખ્યા.

એવામાં જ આ યુવતિની શોધ કરતો તેનો પતિ ત્યાં આવી પહોંચ્યો. આવીને તેણે પોતાની પત્નીને પાસે લીધી.

યુવતિએ બધી બનેલી બીના પોતાના પતિને કહી સંભળાવી. તેનો પતિ વિદ્યાધર હતો. વૈતાઢય પર્વત ઉપર રહેતો હતો. મદનવેગ તેનું નામ હતું.

જાનના જોખમે પણ પોતાની પત્નીને બચાવનાર રાજા ઉપર વિદ્યાધરને માન ઉપજ્યું. તેણે તેને પ્રણામ કરી વારંવાર ઉપકાર માન્યો. અને પોતાને ત્યાં લઈ જવા પ્રેમથી ભારે આગ્રહ કર્યો.

વિદ્યાધરનો અત્યંત આગ્રહ જોઈ રાજા મંત્રી સાથે વિદ્યાધરને ત્યાં આવ્યા. વિદ્યાધરે તેમનો ખૂબ જ આતિથ્ય સત્કાર કર્યો. અને ચાર પ્રભાવિક ગુટિકા રાજાને ભેટ આપી.

એ ચારેય ગુટિકાનો પ્રભાવ અલગ અલગ હતો. એક અગાધ જલમાં પણ તારનારી હતી. બીજી વિકરાળ શત્રુનો સંહાર કરનારી હતી. ત્રીજી શસ્ત્રોના જીવલેણ ઘાને પળમાત્રમાં રૂઝવનારી હતી અને ચોથી ગુટિકા સંજીવની પ્રદાતા હતી.

આ ગુટિકા આપી અને પોતાને ત્યાં છ માસ સુધી રહેવા આગ્રહ કર્યો. આ સમય દરમિયાન પોતે તેઓને પવિત્ર તીર્થોની યાત્રા કરાવશે તેમ જણાવ્યું.

તીર્થયાત્રાનો અનુપમ ને મહામૂલો લાભ મળે છે, એમ

જાણી રાજા અને મંત્રીએ ત્યાં રોકાવાની હા પાડી અને ત્યાં રોકાઈ ગયા.

વિદ્યાધરે પોતાના સેવકને મોકલી વારાણસી નગરીમાં રાણીને ખબર કહેવડાવી દીધી કે રાજા અને મંત્રી બંને તીર્થયાત્રાએ ગયા છે, અને છ માસ બાદ આવશે.

આમ બધી વ્યવસ્થા કરી અને વાર્તા વિનોદ કરતાં રાજા અને મંત્રી વિદ્યાધરને ત્યાં રહેવા લાગ્યા.

હવે બન્યું એવું કે પેલો પરિવ્રાજક અચાનક મૃત્યુ પામ્યો. મરીને તે વ્યંતર યોનિમાં જન્મ્યો.

એક સમયે તે ફરતો ફરતો આ વિદ્યાધરના મહેલ ઉપરથી પસાર થયો. ત્યાં તેણે રાજા અને મંત્રીને સૂતેલા જોયા. તેમને જોતાં જ પોતાના પૂર્વભવનું વૈર તેને યાદ આવ્યું. તરત જ તેણે બંનેને ઊંઘતા ઉપાડી લીધા.

અને એ બંનેને ઊંઘતા જ તેણે એક વિશાળ અને અગાધ સમુદ્રમાં ફેંકી દીધા.

પાણીનો સ્પર્શ થતાં જ રાજા અને મંત્રી સફાળા જાગી ગયા. જાગીને જોયું તો બંને સાગરના વિરાટકાય મોજાઓ ઉપર નાવડી તરે તેમ તરતા હતા.

સાગરમાં પડતાં જ બંને ડૂબી જવા જોઈતા હતા. પરંતુ ગુટિકાના પ્રભાવથી બંને બચી ગયા. અને તરતા તરતા બંને સાગરના કાંઠે આવ્યા.

સાગર કાંઠે ગાઢ જંગલ હતું. બંને જંગલમાં દાખલ

થયા. ત્યાં ખાવા યોગ્ય ફળ ખાધાં. ઝરણામાંથી જળપાન કર્યું. અને નિરાંતે એક ઝાડ તળે આરામ કરવા બેઠા.

આરામ કરતાં કરતાં જ બંને ફરી પાછા સૂઈ ગયા. તેઓ શાંતિથી સૂતા હતા ત્યાં જ પેલો વ્યંતર ક્રોધથી ધસમસતો ત્યાં આવી પહોંચ્યો. તેને ખબર પડી કે પોતાના દુશ્મનો મર્યા નથી પણ હજી તે જીવે છે.

આ સમયે તેણે બંનેને ઉપાડી એક અંધારા કૂવામાં નાંખી દીધા. કૂવામાં પાણી પણ પુષ્કળ હતું. પાણીમાં પડતાં જ રાજા અને મંત્રી જાગી ગયાં.

તેમને સમજ ન પડી, કે આમ તેમને કોણ પાણીમાં ડૂબાડી રહ્યું છે. આ વખતે પણ ગુટિકાના પ્રભાવથી તેઓ બચી ગયાં.

તેઓ કૂવામાં હતા ત્યાં જ રાજાએ એક જગ્યાએ બખોલ જેવું કંઈક જોયું. કુતૂહલથી રાજાએ એ બખોલને લાત મારી. લાત મારતાં જ બખોલ ઉઘડી ગઈ. રાજાએ જોયું તો તેમાંથી એક રસ્તો દેખાતો હતો. તરત જ રાજા અને મંત્રી બંને તેમાં દાખલ થઈ ગયા. અને એ રસ્તે ચાલવા લાગ્યા.

થોડે સુધી ચાલ્યા હશે ત્યાં એક સુંદર બગીચો આવ્યો. બગીચાની વચ્ચે એક સુંદર, ભવ્ય અને આલિશાન મહેલ હતો. અને એ મહેલમાંથી સ્વરકિન્નરીઓનો સુમધુર અવાજ આવી રહ્યો હતો.

બંને જણા ત્યાં આગળ ગયા. એ મહેલ આગળ ફળથી લચેલાં વૃક્ષો હતાં. ફળ જોઈને બંનેને ખાવાનું મન થયું. આમેય બંનેને ભૂખ તો લાગી જ હતી. મંત્રીએ ફળ તોડયાં અને બંને ખાવા લાગ્યા.

ફળ ખાતાં તો જાદુ થઈ ગયો. બંનેનું માનવ સ્વરૂપ અદૃશ્ય થઈ ગયું. અને વાનર બની ગયા. ઓચિંતાનો થયેલો આ ફેરફાર જોઈ બંને એકબીજાના સામું વિસ્મય અને ભયથી જોવા લાગ્યા.

આ અવસ્થામાં કેટલોક સમય તેઓ ત્યાંને ત્યાં જ ડરથી ધ્રૂજતા બેસી રહ્યા. એ જ સમયે પેલો વિદ્યાધર ત્યાં આવ્યો. તેની સાથે પેલી યુવતી પણ હતી.

એ યુવતી અને વિદ્યાધરને આ બંને ઓળખી ગયા. એટલે તરત જ તેમણે ભયથી ચીચીયારી કરી.

વાંદરાનો અવાજ સાંભળી વિદ્યાધર તે તરફ જોવા લાગ્યો. એ જોતાં જ તેને ખ્યાલ આવી ગયો કે આ તો મારા ઉપકારીજનો છે. તેણે તરત જ એક ઝાડ પરથી પુષ્પ તોડયું. અને એ પુષ્પ બંનેને સુંઘાડયું. પુષ્પની સુવાસનો સ્પર્શ થતાં જ બંનેએ પોતાનું માનવ સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

'તમે અહીં કયાંથી ?' વિદ્યાધરે પૂછયું.

મંત્રીએ બનેલી બધી વિગત જણાવી. અને ઉપકાર માનતા કહ્યું : 'આપે જો અમને પેલી પ્રભાવિક ગુટિકા ન આપી હોત, તો તો અમે કયારનાય મૃત્યુ પામ્યા હોત. આપના પ્રભાવથી જ અમે અત્યારે આપની સમક્ષ ઊભા છીએ.

એ જ સમયે પેલો વ્યંતર ત્યાં આવ્યો. તેણે રાજા અને મંત્રીને પોતાની વિદ્યાના બળથી અધ્ધર ઉપાડયા અને નાસવા માંડયું.

એ જોતાં જ વિદ્યાધર તેની પાછળ દોડયો. તેને પકડી પાડયો. અને તેને સખ્ત રીતે માર માર્યો.

વ્યંતરે વિદ્યાધરના પગે પડી ક્ષમા માંગી અને હવે ફરીથી પોતે કયારેય એ બંનેને હેરાન નહિ કરે, તેવી પ્રતિજ્ઞા લીધી.

આથી વિદ્યાધરે એ વ્યંતરને છોડી મૂકયો.

ત્યાર પછી વિદ્યાધરે રાજાને કંઈક માંગવાનું કહ્યું. આ તક જોઈ મંત્રીએ કહ્યું. રાજાને પુત્રની ઘણી ચિંતા સાલે છે પુત્ર વિના તેમની જિંદગી નિરસ પસાર થાય છે.

વિદ્યાધરે તરત જ કહ્યું : 'રાજન્! તમે ચિંતા ન કરશો. હું તમને એક મંત્ર આપું છું. તેનું તમે વિધિપૂર્વક આરાધન કરજો. એ મંત્રના પ્રભાવથી દેવીનો સાક્ષાત્કાર થશે. એ દેવી પાસે તમે પુત્રનું વરદાન માંગજો.'

આ પ્રમાણે વિદ્યાધરે રાજાને મંત્ર આપી પોતાની વિદ્યાથી બંનેને વારાણસી નજદીકના એક ઉદ્યાનમાં મૂકી દીધા. અને પોતાના ઉપકારીજનોને પ્રણામ કરી તેણે બંનેની વિદાય લીધી.

આ ઉદ્યાનમાં તે સમયે એક મુનિ ભગવંત કાઉસ્સગ્ગ કરી રહ્યા હતા. રાજા તથા મંત્રીએ શ્રમણને વંદના કરી.

શ્રમણ ભગવંતે પ્રસંગોચિત થોડો ઉપદેશ આપ્યો. રાજાએ તેમની પાસે પરસ્ત્રી સેવન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી.

એ પછી બંને રાજમહેલમાં આવ્યા.

થોડા દિવસ બાદ શુભ દિવસે રાજાએ મંત્ર સાધનાની તૈયારી કરી. કાલિકાના મંદિરમાં તેણે આ સાધનાની શરૂઆત કરી. પોતે અટ્ઠમ તપ કર્યો. આ સાથે મંત્રીને પણ તેણે ઉત્તરસાધક તરીકે રાખ્યો.

ત્રીજા દિવસની રાતે કાલિકાદેવીએ રાજાની અગ્નિ પરીક્ષા કરવી શરૂ કરી. વિકરાળ સિંહગર્જના કરી. ભોરિંગ નાગના ફુત્કાર કર્યા. ચામડી શેકી નાંખે તેવી અગ્નિ વર્ષા કરી. શરીરને આરપાર વીંધી નાખે તેવા કીડાઓ રાજાના શરીર ઉપર ફેંકયા.

પણ રાજા પોતાની સાધનામાંથી જરા પણ ચલિત ન થયો. એકચિત્તે તે મંત્રનું રટણ કરતો રહ્યો.

પ્રતિકૂળ ઉપસર્ગોથી રાજા ચલિત ન થયો એટલે દેવીએ અનુકૂળ ઉપસર્ગો કરવા માંડયા.

તેણે પોતાનું સુંદર અને જાજવલ્યમાન સ્વરૂપ પ્રગટ કર્યું. અને બોલી :

'રાજન્! હું તારી સાધનાથી પ્રસન્ન થઈ છું. માંગ તારે શું જોઈએ છે.'

'દેવી! મારી માંગથી આપ કયાં અજ્ઞાત છો? આપ પ્રસન્ન થયા હોવ તો મારી એ અભિલાષા પૂર્ણ કરો.'

'જરૂર પૂર્ણ કરું. પરંતુ એ પહેલાં તારે મારી ઇચ્છાને તાબે થવું પડશે.'

'આપની ઉચિત ઈચ્છાનો હું જરૂરથી અમલ કરીશ. ફરમાવો.' રાજાએ વિનમ્રભાવે કહ્યું.

'તો આવ, ઊભો થા. અને મારી સાથે ભોગ ભોગવ.'

'એ નહિ બને દેવી! પરસ્ત્રી એ મારે મન મા બરાબર છે. તમે મારી મા છો. પૂજ્ય છો. એવી અનુચિત ઇચ્છા કરી મને પાપમાં ન ઢસડો.' રાજાએ મક્કમ સ્વરે કહ્યું.

દેવીએ તેથી હાર ન માનતાં રાજાને ચલિત કરવા ઘણા પ્રકારે પ્રયત્ન કર્યા. ખૂબ જ કામોત્તેજક હાવભાવ કર્યા.

પરંતુ સિંહગુપ્ત તો સિંહ જ બની રહ્યો. આંખ મીંચીને મંત્રનું રટણ કરતો શાંત અને સ્વસ્થ ચિત્તે બેસી રહ્યો.

દેવીએ જોયું, કે રાજા પ્રતિજ્ઞાપાલક છે ને ઉગ્રસાધક છે. તેણે પોતાની માયા સંકેલી લીધી અને દેવીસ્વરૂપે પ્રગટ થઈ કહ્યું :

'રાજન્! તારું ધૈર્ય અને શૌર્ય જોઈ હું પ્રસન્ન થઈ છું. લે આ શ્રીફળ વેગવતીને તે ખવડાવજે. તેના પ્રભાવથી તને મહાપ્રતાપી એવા બે પુત્રરત્નોની પ્રાપ્તિ થશે.'

આટલું કહી દેવી અદૃશ્ય થઈ ગઈ.

રાજા શ્રીફળ લઈ રાજમહેલમાં આવ્યો અટ્ઠમનું પારણું કર્યું. અને વેગવતીને પોતાની સાધનાનો સઘળો વૃતાંત જણાવ્યો. તેમજ દેવીએ આપેલું શ્રીફળ પણ આપ્યું.

શ્રીફળના પ્રભાવથી વેગવતીએ કાળક્રમે બે પુત્રોને જન્મ આપ્યો. પુત્ર જન્મથી રાજા અને રાણી બંનેને આનંદ આનંદ થઈ ગયો.

બાર દિવસ પૂરા થતાં બંને કુમારોનું નામાભિધાન કરવામાં આવ્યું. એકનું નામ કામજિત રાખ્યું અને બીજાનું નામ પ્રજાપાલ.

પાંચ ધાવમાતાઓનું રક્ષણ પામતા, સોના રૂપાના રમકડે રમતા, માત-પિતાના અનેક પ્રકારના લાડ પામતા બંને કુમારો મોટા થવા લાગ્યા.

આઠ વરસની ઉંમર થતા બંનેને ગુરુકુળમાં મૂકયા. ત્યાં તેઓને શાસ્ત્રવિશારદ ગુરુ અનેક પ્રકારની વિદ્યાઓની તાલીમ આપવા લાગ્યા. ક્રમે ક્રમે તેમને બોંતેર કળામાં પ્રવીણ કર્યા.

કામજિત અને પ્રજાપાલે વિદ્યાભ્યાસ પૂરો કર્યો. હવે તેઓ પરિપૂર્ણ યુવાન બન્યા હતા. યૌવનની તાકાત અને તાઝગીથી, સૌન્દર્ય અને શક્તિથી બંને તરવરાટ અનુભવતા હતા.

બંને કુમારોને લગ્નની યોગ્ય વયે પહોંચેલા જોઈ સિંહગુપ્તે બંનેના લગ્ન કરાવ્યાં. કામજિતના લગ્ન પ્રીતિમતિ સાથે કર્યા અને પ્રજાપાલના લગ્ન વિદ્યુન્મતિ સાથે કર્યા.

આ બંનેનો સંસાર સુખે ચાલ્યો જતો હતો.

એક દિવસ વારાણસી નગરમાં પૂજ્ય આચાર્ય ભગવંત પોતાના શિષ્ય સમુદાય સાથે પધાર્યા. આચાર્યશ્રી પ્રભાવિક અને સકલ શાસ્ત્રના પારગામી હતા.

સિંહગુપ્તને આ સમાચાર મળતાં જ તે પોતાના પરિવાર સહિત આચાર્યશ્રીને વંદના કરવા આવ્યો.

વિધિપૂર્વક વંદના કરી તે આચાર્યશ્રીના સન્મુખ બેઠો અને ધર્મ દેશના સંભળાવવા વિનંતી કરી.

આચાર્યશ્રીએ ફરમાવ્યું, હે ભવ્યાત્માઓ ! આ માનવ જન્મ વારેઘડીએ મળતો નથી. આ જન્મ પામનાર ખરેખર મહાભાગ્યશાળી મનાય છે. આવા અત્યંત દુર્લભ અને મહામૂલા માનવ જન્મને પામી જે જીવો સારાય જીવન પર્યંત મોજ–શોખ અને ભોગ વિલાસમાં જ રચ્યા પચ્યા રહે છે, તેઓ હાથમાં આવેલા ચિંતામણી રત્ન સમાન એવા માનવ ભવને ગુમાવી દે છે. તેવાઓનું જીવ્યું ધૂળમાં જાય છે. મનખો એળે જાય છે.

માનવ જન્મ પામીને સુજ્ઞ જનોએ પૂરેપૂરું ધર્મારાધન કરવું જોઈએ.

આ ધર્મ મુક્તિદાતા છે. શ્રી જિનેશ્વર ભગવંતોએ બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે. પ્રથમ મહાવ્રત ધર્મ અને બીજો અણુવ્રત ધર્મ.

હે રાજન્ ! પ્રથમ ધર્મનું આરાધન કરવાથી આ જીવ નજદીકના ભવોમાં જ મુક્તિને પામે છે. આ ધર્મ સર્વથા વિરતિ ક્રિયા રૂપ છે.

બીજો અણુવ્રત ધર્મ શ્રાવકોને સુખદાયક છે. અને તેની સમ્યક્‌પણે આરાધના કરવાથી તે પણ ક્રમશઃ શિવ સુખને આપે છે.

જેઓ પ્રથમ ધર્મનું આરાધન કરવાની શક્તિ ધરાવતા નથી, તેઓએ બીજા શ્રાવક ધર્મનું અવશ્ય પાલન કરવું જોઈએ.

આચાર્યશ્રીએ ટૂંકમાં પણ સચોટ રીતે સંયમ ધર્મનું મહાત્મ્ય સમજાવ્યું.

સિંહગુપ્તને આ પ્રવચનની ધારી અસર થઈ. તેને આ સંસાર અસાર જણાયો. તેણે તરત જ સંયમ લેવાનું નક્કી કર્યું.

રાજમહેલમાં જઈ તેણે બંને પુત્રોને રાજ્ય શાસનને યોગ્ય એવી હિતકારી સૂચનાઓ આપી. કામજિતનો રાજ્યાભિષેક કર્યો. પ્રજાપાલને યુવરાજ પદે સ્થાપિત કર્યો. અને સૌની સંમતિ લઈ બીજે દિવસે તે પત્ની સહ આચાર્ય ભગવંત પાસે આવ્યો. અને પત્ની સહ તેણે સંયમ ધર્મનો સ્વીકાર કર્યો.

રાજા-રાણી બંનેએ દીક્ષા લઈ સંયમ ધર્મનું ઉત્કૃષ્ટપણે પાલન કર્યું. અપ્રમત્ત ભાવે સ્વાધ્યાય કર્યો. ઉગ્ર ને ઉત્કટ તપશ્ચર્યા કરી. અંતકાળ નજદીક જાણી બંનેએ અનશન કર્યું અને કાળધર્મ પામી બંને સ્વર્ગે ગયા. કાળક્રમે આ બંને જીવ સકલ કર્મનો ક્ષય કરીને મોક્ષે જશે.

પિતાના કાળધર્મના સમાચાર સાંભળી કામજિત અને પ્રજાપાલને દુઃખ તો થયું જ. પરંતુ તેઓ તો પોતાનું જીવ્યું સફળ કરી ગયાં એમ માની એ દુઃખ વધુ ન લાગવા દીધું.

પિતાએ ચીંધેલા માર્ગે ચાલવું તેમાં જ પોતાનું પુત્ર કર્તવ્ય છે, એમ સમજી બંને કુમારો નીતિમય રીતે વારાણસીનો રાજકારભાર ચલાવવા લાગ્યા.

આ બંને ભાઇઓ વચ્ચે અપૂર્વ સખ્ય હતું. બંનેના વિચારો ને આદર્શો એક સરખા હતા. જીવનની નીતિ રીતિ પણ સમાન હતી. અને બેય ભાઈઓ એક બીજા ઉપર ખૂબ જ સ્નેહ ને આદરભાવ રાખતા હતા. કયારેક તેઓ વચ્ચે ઝઘડો થતો નહિ. પ્રેમ અને શાંતિપૂર્વક બંને પોતપોતાનું કર્તવ્ય અદા કરતા હતા.

પરંતુ આ બંનેની પત્નીઓનું તેવું ન હતું. તેઓ બંનેનો જીવ એકબીજામાં મળી ગયો ન હતો. જેઠાણીને પોતાની મોટાઈનું થોડું અભિમાન હતું, પરંતુ એ એટલી બધી કુશળ હતી કે આ અભિમાનને તે પ્રગટપણે કોઈને જણાવવા દેતી નહિ. પહેલી નજરે જોનાર અને તેના પરિચયમાં આવનારને તે વિનમ્ર જ જણાતી.

એક દિવસ દેવદત્તાએ વિદ્યુન્મતિને સુંદર અને કલાત્મક અલંકારોથી સજ્જ થયેલી જોઈ. આ દેવદત્તા પ્રીતિમતિની માનીતિ દાસી હતી. અને પ્રીતિમતી કામજિતની પત્ની હતી. રાજરાણી હતી.

વિદ્યુન્મતિના અલંકારો જોઈ આ દાસીની આંખો પહોળી થઈ ગઈ. અલંકારો એટલા બધા કિંમતી અને બારીક નકશીવાળા હતા, કે તે જોઈ દાસીને ઘણું જ આશ્ચર્ય થયું. અને મનમાં તે લઘુતા અનુભવવા માંડી.

આવા અલંકારો તો મારા રાણી પ્રીતિમતિના શરીરે જ શોભે ? જેઠાણી જેવી જેઠાણી, મહારાણી જેવી મહારાણી,

તેના અલંકારો સાદા અને આ નાની રાણીના અલંકાર આટલા બધા ભવ્ય ને મોંઘા !

દાસીના મનમાં ઇર્ષ્યાનો કીડો સળવળી ઊઠયો. તરત જ તેણે પ્રીતિમતિ પાસે જઈને વાત કરી :

'રાણી મા ! રાણી મા ! તમે દેરાણીના—નાની રાણીનો રત્નહાર જોયો ? શું તેના હીરાની ચમક છે ! એક એક હીરામાં નાની રાણીના મુખકમળનું તેમાં પ્રતિબિંબ પડે છે !'

અને શું તેમના રત્ન કંકણ છે ! શું તેમના બાજુબંધ છે ! ઝાંઝરના ઝણકારમાંથી તો જાણે દિવ્ય સંગીતની સરોદ નીકળે છે !

એવા અલંકારો તો રાણી મા ! આપને જ શોભે ! દાસીએ અલંકારોની પેટ ભરીને પ્રશંસા કરી. સાથે સાથે પ્રીતિમતિના મનમાં એમ પણ ઠસાવ્યું, કે એ અલંકારો તો માત્ર તમારાથી જ પહેરી શકાય. એવા ભારે ને મોંઘા, દિવ્ય ને ભવ્ય આભૂષણો પહેરી જો નાની રાણીમા બહાર નીકળે, તો રાજરાણીનો પ્રભાવ એટલો ઓછો થાય. એ અલંકારો તો મહારાણીને જ શોભે. અને માત્ર તેમનાથી જ એ આભૂષણો અંગ ઉપર રખાય.

દાસીએ એવી કુશળતાથી પ્રીતમતિના કાનમાં વિષ રેડયું. અને તેનું મન એ અલંકારો કોઈપણ ભોગે મેળવી લેવા તલપાપડ બની ગયું.

કામજિત તેના ખંડમાં આવતાં જ તેણે અલંકારોની

વાત છેડી. દેરાણીના એ અલંકારો લાવી આપવા તેણે જીદ કરી.

'પણ આપણી પાસે કંઈ અલંકારો ઓછા છે, કે તું તારી દેરાણીના અલંકારો માંગે છે? હું તને તેનાથી યે સુંદર ને કારીગરીવાળા અલંકારો બનાવી આપીશ.'

કામજિત આવા ક્ષુલ્લક કામમાં પડવા નહોતો માગતો. કારણ તેને ખબર હતી, આવી બધી બાબતો કયારેક ભયાનક ઝઘડાનું કારણ બની જાય છે. અને આપસ–આપસનો પ્રેમ તૂટી જઇ વૈરનું કારણ બની જાય છે. આથી તેણે રાણીને સમજાવવા માંડી.

સમજાવે સમજે તો સ્ત્રી શાની? એ તો હઠ લઇને બેઠી. મને એ અલંકારો જ જોઈએ. તમે મને એ લાવી આપો.

કામજિતે સ્ત્રી હઠ સામે હાર માની. એ અલંકારો જોવા માટે લાવી આપવાનું તેણે વચન આપ્યું.

'પ્રજાપાલ! તારા ભાભીને તેં તારી પત્ની માટે જે હમણાં નવાં અલંકારો બનાવ્યાં છે, તે જોવા માટે જોઈએ છે. તો તું તે લાવી આપ.' બીજે દિવસે કામજિતે પોતાના ભાઈને કહ્યું.

'પૂજ્ય! ભાભીથી વિશેષ શું હોય? અબઘડી હું લાવી દઉં છું.' ભાભીને મા તુલ્ય માનતા દિયરે કહ્યું. ને પત્ની પાસે જઈ તે અલંકારો લઈ આવ્યો.

એ અલંકારો પ્રીતિમતિએ પોતાના અંગ ઉપર પહેર્યાં.

'કેમ હવે હું કેવી લાગું છું?' અભિમાનથી તેણે કામજિતને પૂછયું.

'ઘણી જ સુંદર! પણ આ અલંકારો હવે તું જોઈ પાછા આપી દેજે. હું તને આનાથી પણ વધુ ચડીયાતા બનાવરાવી આપીશ.' કામજિતે સ્ત્રીને ખુશ કરી.

આ અલંકારો આપ્યાને આઠ દિવસ થઇ ગયા, તો પણ પ્રીતિમતિએ એ અલંકારો પાછા ન મોકલાવ્યા. આથી વિદ્યુન્મતિએ પોતાની દાસી કામદત્તાને જેઠાણી પાસે મોકલી.

'પ્રણામ મહારાણીજી! મને નાની રાણીમાએ આપની પાસે મોકલી છે. અને તેઓએ આપને આપેલા અલંકારો પાછા મંગાવ્યા છે.' દાસીએ વિનયથી અલંકારોની માંગણી કરી.

આ સમય આવશે જ. એ પ્રીતિમતિને ખબર હતી એટલે તરત જ ક્ષોભ પામતાં અને આંખમાં આંસુ લાવી કીધું:

'અરર હું તો સાવ લૂંટાઈ ગઇ. ન જાણે મેં એ અલંકારો ડાબે હાથે કયાં મૂકી દીધા છે, તે મને જડતા જ નથી. રોજ તેની તપાસ કરું છું. પણ મળતાં જ નથી. જડશે એટલે તરત જ હું પોતે આવીને તે અલંકારો આપી જઈશ.'

કામદત્તા તો આ સાંભળીને ઠરી જ ગઇ. પણ તે ય સ્ત્રી હતી. સ્ત્રી સ્ત્રીને ન સમજે તો થઈ રહ્યું ને? તે સમજી ગઈ મહારાણી જૂઠું બોલે છે. ને અલંકારો કયાંક મૂકાઇ ગયા છે, તેનો ખોટો ડોળ અને શોક કરે છે. અલંકારો તો સહીસલામત જ છે, પણ મહારાણીને તે પાછા આપવા નથી,

પરંતુ આ ભાવ તેણે પોતાના મનમાં જ રાખ્યા. તે એક શબ્દ પણ એ અંગે ન બોલી. માત્ર આટલું જ કહ્યું: 'ઠીક ત્યારે, જ્યારે જડે ત્યારે જલ્દી પાછા મોકલાવજો.'

કામદત્તાએ વિદ્યુન્મતિને બધી વાત કરી. પોતાની શંકા પણ જણાવી. વિદ્યુન્મતિ તો એ જાણીને ભારે શોક કરવા લાગી. અલંકાર વિના તેનો જીવ મુંઝાવા લાગ્યો.

પ્રજાપાલને આ વાતની ખબર પડી. તેણે મોટાભાઈ કામજિતને કહ્યું. કામજિતે જાતે બધે તપાસ કરી.

પણ અલંકારો ખોવાયા હોય તો જડે ને? એ ક્યાંક મૂકાઈ ગયા હોય તો મળી આવે ને?

આ તો જાણી જોઇને સંતાડી રાખ્યા હતા. પ્રીતિમતિએ કામજિતને વાત કરી, કે અલંકારો ખોવાયા નથી, પરંતુ પોતાને એ ગમી ગયા હોવાથી તે સંતાડી દીધા છે.

કામજિત ખૂબ જ ગુસ્સે થયો. આ ખોટું થાય છે, એમ તેને લાગ્યું. એમ ન કરવા તેણે પત્નીને ઘણું સમજાવ્યું પણ પત્ની ન માની તે ન જ માની. ઉલ્ટું આ વાત કોઈને પણ નહિ કરવા માટે કામજિતને મનાવી લીધો.

કામજિતે જાતે જ્યારે કહ્યું, કે અલંકારો નથી મળતાં, ત્યારે પ્રજાપાલને ખૂબ જ દુઃખ થયું. તેના કુમળા હૈયા ઉપર ભારે આઘાત લાગ્યો.

'અરર! મારા મોટાભાઇએ મને છેતર્યો! જેમને મેં પિતા તુલ્ય માન્યા, એ વડીલ બધું એ જ મારો વિશ્વાસઘાત

કર્યો !' પ્રજાપાલનું હૈયું રડવા લાગ્યું, વિદ્યુન્મતિ પણ શોકાતુર બની ગઈ.

બંનેની આ દશા જોઈ પ્રીતિમતિની દાસી દેવદત્તાએ પણ તેને સમજાવવા પ્રયત્ન કર્યો. આવા વિશ્વાસઘાતથી કંઈ સારું પરિણામ નહિ આવે. એ અલંકારો તમે નાની રાણીને પાછા આપી દો.

પણ પ્રીતિમતિ ન માની, તે ન જ માની.

માયા અને છળકપટ કરી પ્રીતિમતિએ આથી કર્મબંધ કર્યો. વિશ્વાસઘાતનું તેને પાપ લાગ્યું. પરંતુ તેને તો આ પાપની કંઈ પડી ન હતી. અલંકારો આ રીતે મેળવી લેવાથી તે ખુશખુશાલ હતી.

એક દિવસ વારાણસીમાં આચાર્ય ભગવંત પોતાના શિષ્ય સમુદાય સાથે વિહાર કરતાં પધાર્યા.

કામજિત, પ્રજાપાલ તેમજ અન્ય પરિવારજન તે ભગવંતને વંદના કરવા માટે ગયા.

આચાર્ય ભગવંતશ્રીએ સૌને ધર્મલાભ આપ્યો અને પ્રેરક ધર્મદેશના આપી. આચાર્યશ્રીએ તે દિવસે વિશ્વાસઘાત વિષે સચોટ ઉપદેશ આપ્યો. વિશ્વાસઘાત એ મહાપાપ છે. એ પાપ કરનાર દુર્ગતિ પામે છે, અને અનંતા ભવો દુઃખ પામે છે. જેઓ તેવા પાપ આચરતા નથી, તેઓ આ લોક ને પરલોકમાં નાગદત્તની જેમ સુખી થાય છે.

આમ કહી ભગવંતે નાગદત્તનું દૃષ્ટાંત કહ્યું.

આચાર્યશ્રીની આ દેશના સાંભળી કામજિત અને પ્રીતિ

મતિનો પાપભીરૂ આત્મા ધ્રૂજી ઊઠયો. પોતે જે છળકપટથી અલંકારો લઇ પાપ સેવ્યું હતું, એ પાપને યાદ કરતાં, બંનેનો આત્મા પસ્તાવો કરવા લાગ્યો.

'અરર ! અમે ભાન ભૂલી આ કેવું મહાપાપ બાંધી દીધું ! હે પ્રભો ! હવે અમે આ પાપથી કયારે છુટીશું ?'

બંનેએ ખૂબ જ ઉત્કટ ભાવથી પોતાના પાપની નિંદા કરી. એ અલંકારો વિદ્યુન્મતિને પાછા આપી દીધા. તેઓની ખરા અંતઃકરણથી ક્ષમા માંગી.

પસ્તાવા અને ક્ષમા ભાવનાથી તેઓનું આ પાપ હળવું બન્યું. કર્મનો બંધ ઢીલો પડયો.

ત્યારપછી તેઓ બંને વિશેષ પ્રકારે ધર્મ કરવા લાગ્યા. પરંતુ તેઓ હજી જોઈએ તેવી એકાગ્રતાએ ધર્મ કરી શકતા ન હતા. તેમનું મન હજી બરાબર ધર્મવાસિત બન્યું ન હતું. આથી થોડા જ દિવસોમાં તેઓ સંસારના ભોગ-વિલાસમાં ફરી ડૂબી ગયા.

એક દિવસ કામજિત પ્રિયા સહ જળક્રિડા કરવા નગરથી ઘણે દૂર એક સરોવર આગળ ગયો.

આ સરોવર ઘણું વિશાળ અને મનોહર હતું. કમળોથી તે અપૂર્વ શોભા પામતું હતું. તેમાં જળચર પ્રાણીઓ પણ હતાં.

કામજિત તે સમયે તોફાને ચડયો હતો. તેની યુવાની ફાટ ફાટ થતી હતી. અને તે મસ્તીમાં આવી ગયો હતો. અંગેઅંગ તેનું થનગની રહ્યું હતું.

તેણે સરોવરમાંથી એક મહા વિકરાળ જળચરને પોતાની તાકાતથી બહાર ખેંચી કાઢયું. જળ વિના તે જીવ અકળાવા લાગ્યો. તેનો શ્વાસ રુંધાવા લાગ્યો. તે તરફડીયા ખાવા લાગ્યું.

કામજિતે થોડીવાર સુધી તેની આ વેદના જોઈ. તેને આનંદ આવ્યો. પણ પછી તેને એ જીવની દયા આવી. આથી તરત જ તેણે એ જીવને પાછો સરોવરમાં ફેંકી દીધો.

આમ વિવિધ પ્રકારે સરોવરમાં પ્રિયા સહ આનંદ કરી તે વનમાં દાખલ થયો. અને વનનું સૌન્દર્ય જોવા લાગ્યો.

ત્યાં તેની નજર જતા એક વટેમાર્ગુ ઉપર પડી. તરત જ તેણે તોફાન કર્યું. એ વટેમાર્ગુને લૂંટી લીધો. એ વટેમાર્ગુ રત્નો લઈને જતો હતો. અને ઝવેરી હતો.

આમ અચાનક પોતે લુંટાઈ ગયો. તેથી ઝવેરી બેબાકળો બની ગયો ને રડવા લાગ્યો. લગભગ તે મૂર્ચ્છિત થઈ જવા જેવો થઈ ગયો.

કામજિતને કંઈ રત્નોની જરૂર ન હતી, એ કંઈ લૂંટારો ન હતો. પણ એક ગમ્મત ખાતર તેણે આમ કર્યું હતું. ઝવેરીની દયા આવી. આથી તેણે તેના રત્નો પાછા આપી દીધા.

ત્યાંથી બંને જણા આગળ વધતાં એક દેવીના મંદિરમાં આવ્યા. આ મંદિરમાં એક કન્યા દેવીની ભક્તિ કરી રહી હતી. રાણીની નજર તેના ગળા ઉપર ગઇ. એ ગળામાં રત્નહાર હતો. એ રત્નહાર ઉપર તેની નજર બગડી.

'મને પેલો હાર લાવી આપો.' ઈશારાથી પ્રીતિમતિએ કામજિતને કહ્યું.

કામજિત તરત જ એ કન્યાને ભય પમાડી હાર લઈ લીધો. થોડીવાર સુધી એ કન્યાને રડતી ને ભય પામતી જોઈ રહ્યો. રાણી પણ જોઈ રહી. પછી તેની દયા આવી. આથી એ હાર તેણે કન્યાને પાછો આપી દીધો.

આમ બંને વન વિહાર કરતાં કરતાં નગર તરફ પાછા ફર્યાં.

નગરમાં પ્રવેશ કરતાં કામજિતે એક દીન અને કંગાળ વણિકને જોયો. તેની સાથે તેની પત્ની પણ હતી. બંનેનો પહેરવેશ જોતાં તેમજ તેમના સૂકાયેલા શરીર જોતા લાગતું હતું, કે બંને ખૂબ જ દુઃખમાં છે.

કામજિતે બંને ઉપર કરુણા લાવી પોતાને ત્યાં કામે રાખી લીધા.

વણિકની પત્ની સ્વભાવે નમ્ર હતી, શાંત હતી અને જાત તોડીને પણ કામ કરતી હતી.

પરંતુ પ્રીતિમતિ તેના કામમાં વારંવાર ભૂલો કાઢતી, અને તેને અનેક કડવા વેણ સંભળાવતી. તોયે પેલી સ્ત્રી મૂગા મોંએ ચૂપચાપ બધું સહન કરતી.

એક દિવસ પ્રીતિમતિ ખૂબ જ ગુસ્સામાં આવી ગઈ. અને તે પેલી સ્ત્રીને ઘરમાંથી હાંકી કાઢવા તૈયાર થઈ. કામજિતને તેણે કડવા શબ્દોમાં ફરીયાદ કરી.

કામજિતે તેને ઘણું સમજાવી. એવી રીતે કોઇનો

રોટલો ન છીનવી લેવા ઘણું સમજાવ્યું. પરંતુ પ્રીતિમતિએ કામજિતનો એક પણ શબ્દ કાને ન ધર્યો. તેણે પોતાનો જ કક્કો ખરો કર્યો. અને તેણે એ સ્ત્રી તેમજ તેના પતિ બન્નેને તિરસ્કાર કરી કાઢી મૂકયા.

કામજિતને પત્નીના આ પગલાથી ઘણું જ દુઃખ થયું. પણ સ્ત્રીમાં તે એટલો બધો આસક્ત હતો, કે તેનાથી ઉપર વટ જઈ એ કશું જ ન કરી શકયો.

હવે એક દિવસ કામજિતના રાજમહેલમાં એક તપસ્વી ભીક્ષા માટે આવ્યા. આ તપસ્વીએ તપથી પોતાની કાયા ગાળી નાંખી હતી. દેહની મમતાનો નાશ કર્યો હતો. જેને દેહની મમતા ન હોય તેને દેહ ઢાંકવાના કપડાનો તો મોહ જ કયાંથી હોય ? આથી આ તપસ્વીએ જીર્ણ અને મલિન એવાં કપડાં પહેર્યાં હતાં.

કામજિત આ તપસ્વીને જોઈ ક્રોધે ભરાયો. આવો ભિખારી મારા મહેલમાં કયાંથી ઘૂસી ગયો? એમ વિચાર કરી એ તુરત જ તપસ્વી પાસે આવ્યો. તેનો તિરસ્કાર કર્યો. કડવાં વેણ કહ્યાં. અને ધક્કા મારી તેને બહાર ધકેલી કાઢયો.

એ પછીના થોડા દિવસ બાદ કામજિત નગરમાં હાથી ઉપર બેસીને નગરચર્યા કરી રહ્યો હતો. ત્યાં તેણે એક શ્રાવકને સુપાત્રદાન દેતા જોયો.

એ જોઇએ બોલી ઊઠયો : ‘ છિ ! આમ તે કંઈ ભીખ દેવાતી હશે ? આવા દાન કરવાથી શું વળે ?’

પોતે દાન તો કર્યું નહિ, પણ દાન કરનારની પણ તેણે આ રીતે નિંદા કરી, તેથી કામજિતે દુષ્કર્મ બાંધ્યું.

એ પછી એક વખત કામજિત વનક્રીડા કરી રહ્યો હતો, ત્યાં તેણે એક મુનિને આહાર કરતા જોયા.

કામજિતને શું સૂઝયું તે તેણે મુનિનો આહાર લાત મારી ફેંકી દીધો. અને મુનિને ગળું દબાવી ખૂબ જ હેરાન કર્યા. થોડીવાર પછી મુનિને તેણે મુક્ત કર્યા.

મુનિની આ રીતે કદર્થના કરવાથી કામજિતે વળી નવું એક પાપકર્મ ઉપાર્જન કર્યું.

ત્યાંથી આગળ જતાં રાજાએ વાંદરા અને તેના બચ્ચાને રમતાં જોયા. કુતૂહલથી તેણે એક નાના બચ્ચાને ઉપાડી લીધું.

માથી વિખૂટા પડવાથી બચ્ચું આક્રંદ કરી ઊઠયું. રાજાને તેથી દયા આવી અને છોડી મૂકયું.

નિરર્થક રીતે આમ એક જીવને હેરાન કરવાથી રાજાએ એક વધુ પાપ બાંધ્યું.

એક વખત કામજિત વનમાં ગયો. ત્યાં એક આશ્રમ હતો. એ આશ્રમમાં મુનિ રહેતા હતા. મુનિને થોડા સતાવવા એ ચોરી છુપીથી સાવધ પગલે આશ્રમમાં દાખલ થયો.

મુનિ ત્યારે એક જલપાત્ર ભરી રહ્યા હતા. જલપાત્ર ભરી એ કયાંક આઘાપાછા થયા. આ તક જોઈ કામજિતે તે જલપાત્ર સંતાડી દીધું.

મુનિએ પાછા ફરી જોયું, તો જલપાત્ર ન મળે. કયાં ગયું હશે એ? કોણ લઈ ગયું એ? અહીં કોણ આવ્યું હશે?

તરસથી મુનિનું ગળું શેકાતું હતું. અંગેઅંગમાં દાહ બળી રહ્યો હતો. જળપાત્ર ગુમ થઈ જવાથી તે વ્યાકુળ બની ગયા.

થોડીકવારે કામજિતને મુનિ ઉપર દયા આવી. અને જળપાત્ર પાછું આપ્યું. તેમજ મુનિની ધર્મદેશના સાંભળવા એ બેઠો.

મુનિએ તેને દયાધર્મ સમજાવ્યો. મુનિની વાણી સાંભળી તેનો આત્મા જાગી ઊઠયો અને ફરી આવા અઘટિત કૃત્યો નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી.

મુનિની વાણી સાંભળી એ નગર તરફ પાછો ફરી રહ્યો હતો. ત્યાં તેણે એક હરણને જોયું. આ હરણના પગમાં વેલ વીંટાઇ ગઈ હતી, તેથી તે ખૂબ જ દુઃખ અનુભવી રહ્યું હતું. મહામુસીબતે તે કૂદકા મારી શકતું હતું.

કામજિતે તરત જ તેને પકડી પાડયું અને દયાથી પ્રેરાઈ તેણે વેલ કાપી નાખી. બંધન હળવું થતાં જ હરણ કૂદતું કૂદતું ચાલ્યું ગયું.

કામજિત પણ આ ધર્મકૃત્યથી આનંદ પામતો રાજ-મહેલમાં પાછો આવ્યો.

બીજે દિવસે એ સપરિવાર ફરીથી એ આશ્રમમાં આવ્યો. મુનિને ભાવપૂર્વક વંદના કરી, તેમની અમૃતવાણી સાંભળી.

મુનિશ્રીએ સરળ અને સચોટ ભાષામાં ધર્મદેશના

આપી. એ સાંભળી સૌના આત્મા કૃતકૃત્ય બન્યા અને સૌએ અહિંસાદિ મુખ્ય વ્રતો ગ્રહણ કર્યાં.

એ પછી કામજિત અને પ્રીતિમતિ બંનેએ વિશુદ્ધપણે ધર્મારાધના કરી. ઉત્કટપણે જ્ઞાન, દર્શન અને ચારિત્રની સાધના કરી. આ સાધના કરતાં તેમણે જરાપણ સ્ખલના ન થવા દીધી. અપ્રમત્તભાવે તેમણે આત્મધર્મનું સેવન કર્યું.

ધર્મની ઉત્કટ અને ઉગ્ર, શુભ અને શુદ્ધ આરાધના કરવાથી આયુષ્ય પૂરું થતાં બંને મરીને સ્વર્ગલોકમાં ગયાં.

હે ભીમસેન ! કામજિત સ્વર્ગમાંથી ચ્યવીને આ પૃથ્વી ઉપર રાજગૃહી નગરીમાં આવ્યો. એ કામજિત તે જ તું ભીમસેન.

પ્રજાપાલનો જીવ તે હરિષેણ રાજા થયો. પ્રીતિમતિ દેવલોકથી ચ્યવીને સુશીલા રાણી થઈ. સુરસુંદરી તે વિદ્યુત્મતિનો જીવ. દેવદત્તા સ્વર્ગથી ચ્યવીને સુનંદા દાસીનો અવતાર પામી. કામદત્તા વિમળા દાસી બની. વિદ્યાસાગર મંત્રીનો જીવ તે આ દેવસેન અને વસુભૂતિનો જીવ તે આ કેતુસેન.

પૂર્વજન્મમાં તેં ત્રણ ત્રણ વાર મુનિ ભગવંતની અવહેલના કરી હતી, આથી આ ભવમાં ત્રણ ત્રણ વાર તારી સંપત્તિ ચાલી ગઈ.

પૂર્વજન્મમાં સ્ત્રી સહિત તેં વણિકનું રક્ષણ કર્યું હતું અને તારી પત્નીએ કારણ વિના વણિક પત્નીને ત્રાસ આપ્યો હતો.

આથી આ ભવે એ જ વણિકનો જીવ મરીને લક્ષ્મી-પતિ થયો. તેની પત્ની સુભદ્રા થઈ અને તેઓએ આ ભવે તમારા ગત જન્મનો બદલો લીધો.

પૂર્વભવમાં તેં વિશ્વાસઘાતથી તારા ભાઈના અલંકારો લઈ લીધા તેથી આ ભવે તેણે તારું રાજ્ય ઝૂંટવી લીધું.

માટે હે રાજન્ ! બોધ પામ. અને કર્મની ગતિને સમજ.

જે જીવ જે કર્મ કરે છે, તે ભોગવવાથી જ તેનો ક્ષય થાય છે. પૂર્વજન્મમાં કરેલાં અશુભ કર્મ તેં આ ભવમાં ભોગવ્યાં. હવે નવીન કર્મ ન બંધાય ને સકલ કર્મનો ક્ષય થાય તેવો ઉદ્યમ કર.

હંમેશા ધર્મ કર. જ્યાં ધર્મ છે, ત્યાંજ જય છે.

જે હંમેશા સર્પની જેમ જન સંસર્ગનો ત્યાગ કરે છે, જે મડદાની જેમ યુવતીને દૂરથી પણ જોતો નથી, તેમજ જે વિષય સુખોને વિષ સમાન સમજે છે, તે ધીર પુરુષ વિજય મેળવે છે, અને અંતે મોક્ષપદને પામે છે.

અજ્ઞાનરૂપ કાદવથી ઉત્પન્ન થયેલું, તત્ત્વ વગરનું, દુઃખનું એક સ્થાન, જન્મ, જરા અને મૃત્યુથી યુક્ત એવા સંસારના બંધનને અનિત્ય જાણ ! જ્ઞાનરૂપ તલવારથી તેનાં બંધનો કાપી નાંખ !

આલોકમાં સુવિધિપૂર્વક અને સમ્યગ્ રીતે સેવન કરાયેલો ધર્મ ત્રિવિધ તાપને દૂર કરે છે. પિતાની જેમ હિત

કરનારો છે. મોક્ષ માર્ગે ગમન કરનારાઓ માટે તે પરમ પાથેય છે.

આથી ભવ્યાત્માઓ ! તમે આ ધર્મનું ઉત્કૃષ્ટપણે આરાધન કરો.'

કેવળી ભગવંતે ભીમસેનના પૂર્વભવની સમાપ્તિ કરી અને ધર્મનું સેવન કરવાની શીખ આપી.

□

## ૩૩ : રે ! આ સંસાર ! !

કેવળી ભગવંત શ્રી હરિષેણ સૂરીશ્વરજી મહારાજાના મંગલ સ્વર ચારેય દિશામાં ગૂંજી રહ્યા હતા. શ્રોતાઓ મુગ્ધ ભાવે એ અમૃતવાણીનું પાન કરી રહ્યા હતા. પર્ષદા હકડેઠઠ ભરાયેલી હતી. દેવો, દાનવો, મનુષ્યો અને તિર્યંચો પણ શાંતભાવે ભગવંતની દેશના કાને ધરી રહ્યા હતા.

ભગવંતે આજે ભીમસેનનો પૂર્વભવ કહેવો શરૂ કર્યો હતો. તેમાં કથા હતી. કથામાં નરી સચ્ચાઈ હતી. એ સચ્ચાઈમાં આત્માને જાગ્રત કરે તેવી અખૂટ તાકાત હતી.

કેવળી ભગવંતના એક એક શબ્દે ભીમસેનનું રોમેરોમ ધ્રૂજી ઊઠતું હતું. ભગવંત એવી અસરકારક વાણીમાં પોતાના પૂર્વભવના પ્રસંગોનું વર્ણન કરી રહ્યા હતા, કે ભીમસેન એ તમામ પ્રસંગો પોતાની આંખ સામે ભજવાઈ રહ્યા હોય તેમ અનુભવી રહ્યો હતો.

સુશીલા પણ પોતાના પૂર્વભવને નિહાળી રહી હતી. સુશીલાના સ્વરૂપમાં એ પ્રીતિમતિના ભવનો અનુભવ કરી રહી હતી.

'અરર! શું હું આવો હતો? ઉચ્છૃંખલ અને ઉદ્ધત?'

કામજિતના ભવમાં મેં શું આવાં ઘોર પાપ કર્યાં હતાં?

અને એ પાપ પણ પાછાં મેં હસતા હસતા કરેલા. મને મજાક સૂઝી તે જળચર જીવને પાણીમાંથી બહાર ખેંચી કાઢયો, વાંદરાના બચ્ચાને જનેતાથી વિખૂટું પાડયું, વણિકના રત્નો ઝૂટવી લીધાં, મુનિ ભગવંતોની મેં ત્રણ ત્રણ વાર કદર્થના કરી.

આ બધું જ મેં વિના કારણે કર્યું. ન તેમનો કંઈ વાંક હતો. ન કંઇ તેમનો ગુનો! અપરાધ વિના જ એક રમત કરવા ખાતર જ મેં એ બધું કર્યું!

એ રમતે હાય! આજ મારી શી શી દશા થઈ?

પ્રીતિમતિના પ્રેમમાં લુબ્ધ બની પ્રજાપાલને છેતર્યો, તો આ ભવે તેણે મારું રાજ્ય લૂંટી લીધું.!

વણિક અને તેની પત્નીને વિના અપરાધે કાઢી મૂકયા. તો આ ભવે મારે ખૂદ એ રીતે બેહાલ થઈ રોટલા માટે રઝળવું પડયું!

મુનિ ભગવંતોની અવહેલના કરી, તો ત્રણ ત્રણ વાર હાથમાં આવેલી સંપત્તિને મારે ગુમાવવી પડી.'

આહ! શું કર્મનો ન્યાય છે!

એકએક પાપકર્મ મારે ભોગવવું પડયું. તેમાંથી સ્હેજ પણ હું છટકી ન શકયો. એકએક કર્મનો મારે પૂરેપૂરો હિસાબ ચૂકવવો પડયો.

એ પાપમાંથી ન મને પ્રીતિમતિ ઉગારી શકી કે ન મને મારું ઐશ્વર્ય એ કર્મમાંથી બચાવી શક્યું ! મારાં કરેલાં કર્મ મારે જ ભોગવવાં પડયાં. તેમાં કોઇએ પણ ભાગ ન પડાવ્યો.'

ભીમસેન પોતાના કર્મને સંભારી તેનો બળબળતો પસ્તાવો કરતો આંસુ સારી રહ્યો.

સુશીલાની આંખો પણ આંસુથી ભરાઈ રહી હતી. તે પણ પોતાના પ્રીતિમતિના ભવને યાદ કરી પસ્તાવાથી સળગી રહી હતી. પોતે વિશ્વાસઘાત કરી અલંકારો સંતાડી રાખ્યા, વણિક પત્નીને ખોટી રીતે ત્રાસ આપી તેમને ઘર બહાર કાઢી મૂકયા વગેરે પોતાના કર્મોને યાદ કરી પોતાના એ પાપને નિંદવા લાગી.

તેને પણ થયું, કે આ જગતમાં જે જીવ જેવાં કર્મ બાંધે છે, તેવાં જ કર્મનો બદલો તેને ચૂકવવો પડે છે. કર્મના પાશમાંથી કોઇપણ છટકી શકતું નથી. પાપ ભલે નિર્દોષભાવે કર્યું હોય કે પછી અત્યંત ક્રૂર ને વૈરભાવે કર્યું હોય, તેનું પરિણામ ભોગવવું જ પડે છે.

સુનંદા અને વિમલા દાસી પણ આજ જાતનો ભાવ અનુભવી રહી હતી. તેમનું અંતર પણ પોતાનો પૂર્વભવ જાણી ધર્મ ભાવનાથી પીગળી રહ્યું હતું.

અન્ય જીવો પણ ભીમસેનના આ પૂર્વભવને જાણીને સંસારની અસારતા, કર્મની સત્તા, કર્મના પરિણામ વગેરેનો

વિચાર કરી રહ્યા હતા. અને પોતાના ભવાંતરે પોતાના પાપથી શું હાલ થશે, તે વિચારથી ધ્રૂજી રહ્યા હતા.

પોતાનો પૂર્વભવ જાણી ભીમસેનની રહી સહી આસક્તિ પણ સંસાર ઉપરથી ઉડી ગઈ.

'શું આ સંસાર જીવવાનો ? એ જીવીને આખર પામવાનું શું ? દુઃખ અને દુઃખ સિવાય બીજું આ સંસારમાં છે પણ શું ?

સંસારમાં દેખાતા સુખ પણ દુઃખ રૂપ છે. સુખના આવરણ તળે દુઃખ જ ઢંકાયેલું છે.

અને આ માનવભવ ગુમાવી દીધો તો ? એશ અને આરામમાં ખોઈ નાંખ્યો તો ? ભોગ અને વિલાસમાં તેને વેડફી નાંખ્યો તો ? આળસ અને આરામમાં તેને બગાડી મૂક્યો તો ?

કોને ખબર કે પછી આ ભવ મળે કે કેમ ? અને આ ભવમાં બાંધેલા કર્મ તો પાછા ભોગવવા જ પડવાના. એ કર્મોનો ક્ષય કરતાં પાછાં ન જાણે કેટલાય ભવો નીકળી જાય ?

અને એક ભવ એટલે ? જનમ–મરણના અસહ્ય દુઃખો. આધિ–વ્યાધિ ને ઉપાધિની અનંતી વણઝાર. એકમાંથી છુટી બીજામાં બંધાવાનું. બીજામાંથી છુટી ત્રીજામાં જકડાવાનું, આમ પરંપરા પાછી ચાલ્યા જ કરવાની.

નહિ....નહિ....આ સંસારમાં હવે વધુ ન રહેવાય. આ ગૃહસ્થ જીવનમાં હવે એક દિવસ પણ પસાર ન કરાય.

મહામૂલો મોંઘો સમય વ્યતીત થઇ રહ્યો છે. જીવન એક એક પળ પસાર કરતું ધીમી ને ચોક્કસ ગતિએ મૃત્યુ તરફ ધસી રહ્યું છે.

કોને ખબર આ જીવન કયારે કાળનો કોળિયો બની જશે?

એ જીવન પૂરું થાય એ પહેલાં જ મારે આ સંસારનો ત્યાગ કરી દેવો જોઈએ. સંસારની મમતાને ફગાવી દેવી જોઈએ. દેહના મોહનો નાશ કરી નાંખવો જોઈએ.

આ જ પળ છે. આ જ ક્ષણ છે. જીવનને સાર્થક કરી લેવાની આ જ ઘડી છે.

'હવે મને વિલંબ ન ખપે...'

સંસારની અસારતાથી વિચાર કરતો ભીમસેન સપરિવાર રાજમહેલમાં પાછો ફર્યો.

રાજમહેલમાં પાછો ફરેલો ભીમસેન ભીમસેન ન હતો. લાંબી ઊંઘમાંથી જાગ્રત થયેલો એ આત્મા હતો.

રાજમહેલ હવે તેને ખૂંચવા લાગ્યો. ભવોના બંધનમાં બાંધનાર એ કેદખાના જેવો લાગ્યો. અને જાણે પોતે એક મોટા બંદીખાનામાં આવ્યો હોય તેવા ભાવ એ અનુભવવા લાગ્યો.

પોતાની આત્મભાવનાની વાત કરતાં તેણે સુશીલાને કહ્યું :

'દેવી ! મને આ સંસાર હવે ખારો ઝેર લાગે છે. ઘણા વરસો એ ઝેર પીધું. એ ઝેરની મને હવે અકથ્ય અકળામણ થાય છે.

ભોગ વિલાસથી ખરડાયેલા આ દેહની હું શુદ્ધિ કરવા

માંગુ છું. મોહ અને માયાથી મલિન બનેલા મારા આત્માને જ્ઞાન–દર્શન અને ચારિત્રથી વિશુદ્ધ કરવા માંગું છું.

'સ્વામી ! મારી પણ એ જ દશા છે. જ્યારથી મેં મારો પૂર્વભવ જાણ્યો છે, તે પળથી જ મારું મન તો આ સંસાર ઉપરથી ઊઠી ગયું છે.

મને ક્યાંય ચેન પડતું નથી. આ વૈભવ ને વિલાસ, આ સુખ અને સાહ્યબી, મને કંટકની જેમ ભોંકાઈ રહી છે.

પુત્રોની મમતા, તમારી માયા, આ રાજલક્ષ્મીનો મોહ, આ દેહની આસક્તિ, આ બધાથી મને શું મળવાનું? એથી જનમોજનમ એક યોનિમાંથી બીજી યોનિમાં મારે ભટકયા જ કરવાનું ને ?

પણ ના. મારે હવે એ ભવભ્રમણા નથી કરવી. હવે તો એ બંધનો બધા તોડી જ નાંખવા છે. સકલ કર્મનો ક્ષય કરવો છે.

હવે પછી ન જનમ જોઇએ, ન મૃત્યુ જોઇએ, ન દુઃખ જોઈએ, ન સંતાપ જોઈએ. ન કોઈ કશાયની વળગણ જોઇએ.

હું આત્મા છું. એ આત્મા જ મારે બની રહેવું છે. નશ્વર આ દેહનો સદાયના માટે મારે નાશ કરી નાંખવો છે અને આત્માને આત્મતત્ત્વમાં ભેળવી સંસારનો સદાય માટે, સર્વથા અંત આણવો છે.' સુશીલાએ નમ્રભાવે પોતાની આંતરભાવના પ્રગટ કરી.

'ધન્ય દેવી ! ધન્ય ! તમારી ભાવના અનુમોદનીય છે.

મારા તમને આશીર્વાદ છે. એ ભાવનાને સાર્થક કરો. સંસારનો નાશ કરો. કર્મનો ક્ષય કરો અને મુક્તિને પામો'. ભીમસેને ઉત્સાહથી કીધું.

ભીમસેન અને સુશીલાએ આ અસાર સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવાનો દૃઢ નિર્ધાર કર્યો.

આ નિર્ધારની જાણ તેમણે વિજયસેન અને સુલોચનાને પણ કરી. ભીમસેનનો આ શુભ સંદેશ મળતાં જ વિજયસેન અને સુલોચના ચીલઝડપે રાજગૃહી આવી પહોંચ્યા. તેઓ પણ આ શુભ કાર્યમાં સાથે નીકળવા તત્પર બન્યા હતા. તેમને પણ આ સંસાર અસાર જણાયો હતો. બધાં ભેગા મળતાં જ સૌ દીક્ષાની વાત કરવા લાગ્યા.

ભીમસેને દેવસેનને અને કેતુસેનને પણ બોલાવ્યા. તેમને પોતાના નિર્ણયની વાત કરી. અને શુભ દિવસે દેવસેનનો રાજ્યાભિષેક કર્યો.

ભીમસેને દેવસેનને રાજમુગુટ પહેરાવ્યો. રાજમુદ્રા આપી. અને રાજવહીવટ માટે સુંદર શીખામણ આપતાં કહ્યું:

'પુત્ર! વરસો સુધી મેં આ નગરના પ્રજાજનો ઉપર શાસન કર્યું છે. જે રીતે તારું ઘડતર કરી તારો વિકાસ કર્યો છે, એથી પણ વિશેષ રીતે પુત્ર ભાવે મેં આ પ્રજાનું કલ્યાણ ને હિત કરવા પ્રયત્ન કર્યો છે. તું પણ હવેથી આ પ્રજાનું પુત્ર ભાવે રક્ષણ કરજે. પ્રેમ અને મમતાથી તેમની સંભાળ લેજે.

સંકટનો સમય આવે ત્યારે ધીરજ ગુમાવીશ નહિ.

ધૈર્ય ધારણ કરજે. કારણ ધૈર્ય એ પુરૂષોનું આભૂષણ છે. અને પ્રજાનું શાસન સંભાળતા રાજવી માટે તો એ ગુણ ઘણો જ અનિવાર્ય છે. આથી જરાય ઉતાવળો બન્યા વિના સ્વસ્થ અને શાંત ચિત્તે ધૈર્ય ને શૌર્યથી પ્રજાનું કલ્યાણ કરજે.

રાજકારભાર એ ઘણો જ અટપટો વિષય છે. એ કારભાર કરતાં તું નીતિને ચૂકીશ નહિ. અનીતિ આદરીશ નહિ. કારણ અનીતિ એ અનેક આપત્તિયોનું મૂળ છે.

હંમેશા ગુણો જ મેળવજે. સદ્‌ગુણ વિનાનું જીવન ભારરૂપ છે. ઐશ્વર્ય ને વૈભવમાં છકી જઈ અવગુણોથી તારા જીવનને બરબાદ ન કરીશ. આ રાજસંપત્તિ એ પ્રજાની સંપત્તિ છે, તેમ માની તેનો ઉપયોગ કરજે.

બધી જ બાબતોમાં વિચક્ષણ એવા મંત્રીની સલાહ લેજે. તેમને સાથે રાખી બધા શુભ કામ કરજે. અને રાજલક્ષ્મીનો નિરંતર વધારો કરજે. અને એ લક્ષ્મીનો પ્રજાના સુખ અને સગવડમાં ઉપયોગ કરજે.

સૌ ઉપર પ્રેમ રાખજે. તારાથી વયે મોટા અને જ્ઞાનમાં સમૃદ્ધ હોય તેવા વિદ્વાન અને વડીલોનું ઉચિત સન્માન કરજે. તેમનો આદર સત્કાર કરજે, તેમની હિતવાણીનું પાલન કરજે.

રાજશાસન તારે ચલાવવાનું છે, તેથી તારી પાસે રોજ બરોજ અનેક પ્રશ્નો આવશે. જનતાની ફરિયાદો આવશે. ન્યાય માટેની પુકાર આવશે. એ સઘળામાં વિવેક રાખજે. સત્તાના ઉપયોગ કરતાં આત્માના અવાજને વધુ મહત્ત્વ આપજે

સત્તાના લીધે અભિમાની ન બનીશ, નમ્ર બનજે. સત્તાનો ઉપયોગ શાસનને સુવ્યવસ્થિત અને સુતંત્રિત કરવા માટે કરજે.

યુદ્ધનો આશરો લઈશ નહિ. રક્ષણ માટે યુદ્ધ કરજે. નવા નવા રાજ્યો મેળવવાના લોભમાં નિર્દોષોનું લોહી રેડાવીશ નહિ. બને ત્યાં સુધી યુદ્ધથી વિરમજે.

યુદ્ધ કરવાનું મન જોર કરે તો તારી પોતાની જાત સાથે જ યુદ્ધ ખેલજે. તારા મનને નબળા પાડનારા, તને દુર્ગતિમાં ઘેરી જનારા, તારા આત્માને કલંકિત કરનારા એવા તારા આંતરશત્રુઓ સામે ખૂનખાર યુદ્ધ લડી લેજે. એ શત્રુઓ ઉપર વિજય મેળવજે. ને આત્મરાજ્યનો યશસ્વી વિજેતા બનજે.

રાજવૈભવમાં પડીને તારા ધર્મને વિસરીશ નહિ. તું પહેલાં માનવ છે. માનવતા એ તારો પ્રથમ ધર્મ છે. એ ધર્મથી ચ્યુત થઈશ નહિ. અને એક રાજા તરીકે તારા અનેક કર્તવ્ય ધર્મો છે. એ ધર્મનું યથાર્થ પાલન કરજે.

અર્થ અને કામમાં, પૈસા અને પતનમાં અટવાઈને તારા ધર્મને નેવે ન મૂકીશ. અને યાદ રાખજે જે દિવસે તું તારો ધર્મ ભૂલીશ, તે દિવસથી તારું સઘળું ઐશ્વર્ય નાશ પામશે.

ન્યાયના સિંહાસન ઉપર બેસીને નિર્દોષોનો દંડ કરીશ નહિ. ગુનેગારોને પણ ઉચિત જ દંડ કરજે. અને મૃત્યુ દંડ તો કોઈનો પણ :કરીશ નહિ. કારણ જે જીવન આપણે

કોઈને આપી શકતાં નથી, તે જીવન છીનવી લેવાનો આપણને કોઈ જ અધિકાર નથી. આપણું કર્તવ્ય તો અપરાધોને દૂર કરવાનું છે, અપરાધીઓને નહિ. આથી અપરાધનો તિરસ્કાર કરજે અને અપરાધીઓ ઉપર દયા ચિંતવજે.

તારા આંગણે જે કોઈ સંત, જ્ઞાની ગુરુ ભગવંત આદિ આવે તેઓનો વિનય કરજે. તેમની ભક્તિ કરજે. તેમની હિતકારી વાણીનું પાન કરજે.

સુપાત્ર દાન દેજે. ગરીબ ગુરબાઓને અન્ન અને વસ્ત્ર દેજે. રાજચર્યા કરવા નીકળજે અને જે કોઈ દુઃખી જણાય, તેઓના દુઃખ દૂર કરવા પ્રયત્ન કરજે.

પૂર્વભવના પુણ્યબળથી તને આ રાજ્ય મળ્યું છે. એ પુણ્યમાં ધર્મ આરાધન કરીને વધારો કરજે. યૌવનના ઉન્માદમાં એ પુણ્ય ખર્ચી ન નાંખીશ.

અને આથી વિશેષ તને શું કહેવું ? તું સુજ્ઞ છે. સમજદાર છે. તને, તારા કુળને, તારા ધર્મને તેમજ તારા આત્માને વધુ ઉજ્જવળ અને યશસ્વી કરે તેવી રીતે આ રાજધુરાને વહન કરજે.'

ઘણા જ વિસ્તારથી ભીમસેને દેવસનને રાજ ચલાવવા માટેની યોગ્ય સુચનાઓ આપી. દેવસેને તેનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

'પિતાજી ! આપ નચિંત રહેજો. આપની આજ્ઞાનું હું અક્ષરશઃ પાલન કરીશ.'

એ પછીના બીજા દિવસે દેવસેન અને કેતુસેને પોતાના માતા પિતાનો ભવ્ય એવો દીક્ષા મહોત્સવ ઉજવ્યો.

ભીમસેન અને સુશીલા સાથે બીજા પણ કેટલાક મુમુક્ષુ આત્માઓ હતા. એ સૌ વાજતે ગાજતે કેવળી ભગવંત શ્રી હરિષેણ સૂરીશ્વર મહારાજા પાસે આવ્યા.

ભગવંતે તે સૌને વિધિપૂર્વક દીક્ષા આપી. નગરજનોએ એ સૌ નૂતન મુનિ ભગવંતોનો જયનાદ કર્યો.

દેવસેન અને કેતુસેને શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યાં. અને માતપિતાને વંદના કરી રાજમહેલ પાછા ફર્યા.

□

# ૩૪ બંધન તૂટ્યાં

ભીમસેન આદિ મુમુક્ષુ આત્માઓને દીક્ષા આપી પોતાના શિષ્ય સમુદાય સાથે કેવળી ભગવંત શ્રી હરિષેણ મહારાજાએ રાજગૃહીથી વિહાર કર્યો.

નગરજનોએ એ સૌ શ્રમણ ભગવંતોને આંસુભીની આંખે વિદાય આપી.

કેવળી ભગવંત ગામાનુગામ વિહાર કરતાં અને અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડતાં એક દિવસે સમેતશિખર આવી પહોંચ્યા.

ભગવંતે પોતાનું આયુષ્યપૂર્ણ થવાનો સમય જોયો. આથી તેમણે એ પવિત્ર તીર્થ ઉપર અનશન કર્યું. શુભ ધ્યાનમાં આત્મા પરોવીને એ બેસી ગયા. દેહની માયાને ખંખેરી નાંખી. ચૌદે રાજલોકના જીવોની ક્ષમાપના માંગી. અને માત્ર એક જ આત્માનું ધ્યાન ધરતાં અને આત્માની આત્મા સાથે સુરતા મેળવી એકલીન બની ગયાં.

ધ્યાતા–ધ્યાન ને ધ્યેયનું ઐકય રચાયું. ભગવંતનો

આત્મા દેહ અને દુનિયા વિસરી ગયો. આત્મા આત્માનો અનુભવ કરવા લાગ્યો.

દિવ્ય ધ્યાનની આ દીપ્તી તેમના મુખારવિંદ ઉપર વિલસી રહી. અને સભાનપણે ભગવંતે દેહના પરમાણુઓને વોસરાવી દીધા.

ભગવંત નિર્વાણ પામ્યા. આત્મા આત્મામાં મળી ગયો. સંસારનો ભગવંતે નાશ કર્યો. અને તેઓ મુક્તિને વર્યા.

દેવતાઓએ ભગવંતનો નિર્વાણ મહોત્સવ ઉજવ્યો.

શિષ્ય સમુદાયે ગુરુ ભક્તિરૂપે તે દિવસે ઉપવાસ કર્યો. ગુરુના ગુણોનું ચિંતવન કર્યું. ગુરુની હિત શિક્ષાને યાદ કરી. અને એ માર્ગે સતત સાવધ રહી ચાલવા સૌ સજાગ બન્યા.

મુનિરાજ શ્રી ભીમસેન ગુરુના જવાથી થોડા વ્યાકુળ તો બન્યા. પરંતુ ઘડી પછી તેમણે ગુરુના દેહની માયા ખંખેરી નાંખી. અને ગુરુના આત્માને ભજવા લાગ્યા.

ચારિત્રધર્મની તેમણે ઉત્કટ આરાધના કરી. જ્ઞાનાભ્યાસ કર્યો. ઉગ્ર તપશ્ચર્યાઓ કરી. ગામોગામ વિહાર કર્યો. એકચિત્તે આત્માનું ધ્યાન ધર્યું.

સંસારમાં રહેવાથી આત્માને જે કંઈ ભોગ વિલાસ મોહ–માયા વગેરેનો કાદવ લાગ્યો હતો, તે તેમણે જ્ઞાન અને ક્રિયાથી, તપ અને સ્વાધ્યાયથી ધોઈ નાંખ્યો. દેહની અશુદ્ધિ પણ સ્વચ્છ કરી.

અને એક દિવસ વિહાર કરતાં કરતાં તેઓ અનેક શિષ્ય સમુદાય સાથે રાજગૃહી પધાર્યાં.

આ રાજગૃહીમાં એક વખત તેઓ રાજા હતા. પોતાની પાસે અઢળક ઐશ્વર્ય હતું. સુખ અને સાહ્યબી હતી. પોતાની સેવાનાં ખડે પગે ઊભા રહેતા અનુચરો હતા.

પણ આ બધું કશું જ તેમને યાદ નહોતું આવતું. જુના સ્થળો જોઈએ સ્થળોની સ્મૃતિ તેમને સતાવતી ન હતી.

બધી જ આસક્તિ તેમણે ભસ્મીભૂત કરી નાંખી હતી.

જ્યાં સુધી સઘળા કર્મોનો ક્ષય નથી થયો, ત્યાં સુધી એ કર્મો ભોગવવાનાં જ છે. આયુષ્ય કર્મ પૂરું નથી થયું, ત્યાં સુધી જીવન જીવવાનું જ છે. અને એ જીવાય ત્યાં સુધી સઘળાં કર્મોને બાળી ખાખ કરી નાંખવાના છે.

એ હેતુથી જ તેઓ રાજગૃહી આવ્યા હતા. અહીં તેમની આત્મભાવના વધુ ને વધુ તીવ્ર બની. બારે ભાવનાઓથી આત્મા સમુલ્લાસ પામવા લાગ્યો. આત્માની અમરતા, તેનું એકત્વ, તેની અક્ષયતા, તેમજ આત્માનું આત્મામાં વિલીન થઈ જવું તે જ સત્ય છે. એવી શુભ ભાવના ભાવતાં હતાં, ત્યાં જ તેમના ચાર ઘાતી કર્મના બંધ તૂટી ગયા.

મુનિશ્રી ભીમસેનને કેવળજ્ઞાન પ્રગટ થયું. લોકાલોક પ્રકાશિત થયો. સૂક્ષ્માતિસૂક્ષ્મ અને અતીન્દ્રિય પદાર્થો અને ભાવોનો સાક્ષાત્કાર થયો.

કશું જ અજાણ્યું ન રહ્યું. બધું જ પ્રગટ થયું.

કેવળજ્ઞાનના પ્રભાવથી ઇન્દ્ર મહારાજાનું અચલ એવું સિંહાસન ડોલી ઊઠયું. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી ઇન્દ્ર મહારાજાએ તેનું કારણ તપાસ્યું.

જોયું તો શ્રી ભીમસેન મુનિ કેવળજ્ઞાન પામ્યા હતા.

ઈન્દ્રનો આત્મા હરખાઈ ઊઠયો. તરત જ તેણે પોતાના પ્રભાવથી રાજગૃહીમાં સુગંધી જળની વર્ષા કરી. સુવાસથી મઘમઘતા પુષ્પોની વૃષ્ટિ કરી. દેવોના સમુહ સાથે, દિવ્ય દુંદુભિઓનો નાદ કરતાં ઈન્દ્ર મહારાજા પૃથ્વી લોકમાં આવ્યા.

જ્યાં મુનિ ભગવંત કેવળજ્ઞાન પામ્યા હતા, એ ભૂમિને એક યોજન સુધી સુગંધિત કરી. શીતળ છાંય કરી. વિશાળ ને ભવ્ય એવા સુવર્ણ કમળની રચના કરી.

'બિરાજો ભગવંત! બિરાજો, અને અમને ધર્મ દેશના સંભળાવો.' ઈન્દ્ર મહારાજાએ ભગવંતને વંદના કરી વિજ્ઞપ્તિ કરી.

દુંદુભિનો નાદ સાંભળતાં જ રાજગૃહીના નગરજનો એ દિશામાં દોડવા લાગ્યા. દેવસેનને અને કેતુસેનને ઉદ્યાનપાલે શુભ વધાઈ આપી.

વધાઈ મળતાં જ સપરિવાર ચતુરંગી સેના લઈ બંને પુત્રો પોતાના પિતાને, કેવળી ભગવંતને વંદના કરવા તેમજ ધર્મદેશના સાંભળવા ઉત્સાહભેર દોડી આવ્યા.

પશુ–પક્ષીઓ પણ ભગવંતના પ્રેમ પ્રભાવથી ત્યાં દોડી આવ્યા. એ સમયે સૌ એકબીજાના જન્મ જાતવેર વિસરી ગયા. અને નિર્ભય બની એકબીજાની સાથોસાથ બેઠા.

દેવો, દાનવો, માનવો અને તિર્યંચોથી પર્ષદા ભરાઈ ગઈ. નાના, મોટા, વૃદ્ધ અને યુવાન, સ્રી અને પુરૂષ, અઢારે આલમ ભગવંતની વાણી સાંભળવા ઉલટભેર આવી હતી.

કેવળી ભગવંત શ્રી ભીમસેને દેશનાનો પ્રારંભ કર્યો :

'ભવ્યાત્માઓ ! આ સંસાર દુઃખરૂપી દાવાનળથી સતત ભડકે બળી રહ્યો છે. તેમાં કયાંય શાંતિ નથી. વિરામ નથી. સુખ નથી. આધિથી તે ઘેરાયેલો છે, વ્યાધિથી તે વીંટળાયેલો છે ને ઉપાધિથી તે ઉભરાયેલો છે. જન્મ અને મરણના અસહ્ય દુઃખોથી આ સંસાર ભરેલો છે.

આ દુઃખરૂપ સંસારનો તમે જો નાશ ઇચ્છતા હો, તો ચારિત્રધર્મનું આરાધન કરો.

સંસારના તમે અનેક દુઃખો સહન કરો છો. પણ તેથી તમને સાચું ને અક્ષય સુખ મળતું નથી. ઉલ્ટું તેનાથી તમે તમારી ભવોની પરંપરામાં વધારો જ કરો છો.

આથી ચારિત્રધર્મની આરાધનામાં પડતાં પરિષહોને આત્માના આનંદથી સહન કરો. એ સહન કરવાથી તમારા આત્માને લાગેલા કર્મના બંધનો તૂટી જશે.

કર્મરાજાની ભક્તિ કરવાને બદલે, તમે આ ચારિત્રનરેશની ભક્તિ કરો, સેવા કરો, તેની અહોનિશ પૂજા કરો.

આ સંસારમાં સૌ સ્વાર્થના સગાં છે. તમારા કર્મ ભોગવતી વેળાએ તમને કોઇ સાથ નહિ આપે. તમારા કરેલા કર્મ તમારે એકલાએ જ ભોગવવા પડશે. જેવા કર્મ કરશો, તેવાં જ ફળને પામશો.

આ આત્માને અનાદિકાળથી કર્મરૂપી કચરો બાઝેલો છે. આત્મા ઉપર અનેક શુભાશુભ કર્મના થર જામી ગયા છે.

તેના દબાણને લઈ તમે જે છો, તમારો જે અસલ સ્વભાવ છે, તમારું જે ખરું ને સાચું સ્વરૂપ છે, તેનો તમને ખ્યાલ આવતો નથી. પરિણામે દેહને જ તમારો માની, તેના ધર્મમાં મશગૂલ બની તમે અનેક પ્રકારનાં સુખદુઃખ ભોગવો છો, ભવોની ભ્રમણા કરો છો.

આથી હે ભવ્યો ! તમે તમારા આત્માને ઓળખો. તમારા આત્મસ્વરૂપને જાણો, અને જે તમારો આત્મધર્મ છે તેનું યથાર્થ પરિપાલન કરો.

મોહનો ત્યાગ કરો, મમતાને દૂર કરો, આસક્તિનો નાશ કરો, પાપથી બચો.

જ્ઞાનનું સેવન કરો, તત્ત્વને ઓળખો. સુદેવ સુગુરુ અને સુધર્મનો સંગ કરો.

વિશુદ્ધ શિયળનું પાલન કરો, બાર પ્રકારના તપ કરો, બાર વ્રતોનું પાલન કરો, બાર ભાવનાઓ ભાવો.

દુષ્ટ વિપાકવાળા અસદ્ગ્રહને મૂકી દો. શુભધ્યાનથી કર્મમળનું પ્રક્ષાલન કરો અને વૈરાગ્ય ભાવનાથી આત્માને વાસિત કરો.

જે ભવ્ય જીવો આ રીતે કર્મનો ક્ષય કરવા અપ્રમત્ત-ભાવે ઉદ્યમશીલ બને છે, તે કદી દુર્ગતિ પામતો નથી અને ક્રમે ક્રમે તે મુક્તિને વરે છે.

ભવ્યો ! આદેશ કરેલા ગુણોનું નિયમપૂર્વક નિષ્ઠાથી પાલન કરો. તેના પાલનથી સંસારના ત્રિવિધે ય તાપનો નાશ થશે.

મહાનુભાવો ! જે જીવ તત્ત્વોને જાણતો નથી, તે જીવ અજાણ્યા મુસાફરની જેમ અહીંથી તહીં વ્યર્થ ભમ્યા કરે છે.

આ તત્ત્વો નવ પ્રકારના છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આશ્રવ તત્ત્વમાં પુણ્ય અને પાપનો અંતર્ભાવ કર્યો છે.

ઉત્પતિ, સ્થિતિ અને વ્યયવાળો, અમૂર્ત, ચેતનાલક્ષણવાળો, કર્તા, ભોક્તા અને શરીરમાં ઉત્પન્ન થનારો, ઉર્ધ્વગામી તે જીવ તત્ત્વ છે.

જે કર્મપ્રવૃત્તિનો કર્તા છે અને કર્મના ફળનો ભોક્તા છે. તેમજ જે સંસારમાં પરિભ્રમણ કરે છે અને અંતે મોક્ષ પામનારો છે, તે આત્મા છે.

આત્માના સિદ્ધ અને સંસારી એવા બે ભેદ છે. અને નરક આદિ ચાર ગતિના ભેદથી સંસારી જીવો ચાર પ્રકારના છે.

માટે ભવ્યો ! આ નવે તત્ત્વોને તમે બરાબર ઓળખો. તમો પાપમાંથી અટકો અને આ માનવભવનો યથાર્થ ઉપયોગ કરી લો.'

કેવળી ભગવંતે પોતાની ધર્મદેશના પૂરી કરી. શ્રોતાઓએ પોતાની યથાશક્તિ તે સમયે વ્રતો ગ્રહણ કર્યાં અને ભગવંતની પ્રચંડ અવાજે જયઘોષણા કરી.

સૌ શ્રોતાઓ વિખરાઈ ગયા. દેવો દેવસ્થાને ગયા અને માનવો સૌ સ્વ સ્વસ્થાને ચાલ્યા ગયા.

કેવળી ભગવંત શ્રી ભીમસેન મહારાજાએ યોગ્ય દિવસે વિહાર કર્યો.

વિહાર કરતાં કરતાં તેઓ સમેતશિખરગિરિ પર પધાર્યા. અહીં તેઓશ્રીએ પોતાનો આયુષ્યકાળ નજદીક જાણ્યો.

આથી ગિરિરાજ ઉપર તેઓ શુકલ ધ્યાનમાં બેઠા. આત્મા સાથે એકસુરતા સાધી અને થોડા જ સમયમાં તેમણે એકી સાથે ચારે ય કર્મ, વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્યનો ક્ષય કર્યો.

કેવળી ભગવંત શ્રી ભીમસેન નિર્વાણ પામ્યા.

સાધ્વી શ્રી સુશીલાએ પણ ચારિત્રની ઉત્કટ આરાધના, ઉગ્ર તપ કરી, ગાત્રોને ગાળી નાંખ્યા અને આયુષ્યનો અંત સમય જાણી તેઓ પણ શુકલ ધ્યાનમાં સ્થિત થયાં. અને સકલ કર્મનો ક્ષય કરી તેઓ પણ એ જ ભવે મુક્તિપદને પામ્યા.

શ્રી વિજયસેન રાજર્ષિ તેમજ સાધ્વી શ્રી સુલોચનાએ પણ ચારિત્રધર્મની અણિશુદ્ધ આરાધના કરી બંને કેવળી બન્યા અને અંતે બંને સકલકર્મનો ક્ષય કરી મોક્ષપદને પામ્યા.

સમાપ્ત